
વીવેકવીજય
સંપાદક
વીજય ભગત

# વીવેકવીજય

♦લેખક♦

રમણ પાઠક ‘વાચસ્પતી’

●સમ્પાદક●

વીજય ભગત

♦પ્રકાશક♦

સ્વમાન પ્રકાશન

અમદાવાદ–380 009

(A page from a printed book)

♦VivekVijay : Essential extracts from the writings of Raman Pathak – 'Vachaspati' Selected and Edited By Vijay Bhagat♦

●©સમ્પાદકના●

♦ સ્વમાન પ્રકાશન♦
આલ્ફા ભવન, 12, સુહાસનગર, સેલ્સ ઈન્ડીયાની પાછળ,
સંકલ્પ રેસ્ટોરાંની સામેની ગલીમાં, અમદાવાદ – 380 009
●
1, વનશ્રી સોસાયટી, ડ્રાઈવ–ઈન રોડ, થલતેજ, અમદાવાદ – 380 054
ફોન : 079-2685 1117 સેલફોન : 94276 06956 ઈ.મેઈલ : mdave.swaman@gmail.com

♦પ્રથમ આવૃત્તી : ડીસેમ્બર, 2010♦ ●ISBN : 93-80983-08-0●

●મુલ્ય : રુપીયા 180/- (હાલ અપ્રાપ્ય)●

♦આવરણ/ લેઆઉટ/ટાઈપ સેટીંગ ♦
987/સી, ખીજડાની પોળ, સી. ટી. હાઈસ્કુલ પાસે, રાયપુર, અમદાવાદ – 380 001

● પ્રકાશક ઉપરાંત સુરતમાં પ્રાપ્તીસ્થાન ●
વીજય ભગત
406-408, ચોથે માળે, બેલ્જીયમ ટાવર, લીનીયર બસસ્ટેન્ડ સામે, રીંગ રોડ, સુરત.
ફોન : (0261) 2427635, 2450573 સેલફોન : 9825271200
ઈ.મેઈલ : vmbhagat@gmail.com

♦મુદ્રક♦
મુદ્રેશ પુરોહીત
સુર્યા ઑફસેટ, આમ્બલી.

●*આ પુસ્તકના સૌજન્યથી, પુસ્તકમાંનું કોઈ પણ ઉદ્ધરણ સ–સન્દર્ભ લેવાની છુટ છે, પરવાનગી લેવાની જરુર નથી.*

(A page for eBook)

♦e.Book-'VivekVijay' Essential extracts from the writings of Raman Pathak 'Vachaspati' Selected and Edited By Vijay Bhagat♦

●© સમ્પાદકના●

♦ઈ.બુક સ્વરુપે પ્રથમ પ્રકાશનઃ ઓગસ્ટ 2, 2015♦

●ઈ.બુક મુલ્યઃ નીઃશુલ્ક(રૅશનલ વીચારોની મફ્ફત લહાણી)●

♦ઈ.બુક પ્રકાશક♦

મણી મારુ,

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી. પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોનઃ 9537 88 00 66 ઈ.મેઈલ : manimaru1712@gmail.com

●ઈ.બુકનું સમ્પુર્ણ સૌજન્ય●

વીજય ભગત

406-408, ચોથે માળે, બેલ્જીયમ ટાવર, લીનીયર બસસ્ટૅન્ડ સામે, રીંગ રોડ, સુરત

ફોન : (0261) 2427635, 2450573 સેલફોન : 9825271200 ઈ.મેઈલ : vmbhagat@gmail.com

♦માર્ગદર્શન અને પ્રુફવાચન♦

ઉત્તમભાઈ ગજ્જર

ગુરુનગર, વરાછા રોડ, સુરત- 395 006 ફોન : 0261-255 3591 ઈ.મેઈલ : uttamgajjar@gmail.com

●ઈ.બુક અક્ષરાંકન●

ગોવીન્દ મારુ

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450 સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : : govindmaru@gmail.com

♦*આ ઈ.બુકના સૌજન્યથી, ઈ.બુકમાંનું કોઈ પણ ઉદ્ધરણ સ–સન્દર્ભ લેવાની છુટ છે, પરવાનગી લેવાની જરુર નથી.*

# અર્પણ..

રૅશનાલીઝમના દ્વાર સુધી
આવી પહોંચેલા

અને

રૅશનાલીઝમમાં પ્રવેશવા ઉત્સુક
જીજ્ઞાસુ વાચક મીત્રોને...

## ડીસેમ્બર-2010માં સુરતના ‘રંગઉપવન’માં
## ‘વીવેકવીજય’નું મોરારીબાપુના વરદહસ્તે વીમોચન




(ડાબેથી સર્વશ્રી. વીજય ભગત, મોરારીબાપુ, રમણ પાઠક અને વલ્લભ ઈટાલીયા)

જીવનનું ઉચ્ચતમ શીખર, વીવેકબુદ્ધી;
જન ઉભા આવી આરે, પામી વૃદ્ધી;
ઈજન સૌને થવા પ્રબુદ્ધ, એ જ શુદ્ધી;
માનવો ! અર્પણ તમોને આ સીદ્ધી.

**–ર.પા.–**

# I

# અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખના અન્તે લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા પણ ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વીનન્તી છે.


| ક્રમ | લેખનું શીર્ષક | પાનક્રમાંક |
|---|---|---|
| i | રમણ સમગ્રનું ભ્રમણ | 008 |
| ii | 'વીવેકવીજય' ગ્રંથની 'ઈ.બુક'ના પ્રાગટ્ય ટાણે... | 011 |
| iii | રૅશનાલીઝમની રાહે | 012 |
| 01 | રૅશનાલીઝમ | 017 |
| 02 | ધર્મ–અધ્યાત્મ | 040 |
| 03 | યોગ–આરોગ્ય | 047 |
| 04 | શ્રદ્ધા–અન્ધશ્રદ્ધા | 049 |
| 05 | જ્યોતીષ | 063 |
| 06 | નીરીશ્વરવાદ | 066 |
| 07 | પ્રકૃતી | 078 |
| 08 | વીજ્ઞાન | 081 |
| 09 | માનવજીવન | 088 |
| 10 | સેક્યુલારીઝમ | 091 |
| 11 | નારી | 094 |
| 12 | સેક્સ | 099 |
| 13 | દારુબન્ધી | 106 |
| 14 | બાળશીક્ષણ | 108 |
| 15 | ભાષા–સાહીત્ય | 111 |
| 16 | વૃદ્ધાવસ્થા | 113 |
| 17 | મૃત્યુ | 117 |
| 18 | પ્રકીર્ણ | 121 |
| iv | અન્તીમ ભ્રમણઃ કાળની વીકરાળ લીલા | 125 |
| v | રમણ પાઠક 'વાચસ્પતી'નું સર્જન–ચીન્તન | 129 |
| vi | અન્તીમ ટાઈટલ પેજ | 131 |


અનુક્રમણીકા

A

# રમણ સમગ્રનું ભ્રમણ

આજથી પચ્ચીસ વર્ષ પહેલાની વાત. 'ગુજરાતમીત્ર'માં 'રમણભ્રમણ' કટાર એક દીવસ વાંચી. સુતા હોઈએ અને ટાંકણી ભોંકાય ને તરત સટાક દઈને જાગી જવાય એમ અત્યાર સુધી ચીત્ત જાણે સુષુપ્ત હતું તે એકાએક ચોંકીને જાગી ઉઠ્યું, પરમ્પરા, આસપાસના લોકો, ગતાનુગત માન્યતાઓ, ધર્મશાસ્ત્રો, પુરાણનાં પ્રમાણો, બોધકથાઓ, નીતીકથાઓ, આદેશો, ઉપદેશો, નાત–જાતના રીતી–રીવાજો, વડીલોનાં સલાહ–સુચનો, આ સર્વથી મારા ચીત્તનો પીંડ બન્ધાયો હતો. એ સર્વ વડે જ મારું માનસ ઘડાયું હતું. કાળમીંઢ પથ્થરની જેમ સ્થગીત થઈ ગયું હતું. રમણભાઈના લેખે એને ઢંઢોળ્યું. ચીત્ત ખળભળી ઉઠ્યું. કાળમીંઢ જડ પથ્થર પીગળવા લાગ્યો. નવજીવનનું ઝરણું ફુટી વહેવા લાગ્યું.

મેં કટારલેખકનું નામ વાચ્યું : રમણ પાઠક 'વાચસ્પતી'. હું પ્રમાણમાં ઠીક ઠીક વાંચું છું. વાંચવું મને ગમે છે, હું વાચન માણું છું, નવું નવું જાણવા મળે છે, હાસ્ય મળે છે અને આનન્દ પણ મળે છે, માનહૃદયની પહેચાન પણ થાય છે. પણ વાચન હચમચાવી મુકે, મુળીયાના પ્રશ્નો ઉભા કરી શકે, એ મેં પહેલીવાર અનુભવ્યું. 'ગુજરાતમીત્ર'નો સમ્પર્ક કરી રમણભાઈનો ફોન અને સરનામું મેળવ્યાં. મેં લેખકને મળવા વીચાર્યું. કદી કોઈ લેખક, સર્જક, ચીન્તકને મળવાનો પ્રસંગ સાંપડ્યો નહોતો. બીતાં બીતાં મેં ફોન કર્યો. બહુ જ સૌજન્યપુર્ણ પ્રતીસાદ મળ્યો. રમણભાઈએ મુલાકાત આપવાનું સહર્ષ સ્વીકાર્યું. મારી ભીતી ભાંગી ગઈ. એમણે એવો સહૃદય આવકાર આપ્યો કે સર્વ ઔપચારીકતા ઓગળી ગઈ. નાના ખંડમાં રમણભાઈ પુસ્તકો, સામયીકો, લખવાના કાગળો અને સાધનોથી ઘેરાયેલા હતા. સપ્રમાણ શરીર, બ્રીટીશ એટીકેટવાળાં કપડાં, એવી જ વાણી, પણ માંહ્યલો પુરેપુરો ભારતીય. મોં પર મીઠું સ્મીત, આંખમાં સ્નેહ, જોતાં જ લાગે કે આ તો આપણા જેવા જ સરળ છે. એમનામાં કોઈ દમ્ભ કે દેખાડો નહીં. હું તો અમસ્તો જ મળવા અને એમનાં લખાણો માટે અભીનન્દન આપવા ગયો હતો. અનાયાસ ચર્ચા શરુ થઈ. પ્રભાવ પાડવાના કોઈ પણ પ્રયત્ન વગર રમણભાઈની વાણી અસ્ખલીત વહેતી થઈ, એમાં હું નહાઈ રહ્યો, શુદ્ધ થઈ ગયો. રમણભાઈની વાણી અને લખાણોથી મારા જીવનમાં એક નવો વળાંક આવ્યો. જાણે મારો પુનર્જન્મ થયો. જુના વહેમો, રીત–રીવાજો, ધાર્મીક માન્યતાઓ, રહેણી–કરણી ઈત્યાદીનું થીજી ગયેલું મારી આસપાસનું કોચલું ભાંગતું ગયું. કોચલું ભાંગીને કીલકાર ટહુકા કરતું પક્ષી બહાર આવે એમ મારું નવું રુપ પ્રગટ્યું. હું દ્વીજ થયો.

રમણભાઈ સાથે પછી તો ઘરોબો બંધાયો. એમનાં લખાણો, પુસ્તકો. વાંચતો, એમને સાંભળતો, પ્રશ્નો પુછતો, ખુલાસા પામતો અને એમ હું 'રૅશનાલીઝમ'ની વીચારધારાથી નવપલ્લવીત થઈ ગયો. જુનાં જાળાં સાફ થઈ ગયાં. નવા પ્રકાશનો ઝળહળાટ જીવનને ઉજાળવા લાગ્યો.

રમણભાઈના વીચારોમાં વ્યાપ છે તેમ જ ઝીણું ઉંડાણ છે. હમદર્દી અને શોષણમુક્તી છે. એમનાં લખાણો ને વીચારોથી વીશ્વના મહાન અને ગમ્ભીર પ્રશ્નો ઉકેલવામાં સહાય મળે છે; તો નાની–નાની, ઝીણી–ઝીણી બાબતોમાં પણ શીખ અને માર્ગદર્શન મળે છે. બોધીસત્ત્વની જેમ વીશ્વનાં દુ:ખો દુર કરવાનો વીચાર એમનામાં સર્વોપરી છે. એમણે દેખાડેલા રાહે હું મારું જીવન ચલાવું છું, બાળકોને ઉછેરું છું, સહકાર્યકરો ને કર્મચારીઓ પાસે કામ લઉં છું. તેનાં સારાં પરીણામો જોવા મળ્યાં છે. રમણભાઈ પાસેથી જે મેળવ્યું તેની લાંબી યાદી આપવી નથી. કારણ કે જે મેળવ્યું છે તે જ તો આ પુસ્તકમાં પ્રસ્તુત છે.

રમણભાઈને 75 વર્ષ થયાં તે નીમીત્તે તેમના 75 લેખોનો સંગ્રહ 'મધુપર્ક' થયો હતો. હવે તે 'આઉટ ઓફ પ્રીન્ટ' છે, ઉપલબ્ધ નથી. તેનું પુનર્મુદ્રણ કરવું પડશે તેમ મીત્ર ઉત્તમ ગજ્જર સુચવતા હતા. મને જરા જુદો વીચાર આવ્યો. જુદા જુદા મુદ્દાઓ વીશે, જુદા જુદા વીષયો વીશે રમણભાઈએ ઝીણું–ઝીણું કાત્યું છે. એક જ વીષય વીશે એમણે જુદા જુદા પ્રસંગે છણાવટ કરી છે. એ જુદી જુદી ચર્ચા જે તે વીષયના મથાળા નીચે સંકલીત કરીને કાં ન આપીએ ? એ વીચારમાંથી પ્રસ્તુત સકલન–સંપાદનના કાર્યે આકાર લીધો છે. મારા એક અસીલે મને કહેલું, 'રમણભાઈના વીચારો અને લેખોએ તેની આખી જીવનદષ્ટી બદલી નાખી છે.' એ 'રૅશનાલીઝમ'ના આરે આવીને ઉભા છે અને હવે તેમાં સાનન્દ ઝુકાવવા એ તત્પર છે. આવા જે સૌ 'રૅશનાલીઝમ'ના કીનારે, તેની પાળે આવીને ઉભા છે તેમને વીવીધ વીષય પરના રમણભાઈના વીચારો સંકલીત કરી આ પુસ્તક સમર્પીત કર્યું છે. જેથી 'રૅશનાલીસ્ટ' બનવા માટે સર્વાંગ–સમ્પુર્ણ સ્પષ્ટતા સાંપડી રહે. એ સૌને આ પુસ્તક અર્પણ કર્યું છે.

બસ, આ વાતની તક ઝડપીને મેં 'વીવેકવીજય' તૈયાર કરવાનું બીડું ઝડપી લીધું. એ તૈયાર થઈ આજે પ્રગટ થાય છે તેનો આનન્દ છે.

આ પુસ્તક તૈયાર કરવામાં ખુબ જ જહેમત ઉઠાવનાર મારા આદરણીય વડીલ મીત્ર ઉત્તમભાઈ ગજ્જર તથા પરમસ્નેહી મીત્ર પ્રેમ સુમેસરાનો સહકાર ન મળ્યો હોત તો પુસ્તકને કદાચ આ સ્વરુપ આપી શકાયું ન હોત. એવા જ સ્નેહી અને માર્ગદર્શક મીત્ર વલ્લભભાઈ ઈટાલીયા, છગનભાઈ બરવાળીયા, ધનસુખભાઈ ઢીમર, એન. વી. ચાવડા, સુનીલભાઈ શાહ તેમ જ મારા સત્યશોધક સભાના અગ્રણી મીત્રોના સાથ–સહકાર ખુબ જ

મદદરુપ થયા છે. આ પુસ્તકના પરીશીષ્ટમાં સ્થાન પામેલ ‘આચારી સબ જગ મીલા’ના સમ્પાદક શ્રી. ઈન્દુકુમાર જાનીનું ઋણ સ્વીકારી હૃદયપુર્વક તેમનો આભાર વ્યક્ત કરું છું. (નોંધ: ‘આચારી સબ જગ મીલા’ની અલગથી ઈ.બુક બનાવવાની હોય આ ઈ.બુકમાં તેને સમાવી નથી.)

અને છેલ્લે ‘સ્વમાન પ્રકાશન’ના શ્રી. મહેશભાઈ દવેએ અંગત રસ લઈ ઉપયોગી સુચનો કર્યાં અને પુસ્તકનું સુઘડ–સુન્દર પ્રૉડક્શન કરી આપ્યું તે માટે તેમનો તહેદીલથી આભાર.

If your vision is one year, cultivate flowers.
If your vision is ten years, cultivate trees.
If your vision is eternity, cultivate people.

–વીજય ભગત
vmbhagat@gmail.com

406–408, બેલ્જીયમ ટાવર,
લીનીયર બસ સ્ટેન્ડની સામે,
રીંગ રોડ, સુરત – 395 003
સેલફોન : 98252 71200

♦

અનુક્રમણીકા

B

# 'વીવેકવીજય' ગ્રંથની 'ઈ.બુક'ના પ્રાગટ્ય ટાણે...

ગુજરાત રાજ્યમાં રૅશનાલીઝમના 'ભીષ્મપીતામહ' તરીકે લોકચાહના પ્રાપ્ત કરનાર **પ્રા. રમણભાઈ પાઠક**ના, રૅશનાલીઝમ વીશેના અસંખ્ય અને અમુલ્ય લેખોમાંથી એમાંના 'વીચારતણખા' વીણી, 'સમગ્રરમણ' જેવો એક ગ્રંથ બનાવવા પાંચેક વરસ પહેલાં મેં વીચાર્યું. પાછળથી તેનું નામ જો કે 'વીવેકવીજય' રખાયું; પણ તેનું સમ્પાદન કરવાની મને તક પ્રાપ્ત થઈ તેને હું મારું સદ્ભાગ્ય ગણું છું. આ કામમાં મને મારા રૅશનાલીસ્ટ મીત્રો તરફથી ભારે સહકાર મળ્યો તેનો મને આનન્દ છે. સુરતના 'રંગઉપવન'માં હજારો શ્રોતાઓની ચીકાર હાજરીમાં આદરણીય **મોરારી બાપુ**એ ડીસેમ્બર, 2010માં 'વીવેકવીજય'નું વીમોચન કર્યું હતું તે આ ગ્રંથનું પણ સદ્ભાગ્ય જ ગણું. મારે મન મારા જીવનની એ ધન્યતાભર્યા આનન્દ અને ગૌરવની ઘટના હતી.

પરમ આદરણીય વડીલ મીત્ર શ્રી. ઉત્તમભાઈ ગજ્જર તથા શ્રી. ગોવીન્દભાઈ મારુએ, આજે એ જ 'વીવેકવીજય' પુસ્તકની ઈ.બુક બનાવી ત્યારે એવી જ લાગણી હું ફરી અનુભવું છું; બલકે એનાથી પણ વીશેષ આનન્દ અને ગૌરવ થઈ રહ્યો છે. એ એટલા માટે કે આ 'ઈ.બુક'ને દેશ–વીદેશમાં વસેલાં લાખો ગુજરાતી પરીવારોમાં સફર કરાવવાના ઉમદા હેતુથી શ્રી. ઉત્તમભાઈ તથા શ્રી. ગોવીન્દભાઈએ ખુબ જ ચોકસાઈ રાખીને આ ઈ.બુક તૈયાર કરી છે. તેઓની લગન અને મહેનતથી હું તો ધન્ય થઈ ગયો; આ બન્ને વડીલમીત્રોનો હું ઋણી રહીશ.

'પ્રા. રમણ પાઠક વ્યાખ્યાનમાળા'ના પાંચમા(રમણભાઈના મૃત્યુ પછીના પહેલા)મણકામાં ગોઠવાયેલા શ્રી વલ્લભભાઈ ઈટાલીયાના વ્યાખ્યાન(ઓગસ્ટ 02, 2015)પ્રસંગે જ આ ઈ.બુકનું લોકાર્પણ કરી, રમણભાઈને 'ઈ.બુકાંજલી' અર્પણ કરવામાં આવશે એ મારે મન સોનામાં સુગંધ ભળ્યા બરાબર છે. સૌનો ખુબ આભાર.

વીશ્વભરના વાચકમીત્રોને, રૅશનાલીઝમનો પરીચય પામવામાં, આ ઈ.બુક ઉપયોગી થશે જ એવી મને ખાતરી છે.

સુરત. –વીજય ભગત

30 July, 2015 કન્વીનર

vmbhagat@gmail.com 'પ્રા. રમણ પાઠક વ્યાખ્યાનમાળા' સમીતી

અનુક્રમણીકા

## C

# રૅશનાલીઝમની રાહે

मुकम् करोती वाचालम्- એવું જ કંઈક આ તો બની ગયું. પ્રેમાદર કે આત્મીયતા એક અદ્ભુત તત્ત્વ છે; જે વાચાળને મુક પણ બનાવી દે અને મુકને વાચાળ ! મારે માટે તો આ બધી પ્રેમની લીલા જ છે. મારી વય નેવુંમા વર્ષને આંબી રહી છે; છતાં હજી આજેય મીત્રો અનીવાર્યતયા આગ્રહપુર્વક કહેશે – ગમે તવી યુવા–મહેફીલ હોય તો પણ ! બધા જ સર્વાનુમતે કહે, 'પાઠકસાહેબને તો નીમન્ત્રવાના કે એમનું સાથે જ અપહરણ કરી જ લેવાનું; એમના વીના તો મજા જ ન આવે !' આ જ મારી જીન્દગીની ધન્યતા છે, કૃતકૃત્યતા છે, સમ્પ્રાપ્તી છે. હા, આ સુરતના મીત્રોની વાત કરું છું, જેઓ સાચા કદરદાન છે. તેઓ ખુલ્લાં દીલે કબુલતાં જરાય સંકોચ કે નાનમ નથી અનુભવતા : 'રમણભાઈએ અને એમની કોલમ 'રમણભ્રમણે' અમને રૅશનાલીસ્ટ બનાવ્યા. ઘણો મોટો લાભ થયો. જે કાર્યો કરતાં, અમે પરમ્પરાવશ અપરાધ અનુભવતા, એ જાળા ર.પા.એ એક ઝાટકે સફાચટ કરી નાખ્યાં, જેમાં કોઈ બદઈરાદો નહીં; કેવળ અમારી વીવેકબુદ્ધીને ચેતાવવા મારેલી એક શીતળ, મખમલી ફુંક. અમારું તો જીવન જ પલટાઈ ગયું. સાથે સાથે અમે માનવજીવનનો સાચો ધર્મ પણ પામી શક્યા. જીવન એટલે આનન્દ : Unborn tomorrow, dead yesterday. Why fret about them, if today be sweet ? ઓમર ખય્યામની ફીલસુફી તેઓને પ્રીય, જે અનુસાર પાઠકસાહેબ જીવી ગયા ને અમને એમ જીવતાં શીખવ્યું.

રૅશનાલીઝમ (વીવેકબુદ્ધીવાદ)નો એ મન્ત્ર, જે આમ તો ચાર્વાક જેટલો પુરણો છે, તે અમને તેઓએ બરોબર પઢાવ્યો :

यावत् जीवं सुखं जीवेत् જીવો ત્યાં સુધી આનન્દથી જીવો ! આ દુનીયામાં એક જ સાચું પુણ્ય છે અને તે અન્યનું ભલું કરવાનું ! જ્યારે સંસારમાં ફક્ત એક જ પાપ છે અને તે કોઈનું બુરું કરવું તે...!'

રૅશનાલીઝમ એટલે સર્વ મીથ્યા બંધનોથી મુક્તી. પરમ્પરાઓ જેમ જેમ પુરાણી થાય, તેમતેમ એમાં મીથ્યા બંધનો વધતાં જ જાય યા વધુ ને વધુ સખ્ત બને...!

મીત્રો, આ કાંઈ હું કશું નવું નથી કહેતો : દુનીયાભરના રૅશનાલીસ્ટોએ આ એક જ અનુરોધ કર્યો છે કે, જન્મ આપણા હાથની વાત નથી, તેમ મૃત્યુ નથી (સીવાય કે આત્મહત્યા), પુર્વજન્મ નથી, તેમ પુનર્જન્મ પણ નથી : भस्मीभुतस्य देहस्य पुनरागमनं कुतः ? આ દેહ ભસ્મીભુત થયા પછી પાછો આવવાનો નથી માટે આ જીવનનો આનન્દ માણી લો !

સુરતના તમામ રૅશનાલીસ્ટ મીત્રો સર્વાનુમતે મારે માટે પ્રેમ રાખે છે, આદર દર્શાવે છે, અને મારા કાર્યની ભાવાત્મક (હકારાત્મક) નોંધ લે છે; આય મારે મન એક અદ્‌ભુત ઘટના છે. બાકી, રૅશનાલીસ્ટ આલમમાં, પણ માનવસહજ નીર્બળતાઓ પ્રવેશી શકે (કદાચ ક્યાંક પ્રવેશી પણ છે), અને તે ઈર્ષ્યા, દ્વેષ, હુંસાતુંસી, તુચ્છકાર અને અંહકાર : દા.ત., ‘રમણપાઠક તે કયો મોટો તોપચી થઈ ગયો ? એની આ વાત ખોટી જ છે, અને તે પણ ! હમ કુછ કમ નહીં !’ સુરતના મીત્રોના બે ભાવ છે, બન્નેય ઉમદા : એક તો ગુરુભાવ કે શીષ્યભાવ અને બીજો મીત્રભાવ. રૅશનાલીઝમ સીવાય પણ અન્ય કોઈ વીચારપંથ કે મંડળી–જુથમાં આવી ઉદારતા જોવા મળી નથી.

એનો સર્વપ્રથમ સચોટ દાખલો, તે આજનું આ પુસ્તક અને તદ્વીષયક શ્રી. કંસારા (વીજય ભગત)નો આ સમ્પુર્ણ સ્વૈચ્છીક ઉપક્રમ. તમે માનશો ! આવું કોઈ પુસ્તક રચવાનું મેં ભાઈ વીજયને અમસ્તું કે આછું સુચન પણ ક્યારેય કર્યું નથી. આ તેઓનો સમ્પુર્ણ સ્વયંસ્ફુરીત તથા સ્વૈચ્છીક પુરુષાર્થ છે. મેં તો તેમને કશુંય કહેવાનો, આવું કંઈ સુચવવાનો કે તેમની પાસે માગવાનો કોઈ ઈશારો સુધ્ધાં કર્યો નહોતો, મારા મનમાં કદી એવો વીચાર સુધ્ધાં નહીં જ ! આ તો ઉલટું, તેઓએ મને સુચવ્યું યા જણાવ્યું કે, ‘સમગ્ર રમણ’નાં વીચારજગતનો યથાર્થ ખ્યાલ આવી જાય, એવું એક ચુનન્દું પુસ્તક, ઉચીત વર્ગીકરણ સહીત, પ્રગટ કરવું છે, જેથી એકી બેઠકે, એક જ પુસ્તક વાંચતાં રમણ પાઠકના અર્થાત્ રૅશનાલીઝમના સર્વે વીચારોનો પાયાનો ખ્યાલ વાચકને મળી જાય. અગાઉ આવું એક પુસ્તક (સુવાક્યસંગ્રહ !) શ્રી. ઈન્દુકુમાર જાનીએ કરેલું છે એ જાણીતી ઘટના છે (આચારી સબ જગ મીલા), એ પણ મુલ્યવાન સંચય છે, માટે તેમની પરવાનગી લઈને, એ આખું પુસ્તક જ આ નવા સંગ્રહમાં સમાવી લેવું છે એવો નીર્ણય કર્યો. (અને અહીં તેઓએ એમ કર્યું પણ છે જ). (નોંધ : ‘આચારી સબ જગ મીલા’ની અલગથી ઈ.બુક બનાવવાની હોવાથી આ ઈ.બુકમાં તેને સમાવી નથી.)

આ કેવળ પ્રેમાદર પ્રેરીત તથા સમ્પુર્ણ આત્મીયતાના સુફળરુપ આ કાર્ય બદલ હું ભાઈ વીજય ભગત (કંસારા)નો અંતરથી અનહદ ઋણી છું જ, જો કે ઔપચારીક આભાર માનું તે એમને ન જ ગમે. કારણ કે નેવું વર્ષનો હું અને ચાલીસેક વર્ષના વીજયભાઈ એ બે વચ્ચે વય સીવાય મન–હૃદયનું કોઈ અંતર જ નથી. આડું અન્તરપટ નથી; પછી કોણે કોનો આભાર માનવાનો ? વીજયભાઈના ગાઢ મીત્રો તથા આ કાર્યમાં સહાયકો એવા શ્રી. પ્રેમ સુમેસરા, ઉત્તમભાઈ ગજ્જર, વલ્લભભાઈ ઈટાલીયા, એન. વી. ચાવડા, ધનસુખ ઢીમર, છગન બરવાળીયા, સુનીલ શાહ વગેરે મારા પણ એટલા જ ગાઢ મીત્રો છે; એટલે તેઓનો આભાર

માનવા સન્દર્ભે પણ એ જ દ્રીધા પડે. રૅશનાલીઝમે તમને શું આપ્યું ? એમ કોઈ પુછે, તો મારો પ્રથમ પ્રત્યુત્તર એવો જ પ્રગટે કે 'સરસ મીત્રો !' બ.ક. ઠાકોરે ક્યાંક એવું કહ્યાનું યાદ આવે છે કે, 'સંસારમાં સૌથી વધુ નીઃસ્વાર્થ યા નીરપેક્ષ સ્નેહસમ્બન્ધ જો કોઈ હોય તો એ છે, મૈત્રી.'

લગભગ કીશોરવયથી જ મારી સહજ પ્રકૃતી તે સંશયવાદીની. આશરે પન્દરેકની વયે તો હું છાતી ઠોકીને મીત્રો – વડીલો સમક્ષ જાહેર કરતો કે, 'ઈશ્વર જેવું કોઈ તત્ત્વ આ બ્રહ્માંડમાં નથી, નથી જ !' વડીલો દલીલથી તો મારી સામે ટકી ન શકે (અસત્યની એ જ તો લાચારી – કમજોરી છે), ત્યારે ચેતવણી આપી ચુપ રહેતા : જરા ઘરડો થા, પછી જોજે કે, દુઃખ – આફતમાં ઈશ્વર કેવો અને કેટલો યાદ આવે છે તે ! તુંય ત્યારે પ્રાર્થના કરતો થઈ જશે.' પરન્તુ એથી ઉલટું, આજે નેવ્યાશીમે વરસેય, હું તો વધુ દઢતર રૅશનાલીસ્ટ રહ્યો છું; પરન્તુ અફસોસ કે, પેલા વડીલો આજે એ જોવા, પોતાની હાર સ્વીકારવા હયાત નથી.

મતલબ કે, સંશયથી જ સત્યની પ્રાપ્તી થાય. ભારતવર્ષની એ પુરાણી કમનસીબી કે, અહીં, શ્રદ્ધાવાનને જ જ્ઞાન મળે, એવાં સુત્રે કે ફરમાને સદીઓ સુધી શાસન કર્યું. પરીણામે, કોઈ મોટો સત્યશોધક, વીજ્ઞાની આ દેશમાં પાક્યો જ નહીં ! શ્રદ્ધા એટલે તો અસત્યની આરાધના, શ્રદ્ધાની તો વ્યાખ્યા જ એ કે, ગ્રન્થ કે ગુરુનાં વીધાનોને, ચકાસ્યા વીના જ, ભક્તીભાવે વળગી રહેવાનું અન્ધત્વ અથવા તો જડત્વ. ગાંધીજીએ આ વ્યાખ્યાને સમર્થીત કરતાં કહ્યું જ છે કે, 'શ્રદ્ધા હમ્મેશાં આંધળી જ હોય.'

એમાંય મારો તો વળી શ્રદ્ધાળુ બ્રાહ્મણ પરીવારમાં જન્મ, નાનપણથી જ, બાળલગ્નની જેમ, અનેકાનેક શ્રદ્ધાઓ વળગાડી દેવામાં આવે. ઘરમાં બે વાર પુજા–પ્રાર્થના થાય, અમારી સૌની હાજરી ફરજીયાત ! તેમાંય સાંજની પ્રાર્થના વખતે તો પેટમાં કકડીને ભુખ લાગી હોય : ક્યારે આ ભક્તીભજન પતે અને રોટલા ભેગો થાઉં ! એમ કહેવાય છે ને કે, ભુખ્યાને તો રોટલામાં જ ભગવાન દેખાય. મારી તો એવી અવદશા કાયમની હતી, જે સારું જ થયું. કચવાતા મને ઉતાવળે પ્રાર્થના રાગોટતાં, સ્વાભાવીક જ બેચાર કડવા શબ્દોય મનોમન ભગવાનને સમ્બોધીને બોલાઈ જાય. એમાંથી મારા કીશોર માનસે તારવ્યું કે, ભગવાનની પ્રાર્થના કરો કે એને ઠપકારો, એ તો સદાય 'નૈવ કુર્વન્, ન કારયન્' જેવો જ નીષ્ક્રીય; નથી તો મદદ કરતો કે ન તો સજા...!

પીતાજી પરમ શ્રદ્ધાળુ, છતાં કુટુમ્બ પર આફતોય ત્રાટકતી રહે, અને અન્તે વળી એક મોટી હોનારત : ફક્ત પીસ્તાળીસની ઉમ્મરે ખુદ પીતાજીનું મૃત્યુ ! મને તીવ્ર દુઃખ સાથે સંશય થયો કે, અમારી હજારહજાર પ્રાર્થના છતાંય, ભગવાને આખરે શું આપ્યું ? કેવળ

નીરાધારપણું ! ત્યારે મારી દસેક વર્ષની વય : સંશય તીવ્ર–ઉગ્ર બન્યો અને અન્તે શ્રદ્ધા ગઈ તે ગઈ જ – કાયમી છુટાછેડા ! હું નાસ્તીક બની રહ્યો. આમ હું ‘સેલ્ફ–સ્કુલ્ડ રૅશનાલીસ્ટ’ બની ગયો, અને ત્યારે તો ‘રૅશનાલીઝમ’ એવો શબ્દેય કોઈ જાણતું નહીં. પછી પુખ્ત વયે જ્યારે બર્ટ્રાન્ડ રસેલ તથા બીજા રૅશનાલીસ્ટ વીચારકોનું સાહીત્ય વાંચ્યું, ત્યારે જાણ થઈ કે, અહો ! મારા જેવું જ વીચારનારા તો ઘણા છે અથવા થઈ ગયા !

16–17 વર્ષની વયે તો રૅશનાલીસ્ટ થવાના અનેકાનેક લાભો હું માણી રહ્યો : દેવી–દેવતાના પુજાપાઠની મીથ્યા કડાકુટથી સદન્તર મુક્ત, ભુતપ્રેત કે ડાકીની – શાકીનીનો કોઈ ભય નહીં, ન તો કશાં શુભ–અશુભ ચોઘડીયાં જોવાનાં યા ન તો શુકન કે અપશુકન, બાધા–આખડી રાખવી નહીં ને ન તો કશા તીરથ–જાત્રા, રોજીન્દી પુજા – પ્રાર્થનાનાં કંટાળાજનક વીધીવીધાનોથીય છુટ્ટી, કહેવાતાં સામાજીકતા કે એવાં નીતીનીયમોનાં બન્ધનો છુટી ગયાં : દા.ત., પાંચ જ મીનીટનાં લગ્ન, અને તે ય ભાટીયા જ્ઞાતીની એક કન્યા સાથે (રજીસ્ટ્રેશનથી), કુંડળી કે ગ્રહદશાનાં ભાવી ભાખનાર જ્યોતીષને પડકાર, જનોઈનાં ઠેકાણાં નહીં અને કશાય આચારવીચાર કે ખાણીપીણીની છોછ ના નડે, કોઈ અપરાધભાવ ના પીડે... વગેરે વગેરે ! ટુંકમાં, રૅશનાલીઝમ એટલે બસ મુક્તી જ મુક્તી.

ઈશ્વરીય, તથાકથીત આધ્યાત્મીક અથવા તો ધાર્મીક કર્મકાંડમાં ફસાઈને કેવળ અકારણ પીડાતાં દુ:ખીયારાં જનોને જોતાં, પછી વીચાર દમવા લાગ્યો કે રૅશનાલીઝમનો મોટા પાયે પ્રચાર કરવો જોઈએ ! પણ તે કેવી રીતે ? કશી સુઝ ના પડે. એ ગાળામાં હું તો સર્જનાત્મક સાહીત્યનો સર્જક–લેખક, મનમાં પ્રશ્ન થાય : વાર્તામાં કે કવીતામાં તે કેટલુંક રૅશનાલીઝમ લાવી શકાય ? આવી દોલાચલ મનોદશામાં સુરતનું દૈનીક ‘ગુજરાતમીત્ર’ બરાબર મારી વહારે ધાયું. એના તરફથી નીમન્ત્રણ મળ્યું કે, ‘અમારાં દૈનીકમાં કટાર લખો !’ જો કે એ મુરબ્બીઓને તો હાસ્યની કટાર જોઈતી હતી; કારણ કે મુમ્બઈના ‘જન્મભુમી’ દૈનીકમાં હું ત્યારે એવી કટાર લખતો. વળી બેત્રણ મહીના એમ જ વીતી ગયા, અને એક દીવસ રૅશનાલીઝમ તરફી વીચારપ્રધાન લેખ લખીને ‘ગુજરાતમીત્ર’ના તન્ત્રીશ્રીને મોકલ્યો, સાથે લખ્યું કે, ‘જો આપને મંજુર હોય તો, હું તો આવી કટાર લખું–’ તન્ત્રીશ્રીને મંજુર, અને પછી તો ચાલ્યું ‘રમણભ્રમણ’ કડેડાટ. 1976ના વર્ષનો એ જાન્યુઆરી મહીનો, આજે બરાબર પાત્રીસમું વર્ષ ચાલે છે અને ‘રમણભ્રમણ’ આજેય ચાલે છે, બસ કડેડાટ ! આમ, આ બધી જ સમ્પ્રાપ્તી મુળે તો ‘ગુજરાતમીત્ર’ને જ આભારી છે. અને આવી બંડખોર, રુઢીભંજક કટાર ચલાવવામાં ‘ગુજરાતમીત્ર’નેય ઘણું જ ઘણું તથા ઘણો જ ઘણો વીરોધ સહેવાં પડ્યાં. પણ એય અડીખમ રહ્યું અને હુંય બસ અડીખમ ! દરમીયાન ‘સમકાલીન’ દૈનીક દ્વારા મુમ્બઈનો

કીલ્લો સર કર્યો, જ્યાં આજેય રૅશનાલીઝમની પ્રવૃત્તી કડેડાટ ચાલે છે. તો મુળમાં અને સૌથી વધુ તો, હું 'ગુજરાતમીત્ર'નો ઋણી છું, અને પછી 'સમકાલીન'નો. એ સર્વ સમ્બન્ધીતોનો હાર્દીક આભાર... આભાર... આભાર !

આજના આ પુસ્તકના વીમોચન પ્રસંગને સ્વહસ્તે મુલ્યવત્તા તથા પ્રતીષ્ઠા અર્પણ કરવા બદલ પુ. મોરારીબાપુનોય જેટલો આભાર હું માનું તેટલો ઓછો જ. આમેય તેઓશ્રીના નીર્વ્યાજ, નીઃસ્વાર્થ તથા નીખાલસ અને અઢળક સ્નેહાદર બદલ હું તો તેઓશ્રીનો અસીમ ઋણી રહ્યો જ છું. આવા વીશીષ્ટ સમ્બન્ધોમાં મારી પ્રકૃતી સંકોચશીલ, એટલે આજપર્યંત અમે ભાગ્યે જ પાંચસો કે હજારેક શબ્દોનો વીનીમય કર્યો હશે ! પરન્તુ મનોમન બધી જ અભીવ્યક્તી આસાન રહી. દા.ત., વીમોચનના નીમન્ત્રણનો તત્કાળ સ્વીકાર કરતાં, પુ. બાપુ બોલ્યા : 'મને તો કશો જ વાંધો નથી, પણ રમણભાઈને કંઈ વાંધો નહીં આવે ને ?'

... આવા ઉદાર મનના પુરુષો જ આ બેઢંગ તથા પ્રતીકુળ દુનીયામાં મને જીવાડી રહ્યા છે. (પુ. બાપુ સમક્ષ આવું કંઈ જ હું ક્યારેય દીલ ખોલી શક્યો નથી, એટલે જ આજની આ તક ઝડપી લઉં છું.)

અન્તમાં, રૅશનાલીઝમની રાહે મળેલા એ મીત્રોને સાભાર સ્મરી લઉં કે જેઓ મને જીવાડી રહ્યા છે : (ઉપર ટાંકેલ નામોલ્લેખ ઉપરાંત) સર્વશ્રી વલ્લભભાઈ ઈટાલીયા, છગનભાઈ બરવાળીયા, બાબુભાઈ દેસાઈ, સીદ્ધાર્થ દેગામી, ગુણવંત ચૌધરી, ધનસુખભાઈ ઢીમર, પરેશ પટેલ, વીજય ચૌહાણ, સંજય ઢીમર, દીપક એલ. પટેલ (યુ.એસ.એ.), નરેશ જોશી, દેવેન્દ્ર માંડવીવાળા વગેરે... વગેરે..

અમારા આ આયોજન સાથે સંગત રીતે, સમયબદ્ધ આ પુસ્તક પ્રગટ કરવા બદલ સ્વમાન પ્રકાશનવાળા શ્રી. મહેશ દવેનોય હું અંતરથી આભારી છું.

27 નવેમ્બર, 2010 –રમણ પાઠક 'વાચસ્પતી'

બારડોલી

♦

અનુક્રમણીકા

## 01

# રૅશનાલીઝમ

**[1]** 'રૅશનાલીઝમ એક એવો માનસીક અભીગમ છે કે, જેમાં વીવેકશક્તી તથા તર્કશક્તી (રીઝન)ની સર્વોપરીતાનો બીનશરતી સ્વીકાર કરવામાં આવે છે અને જેનો હેતુ ફીલસુફી તથા નીતીશાસ્ત્રની એવી તરાહ સ્થાપવાનો છે કે, જે અધીકારી મનાતાં કોઈ પણ વ્યક્તી કે ગ્રંથ (ઑથોરીટી)ની એકપક્ષી માન્યતાઓથી સદંતર મુક્ત હોય અને જે તરાહને તર્ક તેમ જ વાસ્તવીક અનુભવ–પ્રયોગ દ્વારા ચકાસી સત્ય યા અસત્ય સીદ્ધ કરી શકાતી હોય.'

ઉપર્યુક્ત વ્યાખ્યા લંડનના રૅશનાલીસ્ટ એસોસીએશને ઘડેલી છે અર્થાત્ અંગ્રેજીભાષીઓ વડે રચીત છે; છતાં એમાં ક્યાંય 'બુદ્ધી' શબ્દ (intellect કે intelligence) પ્રયોજવામાં આવ્યો નથી. એને સ્થાને 'વીવેક' (રીઝન) શબ્દ જ પ્રયોજાયો છે. એનું કારણ એ જ કે માણસજાતની બધી જ સીદ્ધીઓ, તેમ બધાં જ અનીષ્ટોનું મુળ તેની બુદ્ધી જ છે; કારણ કે બુદ્ધી અવળે માર્ગે પણ ગતી કરે છે. ત્યારે તર્કવીવેકથી એને રોકવી તેમ જ ઉચીત માર્ગે વાળવી રહે છે; કારણ કે 'વીવેક' એટલે 'શું સત્ય અને શું અસત્ય ?' તેમ જ 'શું સારું અને શું ખરાબ ?'– એ નક્કી કરનાર નીરક્ષીરવીવેકની શક્તી. બાકી તો ઈશ્વરની કલ્પનાથી માંડીને તે સત્યનારાયણની કથા, મન્દીરો–ધર્મસ્થાનોનું બાંધકામ, ભુતપ્રેતની માન્યતા અને એને કાઢવાના ઘોર ક્રુર વીધીઓ, ઉંચનીચના ભેદો અથવા આત્મા–પરમાત્માની ફીલસુફી ને કર્મકાંડ આદી તમામ માન્યતાઓ અને વીધીનીષેધો એ માણસની બુદ્ધીનું જ સર્જન–કુસર્જન છે; કારણ કે ઈતર પ્રાણીઓ તો ભગવાનને ભજતાં નથી યા તો ભુત ધુણાવતાં નથી, જેનું કારણ એ જ કે તેઓમાં બુદ્ધીનો અભાવ છે.

**[2]** રૅશનાલીઝમ બાબતે જે સૌથી મોટો કે ભયંકર ભ્રમ પ્રવર્તે છે તે એ છે કે રૅશનાલીસ્ટો એટલે લાગણીન, જડસુ, જીવનના સુક્ષ્મ આનન્દો મુદ્દલે નહીં સમજનારા એવા જડભરત–પશુવત્ માણસો, જેઓ કેવળ એટલું જ સમજે છે કે 'ફક્ત પેટ ભરવાથી જીવન પુર્ણ બની જાય.' વાસ્તવમાં, આ હાડોહાડ જુઠી કે અવળી માન્યતા છે. કારણ કે રૅશનાલીઝમ તો જીવનના પરમ તથા એકમાત્ર ધ્યેય તરીકે આનન્દને જ પ્રસ્તુત કરે છે અને પ્રબોધે છે: 'જીવનના તમામ આનન્દો – સુક્ષ્માતીસુક્ષ્મથી માંડીને તે સ્થુળતમ સુધીના – સમ્પુર્ણતઃ માણી

લો. કોઈ અન્યને લેશ માત્ર હાની તથા મુશ્કેલી પહોંચાડ્યા વીના, જીવનને તેની પુર્ણતામાં માણી લેવું એ જ જીવનધ્યેય, એમ ભારપુર્વક રૅશનાલીઝમ કહે છે અને માનવીની વીવેકબુદ્ધીથી ચકાસતાં એ વાત જ સત્ય પ્રતીત થાય છે.'

[3] 'Rationalism may be defined as the mental attitude which unreservedly accepts the supremacy of reason and aims at establishing a system of philosophy and ethics verifiable by experience and independent of all arbitrary assumptions of authority.'

લંડનના રૅશનાલીસ્ટ એસોસીયેશને 'રૅશનાલીઝમ'ની વ્યાખ્યા ઉપર મુજબ આપી છે. જેનો ગુજરાતી અનુવાદ પ્રારમ્ભે આપ્યો, એને આધારે 'રૅશનાલીઝમ' શબ્દનો ગુજરાતી પર્યાય નીશ્ચીત કરીએ. અને એ અનીવાર્ય છે; કારણ કે સુશીક્ષીતો તથા વીદ્વાનો સહીત સામાન્ય જાણકાર, બધા જ આ શબ્દનો અર્થ કરતાં, એની વીભાવનાને બુદ્ધી સાથે સાંકળે છે અને 'બુદ્ધીવાદ' 'બુદ્ધીનીષ્ઠતા' જેવા અર્થો બનાવી કાઢી, રૅશનાલીસ્ટ વ્યક્તીને 'બુદ્ધીવાદી' – 'બુદ્ધીનીષ્ઠ' કહી ઓળખાવે છે; પરન્તુ પ્રારમ્ભે ટાંકેલી વ્યાખ્યામાંથી એક સ્પષ્ટ હકીકત સીદ્ધ થાય છે કે એમાં ક્યાંય 'બુદ્ધી' એટલે કે 'ઈન્ટેલીજન્સ' શબ્દ જ પ્રયોજાયો નથી, અર્થાત્ રૅશનાલીઝમને બુદ્ધી સાથે એના ચાલકબળરુપે કોઈ નીર્ણાયક સમ્બન્ધ નથી.

સ્પષ્ટ જ છે કે રૅશનાલીઝમનો જીવાતુભુત સમ્બન્ધ બુદ્ધી સાથે નહીં; પરન્તુ 'રીઝન' એટલે કે 'વીવેકશક્તી' સાથે છે. અલબત્ત, ગુજરાતી ભાષામાં 'વીવેક' શબ્દનો અર્થ 'વીનય કે વીનયી વ્યવહાર' એવો જે કરવામાં આવે છે એ અર્થમાં અત્રે એને સમજવાનો નથી; પરન્તુ સંસ્કૃતમાં આ શબ્દનો મુળ અર્થ જે એવો છે કે 'સત્ય–અસત્ય, સારું–ખોટું અથવા તો વસ્તુને યથાર્થ રીતે પારખવાની, પ્રમાણવાની શક્તી તે વીવેક'. દા.ત., 'નીર–ક્ષીર–વીવેક' એટલે પાણી અને દુધને ઓળખી, અલગ તારવવાની આવડત, 'વીવેચન' શબ્દને પણ આ જ અર્થમાં 'વીવેક' શબ્દ સાથે સમ્બન્ધ છે, મતલબ કે બન્ને શબ્દનું મુળ એક જ છે. સારાંશ એ જ કે રૅશનાલીઝમનો પાયો માણસની 'બુદ્ધી' (ઈન્ટેલીજન્સ) નહીં; પણ 'વીવેકબુદ્ધી' (રીઝન) છે. માટે જ ઓક્સફર્ડ ડીક્શનરી પણ બરાબર આવો જ અર્થ આપે છે : Theory that reason is the foundation of certainty is knowledge અર્થાત્ 'જ્ઞાનની પ્રાપ્તીનો પાયો વીવેકબુદ્ધી છે એવો સીદ્ધાન્ત તે રૅશનાલીઝમ.'

**[4]** જડ અને ચેતન એ બે ભીન્નભીન્ન પદાર્થો છે એવો ખ્યાલ આદીમ માનવને આવે એ આમ સાવ સ્વાભાવીક હતું અને એમાં ચેતન તે ઉચ્ચતર તત્ત્વ હોવું જોઈએ એમ પણ સ્વાભાવીક રીતે જ કલ્પાય; કારણ કે ચૈતન્ય વીના તમામ પદાર્થો કેવળ અર્થહીન બની રહે છે. આમ, પ્રકૃતી અને પુરુષ એવા બે સ્પષ્ટ વીભાગો પર આધારીત તત્ત્વવીચાર – ફીલસુફીનો ઉદ્ભવ થયો. શાસ્ત્રો એને અંધ–પંગુ ન્યાય પણ કહે છે. અર્થાત્ પ્રકૃતીની મદદ વીના પરુષ (એટલે કે દેહ વીના આત્મા) સ્વયમ્ કશું જ કરી શકતો નથી; એ જ રીતે પુરુષ અર્થાત્ ચૈતન્ય વીનાની પ્રકૃતી સ્વેચ્છાએ, ચોક્કસ હેતુવાળું કોઈ પણ કાર્ય કરવા અસમર્થ જ રહે છે, અને છતાં પ્રકૃતી એના પોતાના નીયમો અનુસાર તો વળી કાર્ય કરતી જ રહે છે; પણ એનામાં આવશ્યક–અનાવશ્યકનો કે સારા–નરસાનો વીવેક નથી હોતો. જેમ કે, નદી વહે, વરસાદ પડે, રેલ આવે, વીજ ત્રાટકે, સહ્ય–અસહ્ય ગરમી–ઠંડી વરસે, સમુદ્રમાં ભરતીઓટ ચાલ્યા કરે, જેનો લાભ મનુષ્ય ઉઠાવી શકે; પરન્તુ તે માનવીના લાભાર્થે જ છે એવું પુરી પ્રતીતીપુર્વક સીદ્ધ ના થાય; કારણ કે, ઘણીય વાર તે માનવીને ગમ્ભીર હાની પણ કરી જાય. આમ, પ્રકૃતી અન્ધ છે અને પુરુષ પંગુ છે એવો સીદ્ધાન્ત આદીમ મનીષીઓએ તારવ્યો. એ છે, શાસ્ત્રોક્ત ‘અન્ધ–પંગુ ન્યાય’; જે શબ્દભેદે કે અલ્પ તર્કભેદે સંસારભરના તત્ત્વવીચારમાં પ્રવર્તે છે. દા.ત., ફ્રી વીલ – માનવીની મુક્ત કાર્યેચ્છાનો સીદ્ધાન્ત વગેરે.

**[5]** હકીકતે રૅશનાલીસ્ટ થવા માટે પ્રચંડ ચીન્તનશક્તી તથા સબળ, શુદ્ધ તર્કશક્તી જોઈએ. દા.ત., આ દુનીયા જો ઈશ્વરે જ બનાવી હોય તો પછી આમ કેમ, તેમ કેમ ? – એવો સંશય જેના ચીત્તમાં પ્રગટ્યા જ કરે અને શુદ્ધ લૉજીક તથા સાક્ષાત્ અનુભવ દ્વારા પુર્ણતઃ સત્ય જ્યાં સુધી પ્રતીત ન થાય ત્યાં સુધી તે વીચારતો જ રહે; ત્યારે જ તેનાથી રૅશનાલીસ્ટ બની શકાય. હું આવી પ્રગતીને, સત્ય પ્રતીની ગતીને ‘રૉકેટ–ઉડ્ડયન’ સાથે સરખાવું છું. પ્રથમ તો, આ પૃથ્વીના ગુરુત્વાકર્ષણનાં બન્ધન ત્યજી અવકાશને આંબી શકવા માટે ચોક્કસ વેગવાળો પ્રાથમીક ધક્કો અનીવાર્ય રહે. એ પછી વીવીધ સ્તરો ભેદતાં આગળ ને આગળ ગતી કરવી પડે, જેવા કે હવામાનના સ્તરો–સ્ટ્રેટોસ્ફીયર, આયનોસ્ફીયર વગેરે. જે હોય તે. અંતે પૃથ્વીના ગુરુત્વાકર્ષણનુંય પડ ભેદીને જ્યારે રૉકેટ બહાર નીકળી જાય, પછી તે મુક્ત અવકાશમાં અનાયાસ ગતીપ્રગતી કરી શકે. માનવચીત્તમાં જામેલા સ્તરો તે વારસાગત સંસ્કાર, ધાર્મીક માન્યતાઓ, શ્રદ્ધા–અન્ધશ્રદ્ધાઓ, અસત્ય કેળવણી વગેરે ભેદાય તો જ સત્યની, અર્થાત્ રૅશનલ અભીગમની અવકાશી મુક્તી પ્રાપ્ત થાય.

નાસ્તીક યા રેશનલ અભીગમ એ કોઈ એક જ દેશ યા ચોક્કસ વીસ્તારના દેશનો જ ઈજારો નથી. આપણે ખોટી રીતે માની લઈએ છીએ કે વીજ્ઞાનમાં આગળ વધેલા દેશો, જેમ કે પશ્ચીમના દેશોની પ્રજા વૈજ્ઞાનીક માનસવાળી, વીવેકબુદ્ધીવાદી જ હોય. એથી ઉલટું, જો તમે યુરોપ–અમેરીકામાં સજાગ ચીત્તે ફરો, તો જોઈ શકશો કે ત્યાં પણ આપણા જેટલી જ મુર્ખાઓની બહુમતી છે. હા, શીક્ષણાદી પ્રસારને કારણે થોડોક ફરક પડે, જે બહુધા તો વળી જીવનરીતીનું જ પરીણામ હોય; રેશનલ અભીગમનું નહીં. જીવનરીતીનો આવો ભેદ તે શું? એક દાખલો ટાંકી લઉં : અમેરીકામાં એક બાજુ કરન્સી નોટ પર છાપવામાં આવે કે 'અમને ઈશ્વરમાં શ્રદ્ધા છે' અને બીજી બાજુ વળી સજાતીય સમ્બન્ધ માટે કાયદેસરની માન્યતા મેળવવાનાં આન્દોલનોય ચાલતાં હોય !

**[6]** તો ખુબ જ મહત્ત્વની, આજેય અનુકરણીય એવી તેઓની વાત તો એ કે, અગ્નીહોત્ર કરવા, ભસ્મલેપન, ત્રીદંડ તથા માળાઓ ધારણ કરવી– એ ધર્મ નથી; પરન્તુ ધર્મના નામે બુદ્ધી તથા પૌરુષ વીનાના માણસોએ શોધી કાઢેલું આજીવીકા રળી ખાવાનું ધતીંગ માત્ર છે. આજે પણ આપણે ભગવાધારી ત્રીપુંડ–માલામંડીત સાધુબાવાઓથી આકર્ષાઈને મીથ્યા કર્મકાંડને જ ધર્મ માની પ્રભાવીત થઈએ છીએ, ત્યારે ચાર્વાકનું દર્શન યથાર્થ સમજવા જેવું છે. આ નાનામોટા સાધુગુરુઓએ તો પોતાનો રોટલો રળી ખાવા ખાતર જ આવો નાટકીય વેશ ધારણ કર્યો હોય છે. ટુંકમાં, ગુરુ બનવું ને અધ્યાત્મનો ઉપદેશ આપવો, ધ્યાનસાધનાની શીબીરો યોજવી, પ્રવચનો કરવાં, કથાપારાયણો ચલાવવાં, યજ્ઞયાગાદીના સમારોહ પ્રયોજવા, સ્વાધ્યાય–સતસંગની સભાઓ ભરવી – આ બધું તો અમુક માણસોના કેવળ આજીવીકા રળવાના વ્યવસાયનાં જ વીવીધ પાસાં છે. આ ધર્મ નથી, તેમ તેનાથી તમારો ઉદ્ધાર પણ થઈ જવાનો નથી.

**[7]** સંશયાત્મા વીનશ્યતી, એવા ધર્મઆદેશને સંકુચીત કે શબ્દશઃ અર્થમાં સમજવાથી આપણા ભારતવર્ષની સર્વ પ્રગતી–સીદ્ધી થંભી ગઈ હોત, ત્યારે સદ્‌ભાગ્યે આ જ દેશમાં સંશય કરનારા મહાપુરુષો પાક્યા અને આપણી ચીન્તનસમૃદ્ધી સર્વ દીશામાં પુરબહારમાં વીકસી. તથાગત બુદ્ધે તો ઈશ્વરનો જ ઈનકાર કરી દીધો, તો ચાર્વાકે વળી ચૈતન્ય–પદાર્થના અલગ અસ્તીત્વને જ અસ્વીકાર્યું ! ભારતમાં છેક પ્રાચીનકાળથી જ, નીરીશ્વરવાદી, વીવેકબુદ્ધીવાદી, વૈજ્ઞાનીક, સત્યનીષ્ઠ અભીગમયુક્ત, વાસ્તવવાદી, ભૌતીકવાદી એવી લોકાયત વીચારધારા પણ ચાલતી જ આવતી હતી; જેઓએ ધર્મગ્રંથમાન્ય કહેવાતાં સત્યો પ્રતી સંશય વ્યક્ત કર્યો, એવા મહર્ષીઓ બૃહસ્પતી, કપીલ, ચાર્વાક, કણાદ,

આદ્ય બૌદ્ધ તથા જૈન ચીન્તકો ઉપરાન્ત હરીભદ્ર, રામચન્દ્ર, યશોધર આદી અનેકોએ ધર્મ–અધ્યાત્મ, આસ્તીકતા પરત્વે સંશયની સાધના કરી અને પદાર્થનાં મુળ ફંફોસતાં, વાસ્તવવાદી ચીન્તનધારાનો વીશાળ પ્રવાહ પણ વહેતો કર્યો. વીખ્યાત ફીલસુફ મોન્ટેને યોગ્ય જ કહ્યું છે કે, 'સમગ્ર ચીન્તન એ સંશયલીલા છે', જેમાં આપણે ઉમેરીએ કે માન્ય યા પ્રતીષ્ઠીત અને સ્થગીત વીચારોને ગતાનુગતીક સ્વીકારી લેવાને બદલે એના પ્રતી સંશય દાખવી, તત્ત્વને કંઈક જુદી રીતે ઉથલાવી જોવું અને નવાં તથ્યો શોધવાં. એમ કરવાથી કેવળ ફીલસુફી જ સમૃદ્ધ થાય છે એવું નથી, નવી નવી શોધો, અર્થાત્ વીજ્ઞાનના વણપ્રીછયાં સત્યો પણ પ્રગટ કરી શકાય છે અને એને આધારે માનવસુખના નવા નવા માર્ગો, અર્થાત્ નવાં નવાં સુખ–સગવડો શોધાય છે. ટુંકમાં, માનવજીવનમાં શ્રદ્ધાનું કોઈ જ મુલ્ય નથી, કશું મુલ્યવાન પ્રદાન નથી, શ્રદ્ધાથી માનવજીવન જ્યારે જ્યારે સ્થગીત તથા ભ્રમયુક્ત બન્યું છે, ત્યારે એને સુખી, સમૃદ્ધ તથા સત્યનીષ્ઠ બનાવવાનો પુરુષાર્થ હમ્મેશાં સંશયકારોએ જ કર્યો છે.

**[8]** વીજ્ઞાનની જે અપરમ્પાર શોધોનો લાભ આજે આપણે માણી રહ્યા છીએ અને જીન્દગીને અનેકગણી વધુ સુખી તથા સમૃદ્ધ બનાવી છે. એની પાછળ વીજ્ઞાનીઓના સંશયવાદનો જ પ્રકાંડ ફાળો રહેલો છે. વીચાર કરો કે, હજીય જો આપણે શ્રદ્ધાપુર્વક એમ જ માનીને નીષ્ક્રીય બેસી રહ્યા હોત કે શીતળા યા ફેફરુ જેવા રોગો કોઈ સારા યા મેલા દેવના કોપથી થાય છે, એ પુજાપાઠને બાધાઆખડીથી જ મટે અને વરસાદ યજ્ઞથી જ વરસે છે, તો માનવજાતની હાલત આજે કેવી દયનીય હોત ? સંશય એ માત્ર ફીલસુફીનો જ નહીં; વીજ્ઞાનનો પણ પાયો છે. છેક એરીસ્ટોટલકાળથી એમ મનાતું કે સુર્ય આપણા લાભાર્થે જ પૃથ્વીની આસપાસ ફરે છે અને પરમપીતા પરમાત્મા એને એમ ફેરવે છે. એવું જ શ્રદ્ધાથી માનીને આપણે ચાલ્યા હોત તો, આજે રૉકેટ–વીદ્યા સુધી પહોંચી અગાધ અવકાશનાં રહસ્યો પામી શક્યા હોત ખરા કે ? પરન્તુ કોપરનીક્સ, બ્રુનો કે ગેલેલીયોએ આવી ઈશ્વરીય માન્યતા પ્રતી સંશય કર્યો, ન્યુટનને પ્રશ્ન થયો કે, સફરજન નીચે જ કેમ પડ્યું ? અને એવાએવા બહુવીધ સંશયના પ્રતાપે તો વીશ્વ સમગ્રની આખી શાન–શક્લ જ પલટાઈ ગઈ, માનવી અદ્ભુત અને અકલ્પનીય એવી સીદ્ધી–સમૃદ્ધીઓ તથા સુખ–આનન્દનો સ્વામી બની ગયો ! આ બધા જ સંશયના પ્રતાપ.

**[9]** લાગણી એટલે મુખ્યત્વે મનુષ્યની પ્રાકૃતીક વૃત્તીઓ. જ્યારે રૅશનાલીઝમ એટલે વીવેકબુદ્ધી. તદનુસાર રૅશનાલીસ્ટ પોતાની સજાગ વીવેકશક્તી વડે સમજી–પ્રમાણી શકે કે, કઈ લાગણી સારી છે ને કઈ નરસી ? પરીણામે રૅશનાલીઝમ માનવીય લાગણીઓનું શુદ્ધીકરણ કરી શકે.

મતલબ કે ક્રોધ, ઈર્ષ્યા, દ્વેષ, વેર જેવી પ્રાકૃતીક લાગણીઓને રૅશનલ અભીગમથી નીયન્ત્રીત યા નાબુદ કરી શકાય; જ્યારે પ્રેમ, દયા–કરુણા, વાત્સલ્ય જેવી શુભ લાગણીઓને રૅશનાલીઝમની મદદથી વધુ તીવ્ર તથા વધુ સક્રીય બનાવી શકાય. એમ જ હોઈ શકે; કારણ કે, ધર્મગુરુઓ, સ્વામીઓ, બાબાઓ, કહેવાતા મહર્ષીઓ, ઉપરાંત ભુવા, બડવા અને તાન્ત્રીકો ભોળી, અજ્ઞાન પ્રજાનું જ્યારે શોષણ કરતા હોય અને એને પીડતા હોય, ત્યારે એ જોઈ, લાગણીથી જેનું હૈયું દ્રવી જાય એ પુરુષ જ એની સામે મેદાને પડે ને ? અને તો પછી એ રૅશનાલીસ્ટ જ કહેવાય ને ?

**[10]** રૅશનલ અભીગમ કે રૅશનાલીઝમનો અર્થ છે : વીવેકબુદ્ધીયુક્ત વીચાર તથા વ્યવહાર. હવે, સમાજ વચ્ચે સામાજીક બનીને જીવતી વ્યક્તીએ વીવેક દ્વારા શું પ્રમાણવાનું છે એ તપાસીએ તો, એમ ફલીત થાય કે, માણસે શું સારું અને શું ખરાબ ? શું સાચું અને શું અસત્ય ? એનો યથાર્થ વીવેક કરવાની શક્તી–સમજ કેળવવાની છે. આમાંથી ‘સારું’ અને ‘ખરાબ’ની વ્યાખ્યા એવી સમજવાની છે કે, વ્યક્તીનું કે સમાજનું જે હીત કરે તે સારું અને અહીત કરે તે ખરાબ. બીજી બાજુ, શું સત્ય ને શું અસત્ય ? એ પ્રશ્ન હીતાહીતની દૃષ્ટીએ એટલો અગત્યનો નથી, મતલબ કે એ હીત–અહીતનો નહીં; પરન્તુ જ્ઞાન–અજ્ઞાનનો પ્રશ્ન છે. સારાંશ એ જ કે, સારું–ખરાબ એ સામાજીક આચારસંહીતાનું ક્ષેત્ર છે, જ્યારે સત્ય–અસત્યનો વીવેક એ છે વીજ્ઞાન. હવે સામાન્ય માનવીનાં સુખ–સ્વસ્થતાને જેટલો સમ્બન્ધ જીવનવ્યવહાર સાથે છે એટલો ગાઢ સમ્બન્ધ વીજ્ઞાન સાથે નથી જ એ સ્પષ્ટ છે. સુખસગવડનાં વૈજ્ઞાનીક સાધનોની વાત અત્રે અપેક્ષીત નથી.

**[11]** રૅશનાલીઝમનો પાયો છે : સત્ય, કેવળ સત્ય જ અને સત્ય સીવાય બીજું કંઈ જ નહીં. હવે સત્ય શોધવાની વીજ્ઞાનમાન્ય પદ્ધતી પણ પુનઃ અત્રે પ્રસ્તુત કરું, જે વારંવાર કહેવાઈ ગઈ હોવા છતાંય, ખોટી ચોખવટ કરનારા કેટલાક મીત્રો સમજ્યે યા વણસમજ્યે હજીય ગેરસમજ કરે છે, તેઓના જ હીતાર્થે. પ્રથમ તો, કોઈ પણ વીચાર કે પદાર્થ તર્કથી બરાબર ગળે ઉતરવો જોઈએ. એ પછી સાક્ષાત્ અનુભવ સાથે એનો પુરપરો મેળ મળવો જોઈએ. અને ત્રીજું, એવી માન્યતા કે એવાં તારણ વૈજ્ઞાનીક પ્રયોગ દ્વારા સત્ય સીદ્ધ થવાં જોઈએ. અર્થાત્ તર્ક, નક્કર અનુભવ અને પ્રયોગ એ ત્રણ વીવેકબુદ્ધીનો–રૅશનાલીઝમનો પાયો છે. અત્રે યાદ રાખવું ઘટે કે, કેટલાંક સત્યોનો પ્રયોગ માનવીના ગજા બહારની પ્રવૃત્તી બની રહે છે; એ સંજોગોમાં પ્રથમ બે સોપાનોની મદદથી સત્ય શોધવું રહે છે. દા.ત., આ વીશ્વની, બ્રહ્માંડની ઉત્પત્તીનો, ‘બીગ બૅંગ’નો સીદ્ધાંત; જેનો પ્રયોગ આપણે કોઈ પણ સંજોગોમાં કરી શકીએ નહીં.

જોકે હવે વીજ્ઞાનીઓએ નાના પાયા પર, પ્રયોગશાળામાં ‘બીગબેંગ’ની પ્રતીકૃતી રચીને એનો પણ સફળ પ્રયોગ આરંભ્યો છે.

**[12]** રૅશનાલીઝમ એટલે વીવેકબુદ્ધીવાદ. જે વીચાર–અભીગમમાં સારાસારનો વીવેક છે, નીર–ક્ષીર ન્યાય છે એવો જીવનાભીગમ તે રૅશનાલીઝમ. રૅશનાલીસ્ટ, અર્થાત્ વીવેકબુદ્ધીવાદી વ્યક્તી શું સારું અને શું નરસું, શું સત્ય અને શું અસત્ય ? એ પોતાની વીવેકબુદ્ધી વડે યથાર્થ પારખી શકે, અને તદનુસાર જીવન જીવે; પછી તેનું જીવન સર્વ વાતે સુખી, આનન્દમય તેમ જ મુક્ત જ હોય, કારણ કે તે તમામ મીથ્યા બન્ધનો, વળગણો, માન્યતાઓ તથા અનીષ્ટોથી મુક્ત થઈ શકે છે. જે માનવી પોતાના જીવનનાં તમામ ક્ષેત્રોમાં રૅશનલ અભીગમ સ્વીકારે, તેનું જીવન ‘સર્વતોભદ્ર’ સંભવી શકે.

**[13]** હવે મુળ વાત પર આવીએ તો, કેવળ પર્દાફાશો અને પડકારોથી ધાર્યું સીદ્ધ ન થાય, વધુમાં, પ્રત્યેક રૅશનાલીસ્ટબંધુમાં સૈદ્ધાંતીક સજ્જતા પણ એટલી જ અનીવાર્ય લેખાય. રૅશનાલીઝમ એટલે અલૌકીકતા, અદ્ભુતતા યા ચમત્કારોમાં ન માનવું એટલું જ નથી; બલકે એ તો એક જીવનવ્યવસ્થા છે, જીવનકલા છે અને આપણે રૅશનાલીસ્ટોએ આમ જનતાને આ દીશામાં સુશીક્ષીત કરવાની છે. ખાસ તો, આજે જ્યારે શાળાકીય કેળવણી નવી પેઢીને અવળી દીશામાં આંખે અન્ધશ્રદ્ધાના પાટા બાંધી ધકેલી રહી છે, ત્યારે રૅશનાલીસ્ટોએ કમર કસવી જ પડશે. શસ્ત્રો સજવાં જ પડશે અને ઘણુંક ઘણું ભાંગવા ઘણ ઉપર ઘણ ઝીંકવા પડશે. આ શસ્ત્રોમાં એક અગત્યનું કે અમોઘ શસ્ત્ર તે શાસ્ત્ર, અર્થાત્ સૈદ્ધાન્તીક સજ્જતા, વૈચારીક સજાગતા.

**[14]** આધ્યાત્મીક, ધાર્મીક, શ્રદ્ધામય જીવન માણસજાતે પુરાં ત્રણથી પાંચ હજાર વર્ષો સુધી વેંઢાર્યું, શું મળ્યું ? આપણા પુર્વજો પાસે વીજ્ઞાન નહોતું. તેઓ સાધનહીન એવા લાચાર હતા અને એથી જ તે લોકોએ કપોળકલ્પનાના ગપગોળા દોડાવ્યા કર્યા, આ એક ઐતીહાસીક સત્ય છે, આપણને ભલે તે ગમે યા ન ગમે ! વળી, એ ત્રણ–પાંચ હજાર વર્ષોની પ્રલંબ અધ્યાત્મયાત્રા તેમ જ ધર્મયાત્રાને અંતે આખર માણસને સારું, સુખદ કે હીતકારી એવું કશું પ્રાપ્ત થયું ખરું ? એથી ઉલટું, સંઘર્ષો, યુદ્ધો, દમન, અત્યાચારો, બંધનો, વાડાબંધી, ભાગલા એવો એવો લોહીયાળ ઈતીહાસ જ ધર્મને નામે માનવજાતે સર્જ્યો અને સહન કર્યો. આવા ઈતીહાસને હવે સંગ્રહસ્થાનમાં મુકી દેવામાં જ માનવજાતનું શ્રેય છે, એ સ્વયંસ્પષ્ટ હકીકત છે; કારણ કે એવી ભ્રમણાઓ તથા તજ્જનીત અત્યાચારો અને યાતનાઓથી હજીય માનવજાત પુર્ણતઃ મુક્ત તો નથી જ થઈ. સુખશાંતીમય, સમૃદ્ધ જીવન માટે મુંઝવણમાંથી માર્ગ તો છે, વીવેકબુદ્ધી (રૅશનલ) જીવનાભીગમ તથા વીજ્ઞાનનો રચનાત્મક વીનીયોગ, જેની ખાતર

પણ વળી રૅશનાલીઝમ બક્ષી શકે છે, એવી પ્રતીતી કરાવનારી વીભીષીકાઓ આપણે સાક્ષાત જોઈ રહ્યા છીએ.

**[15]** એક બીજી દુઃખદ હકીકતનો અંગુલીનીર્દેશ પણ અનીવાર્ય માનું છું. ‘શ્રદ્ધા’ એટલે ઈશ્વર, ગુરુ કે ગ્રંથ જેવાં ‘ઉંચા’ કહેવાતાં તત્ત્વો બાબતે અફર વીશ્વાસ ધરાવવો. તે જ્યારે અન્ધશ્રદ્ધા એટલે ભુત, ડાકણ, મન્ત્રતન્ત્ર કે જાદુટોનામાં એવો વીશ્વાસ ધરાવવો તે; આવા ભેદ પાડવામાં આવે છે. આવો અભીગમ રૅશનાલીઝમની વીરુદ્ધનો છે. કારણ કે રૅશનાલીઝમમાં ભગવાન અને ભુતપ્રેત એ સર્વ ચીજો એકસરખી જ કપોળકલ્પનાઓ છે અને જોખમી પરીકલ્પનાઓ છે. કોઈ સાકર યા શીરાનો પ્રસાદ દેવોને ધરાવે અથવા અન્ય કોઈ મેલડી માતાને મરઘો કે બકરાનો બલી ચઢાવે – એ બન્નેની મનોદશા તો બરાબર સરખી જ, માટે રૅશનાલીસ્ટોએ ઉચ્ચાવચતાનો ભેદ પાડવો જોઈએ નહીં.

**[16]** રૅશનાલીઝમ એટલે વીવેકબુદ્ધીવાદ, જેનો ધર્મ જ એ છે કે પ્રચલીત એવાં કોઈ પણ મત કે માન્યતા જો પરમ્પરાપ્રાપ્ત હોવાને કારણે જ સ્વીકારાતી હોય; તો એના પ્રતી સંશય કરવો. રૅશનાલીઝમ એટલે ફક્ત નાસ્તીકવાદ કે ખંડનવાદ નથી. અલબત્ત, નાસ્તીકતા એ રૅશનાલીઝમની એક મુળભુત શરત અવશ્ય છે; કારણ કે આસ્તીકતા કશાક યા અનેક અગોચર અને અલૌકીક તત્ત્વો–સત્યોમાં નીરાધાર શ્રદ્ધા સેવે છે. શ્રદ્ધા વારસામાં મળેલો અમુક જીવલેણ રોગના જેવી ચેપી છે, જેમાંથી સંશય દ્વારા જ મુક્તી મળી શકે અને તો જ સત્યનાં દ્વાર ખુલે. આ અભીગમ સર્વત્ર, જીવનનાં તમામે–તમામ ક્ષેત્રોમાં સ્વીકારીને માણસ વર્તે, ત્યારે જ એને રૅશનાલીઝમ કહેવાય.

**[17]** માણસે તનતોડ શ્રમ કરવો ઘટે અને એના ફળની તેમ જ એવી ફળપ્રાપ્તીના આનન્દની પુરેપુરી તીવ્ર તમન્ના સેવવી જોઈએ, તો જ કાર્ય કરવામાં રસ–આનન્દની અનુભુતી થાય. આનન્દ એ તો incentive પ્રોત્સાહન છે. ધર્મઉપદેશકો ઉપદેશે છે કે ફળની આશા રાખશો અને સુખ અનુભવશો તો પછી દુઃખ સહન કરવું પડશે. સફળતાથી સુખાનુભવ થાય, તો નીષ્ફળતાથી દુઃખ અને શોક પણ જરુર થાય જ. માટે નીષ્કામ કર્મ કરો, સુખદુઃખની લાગણીથી પર બની સ્થીતપ્રજ્ઞ બની જાઓ ! તેઓનો આવો ઉપદેશ ડરપોક પણ કહેવાય.

**[18]** માણસોને અનાસક્તીનો બોધ આપવાને બદલે, આપણને વેદના તો એ વાતની થવી જોઈએ કે આ દેશના 70 ટકા પ્રજાજનોને તો ભાન જ નથી કે જીવનનો આનન્દ એટલે શું ? તેઓ ગરીબ છે, અનેકો તો ગરીબીની રેખાનીયે નીચે જીવી રહ્યા છે. એ બાપડાને

ખબર જ નથી કે માનવજીવન એટલે શું ? એ કેવું હોય અને કેવું હોવું જોઈએ ? એવું કંઈ જ જાણવાવીચારવાની તેઓને ફુરસદ જ નથી. તેઓ ફક્ત દીનભર તનતોડ શ્રમ કરી જાણે છે અને બે ટંકનો સુકો રોટલો એ જ ફળપ્રાપ્તી એવું બ્રહ્મજ્ઞાન તેઓ ઈચ્છા–અનીચ્છાથી પરભાવે જ સેવે છે. ખરા અનાસક્ત કર્મયોગી તો તેઓ જ છે; જેઓને આપણે જબરદસ્તી એવા બનાવ્યા છે. તેઓ સમક્ષ જઈ, સ્થીતપ્રજ્ઞ અનાસક્તીના ઉપદેશો હાંકવાના ન હોય. આપણે તો એમને સમજાવવું ઘટે કે જીવનનો આનન્દ એટલે શું ? અને કાર્ય–કર્મ માત્રનો સર્વોચ્ચ હેતુ જીવનનો આનન્દ પ્રાપ્ત કરવાનો જ છે, હોવો જ ઘટે.

**[19]** માણસ ખરેખર માણસરુપે જીવે એ જ, અને એટલું જ તે સાચું માનવજીવન લેખાય, અને એ તો કલાઓથી બહેતર સીદ્ધ થાય; કારણ કે આ જીવન આનન્દ માટે છે. તો બીજી બાજુ, આનન્દ એટલે જ જીવન, અને આનન્દોમાંય વળી કલાનો ‘આધ્યાત્મીક’ આનન્દ તે સર્વશ્રેષ્ઠ; માટે જ એ સંજીવની છે. માણસને ગળે સંયમના પ્રતીબંધોના ફાંસલા નાખીને એને ગુંગળાવશો, પછી શું બચશે, કેવળ બેપગાં સાક્ષાત્ પશુઓનાં ટોળાં ! સરકારો યા સમાજનું કાર્ય કે કર્તવ્ય માણસને દેવ બનાવવાનું નથી; માણસ પુર્ણ માનવરુપે વીકસી શકે એટલે બસ.

**[20]** જે દેશમાં જથ્થાબંધ બાવાસાધુઓ નીરન્તર પરલૌકીકતાનો ઉપદેશ આપતા હોય,– અને વીરાટ જનતા મીથ્યા ભ્રમ–શ્રમમાં નખશીખ મશગુલ હોય; – એ દેશમાં સમૃદ્ધીનું સર્જન શક્ય જ ક્યાંથી બને ? પ્રવાસ દરમીયાન પુનમ આવી પડે તો જોવા મળ્યું કે હજારો માણસો રણછોડરાયનાં દર્શન કરવા, પુનમ ભરવા, પગપાળા ડાકોરની કપરી ખેપ ખેડવા નીકળી પડ્યા હતા; જેમાં આધેડો હતા, વૃદ્ધો હતા, સ્ત્રીઓ હતી, તેમ કીશોરો અને યુવાનોય હતા. શ્રમ અને સમયનો આ તે કેવો વ્યર્થ વેડફાટ ! પરન્તુ તીવ્રતર દુઃખ–ખેદ તો આવા પથભ્રષ્ટ યવાનો–કીશોરોને જોઈને થયો; જે સમુહશક્તીએ રાષ્ટ્રધનના આવા મીથ્યા બગાડને પડકારવો જોઈએ, એ લોક પોતે જ આ અસાધ્ય સંહારક રોગનો ભોગ બની ગયા છે. હવે કોણ બચાવી શકે, આ દેશને, આ પ્રજાને ? આવી ધાર્મીક આધ્યાત્મીક પ્રવૃત્તીનું સૌથી વધુ વીનાશક દુષ્પરીણામ એ કે સમૃદ્ધીના સર્જનને તો તે ખોટકાવે જ છે; ઉપરાન્ત સુખ, સમૃદ્ધી તથા આનન્દના જીવનધ્યેય વીરુદ્ધની એક મનોદશાનું એ નીર્માણ પણ કરે છે. મતલબ કે બાવાસાધુઓ અને સંતમહંતો પોતાનાં પ્રવચનો–પારાયણો મારફત નીરન્તર એવું પ્રદુષણ ફેલાવતા રહે છે કે, સંસાર મીથ્યા છે, લક્ષ્મી ચંચળ છે, પૈસો બધા જ પાપનું મુળ છે; સાદાઈમાં જ સુખ છે, દેહદમન કરો ! દુઃખ વેઠો ! ત્યાગ કરો ! વૈરાગ્ય, અપરીગ્રહ ! અર્થાત્ આ જગતનાં દુન્યવી સુખસમૃદ્ધીની ખેવના કરશો નહીં ! પરલોકનું ભાથું બાંધી લો !

દાયકાઓ પુર્વે કનૈયાલાલ મુનશીએ એવો અફસોસ વ્યક્ત કરેલો કે, આપણા દેશની પડતીના મુળમાં જ આ પારલૌકીકતાનો બોધ, પ્રચાર તથા મોહ રહેલા છે. એક હજાર વર્ષનું સાહીત્ય ચકાસોઃ આપણા કવીમનીષીઓએ સદાય પારલૌકીકતાનો ઉપદેશ વહાવ્યો છે; સંસારનો ત્યાગ કરો, સંસારના મોહ–આસક્તી છોડો, સંસારમાં સરસા રહો, તોય મન તો ઈશ્વરપ્રાપ્તીમાં જ રચ્યુંપચ્યું રાખજો ! આ જીવન ક્ષણીક છે, સુખદુઃખ બધું ભ્રમણા છે; માટે ભગવાનને ભજી લો, આત્માનું કલ્યાણ કરો ! વગેરે વગેરે.. આવો સમાજ કેમ કરીને ઈહ જીવનનાં પુરુષાર્થ, પરાક્રમ તથા સીદ્ધીઓ હાંસલ કરી શકવાનો ? માટે જ, જો આ રાષ્ટ્રે સમૃદ્ધ થવું હોય, સુખનું સર્જન કરવું હોય, આનન્દનું નીર્માણ કરવું હોય, તો સર્વપ્રથમ તમામ બીનઉત્પાદક પ્રવૃત્તી ઉપર પ્રતીબંધ મુકવો પડશેઃ હોમહવન બંધ, કર્મકાંડની મનાઈ, કથાપારાયણોની બંધી, ધ્યાનધારણા ને અધ્યાત્મ–શીબીરો સર્વ ઉપર પ્રતીબંધ... બસ, કર્મયોગ અને જ્ઞાનવીજ્ઞાનયોગ !

**[21]** ગલીને નાકે રોજ સાંજે ઉભી રહેતી એક યુવાન સ્ત્રીને એમણે કોલ–ગર્લ (વેશ્યા) માની લીધી; પણ એક દીવસ સત્ય જોવા મળ્યું, ત્યારે જાણ્યું કે એ બીચારી તો પોતાના અન્ધ પતીની ઑફીસેથી (એની નોકરીની પેઢીની બસમાં) આવવાની રાહ જોતી હતી, રોજ તે પતીને લેવા જ અહીં ઉભી રહેતી હતી. પછી જોશી (લેખક દીનકર જોશી) ફલશ્રુતી સંભળાવે છે કે, 'નજરે જોયું છે માટે સાચું જ છે એમ કદી માની લેવું નહીં.' વાસ્તવમાં આવો દાખલો તો ચર્ચાના મુળ મુદ્દા સાથે વીસંગત એવું 'વીપરીત નીદર્શન' કહેવાય; કારણ કે આખરે તો પુર્ણ કે પાકું સત્ય એક દીવસ નજરે જોવાથી જ પમાયું. ઉતાવળા, અધકચરા અને સમ્પુર્ણ પ્રમાણ વીનાના નીર્ણયો તારવવા એ રૅશનાલીઝમ નથી જ, મીત્ર ! કદાચ એને બુદ્ધીહીનતા કહેવાય. જો કે હું જોશીજીની જેમ એવા અપશબ્દો નહીં પ્રયોજું; કારણ કે હું રૅશનાલીસ્ટ છું અને મારી પાસે સબળ દલીલોય છે જ. સાચો રૅશનાલીસ્ટ કદી કોઈ મહીલાને રોજ એમ ઉભેલી જોવા માત્રથી કૉલ–ગર્લ માની લે જ નહીં. તર્ક અને કુતર્ક, સાચું તારણ અને ખોટું તારણ વચ્ચેનો ભેદ ન સમજે એને રૅશનાલીસ્ટ કહેવાય જ કેવી રીતે ? કારણ કે રૅશનાલીઝમનો પાયો reason વીવેકબુદ્ધી છે; નહીં કે એકલી બુદ્ધી (intellect). રૅશનાલીઝમની વ્યાખ્યામાં ક્યાંય બુદ્ધી (intellect કે intelligence) શબ્દ જ પ્રયોજાયો નથી.

**[22]** સ્પષ્ટ જ છે કે રૅશનાલીઝમનો જીવાતુભુત સમ્બન્ધ બુદ્ધી સાથે નહીં; પરન્તુ વીવેકશક્તી સાથે છે. માટે જ એને માટે 'વીવેકબુદ્ધીવાદ' શબ્દ હું પ્રયોજું છું. અલબત્ત, ગુજરાતીમાં 'વીવેક' શબ્દનો એક બીજોય અર્થ છે અને તે 'વીનયી વ્યવહાર'; પણ એ અર્થમાં

તે આ વ્યાખ્યામાં સમજવાનો નથી. પરન્તુ સંસ્કૃતમાં ‘વીવેક’ શબ્દનો જે મુળ અર્થ છે એ જ અહીં પ્રસ્તુત સમજવાનો છે અને એ અર્થ તે : ‘સત્ય અને અસત્ય’, ‘સારું અને ખરાબ’ એ બે વચ્ચેનો ભેદ યથાર્થ રીતે પારખવાની–પ્રમાણવાની શક્તી. દા.ત., નીર–ક્ષીર વીવેક. આમાં, નજરે જોયા વીના કશું સ્વીકારવું જ નહીં એવા હઠાગ્રહનો ઉલ્લેખ ક્યાંય જોવા મળતો નથી.

[23] રૅશનાલીઝમનો પાયો છે સત્ય અને કેવળ સત્ય, સત્ય સીવાય કંઈ જ નહીં, જેની પ્રતીતી વીવેકબુદ્ધી–reason વડે શઈ શકે. કેવળ જે નજરે દેખાય તે સત્ય એમ રૅશનાલીસ્ટો નથી જ માનતા. એને બદલે વાસ્તવમાં, તેઓ સત્ય શોધવાની વીજ્ઞાનમાન્ય પદ્ધતીઓ સ્વીકારે છે, જે ટુંકમાં નીચે મુજબ છે: સર્વપ્રથમ તો કોઈ પણ વીચાર કે પદાર્થ તર્કથી બરાબર ગળે ઉતરી શકવો જોઈએ. પછી બીજું એ કે સાક્ષાત અનુભવ સાથે એનો તંતોતંત મેળ બેસવો જોઈએ અને ત્રીજું એવું તારણ કે પદાર્થ વૈજ્ઞાનીક પ્રયોગ દ્વારા ચકાસતાં સત્ય સીદ્ધ થવો જોઈએ. ટુંકમાં, સત્ય પામવાના આ ત્રણ માર્ગો છે: (1) તર્કવીવેક (2) અનુભવ અને (3) પ્રયોગ. આધ્યાત્મીક કહેવાતાં સત્યો આ ચકાસણીમાં ભાગ્યે જ ટકી શકે છે.

**[24]** પાંચ–દસ હજાર વર્ષ પુર્વે, માનવજાતના પુર્વજનું મગજ, આજના જેટલું જ પુર્ણ વીકસીત હોવા છતાંય, જ્ઞાનપ્રાપ્તીના સાધનો તેની પાસે ખુબ ટાંચા હતાં, અર્થાત્ કુતુહલ/જીજ્ઞાસા આજના જેટલાં જ; પરન્તુ સત્ય પામવાની ક્ષમતા ઘણી ઓછી. પરીણામે કપોળ કલ્પનાઓનો આધાર તેણે ના છુટકે જ લેવો પડે અને તે લીધો. સર્વપ્રથમ તો આવડું મોટું સુવીરાટ વીશ્વ શા માટે તથા કેવી રીતે ચાલે અને ચાલ્યા કરે ? એ પ્રશ્ન તેને માટે તીવ્ર મુંઝવણ જન્માવનારો બની રહ્યો. ત્યારે પૃથ્વી પરના પોતાના સાવ પ્રાથમીક અનુભવોનો દાખલો લઈને, તેણે એક પ્રખર શક્તીશાળી સંચાલક તત્ત્વની કલ્પના કરી. અર્થાત્ માનવીના આદીમ સમાજમાં જેવી સમાજવ્યવસ્થા તથા ગૃહવ્યવસ્થા હતી; એનો સંચાલક તે પોતે જ હતો અને એના અનુભવ–જગતમાં કશું પણ ચલાવ્યા વીના, તેની મેળે ચાલતું નહીં. એથી તે એવી કલ્પના તો કરવા જ અસમર્થ હતો કે આ વીશ્વ એના પોતાના અન્ધ નીયમોને વશ, પોતાની મેળે જ ચાલ્યા કરે છે. આ કલ્પવું આદીમ માનવો, યા એમના વારસદારો, જેઓ અન્યથા સારા એવા સુધરેલા હોવા છતાંય; તેમને માટે અસંભવીત હતું. આથી તેણે વીશ્વના સંચાલકની કલ્પના કરી.

**[25]** આદીમ માનવોએ સમાજ તો રચ્યો; પરન્તુ એનું યોગ્ય તથા ચુસ્ત સંચાલન કેવી રીતે કરવું ? – એ પ્રશ્ન તત્કાળ ઉદ્ભવે જ. આથી પોતાનામાંના કોઈ એક ને કે ગણતર મનુષ્યોને સમાજે એનું સંચાલન કરવાનું કાર્ય સોંપ્યું. સ્વાભાવીક રીતે જ આવો એક

માણસ કે થોડા માણસો અન્યની અપેક્ષાએ વધુ શક્તીશાળી હોવા જોઈએ. એથી સમાજે એવાની જ પસંદગી કરી. વળી, જે થોડા માણસોએ સમાજ–સંચાલનનું કાર્ય સંભાળ્યું; તેઓમાં પણ એક સૌથી વધુ શક્તીશાળી તો હોય જ, એટલે તે સર્વોપરી સત્તાધીશ બન્યો અને સમાજે અનીવાર્યતયા જ તેનો સ્વીકાર કરવો પડ્યો. આમ રાજાશાહી અસ્તીત્વમાં આવી. અને રાજા હંમેશાં સારો જ હોય, સમાજનું હીત કરનારો હોય એવું તો બને જ નહીં; કારણ કે રાજાને પોતાને પણ પોતાનું હીત–અહીત, તેના ગમા–અણગમા, સમજ–ગેરસમજ, પ્રસન્નતા–ક્રોધ ઈત્યાદી હોય જ. પરીણામે રાજાને ન ગમતું એવું કોઈ આચરે અને જો તે ક્રોધે ભરાય; તો તેમ કરનાર વ્યક્તી–વ્યક્તીઓને તે નાનીમોટી સજાઓ કરે. આ જોઈને આમ જનસમુહે એમ સ્વીકારી લીધું કે રાજાને ખુશ રાખવા પ્રસંગોપાત્ત તેની પ્રશસ્તી કરવી અને એને યથાશક્તી ભેટસોગાદ ધરતા રહેવું; જેથી તેની કૃપાનો લાભ મળે.

બરાબર આ જ વૃત્તી તથા આવશ્યક્તામાંથી ભક્તીમાર્ગનો ઉદ્‌ભવ થયો. આમ, માનવસમાજના એક જ પ્રકારના વીકાસને પરીણામે અને પ્રકૃતીના નીયમવશ આ જ પ્રકારનો વીકાસ સર્વત્ર થાય અને થયો જ; વળી ક્યાંક પરસ્પર સમ્પર્ક થાય, એય શક્ય; એથી જગતભરમાં આત્મા, પરમાત્મા, ભક્તી–પુજા આદી વીચાર–કાર્ય કે પંથ એકસરખાં પ્રચલીત બન્યાં. લોકો પુછે છે કે, જો ઈશ્વર કેવળ કલ્પના હોય, તો એવી કલ્પના સમગ્ર માનવજાતને એકસરખી જ કેમ આવી તો એનું કારણ ઉપર જણાવ્યું તે જ છે. પછી તો નાનાંમોટાં રાજ્યોની જેમ જ, નાનામોટા પંથોય અસ્તીત્વમાં આવ્યા અને રાજાઓ પરસ્પર ઝઘડે, તેમ આ પંથોય એકબીજા સાથે લડતા રહ્યા; જે આજેય વધુ ખુનખારપણાથી લડ્યા જ કરે છે; કારણ કે ભૌતીક સાધનસામગ્રીનો જેટલો ઝડપી વીકાસ થયો; એટલી ઝડપે માનવીની વીવેકબુદ્ધી વીકસી નહીં; જેનું કારણ વળી, એ કે, સ્વભાવથી જ મનુષ્ય રુઢીચુસ્ત પ્રાણી છે અને વારસામાં મળેલા, બાલ્યાવસ્થામાં પડેલા સંસ્કાર વજ્રલેપ બની રહે છે. પરીણામે આજેય, વૈજ્ઞાનીક સત્યોની આટઆટલી શોધો પછી પણ માણસ આત્મા, પરમાત્મા, ભક્તી, કર્મફળ, શ્રદ્ધા, વૈશ્વીક ચેતના, તેના અકળ દીવ્ય હેતુઓ વગેરે મીથ્યા માન્યતાઓમાં અટવાયા કરે છે; જેણે સંસારમાં હાહાકાર પ્રવર્તાવ્યો છે; સુખનાં મોટા ભાગનાં દ્વાર રોકી લીધાં છે અને દુઃખદર્દ, વેદના–યાતના, હીંસા–અન્યાયના ભસ્માસુરને છોડી મુક્યો છે.

**[26]** રૅશનાલીસ્ટોની એક સ્વયંસ્વીકૃત એવી ફરજ છે કે, સમાજમાં રૅશનાલીઝમનો પ્રચાર સતત કરતાં રહેવું. કારણ કે માનવજાતને સુખી કરી શકે તેવી તે એક માત્ર જીવનશૈલી તથા જીવનકલા છે. બાકી ધર્મ, શ્રદ્ધા અને નીતીના ધોધમાર ઉપદેશો, રાજદ્વારી જબરજસ્તી – તથાકથીત આધ્યાત્મીક કથા–પ્રવચનો તેમ જ સાહીત્ય બધું જ

નીષ્ફળ સાબીત થઈ ચુક્યું છે... ત્યારે રૅશનાલીઝમનો પ્રચાર અનીવાર્ય જ બની રહે છે. અને એ માટે ગંભીર ઉંડાણભર્યા ચીન્તનાત્મક ગ્રંથો, માહીતીસભર પુસ્તકો અને ચર્ચા–વીવાદો જેટલાં ઉપયોગી છે, એટલાં જ ઉપયોગી પ્રા. જે. પી. મહેતા રચીત ટુંકાટુંકા સુત્રો, વેધક પ્રશ્નો, સંક્ષીપ્ત સંશયો તેમ જ પ્રેરક ચયનો પણ કીમતી સીદ્ધ થાય છે; કરવત અને કાતર બન્ને પોતપોતાના સ્થાને મુલ્યવાન !

**[27]** પુનઃ પુનઃ કહું કે રૅશનાલીઝમ એ કોઈ ખંડનાત્મક તોફાની પ્રવૃત્તી નથી, એ તો સર્વાંગીણ એવો માનવતાનો જીવનમાર્ગ છે.

ખરા ઝનુની ખંડનકારો તો અલ્પબુદ્ધી આસ્તીકો છે; જેઓ પોતે ડુબે છે અને અન્યોને પણ ડુબાડે છે. આસ્તીકતા અને આધ્યાત્મીક તથા ધાર્મીક પ્રવૃત્તીઓથી સમાજમાં કેવી અમાનુષી ખુનરેજી મચે છે, એ આપણે હમણાં જ જોયું ! આવું તો સર્વત્ર તથા વારંવાર બનતું જ રહે છે, ત્યારે ક્યારેક જ હીમશીલાની ટોચની જેમ આવાં કુકર્મો જાહેરમાં દેખા દે છે. ફક્ત રૅશનાલીસ્ટો જ આ બાબતે સમ્પુર્ણ ભયમુક્ત હોય છે; કારણ કે રૅશનાલીઝમનો પાયો જ બે ભદ્ર અને ભવ્ય ભાવનાઓનો છે : સત્ય અને માનવતા.

**[28]** આપણા સમાજમાં મરણોત્તર ક્રીયાપાણી જેવો કઢંગો, મુર્ખતાભર્યો, નીરર્થક, બીહામણો, ફરેબી, લાગણીન તથા અમાનવીય વીધી બીજો એકેય નથી. જો કે આમ તો લગભગ બધા જ રીવાજો ઓછેવત્તે અંશે કઢંગા તથા અર્થહીન છે. માટે જ રાજા રામમોહનરાયથી તે ગાંધી સુધી, આપણે ત્યાં સમાજસુધારાની તીવ્ર ઉગ્ર ઝુંબેશ ચાલી અને નર્મદ જેવા અનેકો શહીદ થયા. પણ આપણી ગાંગડું પ્રજા ન સુધરી તે ન જ સુધરી ! તો ય કર્મણ્યેવ અધીકારસ્તે ! ડગલું ભર્યું કે ના હટવું...

**[29]** વીવેકબુદ્ધીવાદી અભીગમ એ તો પરમ્પરાગત જીવનમુલ્યોને ઉથલાવી – ઉથલાવીને તપાસવા – ચકાસવાનો અને એનાં સત્યાસત્ય, યોગ્યતા–અયોગ્યતા, લાભાલાભ, આવશ્યકતા– અનાવશ્યક્તા આદીને કેવળ વીવેકબુદ્ધીના માપદંડથી, તમામ ગ્રંથીઓ, ગૃહીતો યા પુર્વગ્રહોથી મુક્ત થઈને, કોઈ પણ ગુરુપ્રભાવ કે ગ્રંથવાદીની ઓથોરીટીને સદન્તર અવગણીને, નીરપેક્ષભાવે, સર્વ સ્થાપીત બાબત પ્રત્યે સંશય દબાવીને, ચકાસીને પુનઃ નીશ્ચીત કરવાનો અભીગમ છે. અને એવા સર્વ પુરુષાર્થના મુળમાં એક માત્ર હેતુ તે સત્યની શોધ અને એનીય ઉપર તો વળી, એ વડે માનવજાતને સુખી કરવાનો જ ઉદ્દેશ પ્રવર્તે છે. કારણ કે સત્ય વીના સુખ શક્ય જ નહીં.

**[30]** 'વીવેકબુદ્ધીવાદ' શબ્દ જ રૅશનાલીઝમનો યથાર્થ પર્યાય છે; કારણ કે રૅશનાલીઝમનો પાયો જ વીવેક (reason) છે, બુદ્ધી નહીં, બુદ્ધી દ્વારા તો માનવી અનેકાનેક અનુચીત, વીપરીત, ભ્રામક પ્રવૃત્તી કરે છે. દા.ત., ભગવાનની ભક્તી–પ્રાર્થના કરે, સત્યનારાયણની કથા યોજે, બાધા આખડી રાખે યા જાત્રા ખેડે... ઈતર પ્રાણીઓ તો આવું કંઈ જ કદાપી કરતાં નથી, કારણ કે તેઓ સમ્પુર્ણતઃ બુદ્ધીહીન છે. માટે જ આલ્ડુસ હકઝલી કહે છે કે, ક્યારેક પ્રાણીઓનું વર્તન માનવીની અપેક્ષાએ વીવેકબુદ્ધીપુર્વકનું કહેવાય તેવું હોય છે. તો વળી, બર્ગસોં કહે છે કે, માણસ એક માત્ર એવું પ્રાણી છે કે જેને કુદરતી રીતે જ વીવેકશક્તી મળી છે. (endowed with reason) તેમ છતાં માણસ જ એક માત્ર પ્રાણી છે કે જે પોતાના જીવનની અનેક પ્રવૃત્તીઓ વીવેકશક્તી રહીત એવી માન્યતાને આધારે ચલાવે છે. માટે જ 'બુદ્ધીનીષ્ઠતા' એ રૅશનાલીઝમનો પુર્ણ પર્યાય નથી.

**[31]** રૅશનાલીઝમના પ્રચારકાર્યને હું 'આત્મશુદ્ધી યજ્ઞ' કહું છું. ખરેખર એથી મને પોતાને તો ઘણો જ ઘણો લાભ થયો છે. સામાન્ય જન જેવા અનેકાનેક દોષો મારામાં પણ હતા જ; ઘણા હતા : ઈર્ષ્યા, દ્વેષ, સ્પર્ધાભાવ, જલન, વૈરભાવ, ઝનુન, ક્રોધ, મીથ્યા પ્રલાપીવેડા, પ્રહારવૃત્તી વગેરે. આવી બધી લાગણીઓ માણસ માટે ઘણી અશોભનીય ગણાય. બર્ટ્રાન્ડ રસેલ કહે છે તેમ, અમુક લાગણીઓ માણસજાતને અત્યંત હાનીકર્તા પણ ખરી જ; માટે એ કાઢવી જ ઘટે. ગીતાપાઠ કરતાં ઘણી વધુ પ્રેરણા મને આવા રૅશનલ ચીન્તનમાંથી મળી અને એથી મારી ઘણી આત્મશુદ્ધી થઈ.

**[32]** હું આજે સુખી છું; બાહ્ય દુઃખ મારે દીવો લઈને શોધવું પડે ! એનાં બે કારણો છે, રૅશનાલીઝમ અને માનવીય પ્રેમ. ગ્રીક ઈતીહાસકાર–ફીલસુફ પ્લુટાર્ક એ જ વાત કહે છે કે, જે માણસો પોતાની જ વીવેકશક્તી–તર્કશક્તીને આધારે જીવે છે, અર્થાત્ જેઓ રૅશનાલીસ્ટ વીવેકબુદ્ધીવાદી છે; તેઓ જ સાચા સ્વતન્ત્ર પુરુષો છે, અને એ લોકો જ પોતાની મરજી મુજબનું યથેચ્છ જીવન જીવી શકે છે; ઉપરાંત પોતાની મરજી એટલે શું, અર્થાત્ કેવી રીતે જીવવું – એની સુયોગ્ય પસન્દગી પણ રૅશનાલીસ્ટ વ્યક્તી જ કરી શકે છે... એથી જ હું સુખી છું. (જો કે આજે સ્વાસ્થ્યનો પ્રશ્ન પીડે છે.)

**[33]** મનોવીજ્ઞાન કહે છે અને આપણે વીચારીએ તો એવો નક્કર અનુભવ પણ છે જ કે, બાળપણમાં પડેલા સંસ્કારો વજ્રલેપ હોય છે, આવા બધા સંસ્કારોને નાબુદ કરવા માટે પ્રચંડ સજાગતા, પુરુષાર્થ, તીવ્ર, સચોટ તથા તટથ તર્કશક્તી તથા નીર્ભેળ વીવેકબુદ્ધી અનીવાર્ય છે. એક દાખલો ટાંકુ તો, કોઈ પણ અવકાશયાનને નીર્ધારીત ગતી પ્રાપ્ત કરી

મંઝીલે પહોંચવા માટે અનેક અવરોધો ભેદવા પડે છે. જેને માટે અમુક પ્રારમ્ભીક વેગ કે ધક્કો અનીવાર્ય હોય છે. તેમ અંતે પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો અવરોધ પણ ભેદવો રહે છે. એ જ રીતે માનવચીત્તમાં પડેલાં અનેકવીધ અસત્ય સંસ્કાર પડળો, અવરોધો પણ માણસે એક પછી એક ભેદવા રહે, જેમાં કદાચ છેલ્લે આસ્તીકતાને મુકી શકાય. તે પટલ જો પુરી વીવેકબુદ્ધીની તાકાતથી જે વ્યક્તી ભેદી શકે તે જ પછી તે પુર્ણતઃ રૅશનાલીસ્ટ બની રહે.

**[34]** વાસ્તવમાં તો રૅશનાલીઝમ એ માનવી માટેની મુળભુત જીવનકલા છે, એથી એમાં માનવવાદનું પ્રાધાન્ય સ્વાભાવીક જ અનીવાર્ય બની રહે છે. કારણ કે; રૅશનાલીઝમ (વીવેકબુદ્ધીવાદ)નો પાયો જ સર્વદેશીય સ્વતંત્રતા તથા માનવગૌરવ છે. ધર્મ માનવગૌરવને સદન્તર હણી નાખે છે; કારણ કે ધર્મ સ્વતંત્રતાનો – આનન્દનો વીરોધી છે. ધાર્મીક–આસ્તીક વ્યક્તી રાંકડી, મજબુર તથા નસીબવાદી બની, પરાધીનવત્ જીવી રહે છે. જ્યારે માનવવાદી વ્યક્તી નીજી માનવીય તાકાતના ગૌરવ ઉપર, ઉન્નત મસ્તકે વીહરે છે.

**[35]** રૅશનાલીઝમ એ કેવળ આત્મા–પરમાત્મા કે ધર્મ–કર્મકાંડનું ખંડન કરનારું નાસ્તીક ચીંતન નથી. હા, નાસ્તીકતા અર્થાત્ ઈશ્વર કે કોઈ પણ અલૌકીક, દીવ્ય તત્ત્વ–સત્ત્વનો અસ્વીકાર એ રૅશનાલીઝમના પાયાના સીદ્ધાંતોમાંનો એક છે; પરન્તુ એનું ક્ષેત્ર એટલું જ મર્યાદીત નથી. રૅશનાલીઝમ તો જીવનરીતી છે, જીવનવ્યવસ્થા છે, જે જીવનનાં સર્વ અંગોને સુપેરે સ્પર્શે છે એને એનું શુદ્ધીકરણ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, વીવેકબુદ્ધીવાદી અભીગમ એ પરમ્પરાગત જીવનમુલ્યોને ઉથલાવી ઉથલાવીને ચકાસવાનો તથા એનાં સત્યાસત્ય, યોગ્યતા–અયોગ્યતા, લાભાલાભ, આવશ્યક્તા–અનાવશ્યક્તા કેવળ વીવેકબુદ્ધીના માપદંડથી, તમામ પુર્વગ્રહો, ગૃહીતો તથા ગુરુભાવથી (ઑથોરીટીથી) મુક્ત થઈને, નીરપેક્ષ રીતે પુનઃ નીશ્ચીત કરવાનો અભીગમ છે, જે સર્વ પુરુષાર્થનો એકમાત્ર હેતુ, પરમોચ્ચ ધ્યેય માનવજાતને સુખી કરવાનો જ છે. સમગ્ર માનવજાત અસંખ્યાસંખ્ય મનઃ કુંઠાઓથી (inhibitionsથી) પીડીત છે અને એથી તે અપરમ્પાર વેદનાઓ, યાતનાઓ અકારણ જ વેઠી રીબાય છે, જેમાંથી મુક્ત થવાનો એકમાત્ર સુખદ–સચોટ માર્ગ રૅશનાલીઝમ છે. એમાંય ભારતીય નાગરીકનાં કુંઠાઓ, બન્ધનો, અપરમ્પાર છે, તેમ એની રીબામણી પણ અસહ્ય–અસીમ છે, જેનું મુળ મીથ્યા ધાર્મીક–સામાજીક–નૈતીક માન્યતાઓ છે. એમાંથી મુક્ત કરવો એ ધ્યેય જ અત્રે કેન્દ્રમાં છે. માટે જ સર્વ અર્થહીન અને અનાવશ્યક માન્યતાઓને અત્રે પડકારવામાં આવે છે.

**[36]** મને એક વીચાર આવે છે કે કોઈ થર્ડ ક્લાસ રાજકારણીના અવસાન નીમીત્તે યા તો સદીઓ પુર્વે થઈ ગયેલા કોઈ સમ્પ્રદાય–સ્થાપકના જન્મદીને આપણે રજા

પાળીએ છીએ, એને બદલે આઈન્સ્ટાઈન, કે કાર્લ સાગન જેવી વીરાટ વૈજ્ઞાનીક હસ્તીના અવસાન પ્રસંગે શાળામહાશાળામાં રજા આપી, શીક્ષણના સમગ્ર સમય દરમીયાન વીજ્ઞાન તથા વૈજ્ઞાનીક અભીગમનું જ જ્ઞાન નવી પેઢીને આપવાનો કાર્યક્રમ યોજાતો હોત તો ? તો આશાનું કીરણ ક્યાંક આછુંઆછું દૃષ્ટીગોચર થાત, બાકી અમુકતમુક જયન્તીઓ નીમીત્તે 'વૈષ્ણવજન' રાગોટવાથી યા અગીયાર અગમનીગમવાદી વ્રતો ગોખાવવાથી દેશનું કોઈ ભલું થયું નથી ને થવાનું નથી એ હવે તો સ્પષ્ટ થઈ ચુક્યું છે. એટલે વીજ્ઞાનશીક્ષકને ક્યાંથી ખબર હોય કે સાગન તે વળી માણસ છે કે ઈમારતી લાકડું ? ભારતની આ જ મોટી કમનસીબી છે. પુણેના ખગોળવીજ્ઞાન તથા ભૌતીકવીજ્ઞાન માટેના ઈન્ટરયુનીવર્સીટી કેન્દ્રના ભૌતીકવીજ્ઞાની બીમાનનાથ લખે છે:

'1933માં જર્મનીની પરીસ્થીતી વીશે લીયો ટ્રોટસ્કીએ લખેલું : 'કેવળ ખેડુતોની ઝુંપડીઓમાં જ નહીં; પરન્તુ મહાનગરોની ગગનચુંબી ઈમારતોમાં પણ વીસમી સદીની જોડાજોડ જ તેરમી સદી પણ જીવી રહી છે. દેશના દસ કરોડ પ્રજાજનો વીજળીનો ઉપયોગ કરે છે અને છતાં માને છે કે જ્યોતીષશાસ્ત્ર જ સાચું છે અને મન્ત્રતન્ત્રથી ચમત્કારીક કાર્યો થઈ શકે. સીનેતારકો કહેવાતા સીદ્ધ મહાત્માઓની આગળપાછળ આંટા મારે છે... અન્ધકાર, અજ્ઞાન તથા અસંસ્કારીતાના કેવા અગાધ મહાસાગરમાં તેઓ ડુબકી મારી રહ્યા છે.' બીમાનનાથ કહે છે કે 1933માં જર્મની માટે જે ઉપર્યુક્ત સત્ય હતું તે જ આજના 1966ના ભારતને બરાબર લાગુ પડે છે. ('ટાઈમ્સ ઑફ ઈન્ડીયા'.)

**[37]** હવે ઈશ્વરની કલ્પના મુળ માનવમનમાં જન્મી કેવી રીતે ? એ પ્રશ્નના ઉત્તર રુપે રસેલ કહે છે કે સર્વસત્તાધીશ રાજા તથા રાજ્યશાસનને જોઈને, એના ઉપરથી માનવીને ઈશ્વરની કલ્પના આવી. આ વીધાનનો વીચારવીસ્તાર કરીએ તો આદીમ અવસ્થામાં, માનવમગજનો વીકાસ થતાં, તેણે રક્ષણ, સલામતી તથા પરસ્પર સહાયની અપેક્ષાથી સમુહમાં વસવાનું ઠરાવ્યું હશે. એ પ્રમાણે ગામ કે ગામો વસવા લાગ્યાં હશે અને એક જુથ કે સમાજ બંધાયો હશે. હવે જો એનો મુળ હેતુ–રક્ષણ, સલામતી તથા પરસ્પર સહાયનો–સીદ્ધ કરવો હોય તો ઉક્ત સમાજના સરળ સંચાલન માટે ચોક્કસ નીતીનીયમો કે કાયદાકાનુન ઘડવા પડે; નહીં તો સમાજના નાગરીકો પરસ્પર ઝઘડે, મારફાડ કરે અને એકબીજાની હત્યા પણ કરી નાખે. એ જ રીતે એકબીજાની માલીકીની ચીજવસ્તુઓની ઝુંટાઝુંટ થાય, સ્ત્રીઓનાં અપહરણો તથા બળાત્કાર થાય અને અંતે જેવી હોય એવી, એ આદીમ સમાજવ્યવસ્થા તુટી પડે. એ માટે આવાં કૃત્યો પર પ્રતીબંધો ફરમાવતા નીયમો તો ઘડ્યા; પરન્તુ એથી સામાજીકો એનું પાલન કરે જ એની શી ખાતરી ? આથી આ

કાયદાકાનુનનું પાલન કરાવવા પ્રસ્તુત સમાજમાંથી કોઈ શક્તીશાળી તથા પ્રભાવશાળી વ્યક્તીને પસંદ કરવામાં આવી અને એણે એવા જ યોગ્ય સાથીઓ પસંદ કરીને એક શાસનતંન્ત્ર રચ્યું. આમ રાજાશાહી રાજવ્યવસ્થા અસ્તીત્વમાં આવી, સમાજનું સંચાલન ગોઠવાયું.

એ તબક્કે આદીમાનવ જ્યારે જ્યારે આ વીરાટ વીશ્વની વ્યવસ્થા તથા એનું સંચાલન જોતો હશે; ત્યારે ત્યારે જન્મતા કુતુહલના જવાબરુપે તે પોતાના જ દાખલાને પ્રમાણ ગણી ઉકેલ શોધતો હશે કે, પોતાના નાનકડા સમાજને વ્યવસ્થીત ચલાવવા માટે જેમ એક સત્તાધીશ રાજવી છે, એ જ રીતે આ વીરાટ વીશ્વનું સંચાલન પણ કોઈક સુવીરાટ શક્તીશાળી કે સત્તાધીશ તત્ત્વ જરુર કરી જ રહ્યું હોવું જોઈએ અને એ તત્ત્વ તે ઈશ્વર. આમ રાજા પરથી ઈશ્વરની કલ્પના ઉદ્ભવી. વર્તમાન રાજાશાહી જોતાં પણ સ્પષ્ટ એ હકીકત ફલીત થાય છે.

**[38]** ધર્મે, લગભગ સર્વ ધર્મોએ, પોતપોતાનાં લેબલ નક્કી કરવા માટે, અમુકતમુક આચારસંહીતા ઘડી; જે ઘડનારા, તેઓના યુગ અનુસાર જીવનવીષયક ઝાઝી તથા સુક્ષ્મ સમજ ધરાવતા હતા નહીં. પરીણામે જુજ અપવાદ સીવાય, લગભગ સર્વ ધર્મોએ એવો આદેશ ફરમાવ્યો કે, પ્રાણીસહજ વૃત્તીઓનું દમન તે ધર્મ તથા અધ્યાત્મની દીશાનું પ્રથમ સોપાન. અને ધર્મ–ધર્મ વચ્ચેની ભીન્નતા મુળભુત રીતે આચારજનીત લેબલોને આધારે જ નક્કી થાય છે; એટલે પૃથક્જનોએ ધર્મમાં જે સ્વલ્પ સદ્બોધ છે; એને અવગણીને આચારને જ ધર્મ ગણી લીધો. આપણા ધર્મે તો એટલી હદે આચારભક્તી સ્થાપીત કરી કે એમ ફરમાવ્યું : 'આચારો પ્રથમો ધર્મઃ ધર્મસ્ય પ્રભુઃ ઉચ્ચયતે' અર્થાત્ આચાર એ પ્રથમ ધર્મ છે – ધર્મનો પાયો છે અને એ જ ધર્મનું પ્રધાન તત્ત્વ છે.

અત્રે એક સીદ્ધાંતરુપ સત્ય વીધાન રચીએ તો એમ અચુક કહી શકાય કે, પ્રકૃતીનાં પરીબળોને યથાર્થ પારખી, તેનો લાભ લઈ, એને નાથીને, એનો વીનીયોગ જે વીદ્યા દ્વારા માનવજીવનનાં સહજ સુખ તથા આનન્દ માટે કરવામાં આવે તે વીજ્ઞાન. જ્યારે માનવમનના નીસર્ગદત્ત સુખાનુભવનું દમન કરીને, જીવનને આનન્દરહીત તથા આનન્દવીરોધી બનાવીને મીથ્યા, અર્થહીન, કપોળકલ્પીત અને મહદઅંશે પીડાદાયક કર્મકાંડમાં અટવાવી મારે અને એ વડે અમુકતમુક ભ્રામક પ્રાપ્તીઓ તથા સીદ્ધીઓની લાલચ આપે તે ધર્મ. આમ ધર્મ પ્રકૃતીવીરોધી બન્યો અને એથી બન્ને જીવનકાર્યની સાધનામાં તે નીષ્ફળ નીવડ્યોઃ એ ન તો મનુષ્યને 'સારો માણસ' બનાવી શક્યો અને ન તો જીવનને સુખી તેમ જ આનન્દમય સર્જી શક્યો.

**[39]** રૅશનાલીઝમ એટલે સર્વપ્રથમ તો, નીજી વીવેકબુદ્ધી દ્વારા પ્રતીત થતાં સત્યોનો સ્વીકાર. ભલે એમાં 'ઈઝમ' અર્થાત્ 'વાદ' શબ્દ પ્રયોજાયો હોય; કીન્તુ એ અનુયાયીઓનું વીચારહીન ટોળું નથી જ. માટે અત્રે 'વાદ'નો અર્થ આપણે 'જીવનરીતી' એવો જ કરીએ છીએ. ઓશો રજનીશ રૅશનાલીઝમના આવા અભીગમના સમર્થક છે, અલબત્ત, તેઓ પોતે ક્યારેય રૅશનાલીસ્ટ નહોતા અને એથી જ તેઓનું આવું સમર્થન વધુ મુલ્યવાન બની રહે છે; કારણ કે, રૅશનાલીસ્ટ તો વીવેકનું મુલ્ય પ્રસ્તુત કરે જ, એમાં કશું જ આશ્ચર્ય નહીં; પરન્તુ જ્યારે એક મોટો વીચારક છતાં બીનરૅશનાલીસ્ટ મહાપુરુષ ખેલદીલીપુર્વક સતત જાગ્રત તથા ગતીશીલ એવી વીવેકનીષ્ઠતાને બીરદાવે; ત્યારે એ વધુ મહત્વનું બની રહે છે. કારણ કે એમાં રહેલી નક્કર સત્ત્વશીલતાનો એ તટસ્થ પુરસ્કાર બની રહે છે. ઓશો લખે છે, 'હકીકત એ છે કે, કોઈ પણ વીવેકશીલ મનુષ્યનો કોઈ વાદ હોતો નથી. વીવેકનીષ્ઠ માણસ નીરન્તર પોતાના વીવેકથી જ જીવે છે, તે વાદના આધારે જીવતો નથી. જેઓ વાદના આધારે જીવે છે, તેઓની પાસે વીવેકબુદ્ધી હોતી નથી... વાદનો મતલબ જ શો થાય ? વાદનો અર્થ છે, તૈયાર ઉત્તરો. જ્યારે જીન્દગી તો રોજ બદલાય છે, જીન્દગી રોજ નવા નવા સવાલો પુછતી રહે છે; પરન્તુ વાદોની પાસે તો હોય છે, એના એ જ પુરાણા તૈયાર ઉત્તરો. 'વાદી' બદલાતો નથી. એ તો પોતાના માન્ય ગ્રંથોમાંથી તૈયાર ઉત્તરો શોધી કાઢે છે અને પછી માને છે કે, આ ઉત્તર તો કામમાં આવવો જ જોઈએ. પરન્તુ એમ બનતું નથી, જીન્દગી બદલાતી રહે છે. જ્યારે 'વાદી' ત્યાં જ અટકી જાય છે. ત્યાં જ ઠરી જાય છે... 'વાદી'ઓની પાસે બાંધ્યો–બંધાયેલો એકનો એક જ, રેડીમેઈડ ઉત્તર હોય છે. રેડી–મેઈડ કપડાં હોઈ શકે, રેડી–મેઈડ ઉત્તરો ના હોય ! નવા પ્રશ્નો સામે ઉભો રહી વાદ કહે છે કે, 'અમારો ઉત્તર જ સાચો છે !' કીન્તુ તે હારી જાય છે. વાદનો અનુયાયી કદાપી જીતતો નથી, તે નીરંતર હારી જાય છે.' આજે ભારતવર્ષમાં ગુરુઓની જબરજસ્ત બોલબાલા છે. પ્રજાની પ્રચંડ બહુમતી કોઈને કોઈ ગુરુની અન્ધ અનુયાયી બની ગઈ છે. પરીણામે ભારતીય રાષ્ટ્ર સર્વત્ર પરાજય પામતું રહે છે. ઓશો તો કહે છે કે, 'હું કહેતો નથી કે મારી વાત તમે માની લો !' મતલબ કે ઓશોને સર્વજ્ઞ ગુરુ ગણી લેવા એ પણ ભુલ જ છે. કોઈ પણ ગુરુ કે મહાત્મા સર્વજ્ઞ હોતા નથી. ઓશો ગયા, પછીય નવા પ્રશ્નો તો ઉદ્ભવતા જ રહેવાના છે. માટે ખુદ ઓશો જ કહે છે કે, 'જેણે ખરેખર સત્ય સમજવું હોય; તેણે ન માનવાની હીમ્મત દર્શાવવી જોઈએ. મારી ખુદની વાત માની લેશો, તો પણ તમારો વીકાસ નહીં થાય.' આપણે માનસીક રીતે પ્રમાદી છીએ. એટલે જ આટઆટલા ગુરુઓ ફાટી નીકળ્યા છે અને અનુયાયીઓની લાંબી લંગાર લાગી ગઈ છે. જે દીવસે માણસ માનસીક પ્રમાદ છોડી, માનસીક શ્રમ કરવા તૈયાર થશે, તે

દીવસથી આ દુનીયામાં કોઈ વાદ નહીં હોય, કોઈ ગુરુ નહીં હોય, અને કોઈ શીષ્ય પણ નહીં હોય !

**[40]** આમ છતાં, આવા સ્વામીજીઓના શીષ્યો કેવળ અજ્ઞાન, અભણ કે અલ્પજ્ઞ વ્યક્તીઓ જ હોય છે એવું નથી; સુશીક્ષીતો, શીક્ષણકારો, તબીબો, વકીલો અને વૈજ્ઞાનીકો સુધ્ધાં તેઓના પરમ ભક્તીમય અનુયાયીઓ બની રહે છે. એનું કારણ શું ? એક કારણ તો એ કે વર્તમાન શીક્ષણ માણસની ભોળી ભરમાઈ જવાની પ્રકૃતીને દુર કરી શકતું નથી અને માણસને રહસ્યમય વાતો માની લેવામાં જેટલી મજા આવે છે, એટલી મજા સાદાં–સરળ સત્યો સ્વીકારી લેવામાં આવતી નથી. આમ, આધ્યાત્મીક પ્રવૃત્તી સામાન્યજન માટે એક મહત્વનું મનોરંજન છે. ઉપરાંત એવી અલૌકીક બાબતોમાં માનવાથી અને વીશેષતઃ તો એવી ચર્ચા–ગોષ્ઠીમાં પ્રવૃત્ત થવાથી માણસને પોતાના અહમ્ નું ઉર્ધ્વીકરણ થતું અનુભવાય છે, જે એને સુખદ લાગે છે. દા.ત., પાણી હાઈડ્રોજનના બે અને ઑક્સીજનના એક પરમાણુનું બનેલું છે–એવી નકરી વૈજ્ઞાનીક હકીકત જાણ્યા બાદ એમાંથી કશું ચર્ચાયોગ્ય પ્રાપ્ત થતું નથી. પરીણામે એથી ખાસ આનન્દ કે અહમ્–સંતોષ અનુભવાતો નથી. બીજી બાજુ, 'બ્રહ્મ સત્યમ, જગન્મીથ્યા' જેવા કપોળ–કલ્પીત સીદ્ધાન્તની તમે અનન્ત કાળ સુધી જાતભાતની ચર્ચા કર્યા કરો અને વીવીધ તર્ક–કોકડાં કાઢ્યા જ કરો ! વળી એમાંય, જો તમે તમારું કશું મૌલીક ગોઠવી દઈ શકો તો તમારાં આનન્દ–અહમ્ અને મહત્તા બેસુમાર વધી જાય. પ્રાચીન ધર્મગ્રંથોના વીદ્વાન ગણાતા વર્તમાન ભાષ્યકારો બરાબર આવો જ ખેલ કરીને, વાહવાહ મેળવે છે અને ધન્ય ધન્ય થઈ જાય છે. એમાંય વળી તેઓને સુડો–સાયન્સ ભારે સહાયભુત થાય છે. દા.ત., 'સર્વમ્ ખલુ ઈદં બ્રહ્મ'ના કેવલાદ્વૈતવાદને પરમાણુવીજ્ઞાન તરીકે ઠઠાડી દેતાં મેં ઘણા વીદ્વાનોને વાંચ્યા–સાંભળ્યા છે. ટુંકમાં, અધ્યાત્મ જ્ઞાન અને આધ્યાત્મીક પ્રવૃત્તી એ સરળ, માનસીક શ્રમરહીત, મુક્ત એટલે કે નીરાધાર અને કલ્પનાવીહારની પુરી શક્યતાવાળી, અહમ્ સંતોષનારી, સંસ્કારપ્રાપ્ત માન્યતાઓને સાનુકુળ અને બેજવાબદાર હોવાથી, શીક્ષીતોને એમાં ઝંપલાવવામાં બહુવીધ લાભ જ દેખાય એ શક્ય છે – પૈસો અને પ્રતીષ્ઠાનો !

**[41]** વહેમો ઉત્પન્ન થવાના કારણો ગમે તે હોય અને અનેક છે જ, પરન્તુ આપણે સૌએ એ યથાર્થ સમજી લેવું ઘટે કે વહેમોએ સમાજમાં તેમ જ વ્યક્તીના ચીત્તમાં અનેક ભ્રમણાઓ, કપોળકલ્પીત ભયો, ભયાવહ અનુભવો, દશ્યો પ્રગટાવ્યાં છે અને એમ સમાજમાં બહુવીધ મીથ્યા કર્મકાંડો, અસંખ્ય દેવદેવલાં, ક્રુરતાઓ તથા ઝનુનો, શ્રદ્ધાઓ અને યાચનાઓ (પ્રાર્થનાઓ), સરમુખત્યારી ફરમાનો તથા સત્તાઓ, યાતનાઓ તેમ જ દમનો,

હત્યાઓ, આત્મહત્યાઓ, ગુરુઓ, ગુલામો ગરીબી ફેલાવ્યાં છે એ નક્કર હકીકત છે. તો ચાલો, આપણે સત્યજ્ઞાન–વીજ્ઞાન વડે આ સત્યાનાશકારી અજ્ઞાનથી મુક્ત થઈએ..

**[42]** લગભગ છસો, એટલે કે પુરાં 592 પૃષ્ઠો પર વીસ્તરતું આ પુસ્તક 'વહેમ–અન્ધશ્રદ્ધા નીષેધ' રૅશનાલીઝમ (વીવેકબુદ્ધીવાદ)નો એક સમૃદ્ધ, સ્વસ્પર્શી તથા તલાવગાહી આકારગ્રન્થ છે, 'વૈશ્વીક માનવવાદ'ના તંત્રીશ્રી તથા લબ્ધપ્રતીષ્ઠીત રૅશનાલીસ્ટ વીચારક શ્રી. બીપીન શ્રોફ વર્ણવે છે તેમ, અન્ધશ્રદ્ધાના અન્ત માટેનો એક સુસજ્જ 'ભોમીયો' (ગાઈડ) છે. આ બીરુદ યોગ્ય જ છે. કારણ કે ઉક્ત બૃહદ ગ્રન્થમાં સમાજે પીડતાં, રીબાવતાં, છેતરતાં, એનું શોષણ કરતાં, ભય ફેલાવતાં, સંઘર્ષ જન્માવતાં, ગુલામ મનોદશા પ્રેરતાં, વ્યર્થ બગાડ તથા સમ્પત્તીસંચય ઉભાં કરતાં, બેઠાંખાઉ સાધુબાવાઓની જમાતો જમાવતાં, હીંસક તેમ જ હત્યારાં, નીર્દોષને મારતાં અને મારી નાખતાં, નીષ્ક્રીયતા તથા લોકદ્રોહ ઉભો કરતાં એવાં વહેમો, શ્રદ્ધાઓ, અન્ધશ્રદ્ધાઓ, માન્ત્રીકો–તાન્ત્રીકો, દેવદેવીઓ, મેલીવીદ્યાઓ, પાપ–પુણ્યના પાયારહીત ખ્યાલો, જન્મ–પુનર્જન્મ, સ્વર્ગ–નરક, કથા–પારાયણો, અવતારી પુરુષો, જ્યોતીષીઓ, ભુત, પ્રેત અને એના ભુવા–બડવા, ચમત્કારો, આત્મા–પરમાત્મા આદી અનેકવીધ મહાભયાવહ અનીષ્ટોનું પુરા શ્રમ–નીષ્ઠાપુર્વક, અભ્યાસ તથા વૈજ્ઞાનીક આધાર ઉપર, તર્કશુદ્ધ અને આમુલ નીરસન કરવામાં આવ્યું છે. લેખક : ડૉ. જયરામ દેસાઈ ફોન : (0268) 2526499 (નડીયાદ).

**[43]** હમણાં, અમારા રૅશનાલીઝમના ક્ષેત્રે રૅશનાલીસ્ટની આચારસંહીતા ઘડવાનો પુરુષાર્થ પ્રગટેલો, ત્યારે મારી એ પ્રત્યે વીનમ્ર અસહમતી જ હતી. એનું મુળ કારણ જ એ કે રૅશનાલીઝમ એ કોઈ ધર્મપંથ કે સમ્પ્રદાય નથી કે એમાં કોઈ નીશ્ચીત આચારસંહીતા, અર્થાત્ ચોક્કસ વીધીનીષેધો અને કર્મકાંડ હોઈ શકે. મારા નમ્ર મતે તો, રૅશનાલીસ્ટ વીવેકબુદ્ધીવાદી વ્યક્તી એવી જ હોય, અર્થાત્ એની પાયાની શરત જ એ હોય કે, તે કોઈ અલૌકીક તત્ત્વ કે દૈવીશક્તીમાં બીલકુલ ન માને, ચમત્કારને જરાય ના સ્વીકારે, કોઈ જ ગુરુ–ગ્રંથ કે સમ્પ્રદાયની તે અન્ધ અનુયાયી ન હોય, પોતાની વીવેકબુદ્ધીને આધારે તે વ્યવહાર કરે ઈત્યાદી. અલબત્ત, એથી એક રૅશનાલીસ્ટ વ્યક્તી પ્રમાણમાં વધુ નીતીમાન, પ્રામાણીક તેમ જ સારો માણસ હોઈ શકે. બાકી પ્રકૃતીભેદ તો રૅશનાલીસ્ટ સમાજમાં પણ પ્રવર્તવાનો જ. કોઈ રૅશનાલીસ્ટ– કરકસરીયો કે કંજુસ, તો વળી કોઈ ઉદાર અને ઉડાઉ જોવા મળે જ છે. હવે આવા પ્રકૃતીભેદમાંય આચારસંહીતા હોઈ શકે ?

**[44]** કાર્લ સાગને આપેલી યાદીમાં સમાવીષ્ટ વહેમોનું જો પૃથક્કરણ કરીએ તો એને કામચલાઉ રીતે ત્રણ ભાગમાં વહેંચી શકાય : ચમત્કાર, અન્ધશ્રદ્ધા અને વહેમ. હવે આ

પરત્વે જો થોડું તાત્ત્વીક ચીંતન કરીએ તો ચમત્કાર આશ્ચર્યમુલક છે, અન્ધશ્રદ્ધા લાલસામુલક છે, જ્યારે વહેમ ભયમુલક છે. અલબત્ત, આ ત્રણેય મીથ્યા માન્યતો મુળભુત રીતે તો અજ્ઞાનમુલક જ છે અને એથી એ ત્રણ વચ્ચેની ભેદરેખા ઘણી પાતળી છે. છતાં, એક દાખલા વડે આ લાગણીઓ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરું તો, સત્ય સાંઈબાબા જટામાંથી ભસ્મ યા હવામાંથી નંગ કાઢી બતાવે એ ચમત્કાર કહેવાય. પ્રસ્તુત ભસ્મથી ગમે તેવો રોગ મટી જાય યા નંગ–વીંટી આદી ધારણ કરવાથી અનીષ્ટ દુર થઈ જાય એવી માન્યતા યા લાલસા તે અન્ધશ્રદ્ધા કહેવાય; જ્યારે આવા ચમત્કારી અવતારીપુરુષો કે તેઓની પ્રસાદીનો અનાદર કરવાથી આપણું અહીત થાય એવો ભય સેવવો એ વહેમ કહેવાય. ચમત્કાર Miracle, અર્થાત્ અદ્‌ભુત ઘટના, અન્ધશ્રદ્ધા એટલે આમ તો સકળ પ્રકારની શ્રદ્ધા જ, જેને કારણે માનવી કાર્યકારણથી પર એવું અચુક બનશે જ એવો દૃઢ વીશ્વાસ સેવે તે – Faith, જ્યારે વહેમ એટલે Superstition, જેના વડે ગ્રસ્ત માણસ તથા માનસ અતાર્કીક તેમ જ વીવેકરહીત ભય સેવે, અજ્ઞાત પરીબળોના પ્રભાવથી ડરે – Irrational fear of the unknown.

**[45]** ધર્મની ઉત્પત્તી આદીમાનવનાં ભય અને કુતુહલમાંથી જ થયેલ છે એ લગભગ સ્વીકૃત સત્ય છે એટલું જ નહીં; કીન્તુ સ્પષ્ટ અને સાક્ષાત ઘટના પણ છે; કારણ કે ધર્મ–અધ્યાત્મ નામે ઓળખાતા ચોક્કસ કપોળકલ્પીત વ્યાપાર માટે અન્ય કોઈ જ નક્કર અનીવાર્ય કારણ પ્રાપ્ત થતું નથી અને છતાં સમગ્ર માનવજાતમાં ભાગ્યે જ એકાદ જુથ એવું જોવા મળશે કે જે ધર્મ નામક કશીક વ્યવસ્થાનું મુદ્દલે પાલન ન કરતું હોય. એટલે સ્વાભાવીક રીતે જ તથા તાર્કીક સંશોધનથી સ્વયમેવ સીદ્ધ થાય છે કે, સમગ્ર પૃથ્વીપટે ફેલાયેલી વીવીધ માનવટોળીઓ છેક આદીમ અવસ્થામાં ચોક્કસ પ્રકારની માનસીક દશામાંથી પસાર થઈ હશે; જે દરમીયાન એને ઈશ્વર નામક કશાક સંચાલક તત્ત્વની કલ્પના આવી હશે અને પોતાનો ભય તથા પોતાની અસલામતી દુર કરી, માનસીક રાહત મેળવવા તેણે પ્રસ્તુત તત્ત્વની સહાય વાંચ્છી હશે, જેને માટે યાચના તથા પ્રસંશાનો માર્ગ તેણે અપનાવ્યો હશે. એ થયો ધર્મ, કારણ કે માણસ–માણસ વચ્ચે પણ એ જ પ્રકારનો વ્યવહાર પ્રવર્તમાન હતો; જે આજે પણ એવો જ છે. મતલબ કે કોઈ વધુ શક્તીશાળી વ્યક્તીની મદદ જોઈએ તો એની સમક્ષ યાચના કરવી અને એની તારીફ કરવી.

**[46]** ટુંકમાં, ધર્મ માત્રમાં એક એવી શાખા છે, જે પ્રાર્થના પર ભાર મુકે છે તે મનુષ્યની આવી જ અસહાય હાલત, ભયભીત મનોદશા તેમ જ કશાક શક્તીશાળી તત્ત્વની

સહાયની અપેક્ષાની જ નીપજ છે. જ્યારે આધ્યાત્મીક ચીંતનનું મુળ–ફીલસુફીનો ઉદ્ભવ માનવસહજ કુતુહલમાંથી થયેલો છે. ઉત્ક્રાન્તીની વીરાટ યાત્રામાં એક પ્રાણી એવુંય પ્રગટ્યું કે જેણે પોતાના ભક્ષણ તથા રક્ષણ માટે મગજ વીકસાવ્યું અને બુદ્ધીનો આશ્રય શોધ્યો; જે બુદ્ધીમત્તાએ તેને પ્રાણીસૃષ્ટીનો સર્વોપરી સમ્રાટ બનાવ્યો; પરન્તુ સાથે સાથે એ જ બુદ્ધીએ કુતુહલને જન્મ આપ્યો, અને એ સાથે વળી પોતાના પ્રશ્નોના તત્કાલીન શક્તી તથા સંયોગ અનુસારના ઉત્તરો શોધવા પણ તેને પ્રેર્યો. આ સુવીરાટ વીશ્વનાં અનેકવીધ અદ્ભુત વ્યવસ્થાઓ તથા તંત્રસંચલનો, જે આદીમાનવ માટે એકસાથે આશીર્વાદરુપ તથા ભયાવહ હતાં, તે ખરેખર શું છે ? અને શા માટે છે ? – એ રહસ્યની માનસીક ખોજ અને તેના વાસ્તવીક–કાલ્પનીક ઉકેલો એ તત્ત્વચીંતનનું મુળ છે, જે સ્વાભાવીક રીતે જ બહુધા અસત્યમુલક સીદ્ધ થાય; કારણ કે એની આદ્ય ભુમીકા જ કપોળકલ્પના છે. ફીલસુફી જેટલી વધુ પ્રાચીન તેટલી વધુ અસત્ય; કારણ કે પ્રાચીન યુગમાં સત્યશોધનાં વૈજ્ઞાનીક સાધનો નહીવત્ જ હતાં.

**[47]** આજેય અનેક સ્થળોએ અને ઘણી બાબતે ભારતમાં પણ, સ્ત્રીઓ ઉપર અમાનુષી, રાક્ષસી અત્યાચારો ગુજારવામાં આવે જ છે, ત્યારે એવી ક્રુરતા આચરનારા સ્વયં એવું કબુલે છે ખરા કે આ તો ખોટો ધર્મ છે ? મતલબ કે, જે લોકો સમ્બન્ધીત ધર્મ નથી પાળતા, ઈતરધર્મી છે, અથવા તો જેઓએ ધર્મનાં કેટલાંક યા સર્વ બંધનોનો–ફરમાનોનો ત્યાગ કર્યો છે એ લોકો જ એવું કહે છે કે ‘એ તો ખોટો ધર્મ છે’ – પણ એનો શો અર્થ ? આજેય જે લોકો ધર્મનાં ફરમાનો, બહુધા મુળ ધર્મગ્રંથોમાંથી ટાંકીને તદનુસારના કહેવાતા અપરાધો બદલ, અમુક વર્ણો ઉપર, ગુનેગારો ઉપર કે પ્રાણીઓ ઉપર ઘાતકી અને પાશવી ત્રાસ–પીડા ગુજારે છે, તેઓ તો માને જ છે કે, આ જ સાચો ધર્મ છે. પછી સુધરેલા એમ ન માને, તોય એથી શો ફરક પડે છે ? એનો અર્થ તો એ જ થયો કે, ધર્મચુસ્તતા ત્યજી તમે સુધરો, ત્યારે જ ધર્મનાં અનીષ્ટો સમજાય. બાકી હકીકત એ છે કે, ધર્મનો લોકમાનસમાં એવો તો જબરજસ્ત મોહ જામી ગયો છે કે, ધર્મની ટીકા તેઓ સહી જ શકતા નથી; પરીણામે એક બચાવનામા રુપે જ તેઓ એવી દલીલનો એવો આશરો શોધે છે કે, ‘એ સાચો ધર્મ નથી, ખોટો ધર્મ છે.’ અન્યથા, જેઓ ખરેખરા દૃઢ ધર્મપ્રેમી છે, અભ્યાસુ છે એ તો બરાબર જાણે છે કે પોતાના ધર્મમાં આવાં ક્રુર, નીર્દય, પાશવી ફરમાનો છે જ, કારણ કે એ તો સ્પષ્ટ લીખીત સ્વરુપમાં પ્રસ્તુત, એવી ઐતીહાસીક હકીકતો છે.

દા.ત., ‘મનુસ્મૃતી’માં શુદ્રોને તેમ જ અમુકતમુક ‘ગુના’ઓ આચરનારને ભયંકર, ક્રુર, અમાનવીય સજાઓ કરવાનાં ફરમાનો છે, જે એક કાળે અવશ્ય પળાતાં જ હતાં અને

ત્યારે લોકો એને સાચો જ ધર્મ માનતા. રામે શંબુકનો વધ કર્યો એ ઉત્તમ પુણ્યકાર્ય તરીકે જ રામાયણમાં પ્રસ્તુત યા પ્રક્ષીપ્ત થયું છે. સદ્ભાગ્યે આજે એવી આજ્ઞાઓનો આપણે મહદંશે ત્યાગ કર્યો છે, ત્યારે આજે હવે એને ખોટી યા પ્રક્ષીપ્ત ગણાવી રદબાતલ માનતા થયા છીએ. બાકી 'મનુસ્મૃતી'માં તો વર્ણવાર, એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શુદ્ર માટે વળી જુદી જુદી સજાઓનાં ફરમાન છે અને હજી આજેય આપણે વર્ણ–વ્યવસ્થાને માનીએ છીએ ! કેટલાક નવધર્મસ્થાપકો તો વળી વર્ણવ્યવસ્થાની, એ તો એક મુલ્યવાન વ્યવસ્થા છે એમ કહી, હીમાયત પણ કરે છે, ત્યારે એ પ્રક્ષીપ્ત છે એમ દલીલ કરવી એ કેવળ મીથ્યા બચાવનામું જ સીદ્ધ થાય છે. એક આર્યસમાજ પંથને ધન્યવાદ ઘટે છે કે, તેણે વર્ણવ્યવસ્થા તથા જ્ઞાતીભેદ ખરેખર ફગાવી દીધાં છે. તેમ છતાં, મનુનાં ફરમાનોને પ્રક્ષીપ્ત ગણાવીને, એનો બચાવ કરવાનું આર્યસમાજીઓને શોભતું નથી. આજથી પચાસ–પંચાવન વર્ષ પુર્વે, હુંય આર્યસમાજ સાથે ગાઢ રીતે સંકળાયેલો હતો. ત્યારે મને બરાબર યાદ છે કે અગ્રણી આર્યસમાજીઓ મનુની કડક ટીકાઓ જ કરતા. (જુઓ શ્રી નાગરીકનું 'આપણી સંસ્કૃતી' વીશેનું પુસ્તક) પ્રક્ષીપ્તતાના બચાવ સામેની મારી વજનદાર દલીલ એ છે કે, ભલે ખુદ મનુએ એવાં ફરમાનો નથી કર્યાં, એમ માની લઈએ તો પણ; તે કાળના અન્ય કોઈ અગ્રણીને આવી આજ્ઞાઓ ઘડી કાઢવાનું મન થયું, તેણે એ ઘડી, અને સફળતાપુર્વક એક સર્વસામાન્ય એવા ધર્મગ્રંથ 'મનુસ્મૃતી'માં વળી, તે એને દાખલ કરી દઈ શક્યો અને સામાન્યજનો એનું પાલન પણ કરવા લાગી પડ્યા. એ શું સુચવે છે ? એ જ કે તે કાળના ધાર્મીકોનું માનસ તો આવી અમાનુષી ક્રુરતાઓ આચરવાની તરફેણમાં જ હશે ને ?

♦

અનુક્રમણીકા

## 02

# ધર્મ–અધ્યાત્મ

**[48]** દેશની વર્તમાન કરુણતાનાં મુળ જ આપણી કહેવાતી આધ્યાત્મીક પરલોકપરાયણતા છે. એક બાજુ, બે ટંકના રોટલા માટે તનતોડ શ્રમ કરી, જીવન વેંઢારતી વીરાટ જનતા છે; જેને અન્ય કશું ભાન જ નથી, તેમ એવું વીચારવાની ફુરસદ પણ નથી. તો બીજી બાજુ આ કારુણ્યને જેઓ દુર કરી શકે તેમ છે, તેઓ ત્રીજું નેત્ર ખોલવાની અને આત્મા–પરમાત્માનો સાક્ષાત્કાર કરી, કહેવાતા બ્રહ્માનન્દની ખોજમાં પડ્યા છે. અને એવી ખોજમાં ખરેખર મોજ છે; કારણ કે વીસમી સદીના આ સાધુબાવાઓ કોઈ ત્યાગ કે સેવાની વાત કરતા જ નથી. પરીણામે ઈન્દ્રીયોનો આનન્દ એ જ વાસ્તવમાં તેઓનો બ્રહ્માનન્દ બની ગયો છે. સમાજ અન્ધશ્રદ્ધાઓ, વહેમો, કુરુઢીઓથી મરણતોલ શોષાઈ રહ્યો છે ત્યારે એને ઉગારવાનું કોઈને સુઝતું નથી અને આત્મા–પરમાત્માને નામે લોકો નવી અન્ધશ્રદ્ધાઓ, નવા વહેમો ઉભા કરી, શોષણ તથા લુંટની પ્રક્રીયાને બળવત્તર બનાવી રહ્યા છે. આધ્યાત્મીક કહેવાતી પ્રવૃત્તી આખરે તો એક પ્રકારનું માનસીક આશ્વાસન છે; જે દ્વારા ‘અમે કંઈક મહાન કાર્ય કરી રહ્યા છીએ’ એવો માનવીનો અહમ્ સંતોષાય છે અને છતાં એ માટે કશો ભોગ આપવો પડતો નથી.

લગભગ અઢી હજાર વર્ષ પુર્વે તથાગત બુદ્ધે એવો ઉપદેશ આપેલો, જો આવા લોકોએ બે કાન પણ બન્ધ ન કર્યા હોય તો સાંભળવા જેવો છે કે, ‘પરમાત્માની ચીન્તા ન કરો ! એ છે યા નહીં એવી ખોજ માંડી વાળો અને આ નજર સામે જ જે સાક્ષાત્ માનવી દેખાય છે, એનાં દુઃખદર્દોનો પાર નથી, તેની યાતનાઓ–વેદનાઓ દુર કરવામાં લાગી જાઓ!’ પરન્તુ એ કાર્ય કપરું છે અને એમાં મહાન હોવાનો લાભ તો છે નહીં, પછી આ સુખીયા, સ્વાર્થપરસ્ત લોક એમાં શા માટે પડે ? એ કરતાં સંસાર મીથ્યા છે, માયા છે, એવી એવી વાતો હાંકી, એ જ સંસારની મોજમજા માણવી શું ખોટી ?

**[49]** આપણો ધર્મ માણસને શીખવે છે કે, ‘ઈશ્વર બધું જ જાણે–જુએ છે, એના દરબારમાં ન્યાય છે, સજારુપે નરક છે, સારા બદલારુપે સ્વર્ગ છે, કર્મનો બદલો મળ્યા વીના રહેતો નથી, બીજા જન્મેય તમારે કર્યાં ભોગવવાનાં જ છે..’ ઈત્યાદી. હવે આવા ધાર્મીક શીક્ષણથી જો માણસો સદાચારી બની જતા હોત તો, આજે આ દેશમાં આટઆટલાં ભ્રષ્ટાચાર, કૌભાંડો, જુઠાણાં, શોષણ, અન્યાય, ક્રુરતા, સ્વાર્થ, લુંટાલુંટ–ઝુંટાઝુંટ તથા લોલુપતા ન જ પ્રવર્તતાં હોત. મતલબ કે, ધર્મના પ્રભાવથી બાળક સદવર્તન નથી સ્વીકારતું; કારણ કે

ધર્મની દલીલો જ અતાર્કીક તથા અસત્યમુલક હોય છે. ભગવાનમાં માનનારો માણસ ખુદ પણ ભગવાનથી ભાગ્યે જ ડરતો હોય છે ! ટુંકમાં, અમુક સદાચાર ધાર્મીક ઉપદેશ છે – એમ કહેવાથી એનું મુલ્ય સ્થાપીત નથી જ થઈ શકતું અને સ્વીકારાતું પણ નથી. માટે સાચો તથા ઉત્તમ માર્ગ તો એ જ કે સદાચાર કે જીવનમુલ્યોનું સ્વકીય તથા વાસ્તવીક મુલ્ય જ બાળકના ચીત્તમાં પ્રગટાવવું જોઈએ. તો ઝટ દઈને એને ગળે ઉતરી જશે. શીક્ષણનો આ સીદ્ધાન્ત છે.

**[50]** ધર્મ મનુષ્યને કેટલી હદે હૃદયહીન, બુદ્ધીહીન, મુર્ખ, તથા માનવતાહીન બનાવી દે છે એનો આવો હૃદયવેધક પુરાવો અગાઉ અન્ય ભાગ્યે જ મેં અનુભવ્યો હશે. હું લગભગ ભાંગી પડ્યો. જગવીખ્યાત લેખક–ચીન્તક ટૉલસ્ટૉયે એમની વીશ્વશ્રેષ્ઠ નવલકથા ‘યુદ્ધ અને શાન્તી’માં કંઈક એવી મતલબનું લખ્યું છે કે માનવી દુષ્ટ છે એ માનવજાત માટે કોઈ મોટી સમસ્યા નથી; પરન્તુ ખરી, ગંભીર તથા અટળ સમસ્યા તો એ છે કે માનવજાતની મોટી બહુમતી મુર્ખ છે ! ટૉલસ્ટૉયનું આ તારણ સમ્પુર્ણ સત્ય છે. દુષ્ટતાની દવા શક્ય છે, વાલીયો ભીલ ક્યારેક કવી વાલ્મીકી બની જઈ શકે છે; પરન્તુ મુર્ખતા બાબતે તો આપણા પુર્વજ મનીષીઓએ પણ હતાશાભર્યા ઉદ્‌ગાર જ કાઢ્યા છે કે ‘મુર્ખસ્ય ઔષધમ્ નાસ્તી’– મુર્ખાની કોઈ દવા નથી ! આપણા કોઈ ભક્તકવીએ પણ બરાબર આવી જ બોધક પંક્તી લલકારી કે ‘મુરખને જ્ઞાન કદી નવ થાય !’ દુષ્ટને એની દુષ્ટતાનું ભાન કરાવી શકાય છે, જેથી તેની સુધરવાની તક રહે છે. દુષ્ટમાં ખુદમાંય દુષ્ટતાને સમજવા જેટલી સમજણ કે બુદ્ધી અચુક હોય જ; કારણ કે બુદ્ધી વીના દુષ્ટ કૃત્ય થઈ શકતું નથી. જ્યારે મુર્ખતા એ જ્યાં બુદ્ધીના અભાવની જ અવસ્થા છે, ત્યાં સુધારાની શક્યતા જ ક્યાં રહે ? મુર્ખ નર સમજી શકતો જ નથી કે પોતે મુર્ખ છે. એને મન તો એની મુર્ખતા એ જ દુનીયાનું શ્રેષ્ઠ ડહાપણ છે. અને ઘણા ધાર્મીક કર્મકાંડ એ દુનીયાની આવી શ્રેષ્ઠતમ મુર્ખતા છે.

**[51]** આ એકવીસમી સદીમાંય સંખ્યાબન્ધ રાષ્ટ્રો પોતાને ‘ધાર્મીક રાજ્ય’ જાહેર કરતા હોય અને અન્ય કેટલાંક વળી એવી ઉમેદ સેવી રહ્યા હોય, ત્યારે ત્યાંની પ્રજાઓની તો દયા જ ખાવી રહી. સંકુચીત, બન્ધીયાર ધર્મ પ્રજાસ્વાતન્ત્ર્યનો મોટામાં મોટો શત્રુ છે; કારણ કે ધર્મો સદાય સરમુખત્યારો અને ફાસીવાદને આધારે જ ફાલતાફળતા રહ્યા છે. તદનુસાર એ લોકોએ સમજવું જોઈએ કે ધર્મના મોટા ભાગના આદેશો તથા વીધીનીષેધો તત્કાલીન, કામચલાઉ તેમ જ કાલસાપેક્ષ હોય છે; કારણ કે તમામ ધર્મો પ્રાચીન કાળમાં જ ઉદ્‌ભવ્યા છે. એને સર્વકાલીન સત્ય માની જડવત્ વળગી રહેવાથી તે જુથની તેમ જ માનવજાતની પ્રગતીને ભારે હાની પહોંચે છે. ધર્મો બહુધા બળને આશરે ટકે છે અને ફેલાય છે; એથી

ધર્મના ધુરન્ધરો સર્વપ્રથમ અનુયાયીઓની તેમ જ સમ્બન્ધીતોની જબાન કાપી નાખે છે. વાસ્તવમાં ધાર્મીક જને તો એવું આત્મગૌરવ કેળવવું જોઈએ કે એકાદ ચલચીત્રથી યા પુસ્તકથી ખંડીત કે ભયભીત થાય, એવો નીર્બળ કાંઈ અમારો સમ્પ્રદાય નથી જ ! ‘અભીવ્યક્તી સ્વાતંત્ર્ય’ પરત્વે લોકશાહી સરકારોએ સમુદાર બનવું જોઈએ અને પ્રસ્તુત સ્વાતન્ત્ર્યને રૂંધતાં પરીબળો સામે કડક હાથે કામ લેવું જોઈએ.

**[52]** કોને ધર્મ કહેવાય અને કોને અધર્મ, એની સ્પષ્ટ વ્યાખ્યા તો કમ સે કમ એક સેક્યુલર રાજ્યમાં હવે કરી દેવી જ ઘટે. ‘સેક્યુલર’ એટલે સાવ લાગણીહીન એવું ‘ધર્મનીરપેક્ષ’ શાસન નહીં; એ ‘બીનમજહબી’ રાજ્ય હોવું જોઈએ : માણસ પહેલો અને ધર્મ પછી. માણસના સુખશાન્તી ને સલામતીની આડે ધર્મ આવી શકે નહીં. ધર્મ વ્યક્તીગત હોય, જાહેર નહીં.

**[53]** આપણી સામાજીક વ્યવસ્થામાં ક્યાંય લોકશાહી નથી. વર્ણાશ્રમ ધર્મ ઉપર રચાયેલ અન્યાયી સમાજરચનાએ જન્મને કારણે ઉંચનીચના ભેદો કરી, માનવી–માનવી વચ્ચે અભેદ્ય દીવાલ ઉભી કરી છે. સામાજીક સુધારાની વાત કરવાની હીમ્મત કોઈ કરે તો એ બરદાસ્ત કરવાની કોઈ સમાજની તૈયારી નથી. વધુ કરુણતા તો એ છે કે આ ધર્મના ચાલતાં પાખંડો, જ્ઞાતી તથા પેટાજ્ઞાતીની પ્રથાઓ, અંદરોઅંદરની; પણ અલગતાવાદની અને ઉંચનીચની ભાવનાનાં ગુણગાન ગાતાં આપણા શીક્ષીતોય થાકતા નથી. મન્દીર, મસ્જીદ, કથાવાર્તાઓ તેમ જ ધર્મના જલસાઓ માટે લાખ્ખો રુપીયા વગરમાગ્યે મળશે; પરન્તુ કેળવણી, તબીબી અને સાર્વજનીક સગવડો માટે આ જ લોકો સમાજસેવકોને લાચાર બનાવી દે છે. શીક્ષણકાર્ય ઉપર પણ જ્યારે ધર્મની છાપ ઠોકી બેસાડવામાં આવે છે, ત્યારે આ શીક્ષણ લેતા નવયુવાનો શી રીતે વૈજ્ઞાનીક વીચારો ઝીલતા થાય ?

**[54]** સાધનસમ્પન્ન શીક્ષીતો પ્રજાને આધ્યાત્મીકતાનો વણમાગ્યો ઉપદેશ આપવા નીકળી પડે છે. ભણેલાની પાછળપાછળ અજ્ઞાન પ્રજા પણ પંડીતો, સાધુઓ, બાપુઓ પ્રત્યે આશાની મીટ માંડતી થઈ જાય છે. દરેક સ્થળે ચમત્કારનો દાવો કરનારાઓએ પ્રજાને ઘેરી લીધી છે. આવાં બધાં દુષણોમાં ઉગતા યુવાનો સીધી કે આડકતરી રીતે ફસાતા જાય છે. સ્વરાજ્ય પહેલાંની ખુમારી આજે નષ્ટ થઈ છે. શું આપણે સ્વરાજ્ય માટે લાયક જ ન હતા ? ગુલામી અને સ્વતન્ત્રતા વચ્ચેનો ભેદ પ્રજા ભુલવા લાગી છે. દેશ વેરાન થઈ જાય, બળીને ખાક થઈ જાય તે પહેલાં દેશના યુવકો, શીક્ષણકારો, બૌદ્ધીકો, પત્રકારો, સામાજીક કાર્યકરો આપણી આ કચડાયેલી પ્રજા તરફ નજર નાંખે, તો જ તેમાંથી જીવવાનો પ્રાણવાયુ મળશે.

**[55]** આધ્યાત્મીક પ્રવૃત્તી તેમ જ આસ્થા–શ્રદ્ધા માણસની બુદ્ધીને જડ બનાવી દે છે, બાકી આવા ભણેલાગણેલા માણસોના ચીત્તમાં એવો પ્રશ્ન કેમ નહીં ઉઠતો હોય કે માનવજાત પાંચ પાંચ હજાર વર્ષથી એ જ ભગવાનની ભરપુર ભક્તી કરતી આવી છે; છતાં આજે હાલત કેવી અને કેટલી ભયાવહ છે ?

ઈર્ષ્યા, દ્વેષ, વેરઝેર, મારામારી–કાપાકાપી, હત્યાકાંડો, રમખાણો અને યુદ્ધો, ગરીબી, બેહાલી, શોષણ, અન્યાય વગેરે અપરંપાર અનીષ્ટો એવાં ને એવાં જ માનવજાતને પીડી રહ્યાં છે, કદાચ આપણા દેશ જેવાં પછાત રાષ્ટ્રોમાં તો એ અનીષ્ટોએ અનેકગણું ખતરનાક માથું ઉચક્યું છે – આમ કેમ ?

આમ છતાં, આજે એટલે કે વીસમી–એકવીસમી સદીમાં, માણસ થોડોક, અત્યલ્પ પ્રમાણમાં સારો થયાનો જે સુખદ અનુભવ થાય છે, એનો તમામ યશ વીજ્ઞાનની સત્યલક્ષી પ્રગતીને જ ફાળે જાય છે. એમાં ધર્મનો કે અધ્યાત્મનો કશો ફાળો તો નથી જ, બલકે એની અવગણના, એનો પરાજય જ આ મુલ્યવાન સીદ્ધી માટેની પુર્વશરત છે.

**[56]** આજકાલ યોગ નામે જે કર્મકાંડનો પ્રચાર થાય છે, તેવી ક્રીયાઓને મુખ્યત્વે હળવો વ્યાયામ અને એની સાથે સાથે ચોક્કસ પ્રકારનું માનસીક પ્રોત્સાહન ગણાવી શકાય. તબીબી વીજ્ઞાન તથા મનોવીજ્ઞાનમાં એક ‘પ્લેસીબો ઈફેક્ટ’નો સીદ્ધાન્ત માન્ય છે, જે અનુસાર દર્દીને અમુક વખતે, અમુક વખત સુધી, બીલકુલ અસંગત ઉપચારથી પણ રાહત યા રોગનાબુદી જેવો માનસીક અનુભવ થાય. આસાન–પ્રાણાયામ આદી પણ આવા માનસીક આરોગ્યનો અનુભવ કરાવી શકતાં હોય એમ બને. એટલે સાવચેતી એ રાખવી ઘટે કે, અમુક ક્રીયાકર્મથી અમુક લાભ થાય, એવી માન્યતાને વશ કદાચ આપણે નુકસાન તો નથી વહોરી રહ્યા ને ?

**[57]** પશ્ચીમી રાષ્ટ્રોએ ધર્મસત્તા અને રાજ્યસત્તાને સંપુર્ણ અલગ પાડી દીધી અને એવો કાયદો કર્યો કે કોઈ પણ ઐહીક – નાગરીક સમસ્યામાં ધર્મનો ચુકાદો માન્ય રાખવામાં આવશે નહીં, રાજ્યનો ચુકાદો જ એકમાત્ર માન્ય તથા આખરી ગણાશે. આ હું અત્રે એટલા માટે નીર્દેશું છું કે રુપાલની પલ્લીમાં થતા અમાનુષી બગાડ કે શામળાજીના મેળામાં ગુજરતા અત્યાચાર પરત્વે, ‘એ તો ધાર્મીક બાબત છે’ એવું બહાનું બતાવીને છુટી પડતી રાજ્યસત્તાએ આમ નીષ્ક્રીય રહેવું જોઈએ જ નહીં. કાર્લ સાગન ચીંધે છે તદનુસાર, માનવજાતના અનેકવીધ અત્યાચારી વહેમો તથા મુર્ખતાઓ નાબુદ કરવામાં વીસમી સદીમાં સૌથી મોટો ફાળો વીજ્ઞાનનો જ રહ્યો છે.

[58] અધ્યાત્મ સ્વયં અસત્યમુલક હોવાથી, આધ્યાત્મીક ચીન્તનમાં સત્યનો અંશ નહીવત્ જ રહ્યો છે. પ્રસ્તુત કહેવાતા ચીન્તને – Speculative philosophy – એ સાવ અપ્રસ્તુત, અનાવશ્યક, અવાસ્તવીક એવા કેવળ હવાઈ મુદ્દાઓની જ ચર્વીતચર્વણા હાંક્યે રાખી : 'જેમ ઈશ્વર કેવો છે ? એણે આ સૃષ્ટી શા માટે સર્જી ? એનું સંચાલન તે કઈ રીતે કરે છે ? દેહમાં જે ચૈતન્ય છે એ કયો પદાર્થ છે ? આત્મા–પરમાત્મા વચ્ચેનો સમ્બન્ધ શો ? આત્માનો સાક્ષાત્કાર કેવાં વીધીવીધાનો દ્વારા કરી શકાય ? એથી લાભો કયા કયા ? મરણોત્તર ગતી શી ? ગંતવ્ય શું ? મોક્ષ શું ? – હવે કહો, આમાંના એક પણ પ્રશ્નને આપણા ઐહીક જીવનનાં સુખદુઃખ, જીવનના રોજીન્દા સામાન્ય યા અસામાન્ય વ્યવહારો, એની વાસ્તવીકતાઓ, સમ્પ્રાપ્તીઓ, સમસ્યાઓ આદી સાથે નાહવા–નીચોવવાનોય, પરોક્ષ યા પ્રત્યક્ષ એવો કોઈ સમ્બન્ધ છે ખરો ? વળી, આવા આવા પ્રશ્નના સ્વીકૃત ઉત્તર ધર્મે ધર્મે જુદા જુદા હોય છે એય કેવું ? એ સન્દર્ભે મહાન ચીંતક સાટ્યાયન લખે છે કે, 'પ્રત્યેક સમાજ પોતે સ્વીકારેલા ધર્મચીન્તનને અતીપ્રીય તથા અજોડ માને છે અને અન્ય તમામ ધર્મોને અપુર્ણ કે નીચા ગણી એનો વીરોધ કરે છે; પરન્તુ એવા માણસને ખબર જ નથી પડતી કે, પોતાના ધર્મમાંય અનેકાનેક આન્તરીક વીસંગતીઓ છે જ !'

[59] આધ્યાત્મીક માન્યતા યા ઈશ્વરમાં શ્રદ્ધા આ પ્રકારનાં જ મીથ્યા આશ્વાસનો છે, જે વાસ્તવીક જીવનમાં કંઈ જ કામ નથી આવતી– પ્રકૃતી એક નીર્મમ, અક્રૂર, અન્ધ અને જડ પરીબળ છે, તે તેના કાનુનોમાં રજમાત્ર પણ પરીવર્તન કરતી જ નથી, મતલબ કે કરી શકતી જ નથી. દા.ત., પૃથ્વી ગોળ નથી યા તે ફરતી નથી એમ માનવાથી અથવા તો યોગસાધનાથી હવામાં અદ્ધર ઉંચા જઈ શકાય છે એવી દૃઢ માન્યતા સેવવાથી કે પછી આત્મા અમર છે, એ કોઈ જડ પદાર્થ નહીં; પરમ ચૈતન્યનો જ અંશ છે અને પુર્વજન્મ દ્વારા એ આ પૃથ્વી પર પાછો ફરવાનો જ છે; એવી એવી સુદૃઢ શ્રદ્ધાઓ સેવવાથી વાસ્તવીકમાં, સત્યમાં શો ફરક પડે ? પ્રકૃતીમાં તથા તેના કાનુનમાં તો જે છે, તે જ છે, એને તમારી માન્યતાઓ કે શ્રદ્ધાઓ સાથે લેશમાત્ર લેવાદેવા નથી.

[60] 'ધર્મધુરંધરોની તો આ મનગમતી પ્રવૃત્તી જ રહી છે કે ધર્મ સમ્પુર્ણ તથા શુદ્ધ અવસ્થામાં સીધો સ્વર્ગમાંથી જ ઉતરી આવ્યો છે એવો દાવો કરવો.' આનું કારણ એ જ કે અનેક શખ્સો માટે ધર્મ એ એક પ્રકારનો નફાદાર દુન્યવી વ્યવસાય છે, એટલે જો ધર્મધુરંધરો પોતાની જ મર્યાદાઓ ચીંધવા બેસે તો એમનો ધંધો જ પડી ભાંગે. મીઠાઈનો વેપારી કદી એવો પ્રચાર તો ન જ કરે ને કે મીઠાઈ ખાવાથી ડાયાબીટીસ થાય ! વીજ્ઞાનને આધારે જાતજાતની દવાઓ બનાવવામાં આવે છે. એ દરેક ઔષધના ઉપયોગો–લાભોની

સાથેસાથે જ એની સાઈડ–ઈફેક્ટ્સ વીજ્ઞાન દર્શાવે. જ્યારે મીથ્યા પ્રવૃત્તી, બીનઉત્પાદક શ્રમ, સમય–સાધનોનો બગાડ, પરોપજીવી–પ્રમાદી જમાત, વેરઝેર આદી અનેક એવી ભયાવહ આડઅસરો ધર્મની જ છે, જે રાષ્ટ્રહીતેચ્છુ યા માનવહીતેચ્છુ અગ્રણીઓએ તો જાણવી–પ્રમાણવી તથા પ્રચારવી જોઈએ.

'હે ભગવાન, તું અમને તારાથી બચાવ !'

આવી પ્રાર્થના ભલે કદાચ આપણે કરીએ; પણ ઓગણીસમી સદીમાં ભારતમાં ફરજીયાત 'સતી' બનાવી, જીવતી જલાવી દેવાતી બાલીકાઓ ને પરીણીતાઓ અથવા તો યુરોપમાં ડાકણ ઠરાવીને, ભયાનકતમ રાક્ષસી અત્યાચારો ગુજારીને, આખરે જીવતી જલાવી દેવાતી સ્ત્રીઓએ જરુર આવી જ પ્રાર્થના કરી હશે અને આજે દુનીયામાં આવી પ્રાર્થના કરનારું કોઈ રહ્યું જ નથી એમ તો કેમ કહેવાય ? ભારતમાં જ હજી સંપુર્ણ અસ્પૃશ્યતાનીવારણ યા અર્ધનગ્ન બહેનોને મારીઝુડીને ભુત–વળગાડ કાઢવાના પ્રયોગો નાબુદ નથી જ થયા. એ લોકોય ભગવાનને આવી પ્રાર્થના કરતા જ હશે ને ?

**[61]** મનુષ્યને પોતાની પાંચ ઈન્દ્રીયો દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે વાસ્તવીકતા છે. એમાં ઈન્દ્રીયાતીત અનુભવ કે અનુભુતીને કોઈ સ્થાન નથી. આવું જ્ઞાન પ્રાપ્ત થયા બાદ રીઝનની અર્થાત્ તર્કવીવેકની કામગીરી શરુ થાય છે. મતલબ કે સત્યની પ્રાપ્તી અર્થે, પ્રસ્તુત જ્ઞાનને યથાર્થ પામવું રહે, વસ્તુલક્ષી અભીગમથી એને ઓળખવું રહે. એનાં સમન્વય તથા વર્ગીકરણ કરવાં રહે, આવશ્યક્તા અનુસાર ઓળખની વસ્તુલક્ષી પદ્ધતી અનુસાર, એનું સારતત્ત્વ સમજી લેવું ઘટે. આ તમામ પ્રક્રીયા સુસંગત અને શાસ્ત્રીય તર્કવીવેક વડે જ સીદ્ધ થઈ શકે છે. એ માટે એનાં ત્રણ સોપાન વટાવવાં રહે : દર્શન એટલે કે પાયારુપ ઈંદ્રીયપ્રાપ્ત માહીતી. એ પછી પ્રસ્તુત દર્શનના સ્વરુપની વીભાવનાનું નીર્માણ અને છેલ્લે, તર્કસંગતતા અર્થાત્ શુદ્ધ લોજીક. આ પદ્ધતીને તર્કવીવેક પદ્ધતી ગણાવી શકાય, જે પરત્વે પછી એવો પ્રશ્ન ઉપસ્થીત થતો જ નથી કે, તર્કવીવેક આધારભુત છે એનો કાંઈ પુરાવો છે ? આઈન રેન્ડ કહે છે કે, તર્કવીવેક સ્વયં પુરાવાનું જ તો વીજ્ઞાન છે, એથી એનાય વળી પુરાવાનો પ્રશ્ન જ અસ્થાને છે. રેન્ડના આવા ચીન્તનનું આખરી પ્રયોજન વસ્તુલક્ષી સત્યની પ્રાપ્તી જ છે. એણે કદાપી કોઈ અદૃષ્ટ, દૈવી, આધ્યાત્મીક તત્ત્વના અસ્તીત્વનો વીચાર કે સ્વીકાર કર્યો જ નથી.

**[62]** આજે સમસ્ત વીશ્વમાં, માનવીય વ્યવહારમાં જે મુલ્યોની કટોકટી સર્જાઈ છે, એના પાયાનું કારણ એ છે કે, અલ્પબુદ્ધી એવા આપણા પુર્વજ અગ્રણીઓએ જીવનમુલ્યોને ધર્મ–આધારીત, ધર્મપ્રેરીત બનાવી દીધાં અને ઉભયનો કાર્ય–કારણ સંબંધ અવીનાભાવી,

માન્યો–મનાવ્યો. હકીકતે આ અભીગમ જ નહીં, આવો કાર્ય–કારણ ન્યાય પણ મુળભુત રીતે સાવેસાવ અસત્ય છે. વાસ્તવમાં ધર્મ–આધારીત મુલ્યો તથા નીતીમત્તા એ જબરજસ્તીથી લાદેલો બોજ અને એથી પોપટપાઠ માત્ર બની રહે છે, અને એથી જ આપણા એક સૌથી વધુ ધાર્મીક લેખાતા, અને વાસ્તવમાં છે જ, એવા દેશમાં આપણે સૌથી વધુ અનીતી, મુલ્યહીનતા તથા ભ્રષ્ટતા–દુષ્ટતાનો દુઃખદ જીવલેણ સામનો કરી રહ્યા છીએ. એમાથી, ધર્મ નીષ્ફળ ગયો છે, ત્યારે માનવવાદ જ આપણને ઉગારી શકે.

**[63]** ધર્મે હમ્મેશાં જે અવૈજ્ઞાનીકતાની હીમાયત કરી છે તે તો બહુ જ આઘાતજનક છે. અગાઉ આપણે અસત્યને સત્યના ખભા ઉપર બેસાડીને ચાલવાની સાઝીશની વાત કરી હતી. વાત વૈકલ્પીક સારવાર પદ્ધતીની હોય કે પછી યજ્ઞ જેવી ધાર્મીક ક્રીયાની વૈજ્ઞાનીકતાની વાત હોય, બધું જ Pseudo–Science (કૃતકવીજ્ઞાન) !

**[64]** પ્રગતીશીલ અર્થાત્ જમાનાથી સદીઓ આગળ હોય એવા, છતાં લોકકલ્યાણકારી વીચારવ્યવહાર પ્રચારનારા કે સત્ય જ સમજાવનારા તથા ઉદ્‌ગારનારાની નીન્દા ઘણી વધારે અને વળી આરોપીત લક્ષણોથી અચુક જ થતી હોય છે. હું બહુધા સાધાર તર્કબદ્ધ, સત્યમુલક તેમ જ લોકકલ્યાણના એકમાત્ર હેતુથી લખતો રહ્યો છું. હા, મારા વીચાર પણ જેને અનુચીત કે હાનીકર પ્રતીત થાય, તેને એનો સજ્જડ, સચોટ વીરોધ કરવાનો પુરેપુરો અધીકાર, પુરી સ્વતંત્રતા છે જ, હોવાં જ જોઈએ. પરન્તુ મનઘડંત અસત્યનું આરોપણ કરીને, પછી એના આધારે (નીરાધાર) ટીકા કરવી– એને તામસી નીંદા જ ગણી, વખોડી કાઢવી ઘટે.

♦

અનુક્રમણીકા

# 03

## યોગ–આરોગ્ય

**[65]** આજકાલ આમ પણ, તન્દુરસ્તી માટે યોગના પ્રયોગનો પ્રચાર ખુબ વધી રહ્યો છે ત્યારે એક સામાન્ય અનુભવીજન તરીકે, મારું નમ્ર સુચન કે, આવી બધી ક્રીયાઓ સદીઓ પુર્વે કેટલાક ઋષીમુનીઓએ શોધેલી; જેની શુદ્ધ તથા સમ્પુર્ણ વૈજ્ઞાનીક ચકાસણી અદ્યાપી થઈ નથી. અને આજે તો વીજ્ઞાન તથા આરોગ્ય–વીજ્ઞાન ખુબ આગળ વધ્યું છે; ત્યારે આવા પ્રયોગોના લાભાલાભ પ્રત્યે સંશયની નજરે જોવું અને એને પુરાણાં રસમ–બોધ મુજબ અન્ધભાવે અનુસરતા રહેવા કરતાં, વીજ્ઞાનની કસોટીએ કસવું; એ માનવજાત માટે વધુ લાભકર્તા નીવડે એ દેખીતું જ છે.

આસાન, પ્રાણાયમ ઈત્યાદી હઠયોગની ક્રીયાઓ છે, જેનો હેતુ ચીત્તવૃત્તીનીરોધ, મનની શાન્તી, કુંડલીની જાગૃતી તથા સમાધી વગેરે છે. હવે આ યોગની પ્રક્રીયા વાંચીએ તો સ્વાભાવીક જ પ્રશ્ન થાય કે, શું ખરેખર આવી વાતો વૈજ્ઞાનીક હોઈ શકે ખરી ? કે આ બધી મહદંશે કેવળ કપોળ કલ્પના છે ? જેમ ધ્યાન વીશે દરેક અધ્યાત્મગુરુ યા યોગી–મહર્ષીએ ભીન્નભીન્ન જ વાત કરી છે. જેમ કે, જે. કૃષ્ણમુર્તીની, શ્રી. અરવીન્દની, શ્રી. મહેશ યોગીની કે ઓશો રજનીશની ધ્યાનવીભાવના જુદી જુદી જ પ્રતીત થાય છે. હમણાં એક વીદ્વાન મીત્રે વળી કહ્યું કે, 'હું માનસીક શાન્તી યા આધ્યાત્મીક સીદ્ધી માટે ધ્યાન નથી કરતો; પરન્તુ વૈશ્વીક લય–કૉસ્મીક રીધમ–ઋત સાથે, મારો લય સાધવા ધ્યાન કરું છું.' એથી મારા મનમાં ત્રણ પ્રશ્નો ઉદ્ભવ્યા: આ વીશ્વમાં કૉસ્મીક લય જેવું ખરેખર કશું છે ખરું ? આપણો પોતાનો લય એટલે પણ શું ? અને ધ્યાન ધરવાથી કૉસ્મીક લય સાથે આપણા લયનું અનુસન્ધાન સધાય જ, એવુંય કોણે નક્કી કહ્યું ? જો કે ચોથો પ્રશ્ન તો સર્વત્ર વળી ઉભો જ રહે છે કે, આખર આવું બધું કરવાથી ફાયદો શો ? મને તો એક સીધોસાદો પ્રશ્ન પણ મુળથી જ સતાવે છે કે, મનની શાન્તી એટલે શું ? એવી શાન્તી આવશ્યક ખરી ? અને ધ્યાન દ્વારા એવી શાન્તી મળે જ, એમ કોણે કહ્યું ?

**[66]** ખરેખર તો પુરતાં, સંતોષકારક યા મન ભરીને જેને આહાર, નીદ્રા, મૈથુન મળે એ માણસ સમ્પુર્ણ તન્દુરસ્ત રહી, દીર્ઘાયુ ભોગવે. સાથે સાથે થોડો શરીરશ્રમ યા વ્યાયામ પણ જરુરી. સંયમ, ઈન્દ્રીયદમન, આ કે તે જ આહારવીહાર યા ઈચ્છાનો ત્યાગ ઈત્યાદી શરીરને કષ્ટ આપતી ક્રીયાઓથી તો તન્દુરસ્તી બગડે જ – એવું આ શરીરનું કુદરતી તન્ત્ર છે. અને યોગ પણ દેહને કષ્ટ આપવાની ક્રીયા છે. આ સન્દર્ભે નીસર્ગોપચાર

અર્થાત્ નેચરોપથીના દાખલાનો પણ જરુરી ઉલ્લેખ કરી લઈએ; કારણ કે એ પણ જોખમી છે. એના પુરસ્કર્તાઓ એને ‘કુદરતી ઉપચાર’ એવું નામ આપે છે; પરન્તુ હકીકતમાં એની બધી જ ચીકીત્સા અકુદરતી છે; જેવાં કે ઉપવાસ, એનીમા, માટી ચોપડવી, સુર્યસ્નાન યા કટીસ્નાન–પાણીમાં બેસી રહેવું, માલીશ કરવી વગેરે.. મનુષ્ય સીવાયનું કયું પ્રાણી ઉપવાસ કરે છે યા તો એનીમા લે છે ? એથી ઉલટું, જે પ્રાણીને પેટ ભરીને સારું ખાવાનું મળે એ જ સૌથી વધુ તન્દુરસ્ત હોય છે. શરીરનું યન્ત્ર એટલે મેટાબોલીઝમ–ચયાપચયની ક્રીયા, શક્તીગ્રહણ કરવી અને તે વાપરવી. કાર યા વીમાન જેવાં યંત્રોને ઉપવાસ કરાવો ને એનીમા આપી એનો કચરો કાઢ્યા કરો, તો એ લાંબુ ચાલે કે ? મનુષ્યે પણ લાંબુ જીવવા માટે સારો પૌષ્ટીક આહાર લેવો, આનન્દ કરવો અને વ્યાયામ તરીકે થોડું ચાલવું જોઈએ. ચાલવું એ જ એક માત્ર કુદરતી કસરત છે, બાકી શરીરને આડુંઅવળું ખેંચવું, ઉંધું કરવું, અંગોપાંગને ઝાટકા મારવા, મોર યા કાચબા જેવા આકારમાં દહને ઘડીક તોળી રાખવો – એવા બધા ખેલ એની કુદરતી અવસ્થાના વીરોધી હોઈ, હાની જ પહોંચાડે. યાદ રાખો કે, સરકસનો ખેલાડી કે વ્યાયામના આવા–તેવા પ્રયોગ કરનાર માણસ બહુધા રોગગ્રસ્ત થાય જ છે અને વહેલો જ મરણશરણ થાય છે.

♦

અનુક્રમણીકા

## 04

# શ્રદ્ધા–અન્ધશ્રદ્ધા

**[67]** કોઈપણ શબ્દની વીભાવના સમ્પુર્ણ સ્પષ્ટ કરીને પછી જ આગળ વધવું ઘટે, ‘શ્રદ્ધા’ શબ્દનો અર્થ સામાન્ય ભાષકો ખુબ જ શીથીલ રીતે કરે છે, એ જ અનીશ્ચીત અર્થમાં ચર્ચા કરવી વીદ્વાનોને શોભે જ નહીં. દા.ત. શ્રદ્ધા, એટલ વીશ્વાસ, મનોબળ આદી અનેક અર્થચ્છાયાઓ માટે આપણે સામાન્ય વાતચીતમાં ‘શ્રદ્ધા’ શબ્દનો ભેળસેળીયો વીનીયોગ કરીએ છીએ. કીન્તુ તાત્ત્વીક ચર્ચામાં એમ ન ચાલે, મુદ્દાની વીભાવના સ્પષ્ટ કરવી જ જોઈએ. અમે રૅશનાલીસ્ટો જે શ્રદ્ધાનો વીરોધ કરીએ છીએ, એ શ્રદ્ધાની અમારી સ્પષ્ટ વ્યાખ્યા છે અને તે એ કે કુદરતના કાર્યકારણના ન્યાયથી કશુંક ભીન્ન યા વીપરીત બનશે– એવો અડગ વીશ્વાસ સેવવો એનું નામ શ્રદ્ધા. દા.ત. બાલાજી કે બાપાજીની બાધા રાખવાથી છોકરો પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે પાસ થઈ જશે અથવા જપમાળાથી કે કર્મકાંડથી સ્વજન અસાધ્ય રોગમાંથી ઉગરી જશે– એવી અસંભવીત આશા અડગ ભાવે સેવવી એનું નામ શ્રદ્ધા. માટે જ કહું છું કે શ્રદ્ધા માત્ર અંધશ્રદ્ધા જ હોય છે અને એવી શ્રદ્ધાને અમે રૅશનાલીસ્ટો લેશ માત્ર માન્ય રાખતા જ નથી. મહાન શ્રદ્ધાળુ પુરુષ ગાંધીજીએ પણ એ જ કહ્યું છે કે ‘શ્રદ્ધા આંધળી જ હોય’ કુદરતમાં કાર્ય–કારણ ન્યાય સમ્પુર્ણ અફર છે, એમ અનેક મહાન ચીન્તકોએ પણ સ્વીકાર્યું જ છે અને વીજ્ઞાનીઓ તો દૃઢપણે એમ માને જ છે, આસ્તીક એવો જર્મન ફીલસુફ કાન્ટ પણ કહે છે કે ‘કાર્ય–કારણ ન્યાયના સીદ્ધાંતનો અસ્વીકાર કોઈ પણ વર્તમાન અનુભવને આધારે થઈ શકે તેમ છે જ નહીં’ (ક્રીટીક ઓફ પ્યોર રીઝન). એ જ રીતે છેક આઠમી સદીમાં થઈ ગયેલો ભારતીય ચીન્તક કુમારીલ ભટ્ટ લખે છે કે, ‘ન લોકવ્યતીરીક્તમ્ હી પ્રત્યક્ષમ્ યોગીનામપી !’ અર્થાત્ લોક એટલે કે વીશ્વના નીયમથી ભીન્ન એવું કશું યોગીઓ પણ જોઈ–જાણી–પ્રણામી શકતા નથી. આ લોકનીયમ એટલે જ કાર્યકારણ ન્યાય.

**[68]** ઈતીહાસનું એક કરુણ તથા દુઃખદતમ પ્રકરણ એ છે કે, આપણને અનેક વાર અનેકવીધ ધતીંગોની સાબીતીઓ મળી છે અને આપણે છેતરાયાની પ્રતીતી થઈ છે; તેમ છતાં આપણે પોતે જ એવી છેતરપીંડી સ્વીકારવા કે સ્વીકારવી એમાંથી મુક્ત થઈ જવા તત્પર યા રાજી નથી હોતા. વહેમો તથા શ્રદ્ધાઓ જુઠાં પડ્યાના તો અનેક અનુભવો જીવનમાં થયા જ કરતા હોય છે; પરંતુ માણસને સત્ય, વૈજ્ઞાનીક સત્ય કે અબાધીત, કેવળ સત્ય પામવામાં કોણ જાણે કેમ રસ જ નથી ! એથી ઉલટું, તેને ભ્રમો તથા અસત્યોમાં રાચવાનું

ગમે છે અને વધુ માફક આવે છે. આપણે છેતરાયા છીએ; એમ આપણી જાત સાથે, મનોમન કબુલવા પણ આપણે તૈયાર નથી હોતા. પરીણામે વહેમો અને અન્ધશ્રદ્ધાઓ સંસ્કૃતીના ઉદયકાળથી ચાલતાં આવ્યાં છે અને કદાચ અનંત કાળ સુધી ચાલ્યા જ કરવાનાં!

**[69]** બાકી, રૅશનાલીઝમને શ્રદ્ધા–અશ્રદ્ધા જેવી ઉભડક વીભાવનાઓ સાથે સીધી તો કોઈ નીસ્બત જ નથી. રૅશનાલીઝમનો તો પાયો છે– વીવેક, વીવેકબુદ્ધી, રીઝન, અને આ વીવેક તે ય તેના શુદ્ધ સંસ્કૃત અર્થમાં : સત્ય–અસત્યનો, ઉચીત–અનુચીતનો ભેદ યથાર્થ તારવવાની સચોટ માનસીક શક્તી. માટે જ ચેતવણી આપું કે આ દેશને માથે જે સર્વનાશનું જોખમ ઝઝુમી રહ્યું છે તે 'વીવેકભ્રષ્ટાનામ્ ભવતી વીનીપાતઃ શતમુખઃ' જ છે. આમ, રૅશનાલીસ્ટોની કંઠી તો છે વીવેક, તેઓની વીચારદીશા છે વીવેક, તેઓની આચારસંહીતાય વીવેક અને વ્યવહારસંહીતા પણ વીવેક જ ! આ કોઈ પંથ કે સમ્પ્રદાય નથી, આ તો વીવેકપુત જીવનરીતી છે. સત્યાસત્યની સાથે માનવીના હીતાહીતનો યથાર્થ નીર્ણય તારવવાનો માનદંડ છે. તો બસ ! હવે શ્રદ્ધાળુઓ, રૅશનાલીઝમથી ભડકનારા આસ્તીકો, વીવેકબુદ્ધીવાદીઓને જેટલી ગાળો આપવી હોય, તેટલી આપ્યા જ કરો ! કારણ કે રૅશનાલીઝમ એટલે તો માનવવાદ, જેનો પાયો જ વ્યક્તી–સ્વાતંત્ર્ય તથા અભીવ્યક્તીસ્વાતંત્ર્ય છે. બાકી, જો સત્યપ્રેમી હો તો, ઈતીહાસ તપાસો કે માનવજાતની પ્રગતી, વીશેષતઃ વૈજ્ઞાનીક પ્રગતી 'સંશય'ને જ આભારી છે, શ્રદ્ધાને બીલકુલ જ નહીં; દા.ત., કોપરનીકસ, ગેલેલીયો કે ડાર્વીનનો સંશય... તથાગત બુદ્ધે પણ કંઈક એવો જ આદેશ આપ્યો કે, શ્રદ્ધાથી કશું સ્વીકારી ના લેશો !

**[70]** શ્રદ્ધા ચીજ પોતે ખુબ જ ભુંડી છે. એ અન્ધ તો હોય જ, વધુમાં વળી તે પાછી અવળું પણ જુએ છે! એથી જ હજી આજેય મુર્તીઓ દુધ પી જાય છે અને રીંગણા કે દુધીમાંથી ભગવાનની છબીઓ પ્રગટે છે ને ટોળાં ઉમટે છે ! એ શ્રદ્ધાના બળે જ, હજી એકના ડબલ કરી આપનારાના ધન્ધા ધમધોકાર ચાલે છે, અથવા તો સમુદ્રનાં જળ સુદ્ધાં મીઠાં થઈ જાય છે ! આગાહીઓ થાય છે કે જળપ્રલય થશે, અથવા ભુકંપથી સર્વનાશ સર્જાશે... ઈત્યાદી અને ભાગમ્ભાગ કરતા ભયભીત માણસો બસ રાજીખુશીથી ખંખેરાતા રહે છે. બીજી બાજુ વળી, ઈશ્વરમાં અડગ શ્રદ્ધા રાખનારાઓને પણ પોલીસનું સ્થુળ રક્ષણ માંગવું પડે છે ! આવા બધા હાહાકારના મુળમાં પેલી શ્રદ્ધારુપી બીમારી જ માણસને પાયમાલ કરી નાખતી હોય છે.

**[71]** શ્રદ્ધા સેવવી અને સંશય ન કરવો એ અત્યંત હાનીકર્તા એવી પ્રમાદી મનોદશા છે, જેણે સદીઓથી માનવજાતને ઘોર યાતનાનો ભોગ બનાવી છે. ફીલસુફી–

ચીન્તનદર્શનનું ઉદભવસ્થાન જ સંશય છેઃ ફીલોસોફી ઈઝ ડાઉટ– સંશય એટલે જ તત્વચીન્તન. આપણા પુર્વજોએ ધર્મનાં ફરમાનો પ્રત્યે થોડોક પણ સંશય દાખવ્યો હોત, તો કેટકેટલી ઘોર નરકયાતનામાંથી માણસ બચી ગયો હોત ! દા.ત., બાઈબલનું ફરમાન છે કે ‘તું ડાકણને જીવતી જવા દેતો નહીં !’ અને ડાકણ મનાતી સ્ત્રી ઉપર પાસવી અત્યાચારો ગુજારવાનો અને એને જીવતી જલાવી દેવાનો રવૈયો મધ્યયુગમાં શરુ થયો. ભારતમાં પતી પાછળ સતી થવાના ધાર્મીક ફરમાન નીમીત્તે લાખો કોડીલી કન્યાઓ, યુવતીઓ, પ્રૌઢાઓને એમાનાં જ સ્વજનોએ જબરજસ્તી જીવતી જલાવી દીધી. આ ઉપરાંત, ધર્મપાલનને નામે માણસ તેમ જ પશુની રાક્ષસી રીબામણીનો રવૈયો ભીષણ ચાલ્યો. અને આજેય નથી ચાલતો એવું આશ્વાસન લઈ શકાય એમ તો નથી જ. ચારપાંચ હજાર વર્ષ પુરાણો ધર્મનો ઈતીહાસ ઘોર માનવયાતનાથી ભયાનક કમકમાંપ્રેરક છે, જેમાં કોઈ ધર્મ અપવાદ નથી. માટે આજે શ્રદ્ધાળુઓએ ચેતી જવા જેવું છે, કારણ કે ઈતીહાસની એ ભુંડી આદત છે કે તે કશો બોધપાઠ આપતો નથી, અને એનું પુનરાવર્તન થયા જ કરે છે !

**[72]** જે રાષ્ટ્રમાં ધોધમાર કથા–પારાયણો નીરન્તર ચાલ્યા જ કરે છે, અને સો–બસો સાધુબાવાઓ રોજ રોજ નૈતીક બોધના ધોધ અવીરામ ઝીંક્યે રાખે છે, એ પ્રજા જ આવી ચોર, નીતીરહીત અને માનવતારહીત કેમ? આપણો એક પુર્વજ મનીષી કહી ગયો છે કે, દારીદ્રદોષો ગુણરાશીનાશી ! અર્થાત્ ગરીબી એક એવો સંહારક દોષ છે કે, જે તમામ સદ્ ગુણોનો નાશ કરી નાખે છે. નીતીમત્તા કે માનવતા સદ્બોધમાંથી નથી પ્રગટતી, એ તો સમૃદ્ધીનું જ સહજ પરીણામ છે. પશ્ચીમી પ્રજાઓ વધુ નીતીવાન તથા માનવતાવાદી છે, એના મુળમાં એ લોકની સમૃદ્ધી છે. ભૌતીક સમૃદ્ધી માનસીક સમૃદ્ધીની જનની છે. ભુખ્યો માણસ કયું પાપ ન કરે ? તે મજબુરીથી પણ ચોરી કરે જ. આપણે બેફામ વસતી વધારતા જઈએ છીએ, અને એમ ગરીબીને વીસ્તારતા રહીએ છીએ. ટુંકમાં, આપણાં લગભગ તમામ અનીષ્ટોનાં મુળમાં, અનહદ અને અવીચારી વસતી વધારો જ છે. એને હજીયે જો અટકાવવી શકીએ, તો કદાચ બચી જઈએ; બાકી સર્વનાશ સુનીશ્ચીત જ છે.

**[73]** હકીકતે, વરસાદ પડવો, ના પડવો કે અતીશય પડવો– એવી પ્રાકૃતીક પ્રક્રીયાને યજ્ઞ સાથે, ઈશ્વર સાથે યા માણસનાં પાપ–પુણ્ય સાથે લેશમાત્ર લેવાદેવા નથી. કુદરતના નીયમો અન્ધ અને અફર છે. આ કેવળ પછાત, અજ્ઞાન યા અભણ માણસની પરમ્પરાગત જડ મનોદશા નથી, પર્જન્યયજ્ઞ કરનારા બધા જ સુશીક્ષીત આગેવાનો હોય છે. આવાં બધાં અનીષ્ટો કે કૃત્યો આજે કોણ અટકાવી શકે ?

**[74]** વાસ્તવમાં પૃથ્વી ગોળ છે; એથી ક્ષીતીજ ગોળાકાર છે, અને પૃથ્વી ફરતે અસીમ અવકાશ છે; જ્યાં કોઈ દીશાઓ જ નથી. દીશા એ કેવળ માનવકલ્પના છે. ધારો કે કદાચ સુર્ય ઉગતો જ ના હોત, તો મનુષ્યને કદાપી દીશાઓની કલ્પના આવી જ ના હોત. પૃથ્વી ફરતેનો અવકાશ ચોરસ છે જ નહીં કે એને ચાર બાજુઓ હોય અને ચાર ખુણા હોય ! પરન્તુ સુર્યોદય– સુર્યાસ્તને પરીણામે જ માણસને દીશાની કલ્પના આવી, અને એણે તદનુસાર પુર્વ–પશ્ચીમ જેવી બે દીશાઓ ગોઠવી કાઢી. પછી સ્વાભાવીક જ બાકીની બે દીશાઓ કલ્પવી રહે, તે ઉત્તર અને દક્ષીણ. આમ ચાર દીશાઓની કલ્પના ઉદ્ભવી, એટલે ચોરસ ક્ષીતીજની ભ્રમણાને પરીણામે ચાર ખુણા પણ કલ્પવા જ રહ્યા. મતલબ કે આઠ દીશા એ કેવળ કપોળકલ્પના જ છે, અને એ જ તો વાસ્તુશાસ્ત્રનો બુનીયાદી આધાર છે. માટે વાસ્તુશાસ્ત્ર પણ કપોળકલ્પના જ સીદ્ધ થાય છે. એ જ રીતે, અમુક દીશા શુભ અને અમુક અશુભ– એવી કલ્પના માણસને કેમ આવી, એ પણ સહેજે સમજી શકાય એવી વાત છે. સુર્યનો ઉદય એ સમગ્ર સજીવસૃષ્ટી માટે અને એ રીતે મનુષ્ય માટે પણ એક અત્યન્ત મંગલ, આનન્દદાયક, તથા સુખાકારી ઘટના છે; કારણ કે એથી અન્ધકાર દુર થાય, ઉષ્મા પ્રાપ્ત થાય, ઉદ્યમ થઈ શકે વગેરે અનેક સાનુકુળતાઓ ઉદ્ભવે, કલ્પના કરો કે, જ્યારે પ્રકાશનું એક પણ સાધન, દીપક આદી નહીં શોધાયું હોય, ત્યારે આદીમાનવ રાત્રીના ઘોર અન્ધકારથી કેવો અસહ્ય મુંઝાતો હશે, અને સુર્યોદયની કેવી ઉત્કટ પ્રતીક્ષા કરતો હશે ! વધુમાં વળી, આર્યો તો સુર્યપુજક હતા, અથવા તો એ જ કારણે સુર્યને લોકો પુજતા હતા. બસ, આવા મહામાનીતા સુર્યોદયને કારણે જ પુર્વ દીશા સૌથી વધુ શુભ–મંગલકારી બની ગઈ. વાસ્તુશાસ્ત્રીઓએ એને સુખ, શાન્તી, સમૃદ્ધી તથા ઐશ્વર્ય આપનારી લેખાવી. એથી ઉલટું, પશ્ચીમ દીશાએ સુર્યાસ્ત થાય, ઉપરાન્ત એ બાજુ સમુદ્ર છે, અને વરસાદ પણ લગભગ એ દીશાએથી જ આવે. એટલે એ વરુણદેવનું અધીષ્ઠાન. પણ આખરે તો તે સુર્યાસ્તની જ દીશા ને ? એટલે વાસ્તુશાસ્ત્રીઓ એને ખાસ શુભ ગણાવતા નથી, જો કે અશુભ પણ નહીં. મીશ્ર ગોટાળા ચાલે છે.

**[75]** 'શ્રદ્ધા' શબ્દની ચોક્કસ વીભાવના નક્કી કરીએઃ 'શ્રદ્ધા એટલે કાર્ય–કારણના અફર નીયમથી પર કે મુક્ત એવું કંઈક બનવાની દૃઢ અપેક્ષા કે આશા.' હવે બીજી બાજુ, પ્રકૃતીનો જ એ અફર નીયમ છે કે કાર્ય–કારણ ન્યાયથી ભીન્ન કદાપી કશું બની શકે જ નહીં; એ જ છે વીજ્ઞાન. દા.ત., બે પરમાણુ હાઈડ્રોજન અને એક પરમાણુ ઓક્સીજન લઈને સંયોજન કરવાથી પાણી જ બને, કદાપી સોનું બની શકે નહીં; પછી એવી ઈતર શ્રદ્ધા ગમે તેટલી ગાઢ રાખીને એવું સંયોજન કરો તો પણ. અર્થાત્ કાર્ય–કારણ ન્યાયને

અતીક્રમવાની આશા તે શ્રદ્ધા, જ્યારે પ્રસ્તુત ન્યાય પર આધાર રાખવો તે વીશ્વાસ. પેરેશુટ પર વીશ્વાસ રાખીને યોગ્ય વીમાનમાંથી સલામત કુદકો મારી શકાય; પરન્તુ ભગવાન પર શ્રદ્ધા રાખીને સામાન્ય ઝાડ પરથી પણ જો તમે કુદકો લગાવો તો પગ યા માથું ભાંગે જ. શ્રદ્ધા અને વીશ્વાસ વચ્ચે આ જ ભેદ છે.

પરન્તુ આપણા અગ્રણીઓ, કથાકરો, પ્રવચનકારો અને ગુરુઓ, ‘શ્રદ્ધા’ શબ્દનો શીથીલ (લુઝલી) પ્રયોગ કરીને, સામાન્ય જનતાને ભરમાવે છે અને છેતરે છે. દા.ત., હમણાં જ એક વીખ્યાત સ્વામીજીએ મારા અત્ર–ઘોષીત મતનો વીરોધ કરતાં દાખલો ટાંક્યો કે મધર ટેરેસામાં જો શ્રદ્ધા ન હોય તો જીવનભર આટલી અફરતાથી દીનદુઃખીયાની આવી સેવા ન કરી શકે. જો કે મધર ટેરેસા વીરુદ્ધ તો જાતજાતની ફરીયાદોય વળી થઈ જ છેઃ જેમ કે ઓશો રજનીશે એક વાર ટીકા કરેલી કે મધર શા માટે બધાં જ અનાથ બાળકોને સર્વપ્રથમ ખ્રીસ્તી બનાવી દે છે ? હમણાં વળી સંતતીનીયમન કે વસતીનીયંત્રણનો વીરોધ કરવા બદલ કે ખ્રીસ્તીઓનું અન્ય બાબતે ઉપરાણું લેવા બદલ પણ મધર ટીકાપાત્ર બન્યાં; છતાં એ વાત અત્રે અપ્રસ્તુત હોઈ જવા દઈએ.

**[76]** કોઈ પણ વસ્તુ કે મુદ્દા વીશે જ્યારે આપણે વાદ–પ્રતીવાદ કરીએ ત્યારે તે વસ્તુ કે પ્રશ્નની વીભાવના આપણા ચીત્તમાં સ્પષ્ટ હોવી જોઈએ. ખાસ કરીને ‘શ્રદ્ધા’ જેવા ભાવવાચક શબ્દ કે માનસીક ગુણ–વ્યાપારની ચર્ચા કરતાં પુર્વે તો એની ચોક્કસ વીભાવના અનીવાર્ય ગણાય. કોઈ પણ બાબતની ચર્ચા એની તંતોતંત ચોક્કસ વીભાવના વીના થઈ શકે નહીં– એવો તર્કશાસ્ત્ર, લૉજીકનો સીદ્ધાન્ત છે. વીભાવના એટલે વ્યાખ્યા (ડેફીનેશન). મતલબ કે મુદ્દો ડેફીનેટ, એકદમ સ્પષ્ટ તથા સમ્પુર્ણ હોવો જોઈએ. લૉજીકનો અન્ય નીયમ પણ છે કે પદાર્થની વ્યાખ્યા એક જ અને સમ્પુર્ણ હોવી જોઈએ; જેથી તે બાબતે ગોટાળો કે ગુંચવાડો ન થાય અને તો જ વાદવીવાદ સાર્થક નીવડે. ભાવ કે વસ્તુના તમામ ગુણધર્મને સમાવી લેતું અને એક પણ છટકબારી વીનાનું વર્ણન તે વ્યાખ્યા કહેવાય. ચોક્કસ વસ્તુ કે ભાવના અર્થવીસ્તારમાં પછી ગમે તે યા અપ્રસ્તુત ગુણલક્ષણ સમાવી દેવામાં આવે, તો એ અતીવ્યાપ્તીનો દોષ થયો કહેવાય. મેં ઉપર ટાંકેલા દાખલાઓમાં આ જ અતીવ્યાપ્તીદોષ છે અને એથી જ ત્યાં ‘શ્રદ્ધા’ શબ્દ હાસ્યાસ્પદ પ્રતીત થાય છે.

આપણે શ્રદ્ધા, મનોબળ, હીમ્મત, સાહસ, સહનશીલતા, વીશ્વાસ, આત્મવીશ્વાસ, સુદૃઢ આશા–અપેક્ષા એ સર્વેને માટે ઘણી વાર અચોક્કસ ભાવે–લુઝલી ‘શ્રદ્ધા’ શબ્દ પ્રયોજતા હોઈએ છીએ, અર્થાત્ ભીન્ન–ભીન્ન મનઃસ્થીતીઓની આપણે ભેળસેળ કરી

નાખીએ છીએ અને એથી જ હાનીકર્તા એવી ‘શ્રદ્ધા’નું કુલક્ષણ આવકાર્ય ગણાઈ જાય છે અને ભારે તારીફ, અનધીકાર છતાં; પામી જાય છે.

**[77]** શ્રદ્ધાની સ્પષ્ટ, ચોક્કસ અથવા તો મારે મતે જે લોકમાં માન્ય, પ્રચલીત વીભાવના ગણાય છે એની વ્યાખ્યા પ્રસ્તુત કરું : ‘કોઈ પણ જાતના કાર્ય–કારણના ન્યાય વીના, મતલબ કે વીજ્ઞાનના કોઝ એન્ડ ઈફેક્ટના નીયમથી ભીન્ન રીતે, જ્યારે અમુક પ્રકારની દૃઢ અપેક્ષા રાખવામાં આવે એને શ્રદ્ધા (Faith) કહેવાય.’ દા.ત., સત્યનારાયણની કથાની બાધા રાખવાથી પરીક્ષામાં પાસ થઈ જવાય કે અભીમન્ત્રીત જળ પીવાથી કેન્સર મટી જાય. આવો પાયા વગરનો; છતાં દૃઢ વીશ્વાસ એ જ શ્રદ્ધા. લોકો જ્યારે લાચાર બની જાય છે ત્યારે કહે છે : ‘ભગવાનમાં શ્રદ્ધા રાખો, સૌ સારાં વાનાં થશે.’ કદાપી એમ બનતું નથી; કારણ કે પ્રકૃતી કાર્યકારણ ન્યાયથી જ સર્વત્ર પ્રવર્તે છે, એ કદાપી એમાં, પોતાના નીયમમાં રજમાત્ર પણ બાંધછોડ કરતી નથી અને એથી જ વૈજ્ઞાનીક કારણ વીના જ અમુક પરીણામની અપેક્ષા કે એવો વીશ્વાસ રાખવો એ હમ્મેશાં નીષ્ફળ જ જાય છે, સીવાય કે ક્યારેક આકસ્મીક સંજોગોથી પેલું કારણ અજાણતાં કામ કરી જાય. આ ઉપરાંત કેટલાંક મનોવૈજ્ઞાનીક કારણો પણ કામ કરતાં હોય છે, જે વાસ્તવમાં શ્રદ્ધા નહીં; પણ પ્રાકૃતીક કારણ જ ગણાય. ઘણા સાધ્ય રોગો સેલ્ફ–હીપ્નોસીસ જેવા મનોવૈજ્ઞાનીક પરીબળથી પણ મટે ખરા; એ પણ કાર્યકારણ ન્યાય જ થયો. (અલબત્ત ‘સાધ્ય’ હોય તો જ.)

ટુંકમાં, કશાય કાર્યકારણ ન્યાય વીના જ અમુક ઘટના બનશે– એવી સુદૃઢ અપેક્ષા સેવવી તે શ્રદ્ધા અને એ અર્થમાં, શ્રદ્ધા માત્ર અન્ધશ્રદ્ધા જ સીદ્ધ થાય છે.

**[78]** શ્રદ્ધા એ માનવકેન્દ્રી વીશ્વના પુરાણા અને જમીનદોસ્ત થયેલા ખ્યાલને વળગી રહી, સ્વાભીમાન ટકાવવાનો આત્મપ્રતારણારુપ હઠાગ્રહ છે. બાકી તો છેલ્લી સદીના સત્યમુલક અવકાશ – વીજ્ઞાને આ બ્રહ્માંડમાં માનવ નામક પૃથ્વીવાસી પ્રાણીના અસ્તીત્વને કેવળ પ્રકૃતીનો અકસ્માત સીદ્ધ કરી દીધું છે, અને તેના કોઈ પણ જાતના મુલ્ય–મહત્ત્વના ભુક્કા બોલાવી દીધા છે. છતાં શ્રદ્ધાવાદી આસ્તીકોથી આવું નક્કર સત્ય સ્વીકારી શકાતું નથી અને પોતે માની લીધેલો પોતાના વૈશ્વીક (કોસ્મીક) મુલ્યોનો ખ્યાલ ત્યજી શકાતો નથી. બાકી વૈજ્ઞાનીક સત્યને પામવાનો આનન્દ એ લોકના પારમ્પરીક બ્રહ્માનન્દ કરતાંય અનેકગણો રોમાંચક છે. અલબત્ત, એમાં એક મહત્ત્વના તત્ત્વનો અભાવ છે, અને જો ઉક્ત અભાવ માણસ સ્વીકારી લે; તો સત્યદર્શનનો આનન્દ અદ્ભુત રોમાંચક બની રહે છે. પ્રસ્તુત અભાવ તે આ બ્રહ્માંડના સમગ્ર સંચાલનમાં માનવીના સ્થાનની શુન્યતા.

**[79]** માનવજીવનમાં શ્રદ્ધાનું કોઈ જ મુલ્ય નથી, કશું મુલ્યવાન પ્રદાન નથી, શ્રદ્ધાથી માનવજીવન જ્યારે જ્યારે સ્થગીત તથા ભ્રમગ્રસ્ત બન્યું છે, ત્યારે એને સુખી, સમૃદ્ધ તથા સત્યનીષ્ઠ બનાવવાનો પુરુષાર્થ હમ્મેશાં સંશયકારોએ જ કર્યો છે.

**[80]** લોકો જે શ્રદ્ધા અને અન્ધશ્રદ્ધા એવા બે ભેદ પાડે છે, એવી ભેદરેખા જ બીલકુલ ભ્રામક છે, કારણ કે; ગઈકાલની શ્રદ્ધા એ આજની અન્ધશ્રદ્ધા છે, અને તેવી જ રીતે તમે જેને શ્રદ્ધા કહો છો એ આવતી કાલે અન્ધશ્રદ્ધા બનવાની જ છે. કારણ કે આ બધું અધ્યાત્મ એ અજ્ઞાન પર ઢોળ ચઢાવવાની પ્રવૃત્તી માત્ર છે. અને અજ્ઞાન જેમ સમયની સાથે બદલાતું રહ્યું છે તેમ અધ્યાત્મની પણ નવી નવી આવૃત્તીઓ આવતી રહે છે. પરન્તુ પદ્ધતી તે એની એ જ રહે છે, જે એક ખોટી પદ્ધતી છે. આ પદ્ધતીનાં જે ભયસ્થાનો છે તેને સમજ્યા વગર એના પર આધાર રાખવો અત્યંત જોખમી છે. અને આ જોખમ જ્ઞાનના વધતા જતા વ્યાપ અને એની વધતી જતી ઝડપની સાથે સતત વધતું જ જાય છે.

**[81]** આપણો દેશ એક અત્યંત બેહાલ ગરીબ રાષ્ટ્ર છે; જેની માથાદીઠ આવક રોજની માંડ એક રુપીયો છે, અને સમૃદ્ધી કે વીકાસના સન્દર્ભે, આપણા દેશનો નંબર દુનીયામાં લગભગ દોઢસોમો આવે છે.

ત્યારે કોઈ પણ ક્ષેત્રે મીથ્યા – અર્થહીન બગાડ કેવળ અપરાધ જ નહીં; ઘોર પાપ ગણાય. આ સન્દર્ભે, આપણા ઉત્સવો ભયંકર બગાડપ્રધાન છે, એને દરીદ્રદ્રોહી, સમાજદ્રોહી પાપ જ ગણવું રહ્યું.

**[82]** ભારતની પ્રજા ઈશ્વરથી ડરતી જ નથી અને એથી જ એ અનૈતીક બની ગઈ છે– એવી દલીલ જો કોઈ કરે, તો તે કેવળ ખોટા ખ્યાલથી પીડાય છે એમ જ ભારપુર્વક કહેવું રહે. આમ પ્રજા ઉપર ધર્મની કે ઈશ્વરની પકડ જરાય ઢીલી નથી થઈ. દા.ત., એવી નનામી પત્રીકાઓ આવે છે કે 'જો આની સો કે હજાર નકલો કરીને નહીં વહેંચો તો અમુકતમુક દેવ કોપશે અને તમને ખેદાનમેદાન કરી નાખશે !' એ વાંચી ફટાફટ લોકો નકલો કરવા ને વહેંચવા લાગી જાય છે, જેનું કારણ એ જ કે તેઓ ઈશ્વરના કોપથી ડરે છે. એવા જ શ્રદ્ધાળુ, આસ્તીક અને ધાર્મીક લોકો તેઓ પણ છે કે જેઓ સવાલક્ષ ૐકાર, ગાયત્રી યા બીજા નામસ્મરણ નોટબુકોમાં લખે છે અને આવી વ્યક્તીઓની સંખ્યા તો દીનપ્રતીદીન વધતી જ જાય છે. પછી એમ કેમ કહેવાય છે કે ઈશ્વરની તથા ધર્મની પકડ ઢીલી પડી ગઈ છે ? હકીકતે, લોકોએ જરુરીયાતવશ, વાસ્તવીક હકીકતથી પ્રોત્સાહીત થઈને તથા સગવડીયા તર્કચ્છલથી ધર્મ તથા ઈશ્વરના ડરની વ્યાખ્યા જ બદલી કાઢી છે : દા.ત., મોટી અગીયારસ કે જન્માષ્ટમી ના પાળે તો પાપ લાગે, એમ વીરાટ જનતા માને છે. ઘણા એવું પણ માને છે કે

માંસ ખાવાથી કે શરાબ પીવાથી પાપ લાગે... પરન્તુ નફાખોરીથી કે લાંચ લેવાથી પાપ લાગે, એવું માનનારા આપણે ત્યાં બહુ જ ઓછા છે, આપણે વ્યાવહારીક જીવન તથા વાસ્તવીક વ્યવહાર વચ્ચે મોટી, સજ્જડ દીવાલ જ બાંધી દીધી છે. દા.ત., દુકાન ખોલી, ઉંબરો પુજી, અગરબત્તી ને દીવો સળગાવી પછી, વેપારી આખો દીવસ જુઠું બોલશે, અપ્રામાણીકતા આચરશે, ગ્રાહકને છેતરશે અને વધુમાં વધુ નફો થાય એવાં તમામ અનૈતીક કૃત્યો તે કરશે. તે માને છે કે એવું તો કરવું જ પડે, એમાં કશું ખોટું નહીં, પાપ નહીં !

**[83]** સ્થીતસ્ય સમર્થનમ્ – એ સામાન્ય પરમ્પરાપ્રેમી માનવીનું એક સ્વાભાવીક ગુણલક્ષણ છે, જેના પ્રભાવ હેઠળ તે, જે કાંઈ પરમ્પરાઓ, માન્યતાઓ યા વીધીનીષેધો સ્થાપીત હોય, એને વ્યાજબી – ન્યાયી – જરૂરી ઠેરવવાનો પ્રયત્ન કરે. દા.ત., જે લોકો અગીયારસ કે સોમવાર–શનીવાર કરતા હોય છે, તેઓ એના સમર્થનમાં દલીલ કરે છે કે 'પખવાડીયે એક દીવસ ભુખ્યા રહેવાથી, યા દર અઠવાડીયે એક ટંક છોડી દેવાથી આરોગ્ય સારું રહે.' હવે તેઓને આપણે પડકારીએ કે તમારી આ માન્યતા વૈજ્ઞાનીક છે એનો કોઈ પુરાવો ખરો ? નથી જ, કારણ કે આ આખી માન્યતા જ ભ્રામક છે. માનવી સીવાયનું કોઈ પ્રાણી કદાચીત અગીયારસ કે એકટાણાં કરતું નથી, તેમ છતાં કુદરતી અવસ્થામાં જીવતાં તથા પેટ ભરીને આહાર મેળવતાં પ્રાણીઓ માણસની સરખામણીમાં ઘણા જ ઓછા રોગોનો ભોગ બને છે. એવી જ ઉક્ત દલીલ છે કે, ઈશ્વરમાં માનવાથી લોકો નૈતીક તેમ જ સદાચારી બને છે. આથી સહજ પ્રશ્ન થાય કે શું દુરાચારીઓ, પાપીઓ તથા અધમ ગુનાખોરો બધા નીરીશ્વરવાદી હોય છે ? નહીં જ. બલકે તેઓની વીરાટ બહુમતી આસ્તીકોની જ હોય છે. પરન્તુ દરેક દુરાચારી મનોમન બરાબર સમજતો હોય છે કે 'ઈશ્વર કોઈનોય હાથ ઝાલી રોકવા આવતો નથી. એ જ રીતે, દુષ્કૃત્યનો બદલો કદાચ એ આપતો હોય, તો તે પણ ખુબ ખુબ લાંબે ગાળે જ ! માટે તાત્કાલીક એની ચીન્તા કરવાની શી જરૂર ?' આ હકીકતના સચોટ પુરાવા આપણી નજર સામે જ છે. ભારત દુરાચાર, પાપાચાર, અપ્રામાણીકતા, ગુનાખોરી તેમ જ ભ્રષ્ટાચારથી ખદબદતો દેશ છે, આ બાબતમાં તેનો નંબર દુનીયાભરમાં સાતમો આવે છે. એ જ લાઈનમાં પાકીસ્તાન અને બાંગ્લાદેશ પણ આવે છે. બીજી બાજુ, આ દેશોની પ્રજાઓ જ સૌથી વધુ કટ્ટર ઈશ્વરવાદી, ધર્મચુસ્ત તથા કર્મકાંડી છે. મેં ઘણા આસ્તીક જનોને એવું કહેતા સાંભળ્યા છે કે 'અગીયારસે યા શ્રાવણ મહીનામાં હું માંસાહાર નથી કરતો, દારુ નથી પીતો.' એ સાંભળી મને વીચાર આવે છે કે કોઈ લાંચીયો અમલદાર કે નેતાય મનોમન એમ જ કહેતો હશે કે 'હું શ્રાવણ મહીનામાં લાંચ નથી લેતો !' બાકી, રોજ

એવી જ પ્રાર્થના કરીને તે નીકળતો હશે કે 'હે, પ્રભુ, આજે કંઈક મળી જાય એવું કરજે ! હું તો તારે શરણે છું.' વળી, ધર્મે તો આવા દુષ્કૃત્યોનાં પ્રાયશ્ચીત્ત પણ બરાબર શોધી આપ્યાં છે.

**[84]** ઘણીવાર વીજ્ઞાન સમજવું ને સ્વીકારવું મુશ્કેલ બને છે; જેની અપેક્ષાએ આભાસી વીજ્ઞાન, સ્યુડો–સાયન્સ વધુ પ્રભાવક નીવડે છે, કારણ કે; વક્તા–શ્રોતા ઉભય પક્ષે તે સહેલાઈથી ગળે ઉતરી જાય છે અને સ્વીકાર્ય બને છે. દા.ત. બ્રહ્મચર્ય પાલનથી બળ–બુદ્ધી–તેજ વધે છે; કારણ કે; વીર્ય અતીકીમતી દ્રવ્ય છે અને એનો સંગ્રહ કરવાથી તે લોહીમાં ભળી ઉંચે ચઢે છે અને સાધક ઉર્ધ્વરેતસ બને છે વગેરે. વાસ્તવમાં વીર્ય રક્ત સાથે પુનઃ સંમીશ્રીત થઈને, ઉંચે ચઢતું જ નથી અને એ કોઈ સત્ત્વશીલ દ્રવ્ય પણ નથી. એવો જ બીજો એક સીદ્ધાન્ત આંદોલનો–વાયબ્રેશન્સનો છે : મંત્રોચ્ચાર મનની કેન્દ્રીભુત અવસ્થા અથવા તો સીદ્ધ પુરુષ કે પવીત્ર વાતાવરણ દ્વારા ચોક્કસ પ્રકારનાં વાયબ્રેશન્સ ઉત્પન્ન થાય છે, જે દુર કે પાસેની વ્યક્તી પર હીતકારી પ્રભાવ પાડે છે ઈત્યાદી.. હકીકતે, આવા કોઈ તરંગો કદી કોઈ પણ રીતે ઉત્પન્ન થતા જ નથી. ભર્તૃહરી કહે છે કે અજ્ઞાનીને સમજાવવો એ સહેલું કાર્ય છે; એ જ રીતે વીદ્વાન– જ્ઞાનીને સમજાવવો સરળ છે; પરન્તુ અર્ધદગ્ધોને સ્યુડો–સાયન્સ એકદમ માફક આવી જાય છે. દા.ત., અમુક નંગ પહેરવાથી લાભ થાય, એમ કહેવાને બદલે એને વૈજ્ઞાનીક વેશ પહેરાવી એમ સમજાવવામાં આવે કે પ્રસ્તુત નંગને કારણે સુર્યકીરણોનું અમુક પ્રકારે પરાવર્તન થાય છે, જેથી પારજાંબલી કીરણો છુટાં પડે છે, જે ઘણાં શક્તીશાળી હોય છે, વગેરે... વગેરે... તો એવા સ્યુડોસાયન્સથી સામાન્ય જન ભોળવાઈ જ જાય.

**[85]** ગ્રહણથી કશું જ નુકસાન થતું નથી; સીવાય કે નરી આંખે કે ઈતર અવૈજ્ઞાનીક રીતે એને જોવાથી આંખ ઉપર માઠી કે ઘાતક અસર થાય. બાકીની બધી જ અન્ધશ્રદ્ધાઓ છે. આવા લેખો વ્યાપક લેખો અને ટીવીકાર્યક્રમો પ્રસ્તુત કરો ! વાસ્તવમાં સુર્ય ગ્રહણકારક અવસ્થા, એટલે કે સુર્ય, ચંદ્ર અને પૃથ્વીનું, વચ્ચે ચંદ્ર હોય એ રીતે એક સીધી લીટીમાં આવવું એવી ઘટના તો દર અમાસે બને જ છે. એમાં કશુ જ અસામાન્ય નથી અને શુભ–અશુભ પણ નથી જ. પુનમે ચન્દ્રગ્રહણ થાય; ત્યારે પૃથ્વી વચ્ચે આવે.

માટે પ્રાર્થના યા ઉપાસના કરવાની, જપતપ કે મન્ત્રજાપ કરવાની, દાનદક્ષીણા, દેવદર્શન યા ઉપવાસ તથા સ્નાન કરવાની મુદ્દલે જરુર નથી અને એથી કશો જ લાભ પણ નથી. એને બદલે આનન્દ કરો અને આ અદ્‌ભુત પ્રાકૃતીક ઘટના જાણો અને માણો ! અનીવાર્યતા છે, આપણા મનને લાગેલા ગ્રહણથી મોક્ષ પામવાની.

**[86]** આત્માના મુળભુત ગુણધર્મો પરત્વે પણ પ્રાચીન શાસ્ત્રોએ ભારે અને સર્વાંશે અસ્વીકાર્ય એવા અનેકવીધ તુક્કા ચલાવ્યા છે. એક બાજુ આત્માને શસ્ત્રો છેદી શકે

નહીં, અગ્ની બાળી શકે નહીં, પાણી ભીંજવી શકે નહીં, વાયુ શોષી શકે નહીં– એવો લોકોત્તર તત્ત્વરુપ વર્ણવવામાં આવ્યો છે, જ્યારે બીજી બાજુ એ જ આત્માને યમદુતો કેવો ત્રાસ આપી શકે છે, એનાંય વર્ણનો શાસ્ત્રોમાં મળે છે. આવા ગ્રંથોમાં 'ગરુડપુરાણ' એક ભારે હાસ્યાસ્પદ એવો તરંગતુક્કાભર્યો ગ્રંથ છે, જે જણાવે છે કે પાપી આત્માને જમદુતો ભડભડતી ભઠ્ઠીઓમાં નાખીને તાવે છે, કરવત વડે વહેરે છે, ખાંડણીયામાં ખાંડે છે, મારપીટ કરે છે અને લોહીપરુથી છલોછલ વહેતી વૈતરણી નદીમાં નાખે છે. ત્યારે સ્વજનોએ જો મરણોત્તર વીધીમાં ગાયનું દાન આપ્યું હોય તો જ સમ્બન્ધીત જીવાત્મા વૈતરણી પાર કરી શકે છે, બાકી લોહીમાંસ અને પરુના પ્રવાહમાં ડુબકાં ખાધા જ કરે છે ! સ્પષ્ટ જ છે કે બ્રાહ્મણ વર્ગે એક ગાય મફત મેળવવા જ આવી ધાકધમકી ગોઠવી કાઢી હશે. અત્રે એય નોંધવું ઘટે કે પ્રાચીન કાળમાં ગાય એ વીનીમયનું એક માધ્યમ હતું.

**[87]** ઉત્ક્રાન્તીની અવીરામ પ્રક્રીયામાં, મગજ નામના અવયવના વીકાસ સાથે માનવ નામક પ્રાણી પ્રશ્ન પુછનારું પ્રાણી બની રહ્યું. તેના મુળભુત પ્રશ્નો હતા : કો–હમ્ ? કીમીદમ્ સર્વમ્ ? હું શું અથવા કોણ છું અને આ બધું શું છે ? દુર્ભાગ્યે આદીમ માનવી પાસે આ પ્રશ્નોના કોઈ જવાબ નહોતા, જવાબ આપનાર પણ કોઈ નહોતું. કદાચ પુર્ણતઃ તો આજેય નથી. છતાં પ્રસ્તુત પ્રશ્નોનું પરીણામ (સાચો ઉત્તર નહીં) માનવવીકાસની યાત્રામાં એક જબરજસ્ત નીર્ણાયક પરીબળ બની રહ્યું. ઉક્ત પરીણામ તે ઈશ્વરની કલ્પના તથા ધર્મની સ્થાપના. આદીમાનવ માટે એ વીજ્ઞાનનો વીકલ્પ હતો. મનુષ્ય જ્યારે સત્ય નથી પામી શકતો, ત્યારે સ્વાભાવીક જ તે અસત્યનો આશરો લે છે, એ તેની પ્રકૃતી છે.

**[88]** આદીમ માનવી માટે આશ્ચર્યના તથા કુતુહલના જે સંખ્યાબંધ વીષયો હતા, એમાં જે સૌથી અકળ, કુટ, વીસ્મયકારક અને નીજી પ્રશ્ન હતો તે જડ–ચેતનના ભેદનો. સ્વયમ્ માનવી જ પોતે ચેતન હતો અને લગભગ પોતાના જેવા જ અસંખ્ય સજીવોને તે જોતો. આ સજીવતા સમજવી એ આદીમ માનવી માટે તો શું, આજ પર્યંતના વીજ્ઞાન માટેય ઘણી દુષ્કર સમસ્યા હતી, કદાચ છે, જેના એક સરળ ઉકેલરુપે આત્માની કલ્પના કરવામાં આવી. સજીવના અસ્તીત્વનાં તીવ્ર મુંઝવણપ્રેરક પાસાંમાંય સંભવતઃ સૌથી વધુ દુઃખદ, વેદનાકારક, અકળ–અસહ્ય, અનીવાર્ય ઘટના તે મૃત્યુ : દેહ જેવો હોય તેવો જ અકબંધ પડી રહે; છતાં તે સભાનતા તેમ જ કાર્યશક્તી ગુમાવી બેસે, ચેતનત્વ ગુમાવી જડ બની જાય, એટલું જ નહીં; એ દેહ પછી મુદ્દલેય કામનો નહીં, કારણ કે; તે તો તત્કાળ સડવા માંડે, એથી એનો નીકાલ જ કરી નાખવાનો ! આ સૃષ્ટીનું રહસ્ય પામવાને સાવ જ અસમર્થ એવા માનવીની મુંઝવણ હતી : પોતાનો સંબંધ શેની સાથે ? દેહ સાથે કે ચૈતન્યરુપ એવા

તથાકથીત ‘આત્મા’ સાથે ? દેહ તો લ્યો, આ પડ્યો એવો ને એવો જ, છતાં કેવળ નકામો ! એને દાટી દેવાનો યા તો જલાવી દેવાનો ! તો પછી સ્વાભાવીક રીતે જ પોતાનો ખરો સમ્બન્ધ તો પેલાં ચાલ્યાં ગયેલાં ચૈતન્ય – સજીવતા સાથે જ ને ? તો એના અનુસંધાનમાં બીજી વાત : એ વીદાય પામેલ આત્મા પ્રતી પોતાની કોઈ ફરજ ખરી કે નહીં ? ધર્મના આદેશકોએ આ પ્રશ્નનો ઉત્તર બનાવી કાઢ્યો : હા, વળી, ખરી જ : એનાં સુખદુઃખની સંભાળ યથાશક્તી પૃથ્વીવાસી સ્વજને રાખવી જ જોઈએ અને તે કેવી રીતે રાખશો ? બ્રાહ્મણોએ તત્કાલ ઉકેલ દર્શાવ્યો ‘શ્રાદ્ધાદી તર્પણ ક્રીયાઓથી !’ આમ મરણોત્તર વીધીઓનો ઉદ્ભવ થયો, જેમાંની એક તે શ્રાદ્ધ : અર્થાત્ પ્રતીવર્ષ મૃતાત્મા એવા સ્વજનને સ્મરીને તેને મનગમતું ભોજન અર્પણ કરી, કૃતકૃત્ય થવું તે.

**[89]** દેહમાંથી આત્મા, એને તથા સર્વને અને સર્વસ્વને છોડી ચાલ્યો જાય, એ દેખીતી પ્રક્રીયામાંથી પણ અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા, મતલબ કે જાય તો, એ ક્યાં જાય ? તેનાં જવાનાં સ્થળ એક કે અનેક ?

પ્રસ્તુત સ્થળ સારાં કે ખરાબ કે ઉભય પ્રકારનાં હશે ? ધાર્મીક વ્યક્તી કહેશે, હોય જ. કારણ કે આ પૃથ્વીપટે પણ સુખદ અને દુઃખદ, એમ બે પ્રકારનાં સ્થાનો છે જ. આ પ્રશ્નોનો પણ ઝટપટ ઉત્તર આપવા તે આદીમ સમાજનો માર્ગદર્શક એવો અધીકારી વર્ગ–બ્રાહ્મણો તૈયાર બેઠા હતા. પરલોક : સ્વર્ગ, નરક, પીતૃલોક આદી કલ્પનાઓ પ્રસ્તુત કર્યા વીના એમનોય છુટકો જ ક્યાં હતો ? કારણ કે જીવાત્મા ક્યાં જાય ? એ પ્રશ્નનો ઈન્દ્રીયગોચર એવો નક્કર તો કોઈ પ્રત્યુત્તર હતો જ નહીં ! પાછળ રહેલાં સ્વજનો સ્વાભાવીક જ ઈચ્છે કે, પોતાના પ્રીયજનનો આત્મા સુખદાયક લોકમાં જવો જોઈએ; પરન્તુ બ્રાહ્મણોએ તો ફરમાવ્યું કે આત્માની ગતી–સદ્ગતી યા દુર્ગતીનો આધાર આ પૃથ્વી પર તેણે કરેલાં કર્મો જ છે. મતલબ કે સારાં કર્મ કરીને વીદાય થયેલો આત્મા ઉત્તમ લોકને વીશે પહોંચે; જ્યારે દુષ્કર્મનો કર્તા એવો જીવાત્મા નરકને પામે. હવે, આ યોજનામાં યથેચ્છ પરીવર્તન લાવવાનોય કશો ઈલાજ ખરો કે ? બ્રાહ્મણો તો નીજી લાભાર્થે તૈયાર જ બેઠા હતા. : હા જરુર, જરુર, શા માટે નહીં ? શ્રાદ્ધવીધી જેવા વીધીઓ તમે સ્વજનો અહીં પ્રયોજો તો, આત્માની સદ્ગતી કે મુક્તીની શક્યતાઓ ઘણી વધી જાય. ધર્મસ્ય ત્વરીતા ગતીઃ !

**[90]** આ મુક્તી એટલે મોક્ષ, જે ત્રીજી અને ઉત્તમોત્તમ ગતી છે એમ બ્રાહ્મણોએ ઠસાવ્યું અને એને પરમ દુર્લભ ઠરાવી, જે પરમ પુણ્યશાળી જીવો માટે જ અનામત ! મુળ ખ્યાલ એવો ફેલાવવામાં આવેલો કે, આ આત્મા કે જીવાત્મા એ વીશ્વવ્યાપી પરમ ચૈતન્ય અર્થાત્ પરમાત્મા યા પરબ્રહ્મનો જ એક અંશ છે, જે એમાંથી વીખુટો પડી, આ પૃથ્વીપટે

આવ્યો, એણે દેહબંધન સ્વીકાર્યાં અને સારાંમાઠાં કર્મો આચરી કર્મબંધનમાં ફસાયો. પરમ આશ્ચર્યની વાત તો સંશયાત્માઓ માટે એ રહે જ છે કે, પરમ ચૈતન્ય એવા કહેવાતા પરમાત્મારુપ અનાદી, અનંત, અવીકારી તથા સર્વોપરી એવા બ્રહ્મચૈતન્યનો અંશ એમાંથી આમ અકારણ છુટો કેમ પડી જાય ? કયા ધ્યેયથી ? કઈ લાચારીથી ? અને એ જ મુલતઃ બ્રહ્મરુપ ચૈતન્ય–અંશે જ પુનઃ પ્રસ્તુત બ્રહ્મમાં ભળી જવા માટેઃ પ્રચંડ પુરુષાર્થ કરવો પડે એ કેવુ ? એમાં નીષ્ફળતાય તેને મળે અને અસંખ્ય યોનીઓમાં ભટકવું પડે એય કેવું ? આ પ્રશ્નના અનેક ઉત્તરો અપાયા છે, વળી ધર્મ દીઠ જુદા જુદા છે, અરે, એક જ ધર્મમાંય ભીન્નભીન્ન યા એકથી વધુ છે ! એક ધર્મસુત્ર છે કે, એક જ સત્યને વીપ્રો બહુધા–ભીન્નભીન્ન રીતે કહે છે. જ્યારે તાર્કીક સત્ય તો એ છે કે સત્ય તો એક જ, અફર, અવીચળ, સનાતન, એકમેવાદ્વીતીયમ્ જ હોય, જ્યારે જે અનેક હોય તે તો હમ્મેશાં અસત્ય જ હોય. (કદાચ કોઈ એક સીવાય) તદનુસાર, આત્મા–પરમાત્માના સમ્બન્ધ વીષયક તમામ સીદ્ધાન્તો કેવળ અસત્ય, નીરાધાર કપોળ–કલ્પના માત્ર જ છે.

**[91]** સૌથી વધુ ભયાનક, ઘૃણાસ્પદ, અતાર્કીક તેમ જ જોખમી ઉપચાર પદ્ધતી તો મુત્ર ચીકીત્સા છે. માનવમુત્ર, ગોમુત્ર યા કોઈ પણ પ્રાણીનો પેશાબ એ તો તે દેહ બહાર ફેંકી દીધેલો માત્ર કચરો (વેસ્ટ) છે. હા, એમાં અમુક તેજાબી તત્ત્વો રહેલાં હોવાથી, બાહ્યોપચાર એટલે કે ચોપડવાથી અમુક લાભો જરુર થાય. જો કે એવો ગંદો પદાર્થ શરીરે ચોપડવા કરતાં, બજારમાં મળતી અનેક જંતુનાશક કે ચેપપ્રતીકારક દવાઓ વાપરવી એ વધુ ડહાપણભરેલો તથા સુરુચીકર ઈલાજ ગણાય. કારણ કે મુત્રથી અમુક ચર્મરોગ પણ કાયમને માટે તો મટતો જ નથી. પરન્તુ પોતાનો જ પેશાબ પોતે પી જવો એ તો સાવ અવૈજ્ઞાનીક અઘોરીવેડા જ છે. કારણ કે જે કચરો આપણા શરીરે બહાર કાઢી નાખ્યો એને પુનઃ દેહમાં નાખવાથી આરોગ્ય સુધરે એવો તર્ક જ સદન્તર ખોટો ! એનાથી તો હાની જ થાય એ સ્પષ્ટ છે. કારણ કે એ કચરો એ આહાર નથી, અને કચરા નીકાલના દેહતંત્રનો બોજો તો વધે જ.

**[92]** યોગ વીશે વીવેકબુદ્ધીવાદી એવું વધુ પૃથક્કરણ કરતાં સમજાય છે કે યોગસમાધી દરમીયાન સાધકને જે કોઈ અનુભુતી થતી હોય, તે ભલે ને ગમે તેટલી ગહન હોય તો પણ; એ આ શરીરની પ્રાકૃતીક રચનાતન્ત્રને જ આધીન હોય છે, એમાં કશું જ અલૌકીક, દીવ્ય પરા–અપરા જેવા તત્ત્વનું અસ્તીત્વ હોતું નથી, શરીર તથા મનની બહારથી આવી કોઈ શક્તી કે તત્ત્વ એમાં પ્રવેશતું નથી. મનોવીજ્ઞાની કહે છે કે યોગીઓ સમાધી દરમીયાન, પોતાના જ ચીત્તનાં પરોક્ષ દર્શન કરે છે. દા.ત., કોઈ પહેલવાન ખુબ વ્યાયામ કરીને, પોતાના દેહને મજબુત અને પ્રખર શક્તીશાળી બનાવે; પણ આખરે તો એ શક્તી

એના પોતાના દેહની જ છે, અર્થાત્ તેની શારીરીક શક્તીનો જ એ વીકાસ છે. એમાં દીવ્ય એવું કશું જ નથી – એ આપણને સહેલાઈથી સમજાય છે. તો એ જ રીતે, યોગ દ્વારા પણ મનની શક્તી ધારો કે સંભવતઃ વધે, અથવા તો વધુ પ્રગટ થાય. પરન્તુ એવી સર્વ અનુભુતીઓ મુલતઃ ભૌતીક એવી શારીરીક–માનસીક ઘટનાઓ જ હોય છે. એમાં કોઈ ચમત્કાર નથી. દીવ્ય અનુભુતીને ભ્રમણા ન કહો તો, એ કેવળ એક પ્રકારનું લેબલ માત્ર છે, જે એનું તથા પોતાનું ગૌરવ વધારવા સંબંધીતો લગાડી દે છે.

**[93]** અન્ધશ્રદ્ધા– પ્રસારક ઢોલનગારાં વચ્ચે બંસરીની મધુરી સુરાવલી જેવાં માધ્યમો, વૈજ્ઞાનીક જ્ઞાન આપતાં ‘સફારી’ આદી ગણ્યાંગાંઠ્યાં સામયીકો અથવા તો ‘નેશનલ જ્યોગ્રાફીક’ યા ‘ડીસ્કવરી’ જેવી ચેનલો પ્રતી આપણી ઉછરતી પેઢી વધુને વધુ અભીમુખ થાય, તો જ રાષ્ટ્રના ભાવી વીશે કશીક આછી આશા બંધાય.

**[94]** નાસ્તીકવાદના ભાવી વીશે પણ એમ કહી શકાય કે, એને સાર્વત્રીક સ્થાપીત કરવો એ તો થોડી દુરની વાત લાગે છે. આમ છતાં, એટલું કહી શકાય ખરું કે સૃષ્ટી અને જીવનને લગતાં રહસ્યો જેમ જેમ ઉકેલાતાં જશે તેમ તેમ નાસ્તીકવાદની સમજાવટભરી પ્રભાવકતા અને એવી પ્રભાવકતાની અસરકારક તાકાત નમ્રમાંથી વાજબી અને વાજબીમાંથી સબળ રીતે સ્વીકાર્ય થતી જશે. ખાસ કરીને, જીવનને લગતાં રહસ્યો તો બાયોટેકનોલૉજી અને જેનેટીક– એન્જીનીયરીંગના ઝડપી વીકાસને લીધે ઝડપથી ઉકેલાઈ જઈ રહ્યાં છે. દા.ત., કૃત્રીમ ગર્ભાધાન, ક્લોનીંગ, જીવન્ત કોશનું ઉત્પાદન, હાયબ્રીડ સજીવ જાતો વગેરે નવી નવી વૈજ્ઞાનીક શોધો ‘આત્મા’ના અસ્તીત્વને ખુબ જ ગંભીર રીતે પડકારી જ રહી છે; જે પડકાર ભવીષ્યમાં બહુ જ ઝડપથી વીકાસ પામશે એ  નીશ્ચીત જ છે. કદાચ ઓલવીન ટોફલર જેવા કોઈ દષ્ટાએ જ એમ પણ કહ્યું છે કે, અત્યાર સુધી આપણે ઉત્ક્રાન્તીની પ્રક્રીયાનું અનુસરણ જ કરી રહ્યા હતા; જ્યારે હવે આપણે એને પ્રભાવીત અને નીર્દેશીત પણ કરી શકવાની સ્થીતીમાં આવી રહ્યા છીએ. ઈશ્વરનો આનાથી સબળ ઈન્કાર બીજો કયો હોઈ શકે ?

**[95]** અનાજના કણ કણ માટે પ્રજા વલખાં મારે છે, ત્યારે લાખો મણ ધાન્ય યજ્ઞમાં હોમાય છે ! આપણા બીનસામ્પ્રદાયીક પ્રધાનો તથા રાજપુરુષો દરેક ધાર્મીક અને અન્ધશ્રદ્ધાના કાર્યક્રમમાં મત મેળવવાની લાલચે હાજર થઈ જાય છે, આવા સમારમ્ભોને પ્રતીષ્ઠા અપાવે છે અને પોતે પણ પ્રતીષ્ઠા મેળવે છે. વળી, કોઈ ધર્માત્મા, બાબાઓ, બાપુઓ, સ્વામીઓ ફુટી નીકળે છે અને તેના ચમત્કારથી બધાં દુઃખદર્દો મટી જશે એવો વ્યાપક પ્રચાર લાગતાવળગતા કરે છે, તેમ જ આવા ચમત્કારીક પુરુષો પાછળ લાખોની સંખ્યામાં પ્રજા અને શીક્ષીતો સુધ્ધાં ગાંડાંઘેલાં થઈ દોડે છે.

**[96]** મારા મતે દહેજ પ્રથા, વાંકડા જેવા રીવાજો અનેક રીતે ભયાવહ તો છે જ, ઉપરાન્ત એમાંથી જ સ્ત્રીભૃણહત્યાનું પાપમય અનીષ્ટ ઉદ્ભવ્યું છે. ઉપરાંત એ નારી–મહીલા જાતીને હીણી તેમ જ દુખીયારી બનાવી દે છે, એને અગ્નીસ્નાન અથવા આત્મહત્યાની ઘોર ફરજ પાડે છે. અને ક્વચીત હત્યા પણ થાય છે. એક બાજુ, સ્ત્રી સશક્તીકરણની ઝુંબેશ ચલાવવી અને બીજી બાજુ, દીકરી માટે મોંઘાભાવે વર વેચાતો લાવવાની દુષ્ટ રુઢીનેય વળગી રહેવું; પછી સ્ત્રી બળવાન અર્થાત્ સાચી માનવ બની શકશે જ કેવી રીતે ! એ ચીન્તાનો વીષય છે. ત્યારે આપણી જ માતા–બહેન કે પુત્રીના હીતાર્થે આપણે તેઓની ઉન્નતી, એમના સુખી જીવન માટે, આ કુરુઢી નાબુદ કરવાના એક રામબાણ ઈલાજરુપે આંતરજ્ઞાતીય લગ્ન જ કરવું, એવી પ્રતીજ્ઞા લઈએ, તો તે એક મહાન માનવસેવા જ સીદ્ધ થાય.

**[97]** જેમ ફટાકડા ફોડવા બાબતે વીવેક તથા સંયમ જાળવવાનો છે, તેમ દીવાળીનાં અભીનન્દન કાર્ડ પાઠવવાનો રીવાજ સદન્તર બન્ધ કરવા જેવો છે. કારણ કે આ કેવળ એક ઉપચાર છે, બાકી તમારા અભીનન્દન–શુભેચ્છાથી કોઈનુંય નવુ વર્ષ હવે આ દેશમાં, સુખ, સમૃદ્ધી, શાન્તીમાં વીતવાનું નથી ! વળી દીપોત્સવી કે નુતનવર્ષાભીનન્દનનાં કાર્ડ, ફટાકડાની જેમ જ, દીનપ્રતીદીન વધુને વધુ મોંઘાં થતાં જાય છે. મેં તપાસ કરી તો પાંચ રુપીયાથી માંડીને તે સો રુપીયા સુધીનાં કાર્ડ આજે બજારમાં વેચાય છે.

**[98]** જાણો છો ને કે આ વર્ષ એ 'પુસ્તકવર્ષ' છે ? એ સન્દર્ભે મોંઘાદાટ અભીનન્દનકાર્ડનો એક સુંદર વીકલ્પ આપણને મળે છે. મતલબ, કે આ વર્ષે, નુતનવર્ષાભીનન્દના કાર્ડને બદલે પુસ્તક ભેટ મોકલીએ !

**[99]** વડીલોની આજ્ઞા નહીં માનવાની મારી સલાહ સૌથી વધુ તો, આ લગ્નની બાબતને જ લાગુ પડે છે : પુનઃ પુનઃ કહું કે, યુવાનો, માબાપ કે વડીલોની આજ્ઞાને વશ થઈને, તમને પોતાને અણગમતા લગ્ન કદાપી કરશો નહીં ! તમારી ઈચ્છા મુજબના, તમને ગમતા અને અનુકુળ લાગતા પાત્ર સાથે જ સ્વયંવર કરજો ! જરા નોંધી લેજો, વડીલો ખાસ નોંધે કે, સ્વયંવર એ આપણી જ પ્રાચીન ભારતીય આર્ય સાંસ્કૃતીક પરમ્પરા છે. માટે જ કર્ણે જ્યારે મત્સ્યવેધ કરવા માટે બાણ તાક્યું, ત્યારે દ્રૌપદી પોકારી શકી કે, 'નહીં પરણું તે સુતપુત્રને !' વીચાર તો કરો કે , હરેક ક્ષેત્રે આપણું કેટલું બધું ઉંડું અધઃપતન થયું છે ! પુત્રી માટે સ્વયંવર યોજનારી એ પ્રજા આજે બાળલગ્નમાં તથા વાંકડા–માંકડામાં ગબડી પડી, ગરકી ગઈ...'

અનુક્રમણીકા

05

# જ્યોતીષ

**[100]** વીજ્ઞાને ગુરુત્વાકર્ષણની શોધ કરી એને આધારે જ્યોતીષીઓને વળી અન્ય એક ફાવતી દલીલ જડી ગઈ : ચન્દ્રના આકર્ષણથી જો સમુદ્રમાં ભરતી ચઢતી હોય તો એની માનવદેહ ઉપર પણ અચુક અસર થાય; કારણ કે માણસના શરીરમાં પણ સીત્તેર ટકા પાણી રહેલું છે. આમ જ્યોતીષીઓને એમની વ્યાપક છેતરપીંડીનો એક નવો જ નુસખો મળી ગયો. જુઠ્ઠો : કારણ કે ચન્દ્રના આકર્ષણથી ભલભલાં તળાવોમાં, તરણકુંડોમાં કે ઘરનાં ગોળા–માટલાંમાં પણ ભરતી નથી ચઢતી, તો પછી માનવ દેહમાં રહેલા અલ્પ પાણીને તો એ કેમ કરીને ખળભળાવી શકે ? હકીકતે ચન્દ્રના કેવળ આકર્ષણ માત્રથી દરીયામાં ભરતી નથી જ આવતી અને જો એમ હોય તો રોજેરોજ એક સરખી જ ભરતી ચડવી જોઈએ; કારણ કે ચન્દ્ર તો રોજ જ આકાશમાંથી પસાર થાય છે. પરન્તુ વૈજ્ઞાનીક કારણ ભીન્ન જ છે : સમુદ્રમાં ભરતી તો ચંદ્ર અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણની અમુક અવસ્થાને પરીણામે ઉત્પન્ન થતા 'ભરતી–બળ' (ટાઈડલ ફોર્સ)ને પરીણામે આવે છે અને તે કેવળ મહાસાગરોમાં જ. ચન્દ્રનું ગુરુત્વાકર્ષણ માનવદેહ યા માનવજીવન ઉપર કશો જ નીર્ણાયક પ્રભાવ પાડી શકતું નથી. છતાં ધારો કે ગ્રહોનું ગુરુત્વાકર્ષણ માનવ કે પ્રાણીના દેહને અસ્વસ્થ કરતું પણ હોય, તોય તે કેવળ આરોગ્યને અસર કરી શકે એ સમજી શકાય. પરન્તુ લગ્નયોગ, પતી–પત્ની વચ્ચેની લેણદેણ, સન્તાનયોગ, સ્થાવર–જંગમ મીલકત, લોટરી, નોકરી, પ્રેમ–રોમાન્સ કે કોર્ટ–કચેરીના ખટલા જેવી માનવસર્જીત વ્યવસ્થાઓ ઉપર ગુરુત્વાકર્ષણ તે કેવી રીતે અને શી અસર પાડી શકે ? પરન્તુ માણસને મુરખ બનવાનું હમ્મેશાં ગમે જ છે, એટલે શું થાય ?

**[101]** જ્યોતીષ વીજ્ઞાન નથી, અજ્ઞાન છે, એનો સચોટ પુરાવો તો એ જ કે એના અજ્ઞાન રચનાકારો બાપડા ફક્ત પાંચ જ ગ્રહોને ઓળખી શકેલા. વળી, એક તારકપીંડ એવા સુર્યને તેમ જ પૃથ્વીના ઉપગ્રહ એવા ચન્દ્રને પણ તે 'ગ્રહો' જ ગણીને ચાલતા. નરી આંખે આવું બધું નીરીક્ષણ કરી, એનું ગણીત રચવા બદલ, તેઓને આપણે આદરપુર્વક જરુર ધન્યવાદ આપીએ; પરન્તુ તેનાં ફળજ્યોતીષનાં જીવનસ્પર્શી બનતાં તારણોને સત્ય માનીને, સમાજને માથે વણજોઈતી, બીનજરુરી આપત્તી તો ઝીંકી શકીએ જ નહીં. અવૈજ્ઞાનીક એવી જ્યોતીષવીદ્યાના પ્રચારથી, સમાજમાં વહેમો, અન્ધશ્રદ્ધાઓ, નસીબવાદ તેમ જ ફરેબી ઠગધંધાનું વર્ચસ્વ વધશે; એવી સચોટ આગાહી જ્યોતીષની મદદ વીના જ પાકી થઈ શકે. રાહુ ને કેતુ જેવા તો કોઈ પીંડો જ અવકાશમાં નથી, જ્યારે યુરેનસ, નેપચ્યુન અને પ્લુટોના

ગ્રહોની હસ્તીની તો મુદ્દલે જાણકારી જ આ કાલસાપેક્ષ વીદ્વાનોને હતી નહીં ! આ તથ્યોના ઉપલક્ષમાં પછી, ફળજ્યોતીષ સત્ય કે આધારભુત સંભવી જ ક્યાંથી શકે ?

**[102]** યાદ રાખો કે, પ્રાચીન ભારતમાં ફલજ્યોતીષ શાસ્ત્ર હતું જ નહીં. કેટલાક પંડીતો– સંશોધકોના મતે તો એ વીદ્યા બહારથી પ્રાચીન મીસર, બેબીલોન કે ગ્રીસથી આયાત કરેલી છે. એનો પુરાવો એ જ કે, રામાયણમાં, સીતાજી ગુમ થતાં, રામ એની શોધ માટે કોઈ જ્યોતીષીને પુછવા નથી જતા કે પાંડવો – દ્રૌપદીના લગ્ન પાકાં કરવા માટે જન્મકુંડળીઓ મેળવ્યાનો કોઈ ઉલ્લેખ મહાભારતમાં જોવા મળતો નથી. એથી ઉલટું, કર્ણ તો સગર્વ જાહેર કરે છે કે, મારો જન્મ ભલે દૈવને આધીન હોય; કીન્તુ મારું જીવનકાર્ય તો મારા પુરુષાર્થને જ વશ છે. વેદ–ઉપનીષદોમાં પણ ફલજ્યોતીષ શાસ્ત્રનો કોઈ ઉલ્લેખ જ નથી…!

**[103]** આપણાં અવકાશયાનો આજે તો અન્ય ગ્રહોની મુલાકાતે જઈ પહોંચ્યાં છે. અને ગ્રહો વીશેનું સત્ય એથી યથાર્થ જાણવા મળ્યું છે, ત્યારે વૈજ્ઞાનીક રીતે સીદ્ધ થઈ ચુક્યું છે કે ગ્રહો માનવજીવન ઉપર વ્યક્તીગત કે સામુહીક એવો કોઈ જ પ્રભાવ પાડી શકતા નથી. બાળકના જન્મ સમયને ગ્રહો સાથે કશો સ્થુળ યા સુક્ષ્મ સમ્બન્ધ હોય, એવાં તરંગો, આન્દોલનો કે ઉર્જા વીજ્ઞાનને કદાપી જોવા–અનુભવવાં મળ્યાં નથી, કરોડોના કરોડો માઈલો દુર આવેલા ગ્રહો તથા નક્ષત્રોની અમુક સ્થીતી કે ગોઠવણી, જાતકના ભાવીને કશી અસર કરે, એવો કોઈ તન્તુ કે એવા કોઈ પ્રથમદર્શી પુરાવા વીજ્ઞાનને મળ્યા નથી. એ જ રીતે, ચોઘડીયાં કે મુહુર્ત જેવાં સમય–વીભાજનો શુભ અથવા અશુભ નીવડે, એવો કોઈ કાર્ય–કારણ ન્યાય વીજ્ઞાનથી સીદ્ધ થયો નથી. વળી, જ્યોતીષ રાહુ તથા કેતુનું જે સ્થાન દર્શાવે છે, તદનુસારના કોઈ ગ્રહો આપણી સુર્યમાળામાં જોવા મળતા નથી, જ્યારે જે ગ્રહો ખરેખર અસ્તીત્વ ધરાવે છે, તે યુરેનસ, નેપચ્યુન તથા પ્લુટોનું જ્યોતીષમાં કશું સ્થાન જ નથી ! એનું કારણ એ જ કે જ્યોતીષશાસ્ત્રના રચનાકારો આ ગ્રહોના અસ્તીત્વ બાબત કશું જ જાણતા નહોતા. આપણા પુર્વજો, આપણી સરખામણીમાં, વૈજ્ઞાનીક દૃષ્ટીએ ઘણા વધુ અજ્ઞાન હતા. ટુંકમાં, જ્યોતીષ એ વીજ્ઞાન તો નથી જ, ઉપરાન્ત એક 'શાસ્ત્ર' તરીકે પણ તે જુઠ અને ફરેબ છે. આવા વીષયને જો યુનીવર્સીટીના અભ્યાસક્રમમાં સ્થાન મળતું હોય, ત્યારે શીક્ષણક્ષેત્રે, વીજ્ઞાન કૉલેજોમાં અને વીશેષતઃ અધ્યાપક આલમમાં તો વીરોધનો વીરાટ ખળભળાટ મચી જવો જોઈએ.

**[104]** ઘણા લોકો વીજ્ઞાનની ટીકા કરે છે અને એની મર્યાદા ચીંધે છે : વીજ્ઞાન સમગ્રરુપે તથા વીશાળ દૃષ્ટીએ જોતું નથી, તે કંટાળાજનક છે કે તટસ્થ છે, લાગણીહીન અને નીર્દય છે... વાસ્તવમાં આ બધા જ આક્ષેપો ધરાર અસત્ય છે. તત્ત્વતઃ જોઈએ તો, વીજ્ઞાન તો

દયાળુ છે, માયાળુ છે, માનવીનાં દુઃખો અને મુશ્કેલીઓ દુર કરવાનું કાર્ય વૈજ્ઞાનીક શોધખોળોમાં અગ્રસ્થાને રહે છે, દા.ત., તબીબી વીજ્ઞાન. એ સીવાય પણ વીજ્ઞાનને પ્રતાપે, માનવ–જીન્દગી અનેકગણી સુખી, શાન્ત, સરળ, આરામપુર્ણ તથા સાધન–સગવડોથી ભરપુર બની છે. માનવજાત અનેક જીવલેણ રોગોને જીતી શકી છે, અને એની આયુમર્યાદા ખુબ વધી છે. આહાર તથા અન્ય જીવનજરુરી ચીજોનું ઉત્પાદન પણ ખુબ વધ્યું છે, અને હજી તો લેબોરેટરીમાં ફળો અને અનાજ પકવવાના સફળ પ્રયોગો થઈ રહ્યા છે, જેથી દરેક ચીજનું ઉત્પાદન હજારોગણું વધી ગયું હશે એ દીન દુર નથી... વીજ્ઞાન જીવનને ભોગવાદી બનાવે છે, એવો પણ આક્ષેપ થાય છે. હજી તો આપણે જીવનનાં સુખ, સમૃદ્ધી અને આનન્દ ભોગવ્યાં જ નથી. અને બીજું, ઉપર્યુક્ત આક્ષેપ કરતાં હકીકતે તો, જાતે ભોગવીલાસમાં આળોટતાં સ્થાપીત હીતો છે, જેઓ ભારતીય પ્રજાને કાયમ માટે અજ્ઞાન, અભણ, વહેમગ્રસ્ત, દરીદ્ર, પ્રમાદી, નસીબવાદી તથા અન્ધશ્રદ્ધાળુ જ રાખવા માંગે છે, એ લોકનું આ ખતરનાક કાવતરું છે.

♦

અનુક્રમણીકા

# 06

## નીરીશ્વરવાદ

[105] બાપ રે, કેટકેટલાં દેવદેવીઓ ! આ દેશમાં કેવળ માનવીના વસતીવીસ્ફોટની જ સમસ્યા નથી, દેવવીસ્ફોટની સમસ્યા વળી ગંભીરતર છે ! બીજી વધુ દુઃખદ હકીકત એ કે, આસ્થા, વહેમ તથા બાધા બાબતે આદીવાસી અને ઉજળીયાત બધા જ સરખા ! હા, દેવોનાં નામોનો ફરક ખરો.

**[106]** હવે જે છે જ નહીં, એવા ઈશ્વરની માન્યતાના સ્વીકારથી સમાજને થતી હાની ફક્ત નામોલ્લેખથી જ ટુંકમાં જ ચીંધી લઈએ : ભવ્ય, અતીસમૃદ્ધ તથા દોલતના દુરુપયોગ કરતા પાખંડી ગુરુઓ તથા આશ્રમોના અનાચારો – દુરાચારો, જ્યારે 70 ટકા ભારતીય પ્રજાજનોને પેટ પુરતું ખાવાનુંય નથી મળતું અને માથે છાપરા વીના, 30 ટકા માણસો, કુમળાં બાળકો સહીત ઉઘાડાં આભ નીચે પડી રહે છે, ત્યારે અબજોનાં મન્દીરોને છપ્પનભોગના ભોગવીલાસ બગાડ, યાત્રાળુઓ, પદયાત્રાળુઓની નીરર્થક તથા જોખમી ભીડ, ધક્કામુક્કી, કચડાતફડી /અફડાતફડી અને સંખ્યાબંધ મોત, બાલદીક્ષાઓ અને જાહેર માર્ગો રુંધતા ભવ્ય વરઘોડા, છેતરપીંડી અને શોષણ, બેફામ ખર્ચા, દાબદબાણ અને ધાકધમકી, પ્રાર્થનાઓમાં સમયનો મીથ્યા બગાડ, ઉત્સવોનાં ઢોલનગારાં, પ્રદુષણ અને ધ્વનીપ્રદુષણ, ચમત્કારો તથા મન્ત્રતન્ત્રનો પ્રભાવ, લુચ્ચા–ઢોંગી બાવાઓનાં ટોળાં અને ભીખારીઓનાં ઝુંડ, ઉંચનીચના ભેદ... વગેરે વગેરે અસંખ્ય અનીષ્ટો ઈશ્વરના નામે વ્યાપક છે અને માનવજાતની સુખ–આનન્દ પ્રતીની વૈજ્ઞાનીક પ્રગતીને રુંધી રહ્યાં છે. ત્યારે 'એગ્નોસ્ટીક' બની જઈ, ચુપ રહેવું, એ ગુનો જ ગણાય ને ?

[107] વાસ્તવમાં, આ વીશ્વમાં કર્મનો કોઈ સીદ્ધાન્ત જ પ્રવર્તમાન નથી. જો કોઈ આવો નીર્ણાયક સીદ્ધાન્ત હોય તો તે એક જ છે અને તે બળનો સીદ્ધાન્ત. અને બળનો એવો અતી બળવાન સીદ્ધાન્ત સ્વયમ્ ઈશ્વરનેય ગાંઠતો નથી... મતલબ કે ઈશ્વર નથી જ, અર્થાત્ એ કેવળ એક કપોળકલ્પના જ છે. એટલું જ નહીં; પરન્તુ ભારે અનીષ્ટકારક, હાનીકારક એવી એ કપોળકલ્પના છે. પરીણામે રૅશનાલીસ્ટો કદીયે ઈશ્વરનું અસ્તીત્વ સ્વીકારી શકે નહીં, અને એના ઈનકાર પરત્વે તે ચુપ રહી શકે પણ નહીં.

[108] કરુણ કહાણી તો આજે કડોદની કરવી છે, જ્યાં મળી હતી, બાલવીજ્ઞાન કોંગ્રેસ ! છતાં વીજ્ઞાનની હીમાયતથી જ શ્રોતાઓ ઉશ્કેરાઈ ગયા, જેઓમાં મોટા ભાગના તો શીક્ષકો જ હતા અને ઘણા તો વળી વીજ્ઞાનના શીક્ષકો ! તેઓનો ઉશ્કેરાટ હતો : રમણભાઈ,

તમે ઈશ્વરમાં કેમ નથી માનતા ? બીજો વધારે ઉગ્ર પ્રશ્ન હતો મારી એ દરખાસ્ત કે, પ્રાર્થનાઓ બન્ધ કરો, અને એને બદલે એ સમયનો સદુપયોગ વીદ્યાર્થીઓને વીજ્ઞાનની જાણકારી તેમ જ અદ્યતન માહીતી આપવામાં કરો. વીજ્ઞાનના શીક્ષકોએ તો આવી દરખાસ્તને વધાવી લેવી જોઈએ; કારણ કે પ્રાર્થનાથી કોઈ લાભ થતો નથી; બલકે નુકસાન જ નુકસાન છે. રસેલ કહે છે કે, કોઈ પણ વ્યક્તી જો તે સ્વમાની હોય અને આત્મગૌરવ સેવતી હોય, તો કદાપી ઈશ્વરને પ્રાર્થના કરે નહીં; કારણ કે એ યાચકવેડા, ભીખારીવેડા હોવાથી, ખુમારીવાળા પુરુષ માટે તે જરાય શોભાસ્પદ નથી. ઉત્તમ જીન્દગી જ્ઞાન, હીમ્મત તથા પ્રેમથી ઘડી શકાય છે, પગે પડીને ભીખમંગી પ્રાર્થનાઓ કરવાથી યા પ્રાર્થનાઓ કરાવવાથી માણસ પરવશ, નમાલા અને માયકાંગલા બની જાય છે.

**[109]** સાક્ષાત્કાર એટલે ભ્રમણા – hallucination એ હકીકત વૈજ્ઞાનીક તેમ જ મનોવૈજ્ઞાનીક રીતે સીદ્ધ થયેલી છે. તદનુસાર પ્રસ્તુત સંત–મહંતો નીરન્તર રટણા તથા દૃઢ માન્યતાને કારણે માનસીક ભ્રમણાઓનો ભોગ બનતા હોય એ જ શક્ય છે; બીજી કોઈ વાસ્તવીક શક્યતા આવાં દર્શનો કે સાક્ષાત્કાર માટે સંભવતી જ નથી. આ દષ્ટીએ, સંત–મહંતો મુર્ખ ન હોય, તોય માનસીક બીમારીના દર્દી પણ ન જ હોય એવું કોણે કહ્યું ? હકીકતે, મનોવીજ્ઞાનનું એક તારણ તો કંઈક એવું છે કે મોટા ભાગના મહાપુરુષો કોઈ ને કોઈ માનસીક રોગના રોગી હતા. ઉપરાન્ત આધ્યાત્મીક પુરુષોનો અભીગમ બહુધા વૈજ્ઞાનીક નથી જ હોતો, તેઓનું એ ક્ષેત્ર જ નહીં; એટલે ભૌતીક સત્યો કરતાં ભ્રામક માન્યતાઓમાં જ તેઓને વધુ રસ હોય છે.

**[110]** Absence of evidence is not the evidence of absence એ સુત્ર અર્થાત્ પુરાવાનો અભાવ તે વસ્તુના અભાવનો પુરાવો નથી – એવી દલીલ આસ્તીકો દ્વારા, ઈશ્વરના અસ્તીત્વના સમર્થનમાં વારંવાર ફગાવવામાં આવે છે, ત્યારે સગવડતાપુર્વક એ વીસરી જવાય છે યા વીસારી દેવાય છે કે, પુરાવાના પણ બે પ્રકાર છે: (1) હકારાત્મક અને (2) નકારાત્મક. જો આ નકારાત્મક negative પુરાવાને ધ્યાનમાં લઈએ તો absence of evidence નો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. અર્થાત્ અસંખ્ય મળતા નકારાત્મક પુરાવા એ નીઃશંક તથા નક્કર evidence of absence જ છે. ટુંકમાં, ઈશ્વર છે એવો એક પણ હકારાત્મક પુરાવો નથી મળતો, જ્યારે બીજી બાજુ, તે નથી એવા અસંખ્ય નકારાત્મક પુરાવાઓ ડગલે ને પગલે મળતા જ રહે છે.

**[111]** આઈન્સ્ટાઈને કદી પણ પોતે આખરી વાસ્તવીકતા પામી શક્યા છે, એવો દાવો કર્યો નથી અને તેઓએ વીશ્વની વાસ્તવીકતાઓનો કદાપી ઈનકાર કર્યો નથી.

તેઓએ જડ–ચેતનના દ્વૈતને આખરી પણ લેખાવ્યું નથી. એટલે આઈન્સ્ટાઈનની આધ્યાત્મીક અનુભુતી આ વીશ્વની અકળ રહસ્યમયતા, અગાધ વીરાટતા, વીવીધતા અને એકરુપતા પરત્વેનો વીસ્મયભાવ તથા વીશ્વના સંચાલન પાછળની સુવીરાટ શક્તી પ્રત્યેનો અહોભાવ જ વ્યક્ત કરે છે, જે પુર્ણતઃ સ્વસ્થાતાપુર્વક તે કરે છે. જ્યારે પુર્વનાં પ્રાચીન દર્શનોથી પ્રભાવીત કાપ્રા આ વીશ્વની વીવીધતાઓને; શંકરાચાર્યજીની જેમ કેવળ ભ્રમણા કે અવીદ્યા–અજ્ઞાન માનવાની હદ સુધીની માનસીકતાનો ભોગ બને છે; જેને આપણે ભ્રામક આધ્યાત્મીક અનુભુતી (ઈલ્યુઝન) જ લેખવી રહી, જે સ્વસ્થ સભાનતાની નહીં; ગ્રસ્ત અભાનતાની જ દ્યોતક ગણાય.

**[112]** ઈશ્વરની કલ્પના કરતાં, જે વીશેષણો માણસે એને માટે પ્રયોજ્યાં છે, એ વાસ્તવમાં તો માનવમનની ઈચ્છાઓ, વૃત્તી તથા મહત્ત્વકાંક્ષાઓનું જ પ્રતીબીંબ છેઃ દા.ત., ઈશ્વર સર્વજ્ઞ, સર્વશક્તીમાન, સર્વવ્યાપી, અનાદીઅનંત, અખીલ–અવીભાજ્ય, અભૌતીક ઐથાત્ અદષ્ટ શક્તીરુપ કે અગમ્ય – અકળ આદી છે, એવી સર્વ ભાવનાઓ – વીભાવનાઓ માટે કોઈ નક્કર પુરાવા નથી, એ તો ફક્ત મનુષ્યની આકાંક્ષા કે મહેચ્છાનો પડઘો જ રજુ કરે છે એટલું જ નહીં; આ સંસારમાં જ કેટલાક મનુષ્યોને તે એવા સત્તાસ્થાને વીરાજમાન જુએ છે, દા.ત., રાજામહારાજાને જોઈને, તેને બ્રહ્માંડના કોઈ સમ્રાટની આવી અલૌકીક અને અમર્યાદ શક્તીની કલ્પના સ્ફુરી હોઈ શકે. ઈશ્વરનું મુર્ત સ્વરુપ, સ્પષ્ટ આકૃતી કે પુર્ણ ખ્યાલ પામવામાં માનવની મનઃશક્તીની મર્યાદાઓ નડે છે, જેથી તેને આવી તેવી અસ્પષ્ટ કલ્પનાલીલામાં રાચવાનું ફાવતું આવે છે.

**[113]** ભગવાન અને ભુતપ્રેત વચ્ચે કશો જ ફરક નથી, ઉભય માન્યતાનો જ વીષય છે અને કપોળકલ્પના છે. માણસનું મન જ એવું છે કે તેને રહસ્યમય તથા અટપટી વાતો ગમે છે. દા.ત., કોઈ દુઃખીયારી બહેનને ફેફરું આવતું હોય યા તો ચીત્રવીચીત્ર દશ્યો દેખાતાં હોય, ત્યારે એ માનસીક બીમારી છે – એમ સાદું સત્ય સ્વીકારી લેવામાં સ્વજનોને મજા શી આવે ? એને બદલે ફલાણો ફલાણો અવગતીયો આત્મા એના દેહમાં પ્રવેશે છે; કારણ કે પેલાની વાસના અધુરી રહી ગઈ હતી... પ્રેતસૃષ્ટી કેવી છે, એની શક્તી શી, નીયતી શી, એનો ઉદ્ધાર કઈ રીતે ? અને પછી તો આત્મા, મૃત્યુ, કર્મનો બદલો, પુનર્જન્મના નીયમો, બસ અસત્યોની અવીરત ભરમાર ચાલુ ! મુળ કલ્પના અર્થાત્ મુળ અસત્ય તે આત્મા–પરમાત્માની કલ્પના. અને તર્કશાસ્ત્રનો નીયમ છે કે એક અસત્ય સીદ્ધાન્તમાંથી ક્રમશઃ બહુવીધ અસત્ય તારણો જ પ્રગટે. તદનુસાર ઉપરની રહસ્યમય કલ્પનાઓ એક પછી એક પ્રગટે જ અને ત્યારે જ માણસને એમાં મજા આવે.

[114] આ બ્રહ્માંડમાં કોઈ અગોચર, અલૌકીક, સર્વશક્તીમાન, આયોજક–સંચાલક, સર્વજ્ઞ તથા સભાન–ચેતનાયુક્ત સર્વોપરી તત્ત્વ અસ્તીત્વ ધરાવતું જ નથી. એને બદલે, પ્રકૃતીનાં પરીબળો તથા તત્ત્વો, એના મુળભુત ગુણધર્મ અનુસાર જડ અને અંધ ગતી કરતાં હોવાથી જ, કેવળ અકસ્માતે આ સૃષ્ટી આવી ઉદ્ભવી છે, અને જ્યાં સુધી એવા સાનુકુળ અકસ્માતોની હારમાળા ચાલતી રહેશે, ત્યાં સુધી જ એ ટકશે. એને ટકાવનારું યા ટકાવવામાં સહાયભુત યા કૃતનીશ્ચયી એવું કોઈ અસ્તીત્વ છે જ નહીં, પછી નૈતીકતાનું શાસન ઈશ્વર યા ધર્મને હસ્તક હોય, એમ માની જ કેવી રીતે શકાય ?

[115] ઈશ્વરમાં ન માનવાના નીર્ણય પર આવવું, નીરીશ્વરવાદી બની રહેવું, એ ખરેખર પુખ્ત વીચારણા, બૃહદ્ જ્ઞાન, તીક્ષ્ણ વીવેકબુદ્ધી તથા ઠરેલ સત્યનીષ્ઠાનું જ પરીણામ છે. એમાં આકળા–ઉતાવળા થયે ન ચાલે.

[116] કોઈ પણ ગતીમાન પદાર્થ બળની મદદ વીના આપમેળે સ્થીર થઈ શકતો નથી. આ વીધાન પૃથ્વી પર સમજવું એટલા માટે મુશ્કેલ છે કે, તમે જ્યારે એક દડાને ધક્કો મારીને ગતીમાન કરો છો; ત્યારે થોડે દુર જઈને તે આપમેળે અટકી જાય છે; એવું લાગે છે. પરન્તુ ખરેખર તે આપમેળે તો નથી જ અટકતો. એથી ઉલટું, હવાનો અવરોધ તથા સપાટી સાથેનું ઘર્ષણ આદી બાહ્ય બળો જ એને ગતી કરતો અટકાવી દે છે. અસીમ અવકાશમાં આવાં કોઈ અવરોધક પરીબળો નથી; એથી એક વાર ગતીમાં આવી ગયેલા પીંડો આપમેળે થંભી શકતા નથી અને અનંત કાળ સુધી એની એ જ અવસ્થામાં ભ્રમણ કર્યા કરે છે. આ નીયમ મુજબ જ, પૃથ્વી તથા બ્રહ્માંડ નીરન્તર ફરતું રહે છે, અને એને અન્ય કોઈ પરીબળ નહીં અટકાવે, તો એ આમ જ અનંત કાળ સુધી ફરતું રહેશે, અને એમ અબજો વર્ષ તો થઈ પણ ગયાં. એમાં કોઈ મહાન કે દીવ્ય શક્તીની મદદની જરુર નથી.

[117] પંદર–વીસ અબજ વર્ષો પુર્વે, આ અસીમ બ્રહ્માંડમાં જમા થયેલું ધુળનું સુવીરાટ વાદળ એના પોતાના જ ગુરુત્વાકર્ષણ–બળે સંકોચાતું ગયું અને એથી પ્રચંડ ગરમી ઉત્પન્ન થતાં ફાટી પડ્યું – એ છે બીગ બેંગની, પ્રચંડ વીસ્ફોટની થીયરી. આ ધુળનું વાદળ ક્યાંથી આવ્યું યા તો વળી એનીય પુર્વે જે ઉર્જા હતી એ ક્યાંથી આવી ? – એ કોઈ જ કહી શકે નહીં જ. બીગ બેંગનો પણ કોઈ ઐતીહાસીક પુરાવો મળી શકે નહીં, કેવળ બ્રહ્માંડની વર્તમાન પરીસ્થીતીને આધારે જ આવો કોઈ વીસ્ફોટ થયો હોવાની સંપુર્ણ શક્યતા કલ્પી શકાય છે. કારણ કે અબજો તારાઓ ઓછીવત્તી ગતીએ આ અસીમ અવકાશમાં અવીરામ ભાગી રહ્યા છે. એ નક્કર વીજ્ઞાનથી ગોચર એવું દૃશ્ય એમ પુરવાર કરે છે કે, ક્યારેક તો આ પીંડો કશાક બળ વડે ફંગોળાયા હશે જ. સાથે સાથે જ ગુરુત્વાકર્ષણનો નીયમ પણ અફર

સત્ય છે; એ જ રીતે, સંકોચનથી ઉષ્ણતા ઉત્પન્ન થાય, એ પણ અફર નીયમ છે અને પ્રચંડ ગરમીને પરીણામે પદાર્થ ફાટી પડે. –એ પણ વીજ્ઞાનનો એવો જ અફર નીયમ છે. આ બધું લક્ષમાં લેતાં બીગ બેંગની શક્યતા ઘણી આધારભુત લાગે છે; તેમ છતાં વીજ્ઞાન આવી કોઈ ઘટનાને આખરી સત્ય માનતું – મનાવતું નથી; કોઈ અન્ય શોધ થાય ને પોતાની માન્યતા ખોટી ઠરે, ત્યારે વીજ્ઞાન તો ઉત્સવ મનાવે છે. આખરી સત્યો શોધ્યાનો દાવો તો અધ્યાત્મ જ કરે છે; જે વળી બહુધા અસત્ય ઠરે છે અને ત્યારે તેની લાગણી દુભાઈ જાય છે. એથી બ્રુનો કે ગેલેલીયો જેવા સત્યશોધકોને સત્યના ખોટા દાવેદાર એવા ધર્મગુરુઓ ભયંકર સજાઓ ફટકારે છે. બીજી બાજુ, પૃથ્વી ગોળ નથી કે તે ફરતી નથી – એવા અસત્યનો પ્રચાર કરનારને વીજ્ઞાન કશી સજા કરવાની વાત સુધ્ધાં કરતું નથી, કે એની લાગણી દુભાતી નથી – એ છે વીજ્ઞાનની મહાનતા.

**[118]** ઑક્સીજનના એક અને હાઈડ્રોજનના બે પરમાણુનું સંયોજન થતાં પાણી બને એ સીદ્ધ અને અફર વૈજ્ઞાનીક સત્ય છે; એમાં કદી અસત્ય ઠરવાનો પ્રશ્ન નથી. પરન્તુ બ્રહ્માંડની કે પૃથ્વીની ઉત્પત્તી જેવી અબજો વર્ષ પુર્વે બનેલી ઘટનાઓ બાબત એવા એટલા જ અફર નીયમો સીદ્ધ થઈ શકે નહીં. પરન્તુ પૃથ્વી સુમારે પોણા પાંચ અબજ વર્ષથી પોતાની ધરીની આસપાસ તથા સુર્ય ફરતે ચક્કર માર્યા કરે છે, ચંદ્ર તથા અન્ય પીંડો પણ સ્પષ્ટતઃ ભ્રમણ કરતાં દેખાય છે : તર્ક તથા અનુભવ સાથે પણ આ પ્રક્રીયાઓનો બરાબર મેળ બેસે છે. આમ હકીકત કાર્યકારણ ન્યાય સાથે બંધ બેસતી થવાથી, બીગ બેંગની થીયરી વજનદાર સીદ્ધ થાય છે. પરન્તુ આ વીશ્વતન્ત્ર એવું તો અન્ધ તથા સાવ નીર્હેતુક છે કે, કોઈ દીવ્ય યોજનાનો સીદ્ધાન્ત અહીં બીલકુલ બંધબેસતો થતો નથી.

**[119]** સત્ય હંમેશાં એકમેવ તથા અદ્વીતીય હોય છે, એક સાથે એક જ વીષયનાં બે સત્યો પ્રવર્તી શકે નહીં એ તર્કશાસ્ત્રનો અફર નીયમ છે. માટે એવાં બે સત્યોમાંથી કોઈ એક યા તે બન્ને ખોટાં હોય જ. હવે આ સૃષ્ટીનું સર્જન ક્યારે અને કેવી રીતે ભગવાને કર્યું એ વીશે ભીન્ન ભીન્ન ધર્મશાસ્ત્રોમાં ભીન્ન–ભીન્ન વાતો કહેવામાં આવી છે. એ જ રીતે ઈશ્વરના સ્વરુપ તથા એની પ્રવૃત્તી બાબતે પણ બધા જ ધર્મો જુદો જુદો મત ધરાવે છે. એનો સીધોસાદો તાર્કીક અર્થ એક જ થાય કે આ બધી જ વાતો અસત્ય છે. ઉત્પન્ન કરનાર વીના કશું જ આપમેળે ઉત્પન્ન થતું નથી, એ સીદ્ધાન્તને આધારે ઈશ્વરના અસ્તીત્વને અનીવાર્ય મનાવવામાં આવે છે; પરન્તુ ઉક્ત સીદ્ધાન્તનું ખંડન એ જ સીદ્ધાન્તને આધારે આપણે કરી શકીએ અને, તે ઈશ્વરના સર્જનહારપણાની કલ્પનાને નીરાધાર સીદ્ધ કરવા માટે જ. બાકી વીજ્ઞાનનો નીયમ તો અફર જ છે કે શુન્યમાંથી કશું સર્જાય જ નહીં અને કારણ વીના કોઈ

કાર્ય કદી સંભવે પણ નહીં. માટે જ આપણે મહાવીસ્ફોટનો – બીગબેંગનો સીદ્ધાન્ત સ્વીકારવો પડે છે. બ્રહ્માંડની આજે એવી રચના છે, અવકાશી પીંડોની જે ગતી છે એને નક્કર આધારે, પંદર–વીસ અબજ વર્ષો પુર્વે મહાવીસ્ફોટ થયો હશે એમ કલ્પી શકાય આમાં 'આણે કહ્યું કે તેણે કહ્યું, માટે સ્વીકારી લીધું' એવા આક્ષેપો અવીચારી છે. વર્તમાન સાક્ષાત પરીસ્થીતી જ આવી ભુતકાલીન ઘટનાની વીચારણીય સાક્ષી પુરે છે, માટે તે સ્વીકાર્ય સમજાય છે. છતાં ઘણા, ખુદ વીજ્ઞાનીઓ પણ હજી એ બાબતે શંકા દર્શાવે જ છે અને નવો કોઈ આધારભુત તથા ગ્રાહ્ય સીદ્ધાન્ત શોધાશે તો વૈજ્ઞાનીક માનસવાળી સર્વ વ્યક્તીઓ એનો રાજીખુશીથી સ્વીકાર જ કરશે; કારણ કે વીજ્ઞાનમાં ધર્મના જેવા અભીગ્રહો કે હઠાગ્રહોને લેશમાત્ર સ્થાન નથી.

**[120]** ઈશ્વરના અસ્તીત્વ સામે પ્રામાણીક સંશયવાદીની સૌથી મોટી ફરીયાદ તો એ જ રહે છે કે સર્વજ્ઞ તથા સર્વશક્તીમાન હોવા છતાંય ભયંકર પાપકૃત્યો, અન્યાયો, ત્રાસ, પીડન કે દમનના પ્રસંગે તત્કાળ હાજર થઈ તે આવાં દુષ્કૃત્યો અટકાવતો નથી તથા એનો ભોગ બનનાર લાચાર મનુષ્યને તે લેશમાત્ર મદદ કરતો નથી. આ તો બહુ ખોટું કહેવાય, ભગવાન જેવા ભગવાન માટે તો એ જરાય શોભાસ્પદ નહીં. અન્યાય કે અત્યાચારનો ભોગ બનનાર નીર્બળ વ્યક્તીને તો જે નુકસાન થવાનું હતું તે થઈ જ ગયું, પછી વર્ષો પછી એના અપરાધીને 'દૈવી કાનુન' મુજબ સજા થાય એમાં પેલા ભોગ બનનારને શું મળ્યું ? દા.ત., બળવાન પુરુષ કે પુરુષો એક અબળા સ્ત્રી ઉપર બળાત્કાર કરે છે, રોજેરોજ આવા અસંખ્ય બળત્કારો થાય છે એ હકીકત છે; પરન્તુ એમાં સમયસર પ્રગટ થઈ ભગવાને કોઈ સ્ત્રીને બચાવી લીધી હોય એવી ઘટના અદ્યાપી નોંધાઈ નથી. એથી ઉલટું, બળાત્કારનો ભોગ બનનાર સ્ત્રીને તો એથી બાળક પણ જન્મે – એ તો ભયંકર પરીણામ કહેવાય; કારણ કે એમાં પેલા નીર્દોષ, નીર્બળ, માસુમ શીશુનો શો વાંક ? માટે જ, રસેલ કહે છે કે જો બળાત્કાર કે વ્યભીચારથી પણ બાળકો જન્મી શકતાં હોય તો એનો અર્થ એ જ થાય કે ભગવાન બળાત્કાર–વ્યભીચારનો ટેકેદાર છે. અને વળી ઈશ્વરની અદાલત તો માનવ–અદાલત કરતાંય વધુ રેઢીયાળ સમજાય છે. કેટલાક અપરાધીઓને તો સજા છેક બીજા જન્મે થાય. એમાં બીચારા અપરાધનો ભોગ બનનાર નીર્દોષને શું વળતર મળ્યું ?

**[121]** 'ઈશ્વર શ્રદ્ધા કે અનુભવનો જ વીષય છે, એને પ્રયોગશાળામાં પ્રગટાવી શકાય નહીં' એવી પણ એક દલીલ કરવામાં આવે છે. અહીં પણ વળતો પ્રશ્ન એ જ કરી શકાય કે 'એવું શા માટે ?' પણ એનો કોઈ જવાબ જ નથી, એ તો શાસ્ત્રો તથા ગુરુઓએ સ્વાર્થવશ કે અજ્ઞાનવશ પઢાવેલો પોપટ પાઠ છે અને ચેલાઓ એ વગર સમજ્યે–વીચાર્યે

ફગાવ્યે જાય છે. પણ અત્રે એ પ્રશ્ન એક કોર રાખી, બીજી દલીલ કરીએ; ભુતપ્રેત, ડાકીની–શાકીની, મેલડીમાતા જેવાં મેલાં–ભયાનક દેવદેવીઓ એ બધાં પણ આજ પર્યંત વ્યક્તીગત અનુભવના જ વીષયો રહ્યાં છે, સાક્ષાત્ ઈન્દ્રીયગોચર થયાં નથી, તેમ જ ક્યાંય પ્રયોગશાળામાં ભુત પ્રગટાવ્યું હોય એવું વીજ્ઞાનના ઈતીહાસમાં નોંધાયું નથી. તો એથી એમ જ માનવું પડે કે ભુતપ્રેત પણ અફર અસ્તીત્વ ધરાવે જ છે; પરન્તુ તે ઈન્દ્રીયગ્રાહ્ય થાય નહીં; એ શ્રદ્ધાનો વીષય છે. આમ, આ વીસમી સદીના અંત ભાગેય, આપણે ભુતભુવા, મેલડી કે કાલભૈરવ જેવાં ભયાનક દેવદેવીઓ તથા મન્ત્રતન્ત્રાદીમાં પણ માનવું પડે અને તો પછી ભુત અને ભગવાનમાં શો ફરક ? વળી, ભગવાનનો અનુભવ કરનારાની સંખ્યા તો પ્રમાણમાં ઘણી ઓછી છે, જ્યારે અસંખ્ય અભણ ડોશીઓ, નબળા મનની સ્ત્રીઓ તથા આદીવાસીઓ આજેય ભુતપ્રેતનો જથ્થાબંધ અનુભવ કરી રહ્યા છે; ત્યારે શ્રદ્ધાળુઓની દલીલ મુજબ વધુ શ્રદ્ધેય શું ? ભુત કે ભગવાન ?

**[122]** મને તો એક મુળભુત પ્રશ્ન જ હમ્મેશાં સતાવે છે અને તે એ કે કર્મ, સારાં કે ખોટાં કરાવે છે જ કોણ ? એમ ભારપુર્વક કહેવાય છે તે ‘ઈશ્વરની ઈચ્છા વીના એક પાંદડુંય ફરફરી શકતું નથી,’ તો પછી મનુષ્ય ઈશ્વરની ઈચ્છા વીરુદ્ધના કર્મ કરી જ કેવી રીતે શકે ? અને તદનુસાર જો ઈશ્વર જ તમામ કર્મો કરાવતો હોય તો એ અમુક મનુષ્યો પાસે ભુંડા કુકર્મ કરાવે છે જ શા માટે ? જો કરાવતો હોય તો એવા દુષ્ટતાપ્રેરક ઈશ્વરને સત્યમ્, શીવમ્, સુન્દરમ્ કહી જ કેવી રીતે શકાય ? આના જવાબમાં ગઈ સદીના કે તે પુર્વેના અમુક પશ્ચીમી ચીન્તકોએ ‘ફ્રી વીલ’ (મુક્ત ઈચ્છા)નો સીદ્ધાન્ત પ્રસ્તુત કર્યો છે, જે મુજબ ઈશ્વરે મનુષ્યને સર્જીને પછી સ્વતંત્રતા બક્ષી દીધી કે, ‘તારી ઈચ્છા મુજબનાં કર્મો કરવાની તને સમ્પુર્ણ છુટ રહેશે ! અલબત્ત, પછી એ બાબત જવાબ માંગવામાં આવશે અને સજા પણ અચુક કરવામાં આવશે.’ આવી યોજના તો બહુ દુષ્ટ, ક્રુર તથા બેવકુફ કહેવાય. એક દાખલાથી આ તારણને સ્પષ્ટ કરીએ.

**[123]** વીશ્વનું સંચાલન કેવળ બળના સીદ્ધાન્ત પર જ થાય છે, એ જ રીતે માનવ–સંસારની ગતીવીધીઓ પણ મુખ્યત્વે બળના સીદ્ધાન્તને આધારે ચાલે છે. અત્રે ‘મુખ્યત્વે’ શબ્દપ્રયોગ તો એટલા માટે કે મનુષ્ય બુદ્ધીશાળી પ્રાણી છે અને વળી તે દયા–કરુણા જેવી લાગણીઓ પણ ધરાવે છે, એથી ઘણીવાર અહીં નીર્બળનું પણ રક્ષણ થાય અથવા તો તેને ન્યાય મળે. અત્રે એય નોંધવું ઘટે કે માનવસન્દર્ભે ‘બળ’ શબ્દમાં ધનબળ તથા બુદ્ધીબળનો અર્થ પણ સમાવીષ્ટ છે.

બીજી બાજુ પ્રકૃતી અન્ધ તથા લાગણીહીન એવી અફર વ્યવસ્થા છે, જેમાં બળ એટલે કેવળ ભૌતીક બળ જ વીજયી નીવડે છે. ત્યાં માનવકૃત જીવનમુલ્યો યા નીતીમુલ્યોનું કોઈ જ સ્થાન નથી. દા.ત., કોઈ નદીમાં ઘોડાપુર ઘુઘવાતાં હોય, તો એમાં ચોરલુંટારા પણ તણાઈ જાય અને સન્ત–મહાત્મા પણ તણાઈ જ જાય. હા, જેને તરતાં આવડતું હોય તે બચે, પણ એ તો બળનો જ સીદ્ધાન્ત થયો – પ્રવાહના વેગનો સામનો કરવાનું બળ. તદનુસાર એમ બને કે ચોરલુંટારા બચી જાય અને સન્ત–મહાત્મા ડુબી મરે !

**[124]** આ વીરાટ બ્રહ્માંડમાં એવાં અનેક રહસ્યો નીઃશંક છે જ કે જે હજી વીજ્ઞાન ઉકેલી શક્યું નથી. 'મીસ્ટરીઝ નોટ યટ સોલ્વ્ડ બાય સાયન્સ' એવા અનેક લેખો પ્રગટ્યા અને પ્રગટે છે; જેમાં લેમીન્ગ્ઝની આત્મહત્યા, પક્ષીઓના સ્થળાન્તર, કે બર્મ્યુડા ટ્રાયએંગલ જેવાં પાર્થીવ રહસ્યો પણ સમાવીષ્ટ હોય છે અને વીજ્ઞાન હવે ધીમે ધીમે આ રહસ્યો ઉકેલી પણ રહ્યું છે. પરન્તુ અમુક અજ્ઞાત રહસ્યો વીજ્ઞાને નથી ઉકેલ્યાં; એટલા માત્રથી તે આધ્યાત્મીક નથી બની જતાં, યા તો એથી કાંઈ આત્મા–પરમાત્માનું અસ્તીત્વ આપોઆપ સીદ્ધ પણ નથી થઈ જતું. એ જ પ્રમાણે પ્રાચીન ઋષીમુનીઓએ પોતાની દીવ્ય દૃષ્ટીથી આ રહસ્યો પામી લીધેલાં, એમ પણ માની લેવાની જરુર નથી. તેમના કાળની સાપેક્ષતા મુજબ એ મહાત્માઓની સીદ્ધીઓને આપણે અવશ્ય બીરદાવીએ ! પરન્તુ જેઓને પૃથ્વી પોતાની ધરીની તથા સુર્યની આસપાસ ફરે છે; સુર્ય એક તારો છે અને ચન્દ્ર ઉપગ્રહ છે; નવ કે દસ ગ્રહોમાંનો જ એક પૃથ્વીગ્રહ છે વગેરેની સામાન્ય જાણકારી પણ નહોતી; તેઓ દીવ્ય દૃષ્ટીથી વીજ્ઞાનનાં ગુઢ રહસ્યો જાણતા એમ માની લેવું એ વધુ પડતો ભક્તીભાવ છે.

**[125]** પૃથ્વીનો વ્યાસ 12,800 કી.મી. છે. આ વ્યાસના એક છેડાને આપણે 'અ' અને બીજાને 'બ' કહીએ. હવે જે દીવસે ચન્દ્ર પૃથ્વીના 'અ' છેડાની નજીક હોય તે દીવસે 'બ' છેડા કરતાં, સ્વાભાવીક જ ઓછા અંતર મુજબ, 'અ' છેડા પર તેના ગુરુત્વાકર્ષણનું બળ વધારે હોય છે. પરન્તુ ચન્દ્ર જ્યારે પૃથ્વીના ગુરુત્વાકર્ષણના કાટખુણે આવે છે; ત્યારે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ નીષ્ક્રીય થઈ જાય છે. પરીણામે ભરતી લાવનારું તફાવતી બળ–ટાઈડલ ફોર્સ ઉત્પન્ન થાય છે; જે સમુદ્રોમાં ભરતી લાવે છે. સમુદ્ર સીવાય અન્ય કોઈ જળાશયમાં ભરતી ચઢતી જ નથી; કારણ કે નાના જળસમુહો માટે ટાઈડલ ફોર્સ ઉત્પન્ન થઈ શકે જ નહીં.

એથી માનવદેહમાં રહેલા જળતત્વને ચન્દ્ર કે સુર્યનું ગુરુત્વાકર્ષણ લેશ માત્ર અસર કરી શકતું નથી...

જ્યોતીષશાસ્ત્ર ઘણા જ પ્રાચીન કાળમાં ઘડાયું હતું અને તે વખતના ખગોળવીદ્ ઋષીઓ આજની સરખામણીમાં તો ઘણા અજ્ઞાન હતા; કારણ કે તેઓએ સુર્ય તથા ચન્દ્ર બન્નેને ગ્રહો માન્યા; જે વાસ્તવમાં અનુક્રમે એક તારો અને બીજો ઉપગ્રહ છે. પૃથ્વી સુર્યની આસપાસ તથા પોતાની ધરી ફરતે ફરે છે અને તે પણ એક ગ્રહ છે એય તેઓ બીલકુલ નહોતા જાણતા; ફક્ત પાંચ જ ગ્રહોને ઓળખતા : મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શની. એ ઉપરાંત જે રાહુ અને કેતુ નામના ગ્રહો તેઓ ગણાવે છે એ હકીકતે છેદ બીન્દુઓ છે. જ્યોતીષમાં યુરેનસ, નેપચ્યુન કે પ્લુટોનો ઉલ્લેખ સુધ્ધાં નથી. અને હવે તો ખગોળવીદો એક દસમાં ગ્રહની (જમાઈની નહીં !) શક્યતાય ચીંધી રહ્યા છે એનું શું ? ટુંકમાં, જ્યોતીષશાસ્ત્રનો મુળ પાયો જ નીરાધાર, અસત્ય છે.

**[126]** કર્મનો સીદ્ધાન્ત કેવો અસત્ય, ભ્રામક, બેહુદો ઉપરાન્ત વીસંગત, વીનાશક છે એ જાણવું જોઈએ.. આ સીદ્ધાન્તના પ્રવર્તક પ્રાચીન ધર્મગુરુઓ તથા એમના સમર્થક અનુયાયીઓ... પોતાનાં વર્ગીય હીતો માટે પુરા જાગ્રત હતા. તેઓ સમાજના સર્વોચ્ચ વર્ગના પ્રતીનીધીઓ હતા. શાસક તથા શાસકવર્ગના પ્રત્યક્ષ યા પરોક્ષરુપમાં, તેઓ સહયોગીઓ અને સાથીદારો હતા. કોઈ પણ ભોગે દુ:ખીત–પીડીત–શોષીત લોકોને શાન્ત, નીષ્ક્રીય, આત્મસન્તોષી... પ્રારબ્ધવાદી રાખવાનો અને તેમની દુર્દશા માટે જવાબદાર શાસકો, ધનીકો, ધર્માચાર્યો વીરુદ્ધ બગાવત કરતા રોકવાનો પાકો ઈરાદો ધરાવતા વીચારકોએ કર્મનો સીદ્ધાન્ત રચ્યો અને ઉપજાવી કાઢેલા દૃષ્ટાંતો વડે... તેને દૃઢમુલ તથા વ્યાપક કરી દીધો.

**[127]** આત્મા જેવી કોઈ સ્વતન્ત્ર ચીજ છે જ નહીં, એ વીજ્ઞાનસીદ્ધ સત્ય છે. અરે, આજથી બે અઢી હજાર વર્ષ પુર્વે મહર્ષી ચાર્વાકે કહ્યું હતું કે, જુદા જુદા ભૌતીક પદાર્થોના સંયોજનથી ચૈતન્ય આવે છે; બાકી આત્મા જેવું કોઈ અલગ તત્ત્વ નથી. માનવસર્જીત યન્ત્રો જોઈએ, તો આ વાત સહેલાઈથી સમજાય. અનેક પદાર્થ–દ્રવ્યો જોડાતાં, યન્ત્ર ગતી કરવા લાગે છે; જેમાનું એકાદ બગડે તોય તે બન્ધ–મૃત ! છતાં સામાન્ય તર્કબુદ્ધીના અભાવે લોકો દલીલ કરે છે કે, મૃત્યુ પછી દેહ તો તેવો ને તેવો જ રહે છે, છતાં હસતું–રમતું એ રમકડું કેમ

જડ થઈ જાય છે ? અરે ભાઈ, ધમધમાટ ચાલતી મોટરસાયકલનો એક પ્લગ ઉડી જાય તોય તે ઉભી રહી જાય છે – જડ થઈ જાય છે; બાકી તો તે આખી જ એવી ને એવી હોય છે. નવો પ્લગ નાખો એટલે વળી પુનઃ ચાલુ ! તેમ આજે માનવઅંગોનાં પણ પ્રત્યારોપણ થાય છે અને મૃત પ્રાણીને સજીવન કરવાના સફળ પ્રયોગ પણ થાય છે; કુદરત કરતાં મનુષ્ય વધુ બુદ્ધીશાળી છે અને કદાચ શક્તીશાળી પણ.

**[128]** એક મૃતદેહમાંથી આત્મા નીકળે ને પછી શોધતો શોધતો કોઈક તાજી ગર્ભવતી માદાના યોનીમાર્ગ દ્વારા એના ગર્ભાશયમાં પ્રવેશી જાય ને ત્યાં ગર્ભમાં પોતાનું સ્થાન જમાવી દે ? શા માટે ભાઈ ? એને કોણ એવો હુકમ ફરમાવે ? અને એ બધું નક્કીય કોણ કરે ? આવા તર્કને, નીદર્શન દ્વારા આરોપણની પ્રક્રીયા કહેવાય; અર્થાત્ એક ઉદાહરણ શોધી કાઢી, પછી બીજી વ્યવસ્થા ઉપર એનું આરોપણ કરવું. આપણે પ્રકૃતીના અન્ધ, નીર્હેતુક સંચલન ઉપર સહેતુક એવી માનવીય વ્યવસ્થાનું આરોપણ કરીએ છીએ.

**[129]** ગીતામાં તમોગુણી માણસનું જે વર્ણન આપેલું છે એ ભારતીય પ્રજાજનને આબાદ બંધબેસતું થાય છે. સર્વાર્થાન્ વીપરીતાન્, અર્થાત્ જેના બધાં જ કામ અવળાં–ઉંધાં હોય તે તમોગુણી. આમ આપણે તમોગુણી પ્રજા છીએ અને ખરી ખુબીની વાત તો વળી એ કે બારે માસ ને બત્રીસે ઘડી સત્ત્વગુણનાં સ્તોત્રો લલકારનાર અધ્યાત્મ પુરુષો અને એમના ભક્તો જ સૌથી વધુ તમોગુણી પ્રવૃત્તી આચરે છે : બાકી માણસ માટે રહેઠાણો તથા સંડાસની જ્યાં તીવ્રતમ તંગી છે, ત્યાં ભગવાન માટે કોઈ મન્દીરો બાંધે...? એ જ ન્યાયે, પ્રસ્તુત ગામનું કમલાચ્છાદીત અચ્છોદ સરોવર સુકાઈ ગયું હતું, જ્યારે આશ્રમ ફાલ્યોફુલ્યો હતો. ‘શ્રમ’ ઘટ્યો અને ‘આશ્રમો’ વધ્યા, ત્યારથી જ આ દેશનો શતમુખ વીનીપાત આરમ્ભાયો છે, હવે કોઈ આશા નથી !

**[130]** 19મી–20મી સદીનો ગાળો સત્યશોધનનો, માનવજાત માટે પ્રાકૃતીક, ભૌતીક સત્યો પ્રગટ કરનારો એક અદ્ભુત અને સમર્થ ‘સત્યયુગ’ રુપે આવી ગયો. આપણી આ પૃથ્વી જ સમગ્ર વીશ્વનું કેન્દ્ર છે અને અખીલ બ્રહ્માંડ માનવીના લાભાર્થે જ તેની આસપાસ નીરન્તર ભ્રમણ કરી, આપણી સેવા બજાવે છે. ઈશ્વરે હેતુપુર્વક જ આવું આયોજન કર્યું છે. (intelligent design)એવા સદીઓ પુરાણા ખ્યાલને, એવી ધર્મદત્ત માન્યતાને કોપરનીક્સ અને ગેલેલીયોએ

જુઠી ઠરાવી, ભોંયભેગી કરી નાખેલી. અને પછી માણસ જાતે એ અણગમતું સત્ય હજી તો માંડ માંડ સ્વીકારવા માંડેલું કે પૃથ્વી તો એક સામાન્ય ગ્રહ છે, તેય સાવ સામાન્ય, અબજોના અબજો તારકપીંડો વચ્ચે સાવ નગણ્ય એવા જ એક તારા સુર્ય ફરતે તે ભ્રમણ કરે છે – એ સત્ય પચે ન પચે, ત્યાં તો ડાર્વીને બીજો જનોઈવઢ પ્રહાર કર્યો કે, માણસ કોઈ દીવ્ય હેતુસરનું દૈવી સર્જન જ નથી. એ તો ચોક્કસ વાનરજાતીમાંથી સ્વબળે અને પ્રચંડ પુરુષાર્થથી ઉત્ક્રાન્ત થઈ વર્તમાનરુપ ધારણ કરનાર એક પ્રાણી માત્ર છે, બીજા પ્રાણીઓ જેવું જ ! આ સૃષ્ટીના સમ્રાટને સ્થાને કોઈ ઈશ્વરે એની સહેતુક નીમણુક કરી જ નથી; એણે તો પ્રાણી માત્રની પ્રજાતીઓને લાગુ પડતા સામાન્ય સીદ્ધાન્તોને વશ, અસ્તીત્વ માટેના સંઘર્ષ દ્વારા પોતાનું બુદ્ધીબળ વીકસાવ્યું છે. વાનર–અવસ્થાથી જ તે બે પગ ઉપર ટટ્ટાર ચાલતો થઈ ગયેલો, જે એક મોટો પુરુષાર્થ હતો, અને એથીય મોટી સીદ્ધી તો વળી એ હતી કે તેણે પાંચ આંગળીઓમાંથી એક જુદી જાતની આંગળી અર્થાત્ અંગુઠો વીકસાવ્યો, જોકે એનાં એંધાણ પણ તે વાનર–અવસ્થા દરમીયાન જ પ્રાપ્ત કરી ચુક્યો હતો. બસ આ જ એના સમ્રાટપણાનું રહસ્ય !

આ બ્રહ્માંડના તમામ પદાર્થો, જડ, ચેતન સહીત એના પોતાના ગુણધર્મ અનુસાર, સ્વયમેવ જ ગતી કરે છે. એ સહજ તથા પાયાના ગુણધર્મ જ (properties of matter) તે તે પદાર્થને એનું અલગ અસ્તીત્વ બક્ષે છે. એમાં પછી કોઈ ધક્કો મારનાર સ્વતંત્ર તથા મહાસમર્થ શક્તી કે તત્ત્વની આવશ્યક્તા ઉદ્ભવતી જ નથી. શીક્ષીત કે અશીક્ષીત એવા સામાન્ય માણસની એ માનસીક મર્યાદા છે કે, જડ પદાર્થ સ્વયમેવ ગતી કરી શકતો નથી, એને ધક્કો મારનાર કોઈ બળ જોઈએ – આ સત્ય તે સહેલાઈથી સમજી શકે છે; પરન્તુ ગતીમાન પદાર્થ એની જાતે (સ્વયમેવ) સ્થીર થઈ શકતો નથી, થંભી શકતો નથી, એ અનન્તકાળ સુધી ગતી કર્યા જ કરે – એ સત્ય માણસ સહેલાઈથી સમજી શકતો નથી. કારણ કે આપણી પાર્થીવ દુનીયામાં એવો અનુભવ કે પ્રયોગ સાક્ષાત્ નથી. એનું કારણ વળી એ છે કે પૃથ્વીપટે ઘર્ષણ, હવાનો અવરોધ વગેરે પરીબળો ગતીમાન પદાર્થને થંભાવી દે છે. પરન્તુ આવું કોઈ એકાદ બળ પણ અનન્ત અવકાશમાં પ્રવર્તમાન નથી, અને એથી જ પુરાં પોણા પાંચ અબજ વર્ષો થયાં, આ પૃથ્વીનો ગોળો અવીરામ ગતી કરતો જ રહ્યો છે. એ જ ન્યાયે અવકાશમાં અન્ય અબજોના અબજો પીંડો અવીરામ ઘુમી રહ્યા છે. આ બધી સાવેસાવ અર્થહીન,

હેતુવીહીન ઘટમાળ જો સમજી શકો તો જ સમજાય કે આને કોઈ ચલાવણહાર નથી અને જો છે તો તે સર્વશક્તીમાન, સર્વજ્ઞ, પરમ બુદ્ધીમાન, કલ્યાણકારી, વીચારશીલ, શાણું એવું કોઈ દૈવી તત્ત્વ તો ના જ હોઈ શકે.

મીત્ર, મહાવીસ્ફોટ કોઈ સર્વોપરી મહાન દીવ્યશક્તીએ નથી કર્યો; એ તો એવું બન્યું કે, 'આદીમ દ્રવ્ય' પોતાના જ ગુરુત્વાકર્ષણ–બળે સંકોચાતું ગયું અને સંકોચન ઉષ્ણતા ઉત્પન્ન કરે છે, એ વીજ્ઞાનનો નીયમ છે. તદનુસાર પ્રચંડ ઉષ્ણતાથી એ દ્રવ્યરાશી ફાટી પડ્યો; જેથી અસંખ્ય પીંડો (ટુકડા) અવકાશમાં ફંગોળાયા. હવે એ ગોળાઓની ગતીને રોકનારું બળ તો અનન્ત અવકાશમાં છે જ નહીં, એથી ઉપર્યુક્ત ફંગોળાતી ગતીમાં આવેલા એ પીન્ડો આજપર્યન્ત આશરે પંદરેક અબજ વર્ષોથી નીરન્તર ગતી કર્યા જ કરે છે. હમણાં જ વીજ્ઞાનીઓએ મહાવીસ્ફોટનો પ્રયોગ (એની નાનકડી પ્રતીકૃતી રચીને) સફળતાપુર્વક કરી પણ બતાવ્યો. આ બ્રહ્માંડની રચના જો યથાર્થ સમજો, તો પછી કોઈ સર્જનહારની અનીવાર્યતાની ભ્રમણા તમારા જીજ્ઞાસુ ચીત્તમાંથી નાબુદ થઈ જશે. આદીમ દ્રવ્ય જે ડાર્ક મેટર હતું એનો સ્ફોટ થયેલો. હવે યાદ રાખજો કે આ બ્રહ્માંડને આમ ગતીમાં લાવનાર બળ તે પેલો મહાવીસ્ફોટ જ છે.

માનવીના ચીત્તમાં ઈશ્વરની કલ્પના જન્મવાનું મુળ કારણ તો, તેની આદીમ અજ્ઞાન અવસ્થાનો એવો અનુભવ છે કે એની મર્યાદીત દુન્યવી વ્યવસ્થા, જેવી કે કુટુમ્બ, ઘર, ગામડાં, ટોળીઓ ઈત્યાદીમાં કોઈ મુખી, ચલાવણહાર અચુક રહેતો, જે સ્વાભાવીક જ સૌથી વધુ શક્તીમાન તથા પ્રભાવશાળી હોય. દા.ત., ટોળીનો વડો ગામડાનો ઠાકોર યા મોટા ગ્રામસમુહોનો રાજા, તો ઘરમાં કુટુમ્બનો વડો વગેરે. બર્ટ્રાન્ડ રસેલ કહે છે કે, ઈશ્વરની કલ્પના રાજાને જોઈને ઉદ્‌ભવી છે. એ ધારણા સત્ય જ છે; કારણ કે ઈશ્વર પ્રત્યેના આપણા તમામ વ્યવહારો – વ્યાપારો રાજા પ્રત્યેના પ્રજાના અભીગમ જેવા જ બરાબર છે.

♦

અનુક્રમણીકા

07

# પ્રકૃતી

**[131]** પ્રકૃતીમાં જડ–ચેતનાના કોઈ ભેદ નથી. કુદરત મહાત્માનાય આત્માને નહીં; કેવળ દેહને જ પ્રમાણે છે. સજીવની ઉત્પત્તી એ પરમાત્માની લીલા નથી; પરન્તુ પ્રકૃતીનો એક અકસ્માત માત્ર છે અને અખીલ બ્રહ્માંડમાં ઈશ્વર જેવા કોઈ પરમ સામર્થ્યવાન ને સભાન તTત્વનું અસ્તીત્વ નથી અને તેનું સંચાલન પણ નથી. બીજી બાજુ કોઈ અકળ કારણસર પ્રકૃતીને ચૈતન્ય પ્રતી સખત શત્રુવટ છે. એથી જ જીવન અને પ્રકૃતી વચ્ચે નીરન્તર તીવ્ર સંઘર્ષ ચાલ્યા કરે છે. સંસ્કૃતી એટલે જ માનવીનું પ્રકૃતી સામેનું યુદ્ધ. હા, એય સત્ય જ છે કે એ પ્રકૃતીની જ કેટલીક ગતીવીધીઓ આપણા અસ્તીત્વનો આધારસ્તંભ છે. તેમ છતાં એય સ્વીકારવું જ રહ્યું કે સજીવનો ઉદ્‌ભવ એ પ્રકૃતીનું કર્તૃત્વ નથી, એ કેવળ તેના અન્ધ સંચાલનનું અનાયાસ અને અપેક્ષીત એવું પરીણામ છે. માટે જ પ્રકૃતી સજીવ પ્રતી બહુધા ભયંકર, ક્રુર, લાગણીહીન તથા મારક વ્યવહાર જ દાખવે છે. પ્રાચીન ગ્રીક ફીલસુફ એપીક્યુરસ કહે છે તેમ, આપણે પ્રકૃતીનાં લાડલાં સંતાનો નથી. માનવી એ કુદરતનું કે ઈશ્વરનું એક વીશીષ્ટ તથા મોંઘેરું સર્જન છે એમ માની રાચવું એ કેવળ ભ્રમણા છે. પ્રકૃતીને આપણા પ્રતી કોઈ આત્મીયતા નથી, પક્ષપાત નથી કે આપણા જીવનમરણની કોઈ જવાબદારી એ સ્વીકારતી પણ નથી. પ્રકૃતી કેવળ અન્ધ તથા આડેધડ એવું એક વીરાટ પરીબળ છે, જેની સમક્ષ માનવીનું કોઈ મુલ્ય નથી. સજીવ કે માનવ યા મહામાનવ ખાતર પણ કુદરત એના અન્ધ કાનુનોમાં રજમાત્રેય ફેરફાર કરવા તત્પર નથી, તે એવું કરતી જ નથી. અને સભાન સંચાલક તત્ત્વ અર્થાત્ પરમાત્મા જેવુ તો કશું છે જ નહીં. એમ આપણે સાવેસાવ નીરાધાર છીએ, એકલવાયા તથા તરછોડાયેલા છીએ. આથી ઈશ્વરની વાતો કરનારા યા એમાં ખરેખરી શ્રદ્ધા સેવતા અણસમજુ માણસોને હું પુછું છું કે તમારો પરમાત્મા આટલો બેહદ ક્રુર તથા ત્રાસવાદી શા માટે ? એને તમારા પ્રતી લેશ માત્ર કરુણા જ નહીં એય કેવું ? વૃદ્ધાવસ્થા તથા મૃત્યુની સમગ્ર આપત્તી, ભયંકર પીડારુપ એવી અનીવાર્ય ઘટના બાબતે હું તમને આ પ્રશ્ન પુછું છુ. બીલાડી ઉંદરનો શીકાર કરે છે તેમ, તમારો ભગવાન કેમ પ્રાણીને નીર્દય રીતે રીબાવી રીબાવીને જ મારે છે ? શું તે પરપીડનનો આનન્દ માણનારો સેડીસ્ટ છે ? મરણને અનીવાર્ય ગણીએ તો પણ એ માટે પીડાકારી ને યાતનાભરી વૃદ્ધાવસ્થા શું અનીવાર્ય છે ? અને હોય તો એ શા માટે ? સર્વશક્તીમાન તથા પરમકૃપાળુ–દયાળુ એવો પરમેશ્વર શું એવી સરળ વ્યવસ્થા ન કરી શક્યો કે ચોક્કસ ઉંમર થાય એટલે પ્રાણી ચોક્કસ

દીવસે મરણશરણ થઈ જાય ? એ માટે પુર્વયાતના અનીવાર્ય ખરી ? બુદ્ધીશાળી અને વીચારશીલ માનવી કેવી સરસ, હીતકારી વ્યવસ્થા ગોઠવી શકે છે ! દા.ત., સાઠમે વર્ષે નીવૃત્તી એટલે બસ, નીવૃત્તી જ, પછી એક દીવસ પણ આઘોપાછો નહીં. વળી એમાં સમ્બન્ધીત વ્યક્તીની ઈચ્છાને પણ ચોક્કસ કીસ્સાઓમાં ધ્યાનમાં લેવાય. નીવૃત્તી પુર્વે, નોકરીયાતને રીબાવવો એવો કોઈ નીયમ માનવીય સંસ્થાઓમાં ક્યાંય નથી. બલકે વીદાયમાન અપાય. ત્યારે શું કહેવાતા કૃપાળુ ભગવાનમાં એટલીય બુદ્ધીશક્તી નહીં ?

**[132]** અલ્પબુદ્ધી મનુષ્યે, વીશેષતઃ આપણા અજ્ઞાન પુર્વજોએ પ્રકૃતીના કાર્યકારણ ન્યાયને ઉલટાવી નાખ્યો અને એમાં હેતુનું આરોપણ કર્યું : દા.ત., વરસાદ પડે છે, એથી વનસ્પતી, અનાજ યા ઘાસ ઉગે છે, મતલબ કે તે ઉગી શકે છે. પ્રસ્તુત વનસ્પતી વળી ઘણાં સજીવોનો આહાર છે. માણસે એની અલ્પ બુદ્ધી વડે પ્રકૃતીમાં હેતુનું આરોપણ કર્યું એટલું જ નહીં; પરન્તુ એને વળી દીવ્ય કે ઈશ્વરીય હેતુ માની લીધો. સત્ય, પ્રાકૃતીક હકીકત તો એ છે કે, વનસ્પતી ઉગાડવા કે અમુક સજીવો અને મનુષ્યને જીવાડવા માટે વરસાદ વરસતો જ નથી. મનુષ્ય સહીત પાર્થીવ પ્રાણીઓને જીવાડી રાખવાનો પ્રકૃતીનો કોઈ હેતુ નથી, એવી કોઈ જવાબદારીથી તે ક્રીયા કે ગતી કરતી પણ નથી. એની અમુક પ્રક્રીયાથી પ્રાણીઓ જીવી શકે, તો બીજી અમુક પ્રકીયાથી વળી પ્રાણીઓ મરણશરણ પણ થાય. પ્રકૃતીને એના સંચલનનાં (સંચાલન નહીં જ) પરીણામોની લેશ માત્ર પરવા કે ચીન્તા કદી હોતી નથી. પ્રકૃતીનું એવું સંચલન અક્રૂર, અન્ધ તથા સમ્પુર્ણ નીર્હેતુક–નીરપેક્ષ જ છે. માટે જ સમુદ્રમાં બીનજરુરી વરસાદ પડે, જ્યારે ધરતી ઉપર દુષ્કાળ હોય !

**[133]** ભયાવહ ભુકમ્પો થાય, વીનાશક વાવાઝોડાં આવે યા તો પૃથ્વીથીય અનેકગણા જંગી એવા કોઈ ધુમકેતુને ગુરુનો ગ્રહ ગળી જાય – આવી પ્રાકૃતીક હોનારતો સદન્તર સજીવ–નીરપેક્ષ છે. કુદરતને પાપ–પુણ્ય જેવી માનવસર્જીત વીભાવનાઓ સાથે પણ નાહવાનીચોવવાનોય લેશમાત્ર સમ્બન્ધ નથી. કુદરતને મન સન્ત–પાપી જેવા તો શું, સજીવ–નીર્જીવનાય કોઈ ભેદ નથી, તે પોતાના અન્ધ અને અક્રૂર કાનુનોમાં કદાપી કશાય નીમીત્તે રજમાત્રેય બાંધછોડ કરતી નથી. એક નક્કર સત્ય જરા વીચારપુર્વક સમજી લો કે, સો સો અબજ તારકો ધરાવતાં પુરાં સો અબજ તારાવીશ્વો (galaxy) વચ્ચે આ પૃથ્વી ગ્રહનું જ કશું સ્થાન કે મુલ્ય નથી, ત્યાં માણસોની તો વાત જ શી ? વાસ્તવમાં, પ્રકૃતીનું વ્યવસ્થાતંત્ર જીવનને સોએ સો ટકા સાનુકુળ બની રહે, એ પુર્વે જ આ પૃથ્વીપટે સજીવ પદાર્થ પ્રગટી પડ્યો, યા તો ક્યાંક અવકાશમાંથી આવી ચડ્યો ! પરીણામે કુદરતની અવ્યવસ્થાઓ તથા

અન્ધાધુન્ધીઓ તેણે લાચાર ભાવે સહ્યે જ છુટકો. એમાં પ્રાર્થનાઓ કે પુણ્ય–ધર્મ બધું જ તત્સન્દર્ભે મીથ્યા જ સમજવું.

**[134]** વૃક્ષો કાપવાં, નદીનાળાં સુકાવી દેવાં, જળ પ્રદુષીત કરવું, હવામાન ઝેરી બનાવવું, ધુમાડા છોડવા, વસતી બેહદ વધારવી, અણુયુદ્ધ માટે સુસજ્જ રહેવું, અણુપ્રયોગો કરવા, અનાજ–પાણી અને ઉર્જાને બેફામ વેડફવી – આદી સર્વ મનુષ્યની આત્મઘાતી પ્રવૃત્તી છે. એટલું જ નહીં, એ આપણી વહાલી પૃથ્વીમૈયાનાં ઉદાર, અલૌકીક, અજોડ અને આપણા સર્વને માટે પરમ આશીર્વાદરુપ એવા હરીયાળા સજીવ પીંડનો હત્યારો બની અવીચારી ભાવે વીહરે છે. ત્યારે પ્રાર્થના કહેવાતા અદશ્ય ઈશ્વરની નહીં; આ સાક્ષાત પૃથ્વીદેવીની કરો ! Love Your Mother Earth !

♦

અનુક્રમણીકા

08

# વીજ્ઞાન

**[135]** માનવી માટે જ્ઞાનનું, કેવળ જ્ઞાન ખાતર પણ, એક પવીત્ર, સુન્દર મુલ્ય છે. માટે જ તો કહેવાયું છે કે :

*ન હી જ્ઞાનેન સદશં પવીત્રમીહ વીદ્યતે ।*

વીસમી સદીની સહુ અદ્‌ભુતોમાં પરમ અદ્‌ભુત ઘટના તે આ ધરતીની બાર વ્યક્તીઓ ચન્દ્રની ધરતી પર ચાલી આવી. એ ઉપરાન્ત આપણા અમાનવ અવકાશયાનોએ શુક્ર, મંગળ, શની, શનીના ઉપગ્રહ ટાઈટન આદીની મુલાકાતે જઈ, અકલ્પનીય આશ્ચર્યજનક માહીતીઓ મોકલી આપી છે. આપણાં ચાર–પાંચ સુસજ્જ અવકાશયાનો વળી સુર્યમાળાનીય બહાર તારાખચીત જ નહીં; ક્વાસર, પલ્સાર અને બ્લેક હૉલ્સથી રહસ્યમય, ભવ્ય–ભયાવહ એવા અનન્ત અવકાશની યાત્રાએ ઉપડી ચુક્યાં છે. માણસ જાણી શક્યો છે કે એકલી આપણી જ ગેલેક્સીમાં સો અબજ તારકો છે, એટલું જ નહીં; એવી તો પુરી સો અબજ ગેલેક્સીઓ (તારાવીશ્વો) આ બ્રહ્માંડમાં પ્રચંડ વેગે ધસી રહી છે, એકમેકથી દુર–સુદુર, ન જાણે ક્યાં ભાગી રહી છે ! ટુંકમાં, અગાઉ માનવજાતે સ્વપ્નેય ન કલ્પ્યાં હોય એવાં એવાં અદ્‌ભુત રહસ્યો આજે માનવી પામી ચુક્યો છે, એ વીજ્ઞાનની જ અદ્‌ભુત–અમુલ્ય, મહાન દેન છે.

આજે, ધર્મે કલ્પેલાં અનેકાનેક માનવકેન્દ્રી મહત્તાઓ, ગર્વ–ગૌરવો ભાંગીને ભુક્કો થઈ ગયાં છે અને માનવીને સત્યજ્ઞાન, ભાન થયું છે કે આ અખીલ બ્રહ્માંડમાં એનું રજ માત્રેય, કશું જ મુલ્ય કે સ્થાન–માન નથી. પરન્તુ એના બદલામાં ખુદ એ જાણવાનો આનન્દ તથા આ વામન લાગતા માનવીની ઉક્ત વીરાટ સમ્પ્રાપ્તી શું એ કાંઈ નાનીસુની સીદ્ધી છે ? માનવી બીજી બાજુ એ જ વીજ્ઞાનની સહાયથી અનેકાનેક અસાધ્ય રોગોને નાથી શક્યો છે. ડીએનએ–આરએનએ પરખી–પકડી શક્યો છે. પોતાની આયુમર્યાદા લંબાવી શક્યો છે અને એ જ આયુ દરમીયાન વળી ઈહ પૃથ્વીપટે તે સ્વર્ગ સર્જી અભુતપુર્વ સુખ–સગવડ–વૈભવભર્યું જીવન જીવી રહ્યો છે.

**[136]** વીજ્ઞાન બદનામ થઈ રહ્યું છે. એનું કારણ એ જ કે તે રાજકારણીઓ તેમ જ લશ્કરી સરમુખત્યારોના હુકમોનું પાલન કરે છે, શાસ્ત્રોનું નીર્માણ કરે છે; તો બીજી બાજુ વળી તે તમાકુની અસરો બાબતે ભ્રમ ફેલાવી શકે છે અને રાસાયણીક દ્રવ્યોના વધુ પડતા ઉપયોગથી સર્જાઈ રહેલા વીનાશ પર તે ઢાંકપીછોડો પણ કરે છે, અને આ બધું વળી

પૈસાને લોભે થાય છે. માટે વીદ્યાર્થીઓને પાયામાંથી જ એવી કેળવણી આપવી જોઈએ કે ‘વીજ્ઞાન એટલે જ માનવવાદ.’ એના વીશે જે આવી–તેવી ગેરસમજો ફેલાવવામાં આવે છે એનું કારણ એ જ છે કે જે લોકો વીજ્ઞાનને બીલકુલ જાણતા જ નથી, એવા લોકો વીજ્ઞાન વીશે જાહેરમાં વધુ ને વધુ બોલે છે. દા.ત., ધર્મગુરુઓ. એનું કારણ વળી એ કે વીજ્ઞાન સજાગ માનવચીત્તમાં જે સંશય જન્માવી રહ્યું છે એનાથી ધર્મ ભયભીત છે. વીદ્યાર્થીઓ હજી શાળામાં વીજ્ઞાન શીખે, એ પુર્વે જ તેઓનાં ચીત્તમાં વૈજ્ઞાનીક અભીગમ વીરુદ્ધના પુર્વગ્રહો ઘુસાડી દેવામાં આવ્યા હોય છે. બાકી કેવળ તબીબી વીજ્ઞાનનો જ દાખલો ધ્યાનમાં લેવામાં આવે, તોય પ્રતીતી થઈ જ જાય કે વીજ્ઞાન એટલે અજોડ માનવવાદ. તેમ છતાં એ સીવાયનાં પણ, માનવીય સુખસગવડનાં અગણીત સાધનોને આપણે અવગણી શકીએ નહીં.

વીજ્ઞાનના બે પ્રકાર છે : (1) જ્ઞાન ખાતર જ્ઞાનની પ્રાપ્તી – જ્ઞાનવીસ્તાર અને (2) જીવનઉપયોગી જ્ઞાનની શોધ અને તેનો વીનીયોગ. પ્રથમ પ્રકારનો દાખલો છે : ચન્દ્ર પર માનવીનું પદાર્પણ, જે આ સદીની માનવીની મહાનતમ ને સર્વોત્તમ સીદ્ધી છે. એ ઉપરાન્ત આપણા તારાવીશ્વમાં સમાવીષ્ટ તારકોની સંખ્યાની ગણતરી વગેરે. જ્યારે બીજો પ્રકાર છે : એન્ટીબાયોટીકની શોધ, ઈલેક્ટ્રોનીક્સ યા જેનેટીક વીજ્ઞાન. આમાંનો પ્રથમ પ્રકાર અદ્ભુત, અજબ અને અમુલ્ય છે.

**[137]** સંશય કરવા વીરુદ્ધ ‘સંશયાત્મા વીનશ્યતી’ જેવાં કડક ફરમાનો પ્રવર્તતાં હોવાને પરીણામે જ છેક સોળમી સદી સુધી સત્યના દરવાજા અડાબીડ બન્ધ જ રહ્યા. પછી એકાએક તથા અણધાર્યા ઉક્ત ધર્મના ક્ષેત્રમાં જ ભ્રમભંજક વીદ્રોહ જાગી ઉઠ્યો : કોપરનીક્સ નામના એક ધર્મગુરુને – પાદરીને જ સંશય જાગ્યો કે આકાશમાં જો માનવજાતના લાભાર્થે ઘડેલો, તેજપીંડો જડેલો એક સ્થીર ચંદરવો જ હોય, તો ઈટાલીના આકાશમાં તારકોની જેવી ગોઠવણી દેખાય છે એવી મીસરના આકાશમાં કેમ નથી ? પૃથ્વીના ઉત્તર ભાગમાંથી જે તારાઓ દેખાય છે તે તારાઓ દક્ષીણ ભાગમાંથી કેમ દેખાતા જ નથી ? ચન્દ્ર કેમ રોજરોજ પોતાનાં સ્થાન તથા કદ બદલતો રહે છે ? સમુદ્રમાં આગળ વધતાં જહાજોનો નીચેનો ભાગ કેમ પ્રથમ અદૃશ્ય થાય છે ? આવા પ્રશ્નોની હારમાળા મનમાં ઉઠતાં, ધર્મપુસ્તકોએ આપેલા જવાબોથી એને સંતોષ થયો નહીં, બલકે એને સંશય જાગ્યો કે ધર્મગ્રંથોની વાતો અસત્ય જ હોઈ શકે, સત્ય કંઈક જુદું જ છે. અને તટસ્થ બની એણે તારણ કાઢ્યું કે આ પૃથ્વી ગોળાકાર હોવી જોઈએ અને એ જ પોતાની ધરીની આસપાસ ગોળગોળ ઘુમતી હોવી જોઈએ. જો એ સત્ય હોય, તો જ ઉપરની તમામ શંકાઓનું સમાધાન મળે... અને કોપરનીક્સે ઘોષણા કરી કે ‘બાઈબલની વાત ખોટી છે; પૃથ્વી ગોળ છે અને તે એની

ઘરી ફરતે અવીરામ ચક્કર માર્યા કરે છે.' એટલું જ નહીં, 'વીશ્વના કેન્દ્રમાં રહેલો સુર્યપીતા પોતાના આજ્ઞાંકીત બાળકો જેવા અન્ય નાના પીંડોને સતત પોતાની આસપાસ ફેરવ્યા કરે છે.' આમ, એક ધર્મગુરુને ધર્મવચનમાં સંશય જાગ્યો અને સત્ય પ્રગટ્યું. કોપરનીક્સથી ચર્ચ, એટલે કે ધર્મ અને વીજ્ઞાન એટલે કે અસત્ય અને સત્ય વચ્ચેના ધર્મયુદ્ધનો આરમ્ભ થયો. પછી એ જ સોળમી સદીના ઉત્તરાર્ધમાં ઈટાલીમાં ગેલેલીયો ગેલેલી નામનો એક યુવાન ધાર્મીક માન્યતાઓ સામે પડકારરુપે પ્રગટ થયો, જેણે કોપરનીક્સની શોધ આગળ ચલાવી. તેણે તો વળી ચશ્માંના કાચનો ઉપયોગ કરીને, વીશ્વનો પ્રથમ ટેલીસ્કોપ બનાવ્યો અને આકાશ સામે પ્રથમ વાર માનવીની વીરાટ દૃષ્ટી માંડી. તેને જે સત્યદર્શન થયું તે અદ્‌ભુત હતું : તેણે જોયું : 'ચન્દ્ર તો પૃથ્વી જેવો જ વીરાટ ગોળો છે; જેના પર પહાડો છે, ખીણો છે, મેદાનો છે...' માનવજાત માટે આ અદ્‌ભુત મંગલ ઘટના હતી; જેના મુળમાં માનવમનમાં પ્રગટતા સંશયરુપી વ્યાપારના અજોડ આશીર્વાદ હતા. ગેલેલીયોએ સાક્ષાત સીદ્ધ કર્યું કે વીશ્વના કેન્દ્રમાં સુર્ય જ છે. પ્રમાણમાં પૃથ્વી તો ઘણો નાનકડો પીંડ છે; જે સુર્યની આસપાસ ફરે છે. એથી ઋતુઓનું ચક્ર ચાલે છે. ઈત્યાદી... આવી ધર્મવીરોધી, ધર્મગ્રંથોનાં વીધાનો પ્રતી સંશય જગાવતી શોધ કરનાર ગેલેલીયો ઉપર ધર્મગુરુઓ કાળઝાળ ક્રોધે ભરાયા. તેઓએ જાહેર કર્યું કે બાઈબલના સીદ્ધાન્તોની વીરુદ્ધ કોપરનીક્સના મતમાં માનવું એ પાપ છે, ગેલેલીયોએ તે પાપ કર્યું છે માટે તેને સજા થવી જ જોઈએ. પરીણામે ગેલેલીયો ઉપર કેસ ચલાવવામાં આવ્યો અને ધર્માચાર્યોએ એને સજા ફટકારી. ત્યારે 70 વર્ષનો વૃદ્ધ અને અશક્ત થઈ ગયેલો ગેલેલીયો ભાંગી પડ્યો, તેણે ઘુંટણીયે પડીને માફી માગી લીધી. (જોકે મનમાં તો તે બોલ્યો જ કે, માફી તો માગું છું, બટ ઈટ ડઝ મુવ – પૃથ્વી ફરે જ છે.) આમ, અસત્યના રક્ષણ માટે ધર્મ આટલો કઠોર હઠાગ્રહી પણ બની શકે છે. જો કે હમણાં ચારસો વર્ષ બાદ, માનો તો કહી શકો કે 'સત્યનો વીજય થયો' : રોમન કેથલીક ધર્મના વર્તમાન વડા નામદાર પોપે જાહેરાત કરી કે 'ગેલેલીયો સાચો હતો... મારા પુર્વજ ધર્મગુરુઓના ઘોર અપરાધ બદલ હું ગેલેલીયોની ક્ષમા માગું છું.'

**[138]** વીજ્ઞાન સમગ્ર માનવજાત માટે એકસરખું – એક જ હોય છે; કારણ કે તે સત્યનીષ્ઠ છે અને ઉપર જણાવ્યું છે તેમ, એકસાથે બે પરસ્પરવીરોધી સત્યો પ્રવર્તી શકતાં જ નથી; એટલે હીન્દુ વીજ્ઞાન, ખ્રીસ્તી વીજ્ઞાન, બૌદ્ધ વીજ્ઞાન કે પારસી વીજ્ઞાન એવા કોઈ ભેદો ઉદ્‌ભવતા જ નથી અને એથી વીજ્ઞાનને નામે સંઘર્ષો યા રમખાણો ખેલાતાં નથી. એથી ઉલટું, તટસ્થ ન્યાયબુદ્ધીથી તપાસીએ તો વીજ્ઞાન માનવતાનું સંવર્ધક પરીબળ જ સમજાય છે. આ વીજ્ઞાનયુગમાં માનવજાત જે અપરમ્પાર સુખ–સગવડો ભોગવી રહી છે એ માનવ–કરુણા

નથી તો બીજું છે શું ? વીજ્ઞાનની મોટા ભાગની શોધો માનવહીતાર્થે જ થઈ છે અને થતી રહે છે, જેમાં તબીબી શોધો તો નીઃસંશય જ માનવસેવા ! બાકી, અમુક વૈજ્ઞાનીક શોધોનો દુરુપયોગ કરી, માનવી વીનાશક સંહારક યુદ્ધો ખેલે એમાં વીજ્ઞાનનો ખુદનો શો દોષ ? છતાં, ભારપુર્વક એય કહેવું રહે કે ધર્મને નામે વળી વધુ ભયાનક યુદ્ધો ખેલાયાં છે. ઉપરાંત યુદ્ધો ફાટી નીકળે છે તેય ધાર્મીક, આર્થીક યા રાજકીય કારણે જ. ક્યારેક વૈજ્ઞાનીક નીમીત્તે યુદ્ધ ફાટ્યું જાણ્યું નથી. કોઈ વીજ્ઞાની વૈજ્ઞાનીક જુથરુપે અન્ય વૈજ્ઞાનીક જુથ પર આક્રમણ કરી કત્લેઆમ ચલાવે એવી કલ્પનાય શક્ય છે ખરી ? અર્થાત્ ધર્મ નહીં; માનવકલ્યાણનું ખરું સાધન વીજ્ઞાન જ બની શકે.

**[139]** સુપરનોવા ફાટ્યા બાદ, એના કેન્દ્રભાગે રહી ગયેલું ખાસ્સું એવું દ્રવ્ય પછી સંકોચાવા માંડે છે; જેને સંકોચાતું વીશ્વની કોઈ જ તાકાત અટકાવી શકે નહીં. એમ સંકોચાવાથી પીન્ડની ઘનતા વધે; એટલે ગુરુત્વાકર્ષણ પણ વધે, જે ક્રમશઃ એટલું પ્રચંડ બને કે બાળકોને રમવાની લખોટી જેવડી ગર્તાનું વજન આખી પૃથ્વી જેટલું પણ હોઈ શકે. આ બધી કલ્પનાતીત ભીષણ ભવ્યતા છે ! શ્યામ ગર્તાનો વ્યાસ જ્યારે સંકોચાઈને શુન્ય બને; ત્યારે એનું વજન ઈનફીનીટ, અમાપ બની જાય ! આવા અસીમ ગુરુત્વાકર્ષણ બળે બ્લૅક હોલ પોતાની આસપાસનાં તમામ દ્રવ્યોને ગળી જાય છે; ખુદ પ્રકાશને સુધ્ધાં, જેથી એ દેખાતું જ નથી. માટે એને ‘બ્લૅક’ કહે છે... કેટલાકના મત મુજબ, 1908માં સાયબેરીયામાં ત્રાટકેલો અજ્ઞાત પીન્ડ તે નાનકડું બ્લૅક હોલ હતું; જેણે હજારો વૃક્ષોને ક્ષણ માત્રમાં ધરાશાયી કરી દીધેલાં !... જુલાઈમાં ગુરુગ્રહ પર એક ધુમકેતુ ત્રાટકવાનો છે. એવો પદાર્થ પૃથ્વી સાથે પણ ગમે ત્યારે અથડાઈ શકે અને તો કદાચ સમગ્ર પૃથ્વીગ્રહ નાશ પામે. કેવી અનીશ્ચીતતાઓ વચ્ચે જીવસૃષ્ટી તથા માનવી જીવી રહ્યાં છે ! અને વળી એનું એકમેવ ભાવી નીકન્દન જ છે. બાકી દીવ્યતાની બધી વાતો તો મનગમતી કપોળકલ્પના ! (1994ના જુલાઈમાં એ ધુમકેતુ ત્રાટક્યો જ.)

**[140]** આપણા પુર્વજોએ કેવળ નરી આંખે નીરીક્ષણ કરીને, તારકોથી ગ્રહોને અલગ તારવ્યા. એથીય સેંકડો વર્ષ પુર્વે ઘણા દેશોની પ્રજાઓએ ધ્રુવનો તારો શોધેલો અને જોયેલું કે આ એક તારક એવો છે કે જે સદાય એક જ સ્થળે રહે છે. આપણા પુર્વજોએ વધુમાં ગ્રહોના ભ્રમણની ગતીનો સુક્ષ્મ અભ્યાસ કરી, એમનાં ઘડીએ ઘડીનાં સ્થાન શોધી કાઢયાં. જો કે આ બધા જ ગ્રહો સુર્યની ફરતે ભ્રમણ કરે છે એનો ચોક્કસ ખ્યાલ તેઓને ન હતો. વળી ચન્દ્રને પણ એક ગ્રહ જ માની લઈને, એની ગતીનો પણ સુક્ષ્મ અભ્યાસ કર્યો, એટલી હદે કે કઈ ઘડીએ ચન્દ્રનો કેટલો ભાગ ખરેખર પ્રકાશમાન હશે તેય શોધી કાઢ્યું.

મતલબ કે, આજે ચૌદશનો ચાન્દ ખરેખર કેટલા વાગે તે અવસ્થામાં પ્રવેશ કરે છે તે આપણું પંચાંગ જોઈને કહી શકાય. અમુક તીથી બે છે, જ્યારે અમુકનો ક્ષય થાય છે એમ આપણે જે કહીએ છીએ તે આ ચન્દ્રના સ્થાનના આધારે જ. પંચાંગે તો ચાન્દ્ર માસ સ્વીકાર્યો; જે ચન્દ્રના – પૃથ્વી ફરતેના પરીભ્રમણનો સમય હોઈ, સાડીઓગણત્રીસ દીવસનો થાય, અર્થાત્ ચન્દ્ર એટલા સમયમાં પૃથ્વીની એક પ્રદીક્ષણા પુરી કરે છે. પરન્તુ વર્ષની ગણતરી તો પૃથ્વીના સુર્ય ફરતેના એક પુર્ણ ચક્રને આધારે જ કરવી પડે; નહીં તો ઋતુની ગણના ભુલભરેલી બને અને પૃથ્વીના પરીભ્રમણનો સમયગાળો તો ત્રણસો ને સવાપાંસઠ દીવસનો છે. પરીણામે ચાન્દ્ર માસગણના મુજબ વર્ષે–દહાડે સવાઅગીયાર દીવસની ખોટ પડે છે. એ પણ આપણા પુર્વજોએ ચોક્કસ ગાળે અધીક માસ ઉમેરીને સરભર કરી લીધી. આ સીવાય અધીક મહીનામાં કશું જ પવીત્ર યા જોખમી નથી કે જેથી ઉપવાસ યા એકટાણાં કરવાં પડે.

**[141]** હવે સત્ય–અસત્યની ચકાસણી કરવા માટે વીજ્ઞાન આપણને ત્રણ માર્ગ, ત્રણ સોપાન દર્શાવે છે. પ્રથમ તો કોઈ પદાર્થની સત્યતા આપણા તર્કમાં બેસવી જોઈએ. તર્ક એટલે લૉજીકલ રીઝનીન્ગ. બીજું, તે પદાર્થ વીષયક આપણા તાર્કીક જ્ઞાનનો સમ્પુર્ણ મેળ. આપણા નક્કર અનુભવ સાથે મળવો જોઈએ અને ત્રીજું આવું તારણ – જ્યાં પ્રયોગ શક્ય હોય ત્યાં, પ્રયોગ દ્વારા નીઃશંક સત્ય સીદ્ધ થવું જોઈએ. હવે આ ત્રણ પગથીયાંમાંથી પ્રથમ બેના વીનીયોગમાં માણસ ઘણાં ઘણાં ગોથાં ખાઈ જાય છે. મતલબ કે એનો તર્ક સમ્પુર્ણ લૉજીકલ છે કે નહીં એની તેને સમજ જ પડતી નથી, અર્થાત્ એની વીચારગતી અતાર્કીક હોય છે. એ જ પ્રમાણે બીજા સોપાનમાં માણસ જેને પોતાનો નક્કર અનુભવ માનતો હોય એ ઘણીવાર કેવળ ભ્રમ હોય છે. મહાપુરુષો ગણાતી વ્યક્તીઓ પણ આવા ભ્રમો કે ભ્રમણાઓથી મુક્ત નથી હોતી – ત્રીજા સોપાન બાબતે ગમ્ભીર મુશ્કેલી એ છે કે બધાં જ સત્યો કે અસત્યો પ્રયોગ દ્વારા ચકાસી શકાતાં નથી. દા.ત., વર્તમાન બ્રહ્માંડનો ઉદ્ભવ 'બીગ બેન્ગ'માંથી થયો એવા તારણને પ્રયોગશાળામાં પ્રયોગ કરીને ચકાસી શકાય નહીં. 1990માં લખાયેલી આ વાત, હવે 2009–2010માં વીજ્ઞાને પ્રયોગશાળામાં આ ઘટના પ્રયોગથી ચકાસી છે. પ્રયોગ હજી ચાલુ છે. વીજ્ઞાન એ સદા વીકસતું શાસ્ત્ર અને પ્રક્રીયા છે તે આથી સીદ્ધ થાય છે.

**[142]** એક સત્ય માણસ પોતાનાં અજ્ઞાન તથા ગેરસમજવશ નથી સમજી શકતો : અને તે એ કે કોઈ પણ જડ પદાર્થ જ્યારે એક પળ–વીપળ યા તસુનાય ફરક વીના જ, સો ટકા નીયમબદ્ધ ગતી કરે, તો સમજવું કે એનો કોઈ સજીવ, સચેતન યા સભાન સંચાલક સમ્ભવે જ નહીં; કારણ કે આવી પરીસ્થીતી કેવળ જડત્વના નીયમને જ આધીન

હોઈ શકે, જે નીયમ આ પ્રમાણે છે : ‘કોઈ પણ જડ પદાર્થ, જો તે સ્થીર હોય તો, આપમેળે ગતીમાં આવી શકતો નથી, એ જ રીતે જો તે ગતીમાન હોય તો સ્વયમેવ થંભી શકતો નથી.’ આ છે, જડત્વનો નીયમ, Low of inertia. આ નીયમનો પુર્વાર્ધ તો સામાન્યજન પણ સહેલાઈથી સમજી શકે છે; પરન્તુ જો ઉત્તરાર્ધ બરાબર ગળે ઉતારી શકાય, તો ઈશ્વરનો છેદ વચ્ચેથી આપોઆપ જ ઉડી જાય. બીગ બેન્ગ (મહાવીસ્ફોટ)નો સીદ્ધાન્ત જાણો છો ? બસ, એ પ્રચન્ડ વીસ્ફોટને પરીણામે, આ બધા પદાર્થો, અબજોના અબજો પીન્ડો ગતીમાં આવી ગયા છે, એમને જ્યાં સુધી કોઈ આંતરબાહ્ય બળ–પરીબળ રોકશે નહીં, ત્યાં સુધી એ આમ જ અફર ફર્યા કરવાના !

**[143]** વીજ્ઞાનના પ્રદાનની થોડી વાત કરીએ તો ઓગણીસમી–વીસમી સદીમાં ત્રણ ભીન્ન ભીન્ન ક્ષેત્રે જે ત્રણ મહાન વીજ્ઞાનીઓ પાક્યા એમણે ઈશ્વરની મીથ (કલ્પના–પુરાણકલ્પના) લગભગ છીન્ન–ભીન્ન કરી નાખી એ ત્રણ મહાનુભવો તે ડાર્વીન, ફ્રોઈડ અને માર્ક્સ. ડાર્વીને ‘મનુષ્ય ઈશ્વરનું વીશીષ્ટ, દીવ્ય સર્જન છે (ગોડ ક્રીયેટેડ મેન ઈન હીઝ ઓન ઈમેજ)’ એ ખ્યાલનો સદન્તર છેદ એના ઉત્ક્રાન્તીના સીદ્ધાન્તની સ્થાપ્ના દ્વારા ઉડાવી દીધો. ફ્રોઈડે ‘મનુષ્ય પણ આખરે ભીતરથી તો પશુ જેવું પશુ જ છે – લગભગ 98 ટકા’ એમ સુક્ષ્મ–વ્યાપક માનસ સંશોધન દ્વારા સીદ્ધ કરી આપ્યું, જ્યારે માર્ક્સે આર્થીક મનુષ્ય તથા ‘આ પૃથ્વીપટે માણસ જ સર્વનો કર્તાહર્તા છે, એમાં ઈશ્વરનું કોઈ સ્થાન જ નથી; ધર્મ કેવળ શોષણનું સાધન, અજ્ઞાનજનોને બેહોશ રાખવા માટેનો અફીણી નશો છે’ ઈત્યાદી. એમ આ ત્રણે ભૌતીક સત્યો પ્રકાશીત કરીને, વીજ્ઞાને ધર્મ તથા ઈશ્વરની આવશ્યક્તાનો જ બહીષ્કાર કરી દીધો. વાસ્તવમાં આ ત્રણનો ફાળો પરમ્પરાગત કઠોર ભોંય ભાંગી નુતન માર્ગ કંડારવાનો છે; બાકી અન્ય અનેક સમર્થ વીજ્ઞાનીઓનો ફાળો પણ નાનોસુનો તો નથી જ. હકીકતે છેલ્લાં પાંચસો વર્ષથી વીજ્ઞાન અને ચર્ચ (ધર્મ) વચ્ચે જે યુદ્ધ ચાલતું હતું એમાં ઓગણીસમી–વીસમી સદીના વીજ્ઞાનીઓએ ચર્ચને સમ્પુર્ણ પરાજીત કરી બતાવ્યું. જો કે માનવજાત એ સ્વીકારે, એ માટે તો હજી પ્રલમ્બ મજલ કાપવી બાકી છે.

**[144]** આપણા પુર્વજો આજના આઠમા–દસમા ધોરણમાં ભણતા વીદ્યાર્થીઓની તુલનાએ ઘણા અજ્ઞાન પુરુષો હતા; એ પણ એટલી જ સત્ય વાત છે : $E=mc^2$ એ સમીકરણનું તેઓને લેશમાત્ર જ્ઞાન નહોતું. પરમાણુનું વીભાજન તેઓ કરી શકતા નહોતા કે એની પ્રચંડ તાકાત જાણતા નહોતા. રેડીયેશન કે પ્રદુષણનો એમને ખ્યાલ જ નહોતો. રોગો – બેક્ટેરીયા કે વાયરસથી થાય, એની જાણ તેઓને મુદ્દલે નહોતી; તેઓ ફક્ત વાત, પીત્ત અને કફમાં જ અટવાતા. બ્લૅક હોલ (શ્યામ ગર્તા), ક્વાસર, પલ્સર જેવા રહસ્યમય પીન્ડોય

આ અસીમ અવકાશમાં છે, એની કોઈ જાણકારી તેઓને નહોતી. બીગ બેન્ગનો કે એક એક ગેલેક્સીમાં સો–સો અબજ જેવી તારકોની વીરાટ સંખ્યાનો તો એમને અણસાર સુધ્ધાં નહોતો. બે પરમાણુ હાઈડ્રોજનના અને એક ઑક્સીજનના સંયોજનથી પાણીનું ટીપું બને; એનીય તેઓને ખબર નહોતી. પૃથ્વી કે ચન્દ્રનું આયુષ્ય તેઓ જાણતા નહોતા... વગેરે વગેરે. ટુંકમાં, આપણા પુર્વજ ઋષીમુનીઓ – વીદ્વાનો તે યુગના પ્રકાન્ડ વીદ્વાનો જરુર હતા; પરન્તુ અર્વાચીન વીજ્ઞાનયુગના સન્દર્ભે તેઓ લગભગ અજ્ઞ જનો જ હતા.

♦

અનુક્રમણીકા

# 9

## માનવજીવન

**[145]** માનવજાતનાં તમામ દુઃખદર્દો, વેદના–યાતનાનું મુળ એની મુર્ખ માન્યતાઓમાં જ રહેલાં છે; જેમાં સૌથી મોટી અનીષ્ટકારક આપત્તી કે બેવકુફી તે ધર્મ છે. જો કે બીજી અનેક વીવેકહીનતાથી (ઈરૅશનલ વીચારવર્તનથી), અર્થહીન માન્યતાઓ તથા પ્રવૃત્તીઓથી માણસે પોતાની જ બરબાદી અને ખાનાખરાબી નોતરી છે. માટે રૅશનાલીઝમ – વીવેકબુદ્ધીવાદ જ એને કંઈક અંશે કે પુરેપુરો બચાવી શકે. આજે જ્યારે રૅશનાલીઝમનો સમાજમાં ઠીક ઠીક પ્રચાર થયો છે; ત્યારે એવો સબળ પુરાવો પણ દષ્ટીગોચર થાય છે જ કે, રૅશનાલીઝમ એ માનવસુખનો રામબાણ રાહ છે. એનું કારણ પણ એટલું જ સબળ છે : રૅશનાલીઝમમાં સત્યની સમારાધના છે. ભક્તી છે. મીથ્યા બંધનો નથી અને જીવનનું, પ્રાણીમાત્રના અને એ જ સન્દર્ભે માનવપ્રાણીના જીવનનું પણ સાચું ધ્યેય રૅશનાલીઝમે ચીંધ્યું છે, એ છે, સુખ તથા આનન્દ : સર્વે જનાઃ સુખીનઃ ભવન્તુ ! અલબત્ત, આ તો શુદ્ધ તર્ક છે. બાકી, પ્રકૃતી સદાય પ્રાણીઓને પરાસ્ત કરતી રહી છે. કુદરત ક્રુર છે અને nature is a bad engineer !

**[146]** હકીકત એ છે કે, લોકલાગણીના શોષણખોરો શરુઆતમાં, જનતામાં મીથ્યાભીમાન જગાવે છે કે આપણે શ્રેષ્ઠ છીએ ઈત્યાદી... અભીમાન કે ગર્વ તો માનવી માટે અમુક અંશે ઉપયોગી તથા પ્રેરક તત્ત્વ પણ બની શકે છે; પરન્તુ મીથ્યાભીમાન કદાપી કોઈ યોગ્ય દીશાનું સુચન કરી શકતું નથી. પરીણામે અન્યોમાં એવું મીથ્યાભીમાન જગાડનારો શોષણખોર પુરો ફાવી જાય છે; કારણ કે ઘેટાંવત્ બનેલો લોકસમુહ પછી તેનો પડ્યો બોલ ઝીલવા તો શું, તેને ખાતર જાન આપવાય તૈયાર થઈ જાય છે. આ પ્રકારની શરણાગતીમાં જાણે એક જાતનો વીનીમયનો સોદો જ રહેલો હોય છે : મીથ્યાભીમાનના બદલામાં શરણાગત લોકો પોતાનું આત્મગૌરવ તો શું, પોતાની ન્યાયબુદ્ધી પણ ગીરો મુકવા તત્પર થઈ જાય છે.

**[147]** સંસારમાં પશ્ચાત્તાપથી કોઈનેય કશો જ લાભ થતો નથી, એ પણ એક સત્ય સુત્ર જ સમજવું. ઘોર ઉદ્ધતાઈ તથા નીર્દય આક્રમકતા પાછળ ઘણી વાર ગર્ભીત ભયની લાગણી પ્રેરકબળરુપે કામ કરતી હોય છે. સત્તાની સાથે જ્યારે ભય સંકળાયેલો હોય, ત્યારે એવી સત્તા અન્યો માટે અનેકગણી ભયાવહ બની રહે છે. સત્તા પોતે સત્તાધીશ વ્યક્તીને ભ્રષ્ટ બનાવે છે એ સાચું; પરન્તુ નીર્બળતા, કાયરતા પણ માનવીને ભ્રષ્ટ કરે છે, એ

હકીકતની અદ્યાપી ઝાઝી નોંધ લેવાઈ નથી લાગતી. ઘણીવાર ધીક્કાર, દ્વેષ, અહીષ્ણુતા કે પીડનવૃત્તીના મુળમાં જે તે વ્યક્તીની નીર્બળતા જ કારણભુત હોઈ શકે અને એવી નીર્બળતાની સભાનતા સમ્બન્ધીત માણસના મનમાં ઉંડે ઉંડે ભયની લાગણી જન્માવતી રહે છે. પરન્તુ એવી પરીસ્થીતીમાં, બાકીના નીર્દોષ માણસો, જેઓ વીશાળ સંખ્યામાં હોય છે, તેઓને વીના વાંકે જ અપરમ્પાર હાની પહોંચે છે. દૈવાસુર સંગ્રામ ક્યાંય અને ક્યારેય ઈતીહાસસીદ્ધ પ્રતીત થયો નથી, સીવાય કે પૌરાણીક કથાઓમાં !

**[148]** દાવો તો એવો કરવામાં આવે છે અને વીદ્વાનો સહીત, ખુબ જ વ્યાપકપણે એવી ગેરસમજ પ્રવર્તે છે કે, ધર્મ સદાચાર, પ્રેમભાવ, કરુણા અને માનવતા ઈત્યાદીનું પ્રેરકબળ છે. પરન્તુ આવાં તારણનો ઈતીહાસ બીલકુલ સાક્ષી નથી. ઉલટાનું, પ્રતીબન્ધો લાદવા, ભય ફેલાવવો, લાગણીહીન પોલીસગીરી દ્વારા અનુયાયી પર અત્યાચારો ગુજારવા, સ્વતન્ત્ર વીચાર, સ્વતન્ત્ર તપાસ (inquiry) કે તર્કપુત સંશયને ઉગતાં જ કઠોર રીતે કચડી નાખવા, સ્થાપીત હીતોનું નીર્માણ કરવું અને જુથવાદી સંઘર્ષો પેદા કરવા ઈત્યાદી ઈત્યાદી દુ:ખદ ઘટનાઓથી ઈતીહાસ તો તરબતર છે, અને એવો જ ઈતીહાસ નજર સામે તરોતાજા પણ છે. જેમ ઝનુનીઓમાં ધર્મના સાચા મર્મનું જ્ઞાન કે પ્રતીતી નથી હોતી, તેમ ઘણી વાર શાન્તીપ્રીય, ઠરેલ, ઉદાર, સહીષ્ણુ તેમજ નીતીમાન, ધર્મપાલક એવા ધાર્મીકોમાં પણ ધર્મના સાચા મર્મનું તથા કર્મનું જ્ઞાન નથી હોતું. અને શ્રદ્ધા પણ ચોક્કસ પ્રકારનું ઝનુન જ છે ને ?

**[149]** પશ્ચીમનું અન્ધઅનુકરણ કરવામાં બીજો એક મહત્ત્વનો મુદ્દોય અવગણાય છે. પશ્ચીમી રાષ્ટ્રોમાં માનવજીવનનું સર્વોપરી મુલ્ય છે. એ તેઓની પરમ્પરા જ છે. વધારામાં વળી ત્યાં બેહદ વસતીવધારાની સમસ્યા જ નથી.

આપણા દેશ કરતાં અમેરીકા એટલે કે યુ.એસ.એ.નો ભુવીસ્તાર લગભગ ચાર ગણો છે, જ્યારે વસતી કેવળ ચોથા ભાગની એટલે કે ફક્ત પચ્ચીસ કરોડ છે. હવે આ હીસાબે, અમેરીકામાં જો એક વ્યક્તી તમાકુસેવનના કેન્સરથી મરણ પામે, ત્યારે આપણા દેશમાં કેટલા જણને કેન્સર થાય, ત્યાં સુધી વાંધો નહીં, એનું ગણીત માંડો ! બાકી દીનભર મરણતોલ મહેનત કરતા આપણા મજુર માટે, વચ્ચે વચ્ચે બીડીના બે દમ તો પરમ જીવનદાયક રાહત છે ! ભલે પછી મોડુંવહેલું કેન્સર થાય તો થાય. આમેય એનું જીવન જ જીવલેણ કેન્સર સમું હોય છે ત્યાં શો ફરક પડવાનો ?

**[150]** વેદોમાં બ્રાહ્મણ વર્ણ વીરાટ પુરુષનું ઉત્તમાંગ – મુખ કહેવાય છે. પરન્તુ એનું અર્થઘટન વાસ્તવીક નથી લાગતું; કારણ કે મુખનું મુખ્ય કાર્ય તો છે ખાવાનું : તદનુસાર,

વાસ્તવમાં તો બ્રાહ્મણોને ખાવાનું અર્થાત્ મીષ્ટાન્ન ઝાપટવાનું જીવનકાર્ય સોંપવામાં આવેલું અને એથી જ એ વર્ણને વીરાટ પુરુષનું મુખ કહ્યું. અને એનો વર્તમાન પુરાવો પણ સચોટ જ મળે છે : બ્રાહ્મણો આજેય ભણવા–ભણાવવાની અપેક્ષાએ ભોજન જ વધુ આરોગે છે. એ જ સુક્તમાં વળી શુદ્રોને વીરાટ પુરુષના પગ કહ્યા છે; કારણ એ જ કે, તેઓનો જન્મજાત ધર્મ ઉપલા વર્ણોની સેવા કરવાનો છે. આ સન્દર્ભે, હું રમુજ કરતો કે, ઉપલા કહેવાતા વર્ગોએ તે પણ પાકું ધ્યાનમાં રાખવું  ઘટે કે, પગનું કાર્ય કેવળ સેવા કરવાનું જ નથી, તે લાત પણ મારી શકે છે. ક્યારેક એ પગની લાતો ખાવા તૈયાર રહેજો !

**[151]** માનવતા, દયા અને કરુણાની સંસ્કૃતીની ગુલબાંગો પોકારનાર ભારતવાસીઓમાં ખરેખર તો માણસાઈનું કે માનવીય સહજ સ્વભાવનું એક બુન્દેય નથી. ક્રુરતા અને લાગણીહીનતા એ જ આપણા જરઠ લોહીનો જડ રક્તગુણ છે.

♦

અનુક્રમણીકા

10

# સેક્યુલરીઝમ

**[152]** ઈતીહાસના જાણકાર તો સર્વ કોઈ જાણે જ છે કે, ભારત સરકારે કે સંસદે, અર્થાત્ બંધારણે રાજ્યના ધર્મ પ્રત્યેના અભીગમ બાબતે જ્યારે 'સેક્યુલર' શબ્દ અપનાવ્યો; ત્યારે એ સંજોગોના દબાણને વશ અથવા તો પરીસ્થીતીમાંથી વચલો માર્ગ કાઢવાના એક મુત્સદ્દી પગલારુપ નીર્ણય હતો. પરીણામે સેક્યુલર શબ્દની પુર્ણ વીભાવના ત્યારે તન્ત્રની ધુરન્ધર એવી કોઈ જ વ્યક્તી જાણતી કે સમજતી નહોતી. એને બદલે આ લોકના ચીત્તમાં ગાંધીજીના 'સર્વધર્મસમભાવ' યા ક્યારેક 'સર્વધર્મમમભાવ'નો આદર્શ સવાર થયેલો હતો. જેમ કે, ગાંધીજી વહેલી સવારે ઉઠીને પ્રાર્થના લલકારે કે, 'રઘુપતી રાઘવ રાજા રામ.. ઈશ્વર, અલ્લા તેરો નામ !' એને સર્વધર્મસમભાવ માત્ર કહેવાય, એ સેક્યુલરીઝમ નથી જ નથી. સેક્યુલરીઝમ શબ્દનો એવો અનુવાદ કે 'બીનસામ્પ્રદાયીકતા' અથવા 'ધર્મનીરપેક્ષતા' એ પણ ખોટો કે અધકચરો જ લેખાય. સેક્યુલરીઝમ એટલે તો 'ઐહીકતાવાદ' Concerned with the affairs of this world, worldly not ecclesiastical.. (Oxford Dictionary). તદનુસાર, આપણા રાષ્ટ્રમાં જે ધાર્મીક બહુમતી–લઘુમતીની વીભાવના સ્વીકૃત તેમ જ માન્ય છે એ સેક્યુલરીઝમ સાથે સમ્પુર્ણતઃ વીસંગત છે. વળી, આપણા દેશમાં રાજ્ય સેક્યુલર તો નથી જ, કીન્તુ 'બીનસામ્પ્રદાયીક' જે કહેવાય છે, તેવું રાજ્ય કદાચ છે, પરન્તુ રાષ્ટ્ર તો બીલકુલ બીનસામ્પ્રદાયીક નથી અને નજીવા અપવાદને બાદ કરતાં, નાગરીક–વ્યક્તી તો મુદ્દલે બીનસામ્પ્રદાયીક કે ધર્મનીરપેક્ષ નથી.

**[153]** 'સેક્યુલર એટલે ઐહીક, આ જગતનું પરલોકનું નહીં, સેક્યુલરીઝમ એટલે ધર્મનીરપેક્ષતા કે બીનસામ્પ્રદાયીકતા નહીં; સર્વધર્મસમભાવ પણ નહીં. (વાસ્તવમાં) પરલોકની કોઈ દીવ્ય શક્તી આ જગતનું સંચાલન કરતી નથી; ઈશ્વરે અગાઉથી નક્કી કરેલું કોઈ ભાવી નથી; માનવી પોતાનું ભાવી પોતાની બુદ્ધીશક્તી પ્રમાણે ઘડવા શક્તીમાન છે – આ વીચારને સેક્યુલરીઝમ કહેવાય.' યુરોપમાં 'રેનેસાં'(14મી–16મી સદી)ની, પુનરુત્થાનની ચળવળે દેવળ(ધર્મ)ની સર્વોપરીતા સામે પડકાર ફેંક્યો. આ સંઘર્ષમાંથી રાજ્ય અને દેવળનાં કાર્યક્ષેત્રો અલગ પડ્યાં અને સેક્યુલર સ્ટેટનો ખ્યાલ ઉદ્ભવ્યો.

**[154]** આપણે સેક્યુલર રાજ્યની ખોટી વ્યાખ્યાને અનુસરી રહ્યા છીએ; જે વ્યાખ્યા સ્મીથની આપેલી છે. સ્મીથ કહે છે : 'ધર્મનીરપેક્ષ રાજ્ય'માં વ્યક્તી તથા સંસ્થાને સમ્પુર્ણ ધાર્મીક સ્વાતન્ત્ર્ય હોય, એમાં દરેક નાગરીક પ્રત્યે ધર્મથી નીરપેક્ષ રીતે જ વર્તાવ

કરવામાં આવે, બંધારણથી રાજ્ય કોઈ પણ ધર્મ સાથે સંકળાયેલું ન હોય અને અને તે કોઈ ધર્મને ટેકો ન આપે, તેમ કોઈ પણ ધર્મમાં દખલ ન કરે.' સ્મીથની આ વ્યાખ્યા સેક્યુલર સ્ટેટના મુળભુત હેતુને જ મારી નાખે છે... વાસ્તવમાં જો ધર્મના આદેશો માનવગૌરવનો ભંગ કરનારા હોય; માનવ–અધીકારોની વીરુદ્ધના હોય; લોકોનાં કોઈ પણ ઐહીક હીતો સાથે સંઘર્ષમાં આવે, ત્યારે સેક્યુલર સ્ટેટ મૌન ધારણ કરીને નીષ્ક્રીય બેસી શકે જ નહીં.

**[155]** ગાંધીનગરથી ફક્ત દસ–બાર માઈલ છેટે આવેલા રુપાલ ગામમાં આસો માસમાં 'પલ્લી' ભરાય છે. આ પલ્લી એટલે મેળો યા માતાજીની રથયાત્રા, જેમાં વરદાયીની માતાને માથે ચોખ્ખું ઘી ચઢાવવામાં આવે છે. આ ઘી પછી ગામની ધુળમાં ઢોળાય છે અને રગદોળાય છે. રીવાજેય વળી એવો ચુસ્ત ને હાનીકારક કે પ્રસ્તુત ધુળ દલીત સમાજ જ લઈ જાય અને એમાંથી ધુળીયું ઘી કાઢીને એ લોકો ખાય ! આમ, હજારો કીલો ઘી એ દીવસે ધુળમાં ઢોળી દેવામાં આવે. આવો તહેવાર ઘણો દુઃખદ, અધર્મી તથા વર્તમાન તન્ગી તેમ જ મોંઘવારીના દીવસોમાં એ માનવતા વીરોધી અપરાધ ગણાય.

રૅશનાલીસ્ટોએ આવા અર્થહીન અને બગાડપ્રધાન ઉત્સવ સામે વીરોધ દર્શાવ્યો અને ધર્મધુરન્ધરોને વીનન્તી કરી કે, ઘી ધુળમાં ઢોળાય એને બદલે વાસણોમાં ઝીલી લો અને પછી ગરીબોને વહેંચી દો ! ત્યારે જવાબ મળ્યો, એય આ વૈજ્ઞાનીક યુગનું પરમ આશ્ચર્ય કહેવાય. પલ્લીના સુત્રધારોએ કહ્યું કે, 'ઘી ધુળમાં ઢોળાય તો જ ધાર્યું પુણ્ય મળે !' એટલે સુધારકોએ અદાલત સમક્ષ ઘા નાખી કે, 'આવો અમાનવીય ઉત્સવ બન્ધ કરાવો !' ત્યારે અદાલતે કાયદેસર ચુકાદો આપ્યો કે, 'રુપાલની પલ્લી એ ધાર્મીક બાબત છે અને ધાર્મીક બાબતોમાં અદાલત કે કાયદો માથું મારી શકે નહીં.'

**[156]** વીસમી સદીમાં જ્યારે કલ્યાણરાજ્યની વીભાવના સ્વીકૃત બની છે, ત્યારે કોઈ પણ રાષ્ટ્રમાં કોઈ પણ ધર્મની જાહેર સ્વીકૃતીને સ્થાન જ રહેતું નથી. પ્રજાનું હીત એ જ જો સરકારનું પ્રથમ તથા સર્વોચ્ચ ધ્યેય હોય, તો જ્યાં જ્યાં અને જેવી જેવી રીતે ધર્મ પ્રજાકલ્યાણની આડે આવે, ત્યાં ત્યાં રાજ્યે ધર્મના નીયમો–ફરમાનોનું ઉલ્લંઘન કરવું જ રહ્યું. એમાં ધાર્મીક સ્વાતંત્ર્ય કે બીનદખલગીરીનો જરીપુરાણો સીદ્ધાન્ત જાળવી શકાય જ નહીં. એથી તો પ્રજાહીતના ખંડન ઉપરાંત, સામાજીક ન્યાય તથા માનવગૌરવનું પણ ખંડન જ થાય. જાતી તથા ધર્મને ધોરણે, પ્રજાજનોમાં કોઈ ભેદભાવ નહીં એ બન્ધારણીય જોગવાઈનો પણ ભંગ થાય. આથી આ મહાન સીદ્ધાન્તોના રક્ષણાર્થે પણ, એની વીરુદ્ધ હોય એવાં ધાર્મીક ફરમાનોને રાજ્યતન્ત્રે ઉડાવી દેવાં જોઈએ. આ તમામ ચર્ચાનો સાર એટલો જ કે, જો રાજ્યતન્ત્રે સાચું સેક્યુલર–ધર્મનીરપેક્ષ રાજ્ય સર્જવું હોય તો, તન્ત્રે ધર્મને પડકારવો જ

જોઈએ. ધર્મના ક્ષેત્રે બીનદખલગીરીનો સીદ્ધાન્ત પ્રજાહીતના સન્દર્ભે ભયાવહ પરીણામો લાવનારો જ નીવડ્યો છે.

[157] આપણે એક સેક્યુલર સ્ટેટની વ્યાખ્યા કરીએ :

(1) કોઈ પણ રાજ્યવ્યવસ્થાનું સર્વપ્રથમ તથા અન્તીમ ધ્યેય પ્રજાની સુખાકારી, અર્થાત્ સુખ, શાન્તી અને સમૃદ્ધી જ હોય. એથી એની આડે આવતી, અન્તરાયરુપ એવી તમામ પ્રવૃત્તીઓ ઉપર, ધાર્મીક પ્રવૃત્તીઓ સહીત, સમ્પુર્ણ પ્રતીબન્ધ હોવો જોઈએ.

(2) જે રાજ્યની સમગ્ર પ્રજાને એક જ નામે ઓળખવામાં આવતી હોય, મતલબ કે ધાર્મીક લેબલ વડે જ્યાં કોઈ પણ જુથને ઓળખવામાં જ ન આવે, અર્થાત્ પ્રજાનો કોઈ પણ એક વીભાગ કયો ધર્મ પાળે છે, એ હકીકતની સમ્પુર્ણ અવગણના કરવામાં આવે.

(3) રાજ્ય કોઈ પણ પ્રકારના પારલૌકીક સુખ કે હીતમાં માને નહીં અને આવી પારલૌકીક કે આધ્યાત્મીક પ્રાપ્તીની દૃષ્ટીએ થતી પ્રજાની યા અમુક પ્રજાજુથની તમામ પ્રવૃત્તી ઉપર પ્રસ્તુત રાજ્ય દ્વારા અટલ પ્રતીબન્ધ મુકવામાં આવે.

(4) ધર્મનીરપેક્ષ રાજ્યની સર્વોપરી સત્તા, કોઈ પણ ધર્મમાં માનતી ન હોવી જોઈએ. અને એના આશ્રયે કશો પણ ધાર્મીક કાર્યક્રમ યોજી શકાય નહીં. ઉક્ત સત્તામંડળના સભ્યો પણ કોઈ જ જાહેર ધાર્મીક કાર્યક્રમમાં ભાગ લઈ શકે નહીં.

(5) ધર્મને ધોરણે સમગ્ર પ્રજાને યા ચોક્કસ પ્રજાજુથને એક પણ લાભ કે ગેરલાભ આપી શકાય નહીં.

(6) જે રાજ્યતન્ત્ર કેવળ પ્રજાનાં ભૌતીક સુખોની જ દરકાર કરે, એમાં એક પણ કાનુન કે વ્યવસ્થા એવાં ન હોવાં જોઈએ કે જે પ્રજા યા પ્રજાજુથનાં ધાર્મીક હીતોનાં સમર્થક હોય. (જો કે ધર્મને હીત શબ્દ સાથે જોડવો એ જ વદતોવ્યાઘાત છે, ધર્મ સ્વયં અહીત હોઈ, અત્રે કહેવાતાં ધાર્મીક હીતો – ઈન્ટરેસ્ટ એમ સમજવું).

(7) તમામ પ્રકારની જાહેર ધાર્મીક પ્રવૃત્તી ઉપર કડક પ્રતીબન્ધ હોય.

(8) કોઈ પણ સંસ્થામાં, ધાર્મીક શીક્ષણ આપવા પર જ્યાં સખ્ત પ્રતીબન્ધ હોય, કોઈ પણ ધાર્મીક સંસ્થાને શીક્ષણ સંસ્થા સ્થાપવાની મનાઈ હોય અને શીક્ષણ સંસ્થાઓમાં પ્રાર્થનાઓ રાખવા પર સમ્પુર્ણ પ્રતીબન્ધ હોય. જ્યા શૈક્ષણીક અભ્યાસક્રમોમાં ક્યાંય ધર્મપંથો કે ધર્મપુરુષોનો ઉલ્લેખ પ્રતીબન્ધીત હોય.

ટુંકમાં, કોઈ પણ રાષ્ટ્ર ધર્મનીરપેક્ષ રાજ્ય વાસ્તવમાં ત્યારે જ બની શકે કે જ્યારે તેના સત્તા–વીસ્તારમાં ધર્મ જ પ્રતીબન્ધીત હોય.

અનુક્રમણીકા

## 11

# નારી

**[158]** સ્ત્રીજાતીના શોષણને નામે આપણા સમાજમાં અવળા જ વીચારો પ્રવર્તે છે, તેમ જ અવળાં જ આંદોલનો થાય છે, જેમ કે રુપાળી સ્ત્રીની તસવીરોવાળાં પાટીયાં તોડી નાંખવાં કે પોસ્ટરો ફાડી નાંખવાં, સૌંદર્યસ્પર્ધાઓ અટકાવવી, મર્યાદાપુર્વકનાં વસ્ત્રો પહેરવાની ફાસીવાદી ફરજ પાડવી, જાહેરખબરોમાં સ્ત્રીસૌંદર્યનાં દર્શન પ્રત્યે વીરોધ પોકરાવો ઈત્યાદી. પરન્તુ બહેનો, સમજી લો કે આ કાંઈ સ્ત્રીનું શોષણ નથી ! સ્ત્રીનું મોટામાં મોટું શોષણ તો ગજા બહારનું ઘરકામ અને ઘરમાં એના અભીપ્રાયની, અભીગમની યા આરોગ્યની સુધ્ધાં ધરાર અવગણના ! જાણે કે તે માણસ જ નથી, યન્ત્ર છે, પાલતુ પ્રાણી છે, ગુલામડી છે ! સૌથી વધુ દુ:ખદ આશ્ચર્યની વાત તો એ કે, ભણેલી, વ્યવસાય કરતી, કયારેક તો પતીથી પણ વધુ વેતન કમાતી બહેનોએ નોકરી–ધંધા પરથી આવીને પુન: એટલું જ જંગી ઘરકામ કરવું પડે છે. જ્યારે પતી દેવો બહાર બેઠા કે બજારમાં રખડતા મીત્રો સાથે કડવી–મીઠી ગોષ્ઠીમાં બેકાર સમય પસાર કરે છે. અને રાતે ઘરે આવી વળી પત્ની પર હુકમશાહી ચલાવે છે. શોષણ તો આને કહેવાય. લગ્ન એ શોષણનો જાલીમ સકંજો છે. માટે બહેનો, લગ્ન કરવાનું જ બન્ધ કરો! આ એક ખુબ ક્રાન્તીકારી સુચન છે; પરન્તુ અમલ કરી જોવા જેવો છે; કારણ કે; બધાં જ અનીષ્ટ, અન્યાય, અપમાન અને અત્યાચારનું મુળ છે, લગ્ન. માટે 'મુલમ્ નાસ્તી કુત: શાખા?' હવે બહેનોએ લગ્ન વીના કુંવારાં તથા એકલાં રહેતાં શીખી લેવું જોઈએ. કવચીત્ પુરુષ સાથે રહેવાની અનુકુળતા મળે અને એથી વીવીધ સગડવો જળવાતી હોય યા અનીવાર્યતા હોય, તો મીત્રભાવે વીનાલગ્ને રહેતાંય શીખી લેવું ઘટે. સુધરેલા અને સુખી એવા પશ્ચીમી દેશોમાં વીના લગ્ને સ્ત્રી–પુરુષ મીત્ર કે કમ્પેનીયનની જેમ સાથે રહે જ છે. તેમાં કશું જ અનુચીત નથી. તમામ અનીષ્ટો, જેવાં કે કાયદેસરતા, ઉંચનીચના ભેદ, આર્થીક પરવશતા, ઘરકામનો બોજ, બાળકના ઉછેરનો બોજ, દેહસોંપણીનું ફરીજીયાતપણું; એ બધું જ લગ્નના વણલીખીત ગુલામીખતના કારણે જ સ્ત્રીને માથે ઠોકાય છે. માટે બહેનો, લગ્ન કરવાનું હવે સદન્તર બન્ધ કરો ! શુભસ્ય શીઘ્રમ! આ સર્વ ચર્ચાનો સાર વ્યંજનાત્મક ભાષામાં રજુ કરું તો, બહેનો એવી પ્રચંડ ઝુંબેશ ઉપાડે કે શબ્દકોશમાંથી 'પતીવ્રતા' શબ્દ રદ કરો યા 'પત્નીવ્રત' શબ્દ દાખલ કરો! આ એક અર્થપુર્ણ સુત્ર છે. જેનો અર્થ થાય; સ્ત્રીએ લગ્ન કરવા જ નહીં, અને છતાં કરે તો સ્ત્રીની પતી પ્રત્યેની જેવી ચોક્કસ અને અફર ફરજો છે, એવી પુરુષની એટલે કે પતીની પત્ની પ્રત્યે હોવી જ ઘટે. અને પતીએ તે પાળવી જ પડે. મતલબ કે

અમુકતમુક કાર્ય જેમ સ્ત્રી માટે અનીવાર્ય કે ફરજીયાત, તેમ ઘરમાં ચોક્કસ કામ પુરુષ માટે પણ ફરજીયાત હોવાં જોઈએ. દા.ત., પુરુષનું માથું દુઃખે તો પત્ની માથું દબાવે, તેમ સ્ત્રીનું માથું દુઃખે ત્યારે પતીએ પણ પત્નીનું માથું દબાવી જ આપવું ! પુરુષ સ્ત્રીની નીર્બળતાનો લાભ ઉઠાવે યા તેની લાગણીશીલતાને છેતરી જાય તેમ બનતું સ્ત્રીએ અટકાવવું જ રહ્યું. વળી તે તેણે જ કરવાનું છે. અર્થાત્ બહેનોએ પતીને માથું દુખાડનારા મીટાવીને માથું દબાવનારા બનાવી દેવાના છે.

**[159]** જ્યાં સમાજ સમ્પુર્ણ સ્વાતન્ત્ર્ય ભોગવતો હોય ત્યાં જ સાચો પ્રેમ પાંગરી શકે છે. પ્રેમમાં કામવાસના હોય એ અનીષ્ટ નથી; બલકે જો ન હોય તો સંભવતઃ એ જ અનીષ્ટ બની રહે. પરન્તુ અનીવાર્ય તો એ જ છે કે કામ પ્રેમમાંથી ઉદ્ભવવો જોઈએ. ધર્મશાસ્ત્રો જ્યાં એવું ફરમાવતાં હોય કે ‘સ્ત્રીઓને પ્રેમ કરશો નહીં, પ્રેમ કર્યા વીના જ તેઓને ઉપભોગો !’ ત્યાં મહાન પ્રજા પાકે જ કઈ રીતે ? આવી માન્યતાઓ આપણા પડતીના દીવસો સુચવે છે.

**[160]** આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતીમાં તો મહીલાઓ પણ મુક્તપણે અચુક ખીલી શકતી. એમનોય પોતીકો અવાજ અને પોતીકી ઓળખ હતી. વીદુષી નારી ગાર્ગી ભરસભામાં મહર્ષી યાજ્ઞવલ્ક્ય સાથે વીવાદ કરી શકતી; મૈત્રેયી પતીને કહેતી કે, ‘જેના વડે અમૃતત્વ પ્રાપ્ત ન થાય, એવા સુવર્ણને હું શું કરું ? મારે એ ન જોઈએ !’ ભર્યા સ્વયંવરમાં દ્રૌપદી વીરોધ પોકારી શકતી કે, ‘કર્ણ ભલે મત્સ્યવેધ કરે; હું નહીં પરણું એ સુતપુત્રને !’ પરન્તુ લગભગ આઠસો વર્ષના ઈસ્લામી શાસન દરમીયાન, ભારતીય સમાજ ભીરુ બની ગયો, સંકુચીત થયો અને સલામત કોચલામાં જંતુની જેમ ભરાઈ જઈ, કેવળ જીવી જવામાં જ જીવનની સાર્થકતા સમજી બેઠો ! એ કારણે જ નારી ઘરકેદી બની, બાળલગ્નનો ભોગ બની અને એમ ભારતીય સમાજની અર્ધોઅર્ધ માનવશક્તી મરણતોલ બની રહી. જો કે મનુના આદેશો પણ આવકાર્ય તો નથી જ.

ધર્મ અને ધર્મપુરસ્કૃત લગ્ને જ સ્ત્રીને કાયમની ગુલામડી કે પશુવત્ બનાવી રાખી છે. અમેરીકી સ્ત્રીમુક્તી–આંદોલનકાર એલઝાબેથ કેડી સ્ટેન્ટન લખે છે કે, ‘બાઈબલ અથવા ધર્મસંસ્થાઓ સ્ત્રીમુક્તી વીરુદ્ધ સૌથી ભયાનક અવરોધો છે.’ ધર્મસંસ્થાઓના આદેશ અને ફતવાઓનો સમગ્ર ધ્વની સ્ત્રીજાતી પ્રતી ઘોરતમ તુચ્છકાર તથા તીરસ્કાર જન્માવતી નીંદાનો જ રહ્યો છે. આપણાં ઉત્તરકાળ ગ્રંથો, પુરાણો તેમ જ મનુસ્મૃતીએ પણ સ્ત્રીને મુર્ખ, કપટી, અપીવત્ર, જુઠી, કાતીલ તથા નરકની જવાળા ગણાવી, એની બેફામ નીંદા કરી છે. વધુ દુઃખદ હકીકત તો એ છે કે, યત્ર નાર્યસ્તુ પુજ્યન્તે–રટનારા પુરુષો જ સ્ત્રીઓ વીશે આવા હલકા

ખ્યાલો મનોમન ધરાવે છે. અને એના મુક્ત વીકાસને રૂંધે છે. કારણ કે એ વળી એમને ફાવતું આવે છે. ત્યારે સ્ત્રીની શક્તીપ્રતીભાના અનીયન્ત્રીત આવીર્ભાવ માટે એ અનીવાર્યતા બને છે કે, તે પુરુષના વર્ચસ્વથી મુક્ત થઈ જાય, લગ્ન ન કરે અથવા તો સમાનધોરણે જ લગ્ન કરે.

**[161]** હા, લગ્નજીવનમાંય સ્ત્રીનો વ્યક્તીત્વ–વીકાસ શક્યો ખરો; કીન્તુ એ માટે સમગ્ર અભીગમ, મનોદશા તથા જીવનવ્યવહાર ધરમુળથી બદલી જ નાંખવો રહ્યો : પતી–પત્ની વચ્ચે પ્રગાઢ સહકાર, સમાનતા તથા આદરની ભાવના હોય, એકબીજાની વીશીષ્ટ શક્તીઓની કદર હોય અને પરસ્પર પ્રોત્સાહન હોય, પત્નીના સ્વતન્ત્ર વ્યક્તીત્વનો પતી દ્વારા બીનશરતી સ્વીકાર હોય, બીનદખલગીરી આધારીત ખેલદીલમૈત્રી ભાવ હોય–આવું બધું મળે તો જ યુવતીએ લગ્ન કરવાં. બાકી કુંવારા રહેતા શીખી લેવું. લગ્નમાં જરાય ઉણપ દેખાય એટલે છુટા પણ થઈ જ જવું. વડીલો, નારીસંસ્થાઓ તથા ઓએસીસ જેવી વીશીષ્ટ જીવનદર્શનવાળી સેવાસંસ્થાઓ બાલીકાઓ–કીશોરીઓને આ દીશામાં શીક્ષણ આપી, તૈયાર કરે ! બાકી, જે રાષ્ટ્રની અડધોઅડધ માનવમુડી વેડફાઈ રહી હોય એ દેશનો ઉદ્ધાર શક્ય જ ક્યાંથી ?

**[162]** મહીલા વીશે અત્રે હું કેટલાંક નમુનેદાર અવતરણો આપણાં ધર્મગ્રંથોમાંથી ટાકું છું. જે શબ્દશઃ અનુવાદીત હોઈ, તેમાં જે કંઈ પણ અનુચીત કે અરુચીકર જણાય તો તેની જવાદારી મારી નહીં; સંપુર્ણતઃ આપણા પુર્વજ ઋષીમુનીઓની જ છે. અને છતાં આવી અનીવાર્ય ચર્ચા કોઈને કદાચ અણગમતી પ્રતીત થાય તેઓ મને ઉદારચીત્તે ક્ષમા કરે. આપણે અજ્ઞાનવશ કેવળ ખરાબને ઉત્તમ ગણીગણાવી કેટલો વખત ચાલ્યા કરીશું ?

*તો હવે જ્ઞાન તથા સત્યના હીતાર્થે નીચેનાં અવતરણો* :

- ‘અસત્ય, સાહસ, માયા, કપટ, મુર્ખતા, અતીલોભ, અપીવત્રતા અને નીર્દયતા સ્ત્રીના સ્વાભાવીક દોષો છે. આ જગતમાં સ્ત્રીઓ કરતાં અધીક પાપી બીજું કાંઈ નથી. સ્ત્રી સર્વદોષનું મુળ છે. નારીમાં એક દુષ્ટ ધર્મ રહેલો છે; એ કોઈ પણ પુરુષને છોડતી નથી અને પુરુષ ન મળે તો સજાતીય આનન્દ માણે છે; પરન્તુ પતીના આગમન સુધીય ધીરજ ધરી શકતી નથી. સ્ત્રી કેવળ બન્ધન કે ભયની મારી જ, ના છુટકે પોતાના શીલની રક્ષા કરે છે. પછી અગ્ની જેમ કાષ્ટથી તૃપ્ત થતો નથી, તેમ સ્ત્રી મૈથુનથી કદી તૃપ્ત થતી નથી. પુરુષને જોતાં જ તે વીહ્વળ બની જાય છે. કાળ, વંટોળ, મૃત્યુ, અગ્ની, તલવાર, ઝેર, સર્પ એ સર્વમાં જે ઘાતક શક્તી રહેલી છે તે તમામની કુલ ઘાતકતા વીધાતાએ સ્ત્રીમાં મુકી દીધી છે (મહાભારત અનુ.૧૩/૩૮–૪૦).

મહાભારત સમા પરમ ધાર્મીક ગણાતા ગ્રન્થમાં ભીષ્મ, યુધીષ્ઠીર જેવી

પુજનીય વ્યક્તીઓનાં મુખે તથા પન્ચચુડાના પાત્ર દ્વારા સ્ત્રી; જે જનની અને ભગીની છે એના વીશે આવા અણછાજતા, ભુન્ડા અભીપ્રાયો ઉચ્ચારાય છે. જે કેવળ અવીવેકપુર્ણ જ નહીં; બહુધા અસત્ય પણ છે.

● 'સ્ત્રી નથી જોતી રુપ કે નથી જોતી વય, દેખાવડો હોય યા કદરુપો, પુરુષ માત્રને તે ભોગવે છે. માટે પુરુષે સ્ત્રીનું સતત રક્ષણ કરવું. (મનુસ્મૃતી – 9/14-17)

● સ્ત્રીઓ ઉચ્છંખલ હોય છે. કઠોર વાણીથી, મારપીટથી યા અન્ય ત્રાસ વડે પણ તેને વશ રાખી શકાતી નથી. પુરુષોએ સ્ત્રીઓ પ્રત્યે સ્નેહ રાખવો નહીં; પ્રીતી રાખ્યા વીના જ તેમને ભોગવવી... સ્ત્રીઓને પતી દ્વારા શીક્ષા કરવામાં ન આવે તો એ દુષ્ટાઓ વંઠી જાય છે અને ભુંડા કામ કરવા લાગે છે.' (મહાભારત – વન અનુ. 28/15-13/43 તથા મનુસ્મૃતી – 9/13-21)

● 'આ મહાયુદ્ધનો પરીશ્રમ મેં કાંઈ તારા માટે નથી કર્યો; રઘુકુળને લાગેલું કલંક દુર કરવા માટે જ કર્યો છે. માટે હે સીતે, તારા ચરીત્ર્યમાં મને શંકા થવાથી... તું તારી મરજી પડે ત્યાં જા ! મારે તારું કામ નથી. રાવણે તને કુદષ્ટીથી જોઈ, ખોળામાં પણ બેસાડી છે. હું કેવી રીતે તને સ્વીકારું ? તું લક્ષ્મણ પાસે જા... ભરત પાસે જા !.. લક્ષ્મણે તલવાર કાઢી તેનાં (શુર્પણખાનાં) સ્તન, નાસીકા તથા કાન કાપી નાંખ્યાં.' (વાલ્મીકી રામાયણ – યુદ્ધકાંડ તથા 3-69-18)

● 'સ્ત્રીઓથી વધુ પાપી અન્ય કોઈ પ્રાણી નથી, સ્ત્રીઓ પાપનું મુળ છે. (શીવ–ઉમા–24-26)

● મદીરા અને સ્ત્રી અનેક વીકારોથી ભરેલાં છે... સ્ત્રીના બીભત્સ શરીરનું પુરુષને શું પ્રયોજન છે ? સ્ત્રીનો ત્યાગ કરવાથી સંસારનો ત્યાગ થાય છે. (યોગવાસીષ્ઠ – 1/21)

● પંડીત પુરુષે સ્ત્રીનો કદી વીશ્વવાસ કરવો નહીં... કુતરાં અને વ્યભીચારીણી સ્ત્રીઓ હમ્મેશાં નવું નવું જ શોધે છે. સ્ત્રીઓનાં મુખ કમળ પેઠે પ્રફુલ્લ હોય છે; પરન્તુ હૃદય અસ્ત્રાની ધાર જેવાં કાતીલ હોય છે. સ્ત્રીઓનાં ચરીત્ર કોણ જાણી શકે છે ? તેઓ સ્વાર્થ માટે પતી, પુત્ર કે ભાઈનો પણ નાશ કરે–કરાવે છે. (ભાગવત્ – 8, 9, 9/10 તથા 6-41/42)

● સ્ત્રીઓ નરકના અગ્ની જ્વાલાઓ જેવી જ છે.' (યોગવાસીષ્ઠ – 5-18-14)

આ તો માત્ર અલ્પસંખ્ય નમુના છે. બાકી આવાં તો અસંખ્ય નીન્દાત્મક, ઘૃણાપુર્ણ કથનો–કથાઓથી આપણા ધર્મગ્રંથોનાં પાનાંનાં પાનાં ખદબદે છે. પરન્તુ સ્થળસંકોચવશ

'સુજ્ઞેષુ કીં બહુના !' કહી વીરમીએ. બહેનોએ સ્વમાન તથા સ્વઉત્કર્ષ અર્થે લડવું જ હોય તો આવા ગ્રંથો સામે લડે !

**[163]** દીકરીઓને યથેચ્છ, એને જ્યાં ગમે ત્યાં, જેવો પસન્દ આવે તેવા મુરતીયા સાથે વણવીરોધ લગ્ન કરવા જ દેજો ! શરત ફક્ત એક જ : વીદાયની વેળાએ એને કેવળ એટલું જ કહેજો કે, 'બેટા સાસરીમાં તને કોઈ પણ કારણે ન ફાવે તો, નીઃસંકોચ પાછી આવજે ! આપણું ઘર તને એટલાં જ સ્નેહ અને વાત્સલ્યથી આવકારવા સદાય ખુલ્લું જ છે.' બસ, માતા–પીતા કે વડીલો પોતાનો રુઢીચુસ્ત અભીગમ જરાક જ આટલો, જરાક જ બદલે, તોય રોજની ડઝનબંધ આત્મહત્યાઓ અવશ્ય નીવારી શકાય.

**[164]** મારો તો વીનમ્ર છતાં મજબુત મત છે કે, વીશીષ્ટ પ્રતીભાધારી, શક્તીસમ્પન્ન યુવતીઓએ લગ્ન કદી કરવાં જ જોઈએ નહીં અથવા તો પોતાની શક્તી, પ્રતીભાની પરીપુર્ણ અભીવ્યક્તી બાદ જ, ઉત્તરવયે, નીરાન્તે લગ્નનો વીચાર આવે, તો જ પછી લગ્ન કરવાં. (આજના અનેક કલાકારો આવું કરે પણ છે ખરા)જો કે મારી સાચી અને પાકી સલાહ તો એ જ છે કે, સ્ત્રીવ્યક્તીએ મુદ્દલે લગ્ન કરવાં જ નહીં. કારણ લગ્ન સ્ત્રીને ગુલામડી, અવેતન ગુલામ બનવાની મુકે છે અને તેની તમામ શક્તીઓ, મહત્ત્વાકાંક્ષાઓ કચડી મારે છે. છતાં ધારો કે, પ્રેમલગ્ન કરવા મજબુર બનો તો, પરસ્પર સ્વાતન્ત્ર્યની અતુટ શરતો વીગતે કરી લીધા બાદ જ લગ્નવેદીમાં ઝંપાલવવું ! (Terms and conditions)

♦

અનુક્રમણીકા

## 12

# સેક્સ

**[165]** વેશ્યાની સમાજમાં અનીવાર્યતા રહેવાની જ; કારણ કે એની હસ્તીને કારણે જ ખાનદાન કુટુમ્બોની બહેનોનું શીલ સલામત રહી શકે છે. જો ખરેખર આમ જ હોય તો, આવો અભીગમ નઠોર નીર્દયતા જ કહેવાય; કારણ કે સમાજની સુખી બહેનોનાં શીયળના રક્ષણ માટે ગરીબ અને લાચાર બહેનોના શીયળનું જાહેર લીલામ કરવું ! આ તો અન્યાય જ કહેવાય. પ્રાચીન યુગમાં શત્રુના નગરનો દરવાજો તોડવા હાથીઓ પાસે ધક્કા મરાવવામાં આવતા. પરન્તુ એમ માથું મારતાં, હાથીને ઈજા ન થાય, એ માટે આડું ઉંટ ઉભું રાખવામાં આવતું. અને એમ બાપડું નીર્દોષ ઉંટ માર્યું જતું. એવી જ નીર્દય આ તરકીબ ગણાય કે, સમાજના લાભાર્થે થોડી ગરજુ, લાચાર બહેનોનો ભોગ લેવો. જો કે, મારા મતે આવી માન્યતા મુળભુત રીતે જ ખોટી છે; કારણ કે ગમે તેટલા સેક્સભુખ્યા છતાં, બધા પુરુષો કાંઈ બળાત્કાર નથી કરતા, અને બળાત્કારનું એ કૃત્ય વૈકલ્પીક હોય છે એવુંય કોણે કહ્યું ? વીશાળ વેશ્યાબજારોવાળા નગરોમાં પણ બળાત્કાર તો થાય જ છે. અને સંસ્કારી, કાયદાપાલક, વીવેકનીષ્ઠ સદગૃહસ્થો ગમે તેટલા કામાતુર થાય, તોય કદી બળાત્કાર નથી જ કરતા. કેટલાક ઈતીહાસકારોના મતે વેશ્યાવ્યવસાયનો ઉદ્‌ભવ દેવદાસી પ્રથામાંથી થયેલો છે. પ્રૌઢ થતાં, મન્દીરમાંથી જ્યારે દેવદાસીની હકાલપટ્ટી થતી, ત્યારે તેની અવદશા ઘણી માઠી થતી એને કોઈ સ્વીકારતું નહીં. પરીણામે એ દેહ વેચીને ગુજરાન ચલાવતી. જો કે આ મત અંશતઃ જ સાચો છે; કારણ કે, જો દેવદાસી પ્રથા જ ન હોત, તો વેશ્યાસંસ્થા હોત જ નહીં, એમ તો કેમ કહી શકાય ? સામાજીક માનવીની જરુરીયાતમાંથી જ સમાજમાં વેશ્યાવૃત્તીનો ઉદ્‌ભવ થયો છે. અલબત્ત, આ બન્ને ભીન્નભીન્ન મતનું સંકલન કરવું હોય તો એમ કહી શકાય કે, સમાજમાં વેશ્યાવૃત્તી તો ચાલતી જ હશે; પરન્તુ એને વ્યવસ્થીત વ્યવસાયરુપે વીકસાવવામાં દેવદાસીની પ્રથાએ મોટી મદદ કરી હોય. ખેર, આજે વેશ્યાવ્યવસાય આપણા દેશમાં અસામાજીક તત્ત્વોના હાથમાં છે, જેમાં સ્ત્રીઓને બળજબરીથી જોતરવામાં આવે છે. વળી એવી સ્ત્રીઓ બહુધા અપહૃતા કે અન્યથા લાચાર, ફસાઈ ગયેલી બહેનો હોય છે. તેઓ ખુબ દયાજનક હાલતમાં જીવે છે અને મરે છે ! રોગો ફેલાવે છે અને સ્વયં રોગોનો ભોગ બને છે. આનું કારણ સમાજનો ઉપેક્ષાપુર્ણ, તીરસ્કારભર્યો વ્યવહાર છે. પરન્તુ એનો ઈલાજ વેશ્યાસંસ્થાની નાબુદી નથી; કારણ કે વેશ્યાવૃત્તી તો એક યા બીજા પ્રકારે ચાલુ જ રહેવાની, જેનું કારણ વળી એ જ કે, એ માનવજીવનની જરુરીયાત છે. ઉત્તમોત્તમ ઈલાજ તો

વેશ્યાવ્યવસાયને પણ અન્ય વ્યવસાયો જેવો જ ઉજળો, આદરણીય, માન્ય, શુદ્ધ અને સ્વચ્છ તથા સ્વૈચ્છીક બનાવવાનો છે.

**[166]** જીવનનો ખરો આનન્દ સેક્સની અમુક સ્વાભાવીકતા ઉપર નીર્ભર છે. જ્યાં સેક્સને કચડી નાખવામાં આવે છે ત્યાં જીવનનો શુષ્ક બોજ જ બાકી રહે છે, જે કશુંય મુલ્યવાન સર્જન કરી શકતો નથી. પ્રાણીઓ અને જંગલી માનવી તો કેવળ શારીરીક સેક્સ એટલે કે એકલા મૈથુનથી સન્તુષ્ટ રહી શકે; પરન્તુ સંસ્કારી તથા ઉર્મીશીલ વ્યક્તીને તો પ્રેમ જોઈએ, હમદર્દી તથા સંવનન જોઈએ. કેવળ શારીરીક ભુખ સન્તોષાય એ પુરતું નથી, માણસની માનસીક ભુખ પણ સન્તોષાવી જોઈએ. સમાજમાં પ્રેમસ્વાતંત્ર્ય અનીવાર્ય છે; પરન્તુ રુઢીચુસ્ત નીતીવાદીઓ એવું સ્વાતન્ત્ર્ય માન્ય રાખવા તૈયાર નથી.

**[167]** સંસ્કૃતીના આદીકાળથી જ, લગભગ બધા જ સમાજોમાં વેશ્યાવ્યવસાય ચાલતો જ આવ્યો છે. એક બાજુ દૈહીક જરુરીયાત છે, તો સામે પક્ષે જીવનનીર્વાહ અર્થે અર્થવ્યવસ્થા અનુસાર કરવો પડતો કોઈ ને કોઈ પ્રકારનો વીનીમયમુલક વ્યવહાર છે. સરળ શબ્દોમાં વર્ણવીએ તો, વેશ્યા–વ્યવસાય એ સેક્સની ભુખ અને પેટની ભુખ વચ્ચેનો આર્થીક વીનીમય જ છે. અલબત્ત, બધા જ સામાજીક ચીન્તકો આટલી સરળ કે સહજ નજરે વેશ્યા વ્યવસાયને મુલવતા નથી અને એનાં ઘણાં વાજબી કારણો પણ છે. દા.ત., ફ્રૉઈડ સેક્સની ઈચ્છાને શારીરીક–માનસીક અનીવાર્યતા લેખાવે છે. એ જ પ્રમાણે મોટાભાગના સેક્સોલૉજીસ્ટો ને સાઈકોલૉજીસ્ટો વેશ્યાવૃત્તીને અનીવાર્ય, કમસે કમ આવશ્યક ગણાવે છે. જ્યારે કાર્લ માર્ક્સ જેવા સમતાવાદી અર્થવીદો એને આર્થીક સમસ્યા ગણી, શોષણ માને છે અને એથી વેશ્યાવૃત્તીને સમ્પુર્ણ નાબુદ કરવાની હીમાયત કરે છે. પરન્તુ વ્યાવહારીક સત્ય ક્યાંક, આ બે અન્તીમવાદી અભીગમોની વચ્ચે રહેલું છે અને એથી જ આદીકાળથી વેશ્યાવ્યવસાય જુદા જુદા સ્વરુપે અવીચ્છીન્નપણે ચાલતો આવ્યો છે. જુદા જુદા સ્વરુપે, એટલે કે ક્યાંક ઉપેક્ષીત, ક્યાંક તીરસ્કૃત, ક્યાંક બહીષ્કૃત, ક્યાંક આદરણીય, તો ક્યાંક વળી સામાન્ય સ્વરુપે એ ચાલ્યો છે. જો કે સેક્સ પોતે સર્વત્ર એક અસામાન્ય ગણાતો ગોપનીય વ્યવહાર હોઈ, વેશ્યાવ્યવસાય અન્ય વ્યવસાયો જેટલો જ સામાન્ય તો ક્યાંય નથી ગણાયો. તેમ છતાં આજના અમેરીકામાં છે તેમ, વેશ્યાવૃત્તી ખુબ વ્યાપક, પ્રચલીત તેમ જ મુક રીતે સ્વીકૃત પ્રવૃત્તી તો ઘણે ઠેકાણે સમ્ભવે. મતલબ કે સમાજ એના પ્રતી ગમ્ભીર–સક્રીય વાંધો ઉઠાવતો નથી; ફક્ત કાયદો કાયદાનું કાર્ય બજાવ્યા કરે. જાપાનમાં માતાપીતાની મંજુરીથી દીકરીઓ વેશ્યાવ્યવસાયમાં ઝંપલાવે છે.

**[168]** સમાજના કહેવાતા ઉજળા વર્ગમાં સ્ત્રીની ગરજનો લાભ ઉઠાવી, એના દેહનો ઉપયોગ, એની મરજી વીરુદ્ધ કરવામાં આવે છે, એ ગમ્ભીરતર પ્રકારનાં શોષણ, અન્યાય તથા અનીતી છે. દા.ત., બૉસ દ્વારા સ્ત્રીકર્મચારીનો ઉપભોગ કે માલીક દ્વારા મજુરણોનો ગેરલાભ ! વેશ્યાવ્યવસાયને જો એના શુદ્ધ સ્વરુપે મુલવીએ તો એમાં એવી મજબુરી નથી; કારણ કે બીજા વેપારની જેમ જ, એ વેચનારની મરજીનો સોદો છે. જો કે, વાસ્તવમાં પરીસ્થીતી એટલી સરળ કે સુખદ નથી; કારણ કે અમુક દેશોમાં એ વ્યવસાય ઉપર બળવાન અસમાજીક તત્વોનું વર્ચસ્વ છે, જેઓ ગુલામી પ્રથા ચલાવે છે. મતલબ કે, અમુક બળવાન પુરુષ યા સ્ત્રી સામ, દામ, દંડ, ભેદની નીતી વડે ખરેખર દેહ સોંપનાર રુપવતી યુવતી યા કન્યાને જબરજસ્તીથી ગુલામ બનાવીને રાખે છે અને એની પાસે ફરજીયાત પ્રસ્તુત કૃત્ય કરાવે છે. આ હકીકત ખરેખર ભયંકર, શરમજનક, સમાજના કલંકરુપ એવું ઘોર પાપ છે, પરન્તુ એમાંય વધુ દોષીત, અપરાધી સમાજ પોતે જ છે. કારણ કે, સમાજે વેશ્યાવૃત્તીને એક તીરસ્કૃત ને બહીષ્કૃત ક્ષેત્ર ગણાવી એની સદન્તર ઉપેક્ષાનું વલણ રાખ્યું છે. એને પરીણામે જ એ ‘અન્ધારી આલમ’ ગણાય છે અને એમાં જાતજાતનાં અનીષ્ટો ફાલે ફુલે છે. માટે વેશ્યાવ્યવસાયને અન્ય વ્યવસાયો જેવો જ શુદ્ધ, સ્વૈચ્છીક, પ્રગટ તેમ જ ઉજળો વ્યવસાય બનાવી, માન્ય રાખવો જોઈએ. ભારતમાં ગુપ્તયુગમાં વારાંગનાઓનું સમાજમાં માનભર્યું સ્થાન હતું અને રાજદરબારમાં પણ તેઓનો આદર થતો એવા ઘણા ઉલ્લેખો મળે છે.

**[169]** પ્રકૃતીની વ્યવસ્થા સાવ અણઘડ, પ્રાણીનાં સુખદુઃખ કે આનન્દ–પીડાથી નીરપેક્ષ રીતે અન્ધ વીકસી છે. એ કામચલાઉ છે – તે અર્થમાં કે કુદરતનો રસ ફક્ત અને ફક્ત આ પૃથ્વીપટે સજીવ સર્જનનો તન્તુ સતત ચાલુ જ રહે, એટલું જ એનું કામ સીદ્ધ કરવામાં આવે છે, અને તે માટેનું તન્ત્ર તેણે બરાબર ચલાવ્યું છે, જેને પ્રાચીન ચીન્તકોએ આહાર, નીદ્રા, ભય અને મૈથુન એ ચાર પ્રાકૃતીક વૃત્તીઓ રુપે ઓળખાવ્યું છે. એમાં આહાર અને મૈથુન– એ ઉભય આવેગો પ્રાણીજગત માટે અપરમ્પાર યાતનાનું કારણ બની ગયા, એની લેશ માત્ર પરવા કે ચીન્તા પ્રકૃતીપક્ષે નથી જ. એને તો બસ, એના કામથી જ કામ ! સામાજીકતાને બાજુએ રાખી કેવળ પ્રાણીજગતના પ્રાકૃતીક સમ્બન્ધોની વાત કરીએ તો, આહાર અને મૈથુનની જરુરીયાત કે ઈચ્છા પુર્ણ કરવા માટે એક પ્રાણીને તેના જ વર્ગના યા ઈતર વર્ગના પ્રાણીદેહની અનીવાર્યતા રહે છે, એવી વ્યવસ્થા. ‘ઈતર વર્ગના’ એટલે તો એક પ્રાણી દ્વારા આહાર અર્થે અન્ય પ્રાણીનું ભક્ષણ. આ વ્યવસ્થા સીધીસટ અને ઝડપી છે, જેમાં ‘બળીયાના બે ભાગ’નો સીદ્ધાન્ત પ્રવર્તે છે, જેથી એ (સેક્સની જેમ) સંકુલ, સુક્ષ્મ, અનેકવીધ

પાસાવાળી અને અટળ કોયડારુપ સમસ્યા નથી બની રહી. અત્રે અસમતોલ અર્થવ્યવસ્થા કે ભુખમરા જેવા પ્રશ્નોની ચર્ચા અલબત્ત અપેક્ષીત નથી, એ જુદી જ બાબત છે.

આમ આહારની અપેક્ષાએ મૈથુનનો પ્રશ્ન ઘણો અટપટો છે; કારણ કે એમાં પોતાના જ વર્ગના એકબીજા પ્રાણીના દેહની અનીવાર્યતા રહે છે. વધુમાં આ પ્રક્રીયામાં શારીરીક કરતાં માનસીક જરુરીયાત તેમ જ સામેલગીરીનું પ્રમાણ ઘણું વધારે છે. જેથી બેઉ પક્ષે ઈચ્છા–અનીચ્છાનો પ્રશ્ન અતીગમ્ભીર રીતે ઉદ્ભવતો રહે છે. એક બાજુ, નર–માદા વચ્ચેનો સકામ દેહસમ્બન્ધ અતીઉત્કટ, લગભગ બ્રહ્માનન્દ કોટીના દીવ્ય, અજોડ આનન્દનો અનુભવ છે; તો બીજી બાજુ, જો બેમાંથી એક પક્ષની અનીચ્છા કે ઉગ્ર વીરોધ હોય તો, એ જ સમ્બન્ધી તીવ્ર પીડા, તનમનની યાતનાનું કારણ બની જાય છે. ત્યારે વળી એ જ સીદ્ધાન્ત, ‘બળીયાના બે ભાગ’નો નીયમ લાગુ પડે છે. વધુમાં આ લીલામાં, સાથી દેહનો વીનીયોગ ખુબ કઢંગી રીતે કરવાનો હોવાથી, માનવપ્રાણી સન્દર્ભે એમાં ગોપનીયતાથી માંડીને તે કાનુની ગુના સુધીની સમસ્યાઓ સંડોવાઈ ગઈ છે. એમાંની જ એક દુઃખદ સમસ્યા તે છેડતી.

**[170]** સમજી લો કે, પ્રેમ એ મન–હૃદયનો લાગણીનો વીષય છે; જ્યારે લગ્ન એ વળી ફક્ત સામાજીક વ્યવસ્થા છે. ત્રીજી બાજુ, સેક્સ એ તો શુદ્ધ શારીરીક–માનસીક વૃત્તી તથા જરુરીયાત છે. આ ત્રણ જુદી જુદી વીભાવનાઓને એક જ વ્યવસ્થા–લગ્નમાં જ, થ્રી–ઈન–વનની જેમ શોધવી કે એવી અપેક્ષા રાખવી એ જ દુઃખનું, પીડાનું તથા સંઘર્ષનું જોખમી કારણ બની રહે છે... ભારતીય સમાજ લગ્નેતર સમ્બન્ધને અતીગમ્ભીર અનીષ્ટ અને સમસ્યા ગણે છે, નીતી એટલે જાણે કે એકપાત્રી સેક્સ અથવા બ્રહ્મચર્ય – એમ માને છે. એ આપણી ગમ્ભીર ગેરસમજ છે. સેક્સ સમ્બન્ધી નીતી તો એક સાવ ગૌણ આચારસંહીતા છે. લગ્નેતર સમ્બન્ધવાળી વ્યક્તી જો અન્ય તમામ બાબતે નીતીવાન, સજ્જન, સ્નેહાળ તથા જવાબદાર વ્યક્તીત્વ ધરાવતી હોય તો, તેને એક ઉત્તમ સામાજીક નાગરીક જ લેખવી ઘટે. અરે, તે અન્ય કહેવાતી ધાર્મીક, આધ્યાત્મીક, આસ્તીક યા ‘સંયમી’ (પરપાત્ર બાબતે) વ્યક્તી, જે ઈતર સામાજીક, આર્થીક આદી વ્યવહારોમાં અનૈતીક કે સૌજન્યરહીત હોય, એના કરતાં તો પેલી લગ્નેતર સમ્બન્ધવાળી સજ્જન વ્યક્તી અનેકગણી ઉચ્ચતર–બહેતર નાગરીક જ લેખાય.

**[171]** આપણે આ દેશમાં આજે જે ગુનાખોરી તથા આત્મહત્યાઓનું પ્રમાણ વધેલું દુઃખદ રીતે જોઈ રહ્યા છીએ, ત્યારે તત્કાલીન યા ઉતાવળીયા વીચારકો એનું કારણ ટી.વી., ફીલ્મ, કમ્પ્યુટર કે મોબાઈલ ફોનમાં મીથ્યા શોધી રહ્યા છે. હકીકતે આ તો બધાં રોગનાં બાહ્ય લક્ષણો માત્ર છે. ટી.વી. પર સેક્સી કે ઉત્તેજક દૃશ્ય જોવાથી કીશોર કે યુવાનની

કામવૃત્તી બહેકી જાય છે– એવું તારણ ઉપલકીયું જ લેખાય. કેન્સરની ગાંઠ ઉપર ગરમ હળદર–મીઠું ચોપડવા જેવો એ ઈલાજ ગણાય. કામવૃત્તી ઉત્તેજાવાથી તે હમ્મેશા બહેકી જતી નથી. એથી ઉલટું ક્યારેક તો શમનકારી સીદ્ધ થાય છે. યુવાપેઢીમાં સ્વસ્થ કામવૃત્તી પ્રેરવા યા જાળવવા માટે જબરજસ્તીથી સંયમનો કે નીતીનો બોધ કદાપી સફળ નીવડતો નથી. એને બદલે સત્ય અને વૈજ્ઞાનીક જ્ઞાન ઘણું વધુ લાભકર્તા અવશ્ય નીવડે છે. જો કે એ પણ આખરી રામબાણ ઈલાજ તો નથી જ.

**[172]** સેક્સ પરત્વે જો એટલું સત્ય સ્વીકારાય કે એ સંયમ કે ત્યાગનો વ્યાપાર જ નથી, એથી ઉલટું, આનન્દ તથા આરોગ્યનો માર્ગ છે. તો ઘણી સમસ્યાઓ હળવી થઈ જાય. મારો મુખ્ય મુદ્દો જ એ છે કે વૃદ્ધોના હાથમાં ભજન, ભક્તી કે માળા પકડાવી દેવાને બદલે, તેઓને વીજાતીય સાથીનાં સંગ તથા ઉષ્મા મળે એવી વ્યવસ્થા કરો અને આનન્દ માણવા દો ! તો જ તેઓને જીવન જીવવા જેવું લાગશે. વીખ્યાત વીચારક બર્ટ્રાન્ડ રસેલે, મારા ખ્યાલ મુજબ, લગભગ 80 વર્ષની વયે ચોથી વાર લગ્ન કરેલાં. વલસાડથી વાચક શ્રી. નટુભાઈ લખે છે કે વૃદ્ધ લગ્ન શક્ય જ નથી... તમે પોતે જ કેમ ન કરી શક્યા ? મારા પર આવા પરોપદેશે પાંડીત્યનાં આક્ષેપો અન્યથા પણ ઘણા થયા છે. પરન્તુ હું સમાજથી ડરતો નથી, અને વીચાર પ્રમાણે જ વ્યવહારનારો જણ છું. અને એ રીતે બદનામ છું, એ ખુબ જાણીતી તથા લગભગ સ્વીકૃત હકીકત છે. એથી અત્રે નમ્રતાપુર્વક જાહેર કરું કે, મારાં આવાં પગલાં હમ્મેશાં સકારણ જ હોય છે, જેમ કે મારા વીધુર લગ્નને અવરોધનારું કારણ કેવળ અને ફક્ત આર્થીક છે, બીજું લેશમાત્ર નહીં. બાકી એકાકી જીવનની ભયાવહ તથા જોખમી મજબુરીઓ અને સમસ્યાઓ મને એટલી તો તીવ્રતાથી પીડે છે કે... જવા દો અંગત વાત અહીં ચર્ચતાં સંકોચ થાય છે. અનુચીત લાગે છે... તો ક્ષમા કરશો જ.

**[173]** વીશ્વભરમાં પ્રવર્તમાન આવા ઘોર વૈચારીક પછાતપણાનું મુખ્ય કારણ સમગ્ર માનવજાતના મગજ ફરતે ધાર્મીક પરમ્પરાઓ, રુઢીઓ, માન્યતાઓની જે પોલાદી બેડીઓ જડાઈ ગઈ છે એ જ છે, અને એમાંથી આપણે તત્કાલ મુક્ત થવું જ ઘટે. એક નક્કર સત્ય માનવજાતે ખુલ્લા મને સ્વીકારી લેવું ઘટે કે, નીતીમત્તા કે નૈતીક વ્યવહારની ધર્મની વ્યાખ્યાઓ જમાના જુની હોઈ, જરીપુરાણી તથા કાલગ્રસ્ત બની ચુકી છે. આજે એમાંની મોટા ભાગની કેવળ નીરુપયોગી જ નહીં; હાનીકર્તા બની રહી છે. ધર્મપ્રેરીત નીતીના બધા જ ખ્યાલો એ સાર્વત્રીક, સમગ્ર માનવજાત માટે હીતકારી એવા સનાતન, અબાધીત સીદ્ધાન્તો નથી. એથી ઉલટું, એ કાલસાપેક્ષ, તત્કાલીન સમાજ માટે બહુધા કે કદાચ જરુરી એવા નીતીનીયમો છે. ઉપરાન્ત અમુક તો વળી અમુકતમુક ધર્મસ્થાપક યા પ્રભાવશાળી વ્યક્તીની

કેવળ અંગત માન્યતા અથવા ધુનનું પરીણામ હોય છે. દા.ત., લગભગ તમામ પ્રાચીન ધર્મસ્થાપકોએ બ્રહ્મચર્ય ઉપર જે વધુ પડતો ભાર મુક્યો છે, તે તેઓની કેવળ વ્યક્તીગત માન્યતાનું જ આરોપણ ગણાય. હવે એની તરફેણમાં લાદવામાં આવેલા કાયદાને મુળભુત નૈતીકતા તરફી કાનુન તો ન જ ગણાય. આપણા દેશમાં સેક્સ–વ્યવહાર અંગેના કેટલાક વીચીત્ર તથા કઢંગા પ્રતીબન્ધક કાનુનો છે, તે અર્થહીન તથા હાસ્યાસ્પદ છે. પુરાણા સમાજોમાં ધર્મને નામે કે બહાને નાગરીકોના છેક બેડરુમ સુધી આમ સત્તાધીશો ઘુસી જતા, એ આજે આધુનીક, વૈજ્ઞાનીક યુગમાં બીલકુલ ચલાવી લઈ શકાય નહીં ! ધર્મ તો શું ખાવું ? ક્યારે ખાવું ? શું પહેરવું–ઓઢવું ? સ્ત્રી–પુરુષે પરસ્પર કેવો વ્યવહાર કરવો ? બાળકો ઉપર અમુક અત્યાચારી, પીડાદાયક તથા જોખમી આચારો – વીધી લાદવા – એ તમામ બાબતે નૈતીક ફરમાનો બહાર પાડે છે, ફરજીયાત એનો અમલ કરાવે છે. પરન્તુ એવી તેવી ધાર્મીક નીતી એ સાચા અર્થમાં 'નીતી' જ નથી, અને સામાજીક – વ્યાવહારીક નીતી તો એ મુદ્દલે નથી. દા.ત., મહાન સીદ્ધી ગણાતું બ્રહ્મચર્યપાલન હકીકતે તનમનના આરોગ્યને હાનીકર્તા જ છે, એમ હવે વીજ્ઞાન સીદ્ધ કરે છે.

**[174]** બ્રહ્મચર્યને અપાયેલા આવા અનાવશ્યક તથા અવાસ્તવીક મહત્ત્વે આપણી પેઢીઓની પેઢીઓને બરબાદ કરી છે. વીર્ય એક ઉમદા દ્રવ્ય છે, મહાન શક્તીસ્રોત છે, દીવ્ય ચમત્કારીક પદાર્થ છે. એવા વ્યાપક ભ્રમે છેક હમણાં સુધી જાહેરખબરીયા ઉંટવૈદ્યોને બખ્ખા કરાવ્યા અને યુવાપેઢીને દ્વીધાગ્રસ્ત, તનાવગ્રસ્ત, મુંઝવણપીડીત તથા અપરાધભાવથી અસ્વસ્થ બનાવી રાખી, જેથી જીવનનો એક પ્રધાન આનન્દ તેઓ લાચાર ભાવે ગુમાવી બેસતા, દીક્ષાર્થી મુંડવામાં ગૌરવ તથા સીદ્ધી માનનારા સાધુબાવાઓ પણ બરાબર એવી જ જાહેરાતો કરતા ફરે છે, યુવાનો–કીશોરોને દીક્ષાનો શીકાર બનાવે છે અને અન્તે બાવાના બેય બગડતાં, પછી સેક્સકૌભાંડો, ઉહાપોહ અને માંદલી મનોવૃત્તીઓ કે સાથે માફીયાગીરી !

**[175]** ધર્મ–પંથો તેમ જ સાધુસંતોએ બ્રહ્મચર્ય અથવા વીર્યનું મહત્ત્વ બીલકુલ પાયા વીના જ વધારી મુક્યું છે : વીર્ય એટલે જ શક્તી, બળ, તાકાત, પરાક્રમ, વીર્યસંગ્રહથી આયુષ્ય વધે, બુદ્ધી વધે, વ્યક્તી તેજસ્વી, ઓજસ્વી બને, દીવ્યતા પ્રતી ઉર્ધ્વારોહણ કરે. વીર્ય તો સેફ–ડીપોઝીટમાં સંઘરવાલાયક મુલ્યવાન મુડી, ચાલીસ–ચાલીસ દીવસના આહારમાંથી ફક્ત એક ટીપું વીર્ય બને– આવી આવી ઘોર, અવૈજ્ઞાનીક ભ્રમણાઓ ફેલાવીને ઋષીમુનીઓએ, સાધુબાવાઓએ અને વૈદ્ય–ઉંટવૈદ્યોએ કાં તો બ્રહ્મચર્યની આચારસંહીતા ઠોકી બેસાડી અથવા તો પુરુષાતનવર્ધક જડીબુટ્ટીઓ વેચી ખાધી અને એમ બેવડી રીતે યુવાપેઢીને

તથા એકંદરે પ્રત્યેક વર્ગના પ્રજાજનોને બરબાદ કર્યા અને લુંટી ખાધા. હકીકતે ચોક્કસ સન્દર્ભે વીર્ય એ શરીરનો ઉત્સર્ગ માત્ર છે, જેનો એકમાત્ર સદ્‌ઉપયોગ પ્રજનન છે. જો કે આજના વસતીવીસ્ફોટના કટોકટીભર્યા યુગમાં તો એ સદ્‌ઉપયોગ પણ ભયાવહ દુરુપયોગ જ બની રહ્યો છે !

♦

[અનુક્રમણીકા]

# 13

## દારુબન્ધી

**[176]** હું કોઈનેય શરાબ પીવાની સલાહ આપતો નથી, હીમાયત કરતો જ નથી. મારો વીરોધ કાનુન સામે જ છે; જે વ્યક્તી–સ્વાતન્ત્ર્ય તથા માનવ–અધીકારનો ઝનુની ભંગ કરનારો છે. લોકશાહીમાં, જેને જે ખાવુંપીવું હોય, તે એ રીતે પોતાની મનગમતી ચીજ ખાય–પીએ; એમાં સરકારી દખલગીરી એ લોકશાહી નાગરીક અધીકારોનો સરેઆમ, સરમુખત્યારશાહી ભંગ જ છે.

**[177]** મારે પક્ષે સૌથી વધુ મહત્ત્વની, નાગરીકના શ્વાસપ્રાણ સમી, સાચા માનવીય જીવનની પ્રથમ શરતરુપ હકીકત તો છે, લોકશાહી મુલ્યો : સ્વતન્ત્રતા, વ્યક્તીસ્વાતન્ત્ર્ય અને માનવ અધીકાર ! દારુબન્ધી કે નશાબન્ધીનો કાયદો એ નાગરીકના વ્યક્તીસ્વાતન્ત્ર્ય ઉપર, માનવઅધીકાર ઉપર લોકશાહી વ્યવસ્થામાં યથેચ્છ રીતે અંગત જીવન જીવવાના નાગરીક હક્કની વીરુદ્ધ સરમુખત્યારી આક્રમણ છે, અત્યાચાર છે. સ્વતન્ત્ર, લોકશાહી સમાજમાં અંગત ટેવો, શોખ કે આનન્દની અર્થાત્ પોતે શું ખાવુંપીવું કે શું પહેરવુંઓઢવું, એ વ્યક્તીની મરજી મુજબની જીવનરીતીમાં, કાયદો કે રાજ્ય દખલગીરી કરી શકે જ નહીં. માનવજીવનમાં સ્વાતન્ત્ર્યથી ઉચ્ચતર એવું અન્ય કોઈ મુલ્ય નથી, એનો અધીકાર જ નાગરીકને સાચા માનવની કક્ષામાં મુકે અને રાખે છે.

**[178]** જ્યારે શરાબ પીવો એ ખરેખર ગુનો કહેવાય ખરો ? એ જ સર્વપ્રથમ તો પાયાનો પ્રશ્ન છે. બેત્રણ વર્ષ પહેલાં એક મોટા વીચારકે સુન્દર, સબળ વીચારતર્કયુક્ત લેખ લખેલો કે ‘રીવાજમાંથી ગુનો’, જેનો ભાવાર્થ કંઈક એવો હતો કે થોડા દાયકા પુર્વે આદીવાસીઓ માટે દારુ પીવો એ કેવળ રીવાજ હતો. એ ભોળા લોકને તો પુરી ખબર પણ નહીં અને રાતોરાત એમનો આ એક સામાન્ય આનન્દપ્રદ રીવાજ મોટો ગુનો બની ગયો ! એ અત્યાચાર જ કહેવાય. આજે પણ આદીવાસીઓમાં વારતહેવારે તથા લગ્ન–જન્મ જેવા મંગલ પ્રસંગે દારુ પીને નાચવા–ગાવાનો રીવાજ છે જ. ક્યાંય તમે ચોરી, ખુન કે બળાત્કાર કરવાનો રીવાજ કલ્પી શકે છો ? એ જ અત્રે ગમ્ભીર તર્કદોષ છે. અમુક કૃત્ય એના આંતરીક ગુણધર્મથી મુળભુત રીતે ગુનો હોવો અને અન્ય અમુક કૃત્યને કોઈ એક જ વ્યક્તીની ધુનથી યા થોડા અગ્રણીઓના કંઠીબંધા દુરાગ્રહથી ગુનો ગણવો યા બનાવી દેવો એ બે ઘટનાઓ વચ્ચે આભ–જમીનનો ફરક સ્પષ્ટ છે.

**[179]** દારુબન્ધીના કાયદાથી કોઈ જ સામાજીક, આર્થીક લાભ નથી થતો એનો સાક્ષાત પુરાવો જોવો હોય તો, જ્યાં નશાબન્ધી નથી એવાં દીલ્હી કે મુમ્બઈ અને જ્યાં છે

એવાં અમદાવાદ કે સુરત શહેરની જીવનરીતી યા જાહેરજીવનની ચહલપહલનું નજીકથી નીરીક્ષણ કરો. કોઈ ભેદ દષ્ટીગોચર થશે નહીં. વદતોવ્યાઘાત તો એ સ્પષ્ટ થાય છે કે અંગ્રજોના રાજ્યમાં જ્યારે દારુબન્ધી નહોતી, ત્યારે અમારા દક્ષીણ ગુજરાતમાં લોક અન્ધારી રાત્રેય બારણાં ખુલ્લાં મુકીને બીનધાસ્ત સુઈ શકતા અને શુદ્ધ સોનાનાં આભુષણોથી સુસજ્જ એવી કોઈ સુન્દરી અધરાતેય એકલી નીર્ભય હરીફરી શકતી, કોઈ ડર નહોતો. આ સુખદ હકીકતના અસંખ્ય સાક્ષીઓ હજી આજેય જીવન્ત છે. જ્યારે દારુબન્ધીના વર્તમાન શાસનમાં હવે અમે એટલા સલામત નથી, રામભરોસે જ જીવીએ છીએ, એટલી હદે ગુનાખોરી તથા ગુંડાગીરી વધી પડી છે. સ્ત્રીઓની તો કોઈ સલામતી જ નથી. ભરચક ટ્રેનોમાં કે ભીડ–છલકાતા જાહેર માર્ગો પર છેડતી એ તો એક રોજીન્દી રસમ બની રહી છે. લુંટ–બળાત્કારના કીસ્સાઓ, લગભગ કોઠે પડી જાય એટલી મોટી સંખ્યામાં રોજેરોજે પ્રગટે છે. અને આમ બળાત્કાર કરનારા, બહેનોના ગળેથી અછોડા તોડીને ભાગનારા, રસ્તે જતાં છોકરીને સાઈકલ કે સ્કુટર અથડાવી જનારા કે વાહનોમાં અસંસ્કારી ચેનચાળા કરનારા બધા જ કાંઈ પીધેલા નથી હોતા. મને લાગે છે કે આ સમસ્યા શરાબની નહીં; બલકે શીક્ષણ અને સંસ્કારની જ છે. મુમ્બઈની મહીલા કરતાં રાજકોટની રમણી શું વધુ સુરક્ષીત છે ?

ગુજરાતમાં દારુબન્ધી–નશાબન્ધીએ અપરમ્પાર અનીષ્ટો સર્જ્યાં છે : ગુનાખોરી, ગુંડાખોરી તથા વહીવટમાં ભ્રષ્ટાચાર, હપ્તાગીરી દારુબન્ધીનું જ સર્જન છે, એમ તો સૌ કોઈ સ્વીકારે છે. પરન્તુ એ સીવાય પણ કેટલાંક જીવલેણ દુષ્પરીણામો દષ્ટીગોચર થાય છે, જે અત્રે સંક્ષેપમાં વર્ણવું : ગામેગામ નાનીમોટી ભઠ્ઠીઓ ચાલે છે અને પરીણામે ભઠ્ઠીચાલકો નામક માથાભારે, અસામાજીક વર્ગ અસ્તીત્વમાં આવ્યો છે, જે ગ્રામજનો ઉપર બેફામ દાદાગીરી આચરે છે. ભઠ્ઠી માટે ગરીબ તથા નરમ માણસોની માલીકીનાં ઝાડ બેરોકટોક કાપી નાખવામાં આવે છે. બાળકો તથા સ્ત્રીઓને બળજબરીથી આ ધંધામાં જોતરવામાં આવે છે. પોલીસ–અમલદારોને ફોડી નાખવામાં આવે છે; જેથી ગામડાંનો રણીધણી કોઈ રહ્યો નથી. મોટા ભાગનાં ગામોની આગેવાની જ ભઠ્ઠીવાળા–અડ્ડાવાળાના હાથમાં સરકી ગઈ છે. તેઓ ફરમાવે એ રીતે જ સામાન્ય જને લાચાર જીવવું પડે છે. વગેરે...

♦

અનુક્રમણીકા

## 14

# બાળશીક્ષણ

**[180]** ‘વર્તમાન શાળાઓમાં નીયન્ત્રણની આબોહવા છે : બાળકોનો પ્રકૃતી તથા જીવન સાથેનો નાળસમ્બનધ છેદી નાખનાર જે કૃતક પરીવેશ છે; બાળકોનાં ચીત્તમાં, તૈયાર રેડીમેઈડ વીચારો ઠાંસી દેવા માટે જે નૈતીક તથા બૌદ્ધીક શીસ્ત લાદવામાં આવે છે અને તેઓના નૈસર્ગીક વલણને નષ્ટ કરનારી જે માન્યતાઓ એમના પર ઠોકી બેસાડવામાંઆવે છે એ સર્વની આપણે તત્કાળ સદન્તર નાબુદી જ કરી નાખવી જોઈએ.’

માતાપીતાને મારી નમ્ર વીનન્તી : તમારાં બાળકોને ડૉક્ટર કે એન્જીનીયર બનાવવાની તમારી પોતીકી મહત્ત્વાકાંક્ષા સંતાનને માથે ના લાદો. એને બદલે સંતાનને પુરતું મોટું થવા દો અને પછી પુછો કે ‘બેટા, તારે શું બનવું છે ?’ બીજું તમારા બાળકને કૃપા કરીને કદાપી એવું ન પુછશો કે, ‘પરીક્ષામાં તારો નમ્બર કયો આવ્યો?’ સંતાનની શૈક્ષણીક સીદ્ધીને તમારા ગૌરવનું સાધન મહેરબાની કરીને ન બનાવો ! તમારી છત્તરછાયામાં સરસ–સુન્દર તથા સુખી બાળકનું હોવું એ જ ખરું મનભર સુખદાયક ગૌરવ છે.

**[181]** શીક્ષક ઈચ્છે તો સમાજનો એવો સમર્થ ઘડવૈયો બની શકે, જે સમગ્ર સમુહની કાયાપલટ કરી નાખે. આપણા રુઢીચુસ્ત, સ્થીતીચુસ્ત, ઢાંચાબદ્ધ એવા સ્થગીત સમાજને ગતીમય ધક્કો આપી વીનાશક ગર્તામાંથી ઉગારી લેવાનો છે; તેને વહેમો, અન્ધશ્રદ્ધાઓ, ચમત્કારો, ધર્મઘેલછા તથા ધર્મધતીંગો, અધ્યાત્મની ભ્રમજાળમાંથી બચાવી, ઉંચે લઈ જવાનો છે. મારા મતે આ કાર્ય સારામાં સારી રીતે વીજ્ઞાન–શીક્ષકો જ કરી શકે.

**[182]** કહેવાતા બાલમન્દીરે ધકેલાતાં, રીક્ષામાં, ખીચોખીચ કચડાતાં, માર ખાતાં, રોકકળ કરતાં બાળકો, કચરો વીણતાં ને એંઠવાડો વીંખીપીંખીને ચાટી જતાં બાળકો, દોઢ કરોડ કે દસ કરોડ બાલમજુરો, ત્રીસ કરોડ અથવા એશીયન વીકાસ બેન્કના આંકડા મુજબ, પુરા પંચાવન કરોડ ગરીબી રેખાની હેઠળ સબડતા ભારતીયો, અબજોપતીઓ અને અબજોના અબજોપતીઓની દોલતછલકતી ભોગલીલા, ખુની ભપકા વચ્ચે લાચાર શ્વસતા કંગાલ ફુટપાથવાસીઓ, ગગનચુમ્બી ઈમારતોની નીર્દય, લાગણીહીન છાયામાં ખદબદતી આપણા દરીદ્રનારાયણોની... ઝુંપડપટ્ટીઓમાં અમાનવીય જીવન વેંઢરતાં, બે ટંકની રોટી માટે વલખતાં કે તન તોડતાં અર્ધનગ્ન નરનારી શરીરો, બેફામ બોજ માથે વહીને ડગમગતા યા ભરચક ગાડાં ખેંચતા બળદો અને માનવપશુઓ... ગન્દકી, અસહાયતા, અત્યાચાર, શોષણ, ઉપેક્ષા અને અપમાનની, આંસુ અને ડુસકાંની આ ચોપાસની દુનીયા ભારતનું આઝાદ જીવન

અમે સ્વપ્નમાં જેવું કલ્પ્યું હતું એની ક્રુર મજાક ઉડાવે છે : What man has made of man? આપણા માણસે જ આપણા દેશવાસી માણસની કેવી હીણી દશા કરી છે ?

**[183]** ચારે બાજુ જોઉં છું અને ભયભીત આંખે વીમાસું છું કે, કેટકેટલાં બાળકો, ત્રણચાર વર્ષથી માંડીને તે દસબાર વર્ષનાં માસુમ ભુલકાં એકાદું નહીં; બલકે, હજારો, લાખો, વાસ્તવમાં તો કરોડો બાળકો કેવાં ભયાનક અને અતાગ ઉંડા ખાડાઓમાં પડેલાં અસહાય કણસે છે, તરફડે છે; છતાં એ સાક્ષાત્ નજરે નીરન્તર જોનાર આ દેશના નાગરીકની પીડા કે હમદર્દીથી એક રુંવાડુંય ફરકતું નથી ! આ ઘનઘોર ગહન ખાડાઓ છે : ચાની લારીઓના, નાસ્તાની હાટડીઓના, શેરડીના રસના સંચા ઘુમાવવાના, વહેલી સવારે કાગળ વીણવાના, ઘરકામના, સફાઈના, માબાપ તનતોડ શ્રમ કરતાં હોય, ત્યારે કાદવકીચડમાં રમી ખાવાના અને ચોરાહા પર જોખમી ટ્રાફીક વચ્ચે પાઈ– પૈસાની ભીખ માંગવાના, જીવનને જ મુળમાંથી ઉખેડી નાખનારા આ રાક્ષસી ખાડાઓ, જેમાંથી તેઓને ઉગારી લેવાનો કોઈ માનવતાવાદી પુરુષાર્થ કોઈ વ્યક્તી કે સંસ્થા તરફથી હાથ ધરાયો સાંભળ્યો નથી. સુખીયા શેઠીયાની એ.સી. ઑફીસમાં ચાનું ડબલું કે રસના ગ્લાસો લઈને જતાં એ અબુધ બાળકો યા ચમક ચમક થતી, દુનીયાભરનાં અવનવી મોડેલોની પ્રતીનીધીરુપ કારોના ઝમેલા વચ્ચે ભટકાતાં યા એમાં બેઠેલાં રુપાળાં, પ્રસન્નમુખ, ચમક–દમકભર્યાં વીવીધ વસ્ત્ર–પરીધાનવાળાં સ્વર્ગલોકનાં માનવીઓને જોતાં, એ ભીખમંગાં, કમનસીબ અને બીમાર બાળકો શું વીચારતાં હશે ! એ મારે મન વેદનામય ગુંગળામણનો વર્ષો જુનો પ્રશ્ન છે.

**[184]** બાળકને મરાય જ નહીં; કારણ કે તમને એવો કોઈ અધીકાર જ નથી. ખલીલ જીબ્રાન યોગ્ય જ કહે છે કે, 'બાળક તમારા દ્વારા આ સંસારમાં આવે છે, એનો અર્થ એવો નથી જ કે, તે તમારું પાલતું પ્રાણી છે અથવા તો તમારી માલીકીની કોઈ ચીજ છે કે જેથી એની સાથે તમે તમારો મનફાવતો વ્યવહાર કરો !' બાળક કદાપી પોતાની ઈચ્છાથી આ દુનીયામાં આવતું નથી; એ તો વાસ્તવમાં તમારી જ ઈચ્છાઓનો ભોગ બની ગયેલું એક લાચાર પ્રાણી છે. માટે એને મારવા–પીટવાનો તમને શેનો અધીકાર ? અને આમેય, નાનકડું, સુકોમળ, મીઠડું અને વહાલસોયું, નાદાન અને લાચાર, અણસમજુ અને આશ્રીત, પ્રેમવાત્સલ્ય ભરપુર પસારવા યોગ્ય એ મુંગા પ્રાણી જેવાં બાળકને મરાય જ કેમ ? માબાપો અને શીક્ષકો કૃપા કરીને તમારાં બાળકોને મારશો નહીં !

**[185]** તેને ભણાવ–ગણાવ ના કરો, એના ઉપર બોધના ધોધ ના વરસાવો ! બલકે એને રમાડો, એની સાથે ગમ્મત કરો, મજેદાર વાતો કરો, પ્રશ્નો પુછો અને પુછવા દો અને સૌથી વધુ તો એને પ્રેમ કરો ! સાચો શીક્ષક તો વર્ગનું વાતાવરણ કોઈ આનન્દ–કલબ

જેવું જ બનાવી રાખે અને નાના વીદ્યાર્થીને કઠોર તેમ જ અણછાજતા, અપમાનજનક શબ્દોમાં વઢવું, તેને માર મારવો, ઈતર પ્રકારની જાતજાતની શારીરીક સજાઓ ફરમાવવી એ શીક્ષણની વૈજ્ઞાનીકતા નથી, જંગાલીયત છે. બાળઉછેર તથા બાળશીક્ષણનો પાયો તો છે પ્રેમ, કોમળતાભર્યા, નાજુક નાજુક લાડપ્યાર. બાળક તો પ્રેમથી પોષાય છે; જ્યારે ભય અને અમુંઝવણથી તો શોષાઈ જાય છે. શાળાઓમાં શારીરીક સજા કરવા ઉપર કાનુની મનાઈ ફરમાવવામાં આવી છે, માટે બાળકને મારઝુડ કરનારા શીક્ષકને ફાંસીથી હળવીસજા હોવી જ ના ઘટે.

♦

અનુક્રમણીકા

## 15

## ભાષા–સાહીત્ય

**[186]** ભદ્રલોક બોલશે, 'હું આવ્યો પછી મેં ખાધું' અથવા તો 'હું લખું છું અને મેં લખ્યું !' બીજી બાજુ નીચલા કહેવાતા વર્ગના લોકો બોલશે, 'મેં આવ્યો. મેં લખું છું.' હકીકતે તો આ નીચલા ગણાતા લોકોનો જ અભીગમ વૈજ્ઞાનીક છે; જેને ભાષાવીજ્ઞાનમાં સમાનીકરણનો નીયમ કહેવાય. મતલબ કે જ્યાં બોલવામાં વીના કારણે બે કે વધુ જુદા જુદા પ્રયોગો પ્રચલીત હોય, ત્યાં એમાંથી બાકીના પ્રયોગોનો ત્યાગ કરી સર્વત્ર કોઈ એક જ સ્વીકારી લેવો. જો કે આમાં કયો પ્રયોગ ત્યજવો અને કયો સ્વીકારવો એ કોઈનીય સત્તા કે મરજીની વાત નથી. એ તો ભાષકસમુહ પોતે આપોઆપ જ અને અજાણતાં જ નક્કી કરી લે છે. ઉંઝા–જોડણીનો વીરોધ કરનારા આપણા અજ્ઞાન સાક્ષરો આટલુંય સમજી શકે તો ભયોભયો.

દુનીયાભરની વર્તમાન તમામ ભાષાઓ હજારો વર્ષથી પરીવર્તન પામતી, ઉત્ક્રાંત થતી ચાલી આવી છે. એના આવા કાલપ્રવાહ દરમીયાન, ભાષકો ભાષાને નીરન્તર બદલતા રહે છે, જે ભાષાનો જ સ્વભાવ છે. પરીણામે, અમુક તમુક તબક્કાઓમાં, સમ્બન્ધીત ભાષામાં વ્યાકરણની દૃષ્ટીએ કેટલીક અનીયમીતતાઓ ઉદ્ભવતી રહે છે. અને વળી, ભાષક અભાનપણે જ સાથેસાથે એવી અનીયમીતતાઓને સરખી કરતો અને નીયમીત બનાવતો પણ રહે છે. ત્યારે ચોક્કસ ગાળામાં, પ્રવર્તમાન અનીયમીતતા અને નીયમીતતાના પ્રયત્ન વચ્ચે સંઘર્ષ ઉદ્ભવે છે અર્થાત્ જંગ જામે છે. આજકાલ બોલાતી ગુજરાતી ભાષામાં 'હું' અને 'મેં' વચ્ચે આવું જ અસ્તીત્વ માટેનું યુદ્ધ ખેલાઈ રહ્યું છે. બેમાંથી છેવટે કોણ જીતશે તે કહી શકાય નહીં; કારણ કે ભાષા પરીવર્તનની આગાહી કદાપી થઈ શકે નહીં...

હું ભાષાવીજ્ઞાનનો વીનમ્ર અભ્યાસી છું અને એનો ભારે રસીયો છું. એથી ભાષકોને સદાય ઉપદેશતો રહ્યો છું કે, ભાષાક્ષેત્રે શુદ્ધ–અશુદ્ધ જેવો કોઈ ભેદ જ નથી, જે ભેદ છે, એ તો વ્યાકરણમાં માન્ય અને અમાન્ય એવા બે જ ભેદ, જે વીશેષતઃ લેખનમાં તથા શીષ્ટમાન્ય વક્તવ્યમાં સ્વીકારવા રહે. બાકી બોલતી ભાષાની શરત એક જ કે, પ્રત્યાયન થવું જોઈએ. વળી 'બાર ગાઉએ બોલી બદલાય' – એ લોકોક્તી વાસ્તવમાં ભાષાવીજ્ઞાનનો જ અફર સીદ્ધાન્ત છે. ભાષા સ્થળ અને કાળ અનુસાર સતત અને સર્વત્ર બદલાતી જ રહે છે. વ્યાકરણ ભાષાને આધારે ઘડાય છે, ભાષા વ્યાકરણની દાસી બીલકુલ નથી ! આવા વીજ્ઞાનને

અંગ્રેજીમાં Empirical વીજ્ઞાન કહે છે, જેનો પાયો કોઈ સીદ્ધાન્ત નહીં; કીન્તુ નીરીક્ષણ તથા પ્રવર્તમાન હકીકત જ હોય છે, જેને આધારે સીદ્ધાન્ત ઘડાય.

♦

અનુક્રમણીકા

# 16
## વૃદ્ધાવસ્થા

**[187]** હજી તો આપણે લોકો કેટલા બધા પછાત તથા રુઢીચુસ્ત છીએ ! હવે એવી ઘરેડોમાંથી પણ આપણે તત્કાળ બહાર આવી જવું જોઈએ. સ્પષ્ટ શબ્દોમાં જણાવું કે, સંયુક્ત કુટુમ્બની પ્રથાને આપણે સદન્તર તીલાંજલી આપી દેવી ઘટે. યુવાન સન્તાનો વચ્ચે વસતો એક જુનવાણી ડોસો એ સૌથી વધુ ત્રાસવાદી તેમ જ તીરસ્કૃત એવું ‘અસામાજીક તત્ત્વ’ બની રહે છે. અને જો એ રીતે રહેવાની ફરજ પડે, તો એવા વડીલોએ સન્તાનોની જીવનરીતી તથા પ્રવૃત્તીઓમાં એકાદ અછડતા શબ્દરુપેય કદાપી માથું મારવું જોઈએ નહીં. સન્તાનોને વણમાગી સલાહો આપવી એ વૃદ્ધ વડીલનો વીવેકરહીત એવો ગમ્ભીર અપરાધ છે. એવા વડીલની સન્તાનો અવગણના કરે, તો એ તેઓનો ઉચીત અધીકાર જ છે, જે લેશમાત્ર નીન્દનીય નથી. વૃદ્ધ વડીલે સમજી લેવું જોઈએ કે, પોતે નહીં હોય, ત્યારેય એ સન્તાનો એમની પોતાની રીતે યથેચ્છ જીવવાના જ છે, અને ‘પોતે નહીં હોય’ – એવા દીવસો કોઈ પણ વૃદ્ધજન માટે ઝાઝા દુર હોતા જ નથી. માટે નાહકની એવી બધી ફીકર – ચીન્તા કે લપછપ વૃદ્ધોએ ત્યજી જ દેવી ઘટે – સાચો અનાસક્તી યોગ તો એને જ કહેવાય. બાળકોને લાડકોડથી ઉછેર્યાં – એ કાંઈ મા–બાપે કરેલો ઉપકાર નથી કે તેઓ બદલાની આશા રાખી શકે. બચ્ચાને ચાહવું એ કેવળ કુદરતી વૃત્તી જ છે. મનુષ્યેતર પ્રાણીઓ પણ એટલી જ લાગણીથી બચ્ચાંને ઉછેરે છે; છતાં તેઓ કદાપી એનો બદલો નથી જ માંગતાં.

કુટુમ્બમાં જેની હાજરીની લેશ માત્ર ઉપયોગીતા ન વર્તાતી હોય, એવાં તમામ વૃદ્ધોએ ઘરડાઘરમાં કાયમનાં રહેવા માટે ચાલ્યાં જવું જોઈએ. આપણે ત્યાં ઘણા વધુ વૃદ્ધાશ્રમોની આવશ્યક્તા છે; માટે ભવ્ય મન્દીરો બાન્ધનારા સન્તો–ધનીકો એય વીચારે !

**[188]** મૃત્યુ ભયંકર છે કે નહીં ? એ તો કોઈ જ કહી શકે નહીં ! મરનાર માટે તો મૃત્યુ છે જ નહીં ! આદ્ય વીવેકબુદ્ધીવાદી ચીન્તક એપીક્યુરસ યોગ્ય જ કહી ગયો કે, ‘મૃત્યુ સાથે માણસને લેવાદેવા જ શી ? જ્યાં સુધી આપણે જીવન્ત છીએ, ત્યાં સુધી મૃત્યુ જ નથી, અને મૃત્યુ થતાં જ આપણે, આપણે જ રહેતા નથી !’ મતલબ કે મનુષ્ય તથા મૃત્યુનો પરસ્પર મેળ કે સુમેળ તો ક્યારેય ક્યાંય સધાતો જ નથી – પછી આપણો મૃત્યુ સાથે સમ્બન્ધ જ કયો રહે છે ? ગમ્ભીર પ્રશ્ન તો છે : મરણોન્મુખ વૃદ્ધત્વ.

મતલબ કે હું માત્ર કહું છું એમ નહીં; તીવ્રતાપુર્વક અનુભવું છું કે, મૃત્યુ નહીં; વૃદ્ધાવસ્થા જ અતીકરુણ, જીવનની કરુણતમ તથા નીરાધાર અવસ્થા છે; કારણ કે કાળની ગતી એકમાર્ગી છે.

**[189]** યાદ રાખો કે હું વડીલોનો તરફદાર નથી જ; કારણ કે હું જેટલા વૃદ્ધોને મળું છું કે જોઉં છું, તેઓમાં મહદંશે એવાં આતન્કવાદી અપલક્ષણ જોવા મળે જ છે કે, જેથી તેઓ કુટુમ્બમાં અણગમતા ને તીરસ્કૃત બન્યા હોય. ત્યારે એવાં દુઃખીયા ડોસાઓને હું આ ‘ઘડપણના અંતરંગ’ પુસ્તીકામાંથી ‘વૃદ્ધોને વીનમ્ર સુચનો’ વાંચી, ગોખી, અનુસરવાની સલાહ આપું (પૃષ્ઠ–23). અહીં હું એમાની બેચાર ટાંકું : (1) યુવાનો પુછે નહીં; ત્યાં સુધી વડીલોએ પોતાના ભુતકાળની વાતો હાંકવા લાગી જવું નહીં ! (2) દીકરીને, વહુને કે તેમના મીત્રોને વણમાગી સલાહ આપવી નહીં ! (3) પુત્રે કે પુત્રવધુએ તેમનાં સન્તાનોને, જો મારઝુડ સીવાયની, કશી સજા કરી હોય, તો બાળકનો પક્ષ લઈ વચ્ચે પડવું નહીં ! એને બદલે સજાનાં પ્રકાર તથા કારણ ઉપર પુરો વીચાર કરી કોઈનીય તરફેણ ન લાગે, એવો વ્યવહાર દાખવવો, અને તેય અનીવાર્ય લાગે તો જ ! (4) ડૉક્ટર સીવાયના કોઈનીય સમક્ષ આપણા રોગનાં રોદણાં રડવાં નહીં ! (5) પોતાના ગમા–અણગમા ટાળવા. (6) શક્ય હોય ત્યાં સુધી, ઘરમાં કોઈનાય ઉપર બોજારુપ બનવું નહીં ! (7) કુટુમ્બના કોઈ પણ સભ્યના કામમાં કે ઘરના સામાન્ય સંચાલનમાં ક્યારેય દખલગીરી કરવી નહીં !

**[190]** અમેરીકામાં અમારી મૉટેલના ચોગાનમાં એક કાર પ્રવેશી. એની આગળ–પાછળ મોટા અક્ષરે બોર્ડ મારેલું :

‘જસ્ટ મેરીડ !’

અર્થાત્ ‘અમે હમણાં જ પરણ્યાં છીએ.’ અમને થયું કે કોઈ યુવા–યુગલ હનીમુન અર્થે નીકળી પડ્યું હશે. કીન્તુ આશ્ચર્ય ! કારમાંથી તો એક ડોસો–ડોસીનું જોડું ઉતર્યું ! ડોસો તો વળી લાકડીના સહારે ચાલે. કુતુહલવશ અમે પુછ્યું કે, ‘તો પછી આ જસ્ટ મેરીડ’ એ વળી શું ?

ડોસો બોખલું છતાં મન્દ–મધુર હસતાં હસતાં કહે, ‘રાઈટ, અમે હમણાં જ લગ્ન કર્યાં. મારા પૌત્રે જ એ ગોઠવેલાં, અને આ બોર્ડ પણ તેણે જ માર્યું છે. તે દઢપણે માને છે કે વૃદ્ધોએ એકાકી જીવન ગાળવું જોઈએ નહીં, ઈટ્સ જસ્ટ કીલીંગ, યુ નો ! માટે એમણે લગ્ન કરી જ લેવાં.’ એટલે અમે જરા રમુજ કરી : તો હનીમુન માટે નીકળ્યાં છો, એમ ને ? ડોસો કહે ‘એવરી નાઈટ ઈઝ ઓલ હની એન્ડ ફુલમુન ફોર અસ !’ મતલબ કે, અમારી પ્રત્યેક રાત્રી હવે આનન્દરજની જ છે ! (મધુર તથા ચાન્દની)

આપણા ડોસાઓ ઘરને કે ધર્મસ્થાનને ઓટલે નીરસ અને નીરાશવદને બેઠાં બેઠાં નીરાનન્દની માળા, ફાંફાં મારતા ફેરવ્યા કરે; એ કમસે કમ માનવજીન્દગી તો નથી જ.

**[191]** મોટા ભાગના આદ્ય ધર્મસ્થાપકોએ એક પાયાની, ગેરસમજવશ જ, મોટી ભુલ કરી, તે એ કે પ્રાકૃતીક વૃત્તીઓ કે ઈચ્છાઓના દમનથી, ત્યાગથી પુણ્ય પ્રાપ્ત થાય. હકીકતે જે વૃત્તીઓ ઉપર સામાજીક સુવ્યવસ્થા, શીસ્ત કે સદ્‌વ્યવહાર પુરતી જ લગામ જરુરી હતી, અને મુળ હેતુ પણ એવો જ કંઈક હશે. પરન્તુ એવા સંયમને પુણ્યનું, ઈશ્વરને પ્રસન્ન કરવાનું સાધન બનાવી દેવાની ભુલને પરીણામે દેહદમનનાં અનેકાનેક મીથ્યા કર્મકાંડ અસ્તીત્વમાં આવ્યાં, અને જીવનનો આનન્દ જ છીનવાઈ ગયો. ક્યાંક સારું સારું, મીષ્ટ, સ્વાદીષ્ટ ભોજન પેટ ભરીને ખાવું, એય પાપ ગણાયું છે : સંગીત, નૃત્ય, નાટ્યાદી કલાઓ પર નૈતીક પ્રતીબન્ધો લદાયા છે. પરીણામે, વીચીત્ર, અમાનવીય તથા અરુચીકર કર્મકાંડ પણ પ્રચલીત બન્યાં; જેમ કે અમુક સાધુઓ ભોજનની વીવીધ વાનગીઓ એકઠી કરી દઈ, ઘોળીને આરોગી જાય છે; જેથી સ્વાદેન્દ્રીય તૃપ્ત કર્યાનું 'પાપ' ન લાગે...! અત્રે બ્રહ્મચર્યના દુરાગ્રહે જે ઘોર અનીષ્ટો સમાજ–વ્યવસ્થામાં તથા ધર્મતન્ત્રમાં સર્જ્યાં, એની તો ચર્ચા જ અનાવશ્યક ગણવી રહી. ફક્ત એટલી જ ટકોર કરી લઈએ કે હવે વૈજ્ઞાનીક રીતે સીદ્ધ થયું છે કે, ક્વચીત્ બ્રહ્મચર્ય આરોગ્યને હાનીકારક નીવડે છે.

**[192]** હું સંયુક્ત કુટુમ્બપ્રથાનો સખ્ત વીરોધી છું, કારણ કે એને કારણે જ બહુધા વડીલો અણગમતા બની જાય છે અને ખરેખર કેટલાક ડોસાય આતન્કવાદી જ હોય છે !

**[193]** વૃદ્ધાવસ્થામાં જીન્દગી ખરેખર વેરાન – ઉજ્જડ બની રહે છે; પરેશાન, ઉદાસ, બસ દુ:ખી જ દુ:ખી ! આદ્ય શંકરાચાર્યજી પ્રબોધે છે કે : 'શીશીર પછી વસંત આવે, વળી વર્ષા પછી શરદ. માટે હે જીવ, તું ગોવીન્દને ભજી લે !' પરન્તુ એ ઘટના તો પ્રકૃતીનું ઋતુચક્ર છે. માનવજીવનમાં કદાપી પાનખરના પ્રવેશ બાદ પુન:પુન: વસંત નથી આવતી, પછી ગોવીન્દને ગમે તેટલા ભજો, એનો કશો જ અર્થ નથી કે લાભ થવાનો નથી. ખીજાં–પાનખર એટલે જ વ્યર્થ તરફડવાની, કણસવાની ઋતુ.

એકાદ બે મીઠા માણસની મુલાકાત માટે તરસવાનું; બેચાર મીઠા બોલ મળે ન મળે, પાંચદસ તટસ્થ પરીચીતો સાથે અતૃપ્ત હૈયે ગોષ્ઠી માંડી, છુટા પડવાનું; વીરાટ અજ્ઞાત જનસમુહને ઝંખનાભરી નજરે નીરખ્યા કરવાનો; કઠોર, લાગણીહીન, વીવેકશુન્ય તુચ્છકાર યા ઠપકા નતમસ્તકે ગંગાવતરણ માની, ઝીલ્યા કરવાના, સ્વાદશુન્ય આહાર અને મૃતવત્ નીન્દ્રા... અરે, ભય પણ શોધ્યો ના જડે; જ્યાં મરણની, મોંઘેરા મહેમાનરુપે આતુર પ્રતીક્ષા

હોય, ત્યાં ભય પણ ક્યાંથી લાવવો ? આધ્યાત્મીકો પ્રબોધે છે કે, Know Thyself ! તમારી જાતને ઓળખો અને આત્માનું કલ્યાણ કરો ! પણ છે જ ક્યાં એ અજર, અમર આત્મા ?

**[194]** એક તો, વૃદ્ધાશ્રમનો રીવાજ ખુબ પ્રચલીત બનાવી દેવો જોઈએ. મતલબ કે, વૃદ્ધ માતાપીતા સન્તાનોની સાથે રહેવાને બદલે, નીવૃત્ત થઈને વૃદ્ધાશ્રમમાં જ રહેવા ચાલ્યાં જાય. એ ઉત્તમ વ્યવસ્થા છે. ઘરમાં રહીને સન્તાનોને માથે બોજારુપ થવું, હડધુત થવું, બાળકો માટે ત્રાસરુપ બની રહેવું, અપમાનો અને અભાવો સહન કરવાં, એને બદલે સારા આશ્રમોમાં ચાલ્યા જઈ, શાન્તીમય વાતાવરણમાં નીરાન્તે ઘડપણ વીતાવવું, એ જ સાચું શાણપણ છે, અને વૃદ્ધાવસ્થાની અનેક સમસ્યાઓનો ઉત્તમ ઉકેલ છે. આજે વડીલ વૃદ્ધાશ્રમમાં જાય – એને કુટુમ્બનું કલંક ગણવામાં આવે છે, એ મનોદશા પણ ત્યજવી જ રહી. વૃદ્ધાશ્રમ–વાસને પ્રાચીન વનવાસ જેવો, સામાન્ય રીવાજ બનાવી દેવો જોઈએ અને એવા સરસ અને સગવડભર્યા આશ્રમોની સંખ્યા દેશમાં વધારી દેવી જોઈએ. બીજી સમસ્યા તે વૃદ્ધલગ્નની : સન્તાનોએ પોતાનાં વીધુર કે વીધવા માતાપીતાનાં, જો તેઓ ઈચ્છે તો, પુનર્લગ્ન કરાવવાં જ જોઈએ. એમાં લોકલાજ કે ધર્મનીતીના પ્રશ્નો વચમાં લાવવા જ જોઈએ નહીં. આપણો સમાજ સડી ગયો છે, એટલે એને સુધારવાની જરુર છે. એ સન્દર્ભે વૃદ્ધલગ્ન એ પણ સુધારાવાદી ક્રાન્તી બની જ રહે. વૃદ્ધોની અસહ્ય એકલતા ટાળવાનો અને એમની સારસમ્ભાળ સમ્પુર્ણતઃ જળવાય એવી સરસ વ્યવસ્થા કરવાનો ઉત્તમોત્તમ માર્ગ એમનાં પુનર્લગ્ન કરી નાખવાનો છે. વડીલો સન્તાનોને તો પરણાવે જ છે, હવે સન્તાનો વડીલોને પરણાવે એવી ક્રાન્તી જરુર કરીએ !

♦

અનુક્રમણીકા

# 17

# મૃત્યુ

**[195]** ઘણા અણસમજુ આસ્તીકો દલીલ કરે છે, 'વીજ્ઞાનના મોટા મોટા ગુણગાન ગાયા કરો છો; પણ તમારું વીજ્ઞાન મૃત્યુનું રહસ્ય કેમ પામી શકતું નથી ? કેમ મરણને અટકાવી શકતું નથી ?' અલબત્ત, આસ્તીકોના આવા હોકારા–પડકારા કેવળ અજ્ઞાનજનોનો ઉશ્કેરાટ માત્ર છે. વીજ્ઞાન તો શું, સુધરેલો માનવી યુગોથી મૃત્યુનું રહસ્ય જાણે જ છે. જે નથી જાણતો તે તો એ કે મૃત્યુને રોકવું કેમ કરીને અને મૃત્યુ પછી શું ? જો કે મૃત્યુ બાદ તો જાણે કે કશું જ નથી એ નીશ્ચીત છે; કારણ કે એક યન્ત્ર ચાલતું બન્ધ પડી જાય, એમાં વળી 'પછી શું ?' એવો પ્રશ્ન જ ક્યાં સમ્ભવે ? એક કાર યા ઘડીયાળ કાયમનું બન્ધ થઈ જાય, પછી એના કર્મનો ન્યાય યા પુનર્જન્મ – એ કેવો હાસ્યાસ્પદ ખ્યાલ સમજાય છે ? એવું જ આ સજીવ દેહનું છે, જે એક યન્ત્ર માત્ર છે. જ્યારે વીજ્ઞાન મૃત્યુને જરુર રોકી શકે અને એવા પ્રયોગો પણ થઈ રહ્યા છે; પરન્તુ વીજ્ઞાન બરાબર સમજે છે કે સાર્વજનીકપણે માનવીને અમર બનાવી દેવાની વીદ્યા ઘણી જોખમી નીવડે. એથી તો ભયંકર અન્ધાધુન્ધી જ સર્જાય. આજે વીજ્ઞાને જ માનવીની આયુમર્યાદા ઘણી વધારી મુકી છે, એમાંય વસતી–વીસ્ફોટ તથા તત્સમ્બન્ધી અનેક ગમ્ભીર સમસ્યાઓ ઉદ્ભવી છે. એવા સાક્ષાત્ અનુભવ બાદ જરા વીચાર તો કરો કે માણસ અમર બની જાય તો શું થાય ?

**[196]** મૃત્યુનું રહસ્ય એ કોઈ રહસ્ય જ નથી, એ તો સાદો સીધો ઘસારાનો નીયમ જ છે, જે પ્રકૃતીનો જ અફર અનીવાર્ય કાનુન છે. જો કપોળકલ્પીત પરમાત્માને વચ્ચે લાવ્યા વીના, કુદરતનો આ ઘસારાનો નીયમ યથાર્થ સમજો તો વૃદ્ધાવસ્થા, અશક્તી, લાચારી અને પીડાનું, એની અનીવાર્યતાનું રહસ્ય પણ યથાર્થ સમજાઈ શકે : આ દેહ જડ તત્ત્વોનો સંઘાત, એટલે કે સંમીશ્રીત સંચય છે, જેને પરીણામે એમાં ચૈતન્ય પ્રગટ્યું છે. આત્મા જેવું કોઈ સ્વતન્ત્ર તત્ત્વ તો છે જ નહીં. (ચાર્વાક) હવે જડ તત્વને કાળનો ઘસારો લાગે એ પ્રકૃતીનો અફર, અપરીવર્તનીય નીયમ હોઈ, આ દેહને પણ ઘસારો લાગ્યા જ કરે છે અને તેમ તેમ એનું સંચાલન શીથીલ બને છે અર્થાત્ અશક્તાવસ્થા આવતી જાય છે. ખરેખર આનો કોઈ જ ઈલાજ નથી; કારણ કે કુદરતના નીયમો નીરપવાદપણે અફર છે. હા, પ્રકૃતીના એવા નીયમોની જ મદદથી એના નીયમોને થોડા આમતેમ મરડી જરુર શકાય છે. દા.ત., ઘસારો ધીમો પાડી શકાય યા તો એને સ્થાને નવાં, તાજાં, તત્ત્વો ઉમેરી શકાય વગેરે.

**[197]** વૃદ્ધાવસ્થા, અશક્તી, યાતના અને લાચારી જ્યારે અનીવાર્ય જ છે, ત્યારે એમાંથી બચવા મનુષ્ય જરુર પોતાના નીયમો બનાવી શકે છે અને તે એ જ કે ચોક્કસ વયે સ્વેચ્છામૃત્યુ. માટે અશક્તી આવવાથી તમે બીજાને માથે બોજારુપ બની રહો, જીવન, અસાર, રસહીન, નીરર્થક, આનન્દહીન પ્રતીત થાય; એ પહેલાં યા એ ક્ષણે જ સજાગ, વીવેકસમ્પન્ન, સમજદાર વ્યક્તીએ આત્મહત્યા કરી જ લેવી જોઈએ. હોફર કહે છે તેમ, 'મહાપુરુષનું એ મહાનતમ સદ્ભાગ્ય ગણાય કે જો તેને યોગ્ય સમયે મૃત્યુ આવી જાય.' પરન્તુ ભાગ્ય અર્થાત્ નસીબ ઉપર આધાર રાખવો જ શાને ? જન્મ આપણા હાથમાં નથી; પરન્તુ મૃત્યુ તો આપણા જ હાથની વાત છે. માટે યોગ્યતમ સમયે લાગે એ ઘડીએ જ સ્વેચ્છામૃત્યુને વધાવી લો !

**[198]** દયામૃત્યુ–મર્સીકીલીંગને કાનુની માન્યતા ભાગ્યે જ કોઈ દેશમાં અપાઈ છે. માણસજાત કેટલી કમઅક્કલ છે ? માટે જ તોલ્સતોય લખે છે કે : 'આપણી સમસ્યા એ નથી કે, માણસ દુષ્ટ છે. ખરી સમસ્યા એ છે કે માણસ મુર્ખ છે !' જે વ્યક્તી અસાધ્ય રોગથી પીડાતી હોય, પોતે રીબાતી હોય અને સ્વજનો, સમ્બન્ધીઓ માટે પણ અકારણ યાતનાનું નીમીત્ત બનતી હોય; એવી દુ:ખીયારી વ્યક્તીને કોઈ સરસ પદાર્થ આપીને શાન્તીપુર્વકના મૃત્યુ વડે સદાને માટે પીડામુક્ત કરી દેવી એ તો એક મહાપુણ્યકાર્ય જ લેખાય; એમાં શું ખોટું છે કે એના ઉપરેય કાનુની પ્રતીબન્ધ ? અહીં ચુઢીગ્રસ્ત અવીચારી માણસો વળી પેલી ચીલાચાલુ દલીલ કરશે કે આવી છુટનો દુરુપયોગ થવા સમ્ભવ...! અરે મીત્ર, અનેક વ્યવસ્થાઓનો દુરુપયોગ થઈ શકે છે. આપણાં શાસનતન્ત્રોએ અનેકાનેક દુરુપયોગ અટકાવવાનાં બહુવીધ પગલાં લીધાં પણ છે. તો એક વધારે, એ અશક્ય તો નથી જ... માણસ બીજા માણસને જીવતો સળગાવી મારે છે, માટે અગ્ની ઉપર પ્રતીબન્ધ મુકો ! એના જેવી જ આ ઘટના ગણાય.

**[199]** પરન્તુ મુદ્દાની વાત તો એ કે, ચાર્વાક્ કહે છે તેમ, આત્મા નથી, પરમાત્મા નથી, સ્વર્ગ નથી અને નરકેય નથી, ત્યારે મરણોત્તર વીધી એ પેટભરા બ્રામણોએ શોધી કાઢેલો પૈસા કમાવવાનો એક છલનામય વ્યવસાય માત્ર છે. સ્વર્ગમાં મરનાર આત્માને છત્રી જોઈએ, જોડા જોઈએ, અરે છીંકણીની, તપકીરની ડાબલીય જોઈએ. આવી આવી હાસ્યાસ્પદ વાહીયાત વાત માની લેનાર અને તદનુસાર કર્મકાંડ કરનાર વ્યક્તી કે વ્યક્તીઓને માટે મુરખ કે અન્ધશ્રદ્ધાળુ વીશેષણ તો કદાચ ઘણું નાનું પડે !

**[200]** હવે મારું મૃત્યુ હાથવેંતમાં છે અને આમેય માણસ કેટલુંક લાંબુ જીવે ? અને લાંબુ જીવવામાં મજાય નથી. હવે નવ્યાસી પુરાં થવામાં છે. ત્યારે સ્વજનો, સ્નેહીઓ,

મીત્રો, પરીચીતો અને વાચકો, મારી અન્તીમ ઈચ્છા બરાબર નોંધી લેજો ! આ લેખની નકલ સાચવી રાખજો, શક્ય હોય તો વધુ નકલો કઢાવીને પરીચીતોમાં વહેંચજો ! બને તો મારા મૃત્યુ પ્રસંગે, તત્કાળ હાજર થઈ જજો; અને જે કોઈ જવાબદાર વ્યક્તી, પાછળ ઉપસ્થીત હોય તેને ભારપુર્વક ચીંધજો કે, મારી અન્તીમ ઈચ્છા એ એક જ હતી કે, મારી પાછળ કોઈ પણ પ્રકારનો મરણોત્તર વીધી કરવામાં ન આવે, ન જ આવે, બેસણું સુધ્ધાં નહીં !

'મેં મારું, આ મતલબનું વસીયતનામું તો બનાવ્યું જ છે; પરન્તુ લોકસ્મૃતી ખુબ ટૂંકી હોય છે, એટલે અહીં અંતમાં, અગત્યનો સારાંશ દોહરાવી લઉં :

(1) મારા મરણપ્રસંગે 'ઘીનો દીવો' નહીં; 'રામ બોલો ભઈ રામ' નહીં જ, અને 'ગીતાપાઠ' કે અન્ય કોઈ જ ધાર્મીક પુસ્તકનું વાચન નહીં; મૃતકાનમાં કશા મંત્રો ગણગણવા નહીં !

(2) મારા મૃત્યુની તત્કાલ ખબર કોઈને આપશો નહીં; કોઈનેય નાહક દોડાવશો નહીં. યાદ રાખો, કસોટીકારક અનુભવે જ કહું છું કે મરણપ્રસંગે યા એ પછીના દીવસોમાં ખરખરો કરવા જવાના રીવાજને કારણે, મરનારનાં કુટુમ્બીજનોને અનહદ ત્રાસ થાય છે.

(3) શોક કરશો નહીં, રોકકળ તો નહીં જ, બેસણું પણ નહીં; અને જો આનન્દ કરી શકો તો એ ઉત્તમ ! ઘરમાં કે સ્વજનોમાં જો કોઈ મંગલપ્રસંગ હોય, તો તે જરાય મુલતવી રાખશો નહીં. અન્તીમવીધી પતાવીને તરત જ, ખુશીનો પ્રસંગ નીઃશંક ઉજવી શકાય. ઉત્સવનો દીવસ કે દીવસો હોય, તો તે પણ માણજો ! અંતમાં, બે વીનન્તી ખુબ ખુબ ભારપુર્વક :

[1] કોઈ પણ પ્રકારનો ધાર્મીક વીધી મુદ્દલે નહીં જ; બેસણું પણ નહીં ! અને શક્ય હોય તો અગ્નીદાહ ટાળશો. આપણે હવે જંગલો જાળવવાં જ રહે, અગ્નીદાહ એ મરણોત્તર હત્યાકૃત્ય છે; કારણ કે મર્યા પછી માણસ એક આખા વૃક્ષને હણતો જાય છે. લાકડું ખુબ કીમતી અને દુર્લભ ચીજ ગણાય.

[2] મારી પાછળ દાન નહીં; સ્મૃતી–સ્મારક પણ નહીં જ ! શોકસભાઓ કે શ્રદ્ધાંજલીઓ ઔપચારીક રીતે તો અનાવશ્યક જ ગણવાં. હા, એ નીમીત્તે મારા વીચારો, અર્થાત્ રૅશનાલીઝમનો પ્રચાર થતો હોય, તો આવા કાર્યક્મો ભલે યોજાય. વધુ માટે મારું પુસ્તક 'આનન્દની આરાધના'માંનો લેખ નં. 34 જોશો – પૃ. 180.

આવા મરણોત્તર વીધી તથા કર્મકાંડના મુળમાં સર્વપ્રથમ તો, મૃત્યુની રહસ્યમયતા, અકળતા તથા ભયાવહતા, આત્માના અસ્તીત્વનો તથા એની અમરતાનો મીથ્યા ભ્રમ, કર્મફળના અર્થહીન સીદ્ધાન્ત અને સ્વર્ગ–નરકના ખોટા ખ્યાલો, કશુંક સારું કે નરસું, ગંભીર, મંગલ કે અશુભ બને યા આચરવાનું આવે, ત્યારે અમુકતમુક વીધીથી કહેવાતા ઈશ્વરની કૃપા યાચવાની આદીમ – 'આ સર્વનો કર્તાહર્તાભર્તા ઈશ્વર છે' એવી મીથ્યા માન્યતા, ભુતપ્રેતના તથા ઈતર વહેમો વગેરે કારણરુપ રહેલા છે. મૃતદેહને સ્નાન, પુષ્પાંજલી, સુખડ–ભસ્માદીનાં લેપન વગેરે વીધીઓ પાછળ વળી આ દેહની ઉત્તમતા, પવીત્રતા, દુર્લભતા તથા દૈવી વરદાન જેવા ખ્યાલો કારણભુત છે; જ્યારે ધુપદીપ, ગંગાજળ વગેરે વીધીઓનો ઉદ્‌ભવ સ્વચ્છતા, આરોગ્ય, શુદ્ધીકરણ જેવી આવશ્યક્તાઓ અને સમ્બન્ધીત યુગ પ્રમાણે પ્રાપ્ય સામગ્રીના અર્ધદગ્ધ ઈલાજોમાંથી થયેલો છે, જે આજે બીલકુલ આવશ્યક રહ્યા નથી જ.

મડદું એ મુળભુત રીતે તો, તત્ત્વતઃ એક ખખડી ગયેલું અને બંધ પડી ગયેલું યંત્ર માત્ર છે, જેને ભંગારમાં વેચી દેવાનું જ હોય ! પરન્તુ માણસ તો હજી દફન, દહન માટેય જીવલેણ ઝઘડે છે ! કારણ એ જ કે, માનવજાત મુર્ખ છે. ઉંડાણથી, સર્વભાવે જોતાં તો, આ દેહ એકદમ ગંદો, બીભત્સ તથા ભદ્દી માલસામગ્રીવાળો તેમ જ એની રચનાવ્યવસ્થા પણ એવી જ ગંદી છે. વીચાર કરતાં તો ઘણી વાર પોતાની જાત માટેય અણગમો જન્મે છે. મીથ્યાભીમાનથી ફાટફાટ થતાં માણસોને જોઉં – મળું છું, ત્યારે ખરેખર જ એવા જણ પ્રતી નફરતભરી દયા પ્રગટે છે. ટુંકમાં, આવા કપોળકલ્પીત આત્મા અને ક્ષુદ્ર, ભંગાર દેહની 'મુક્તી–મોક્ષ' માટે થતાં કર્મકાંડ હવે સદન્તર બન્ધ કરીએ !'

♦

અનુક્રમણીકા

## 18

## પ્રકીર્ણ

**[201]** મહાન ભારતમાતાનાં પુરાં છવ્વીસ કરોડ સન્તાનોને બે ટંક પેટ ભરીને આહાર નથી મળતો, બાળકો કુપોષણથી અકાળે મરણશરણ થાય છે અને ઉકરડા ફેંદીને રોટલાના ટુકડા શોધે છે, ચાલીસ ટકાને માથે છાપરું નથી, લાજ ઢાંકવા માટે પુરતાં કપડાંય બહેનો પાસે નથી, ચાલીસ કરોડથીય વધુ ભારતવાસીઓ અભાવો, અગવડો, તંગી, ત્રાસ, તનતોડ શ્રમ, ભુખમરા અને કુપોષણ સાથે સામાજીક, રાજકીય, પ્રાકૃતીક તથા ધાર્મીક અત્યાચારો સહેતા નીરાધાર તથા અમાનવીય જીવન માંડમાંડ શ્વસતા હોય, ત્યારે એની ઉપર અનાસક્તીના ધોધના ધોધ ઝીંકવા, ત્યાગ અને અપરીગ્રહની સુફીયાણી સલાહો આપવી, સાદાઈ ઉપદેશવી, એ કેવળ તે લોકની જ નહીં; ખુદ જીવનની જ ક્રુર મજાક છે. જે દેશમાં ફક્ત બે ટકા માણસો પોતીકાં વાહન ધરાવે છે, માંડ દસ ટકા નાગરીકો સુખીયું કહી શકાય એવું સમ્પુર્ણ આધુનીક જીવન જીવી શકે છે. અહીં મધ્યમ વર્ગનાય બે વીભાગ છે. ઉપલો મધ્યમ વર્ગ – થોડું સુખમય જીવન જરુર જીવે છે; પણ એને માટેય આનન્દ પ્રતીબન્ધીત છે; જ્યારે નીચલો મધ્યમવર્ગ તો જીવન એટલે દુઃખમ્ દુઃખમ્ જ પોકારે છે, જેને માટે જીવન એક પીડાકારી સકંજો છે. એને બે છેડા મેળવવાની અને છોકરાં ભણાવવાં–પરણાવવાંની ચીન્તા તથા પીડા કોરી ખાય છે. અન્તે સૌ જીવનનું અસહ્ય બોઝીલ ગાડું ખેંચતાખેંચતા જ એકદા મૃત્યુની મુક્તી મેળવી છુટી જાય છે...

ક્યાં છે ઉપભોગ અને કોણે દીઠા કે માણ્યા ભોગવીલાસ ? ત્યારે સામાન્ય આનન્દોત્સવો બાપડાંને માણવા દો ! આવી પરીસ્થીતીમાં મામુલી આનન્દો પણ ઝુંટવી લેવાની દાદાગીરી એ તો શેતાની ક્રુરતા કહેવાય. એમાંય નીર્દોષ મનોરંજન યા મનોવીશ્રામ ઉપર પણ પ્રતીબન્ધ, એ કેવળ પાશવી જુલમ છે. આનન્દ એ વૈભવ યા ભોગવીલાસ નથી, એ તો જીવનની જરુરીયાત છે. લોકોને ઉત્સવો મન મુકીને ઉજવવા દો, અને એટલા દીવસ પુરતા તો તમામ પ્રતીબન્ધો ઉઠાવી લો !

**[202]** આજે દુનીયાના એક હીસ્સાનાં હીતો, ઈતર હીસ્સાનાં હીતો સાથે ટકરાય છે, અને મુરખ માનવતા બેફામ રીતે આત્મઘાતી સર્વનાશ નોતરી રહી છે, ત્યારે શાણા માણસો લાચાર ભાવે નીષ્ક્રીય વેદનાપુર્વક આ ‘લીલા’ નીહાળી રહ્યા છે. ક્યાંક પગ મુકવાની જગ્યા નથી, ત્યારે અન્યત્ર વળી યોજનો લાંબીપહોળી જમીનો વેરાન વીસ્તરી રહી છે. ક્યાંક માણસને બે ટંક પુરતું ખાવાનું નથી મળતું. ત્યારે બીજે વળી ગોડાઉનો અને

માનવપેટો ફાટફાટ થાય છે અને ખાદ્ય પદાર્થો સમુદ્રમાં પધરાવી દેવા પડે છે ! કેટલાક દેશોમાં સુખસમૃદ્ધીની છોળો ઉડે છે, જ્યારે બાકીના દેશોમાં ઉઘાડા આભ નીચે માણસ નીરાધાર કણસતો પડી રહે છે. ત્યારે આ બધું સરખું કોણ કરશે ? કોણ કરી શકે ? જવાબ છે, અલબત્ત કોઈ એવી સત્તા આજે અનીવાર્ય છે કે જે સમગ્ર માનવજાતને એના હીતના હુકમો ફરમાવી શકે. અકબન્ધ રાષ્ટ્રીય સીમાઓ અને નીજનીજનું અબાધીત સ્વાતન્ત્ર્ય એ ખ્યાલ હવે વીસમી સદીનો, પુરાણો તથા બીનજરુરી કે હાનીકારક સમજી ફગાવી દેવો જ રહ્યો. બ્રહ્માંડમાં ઘુમતા અબજોના અબજો પીંડોમાં, આ પૃથ્વી જેવો રળીયામણો અને જીવનથી ધમધમતો અન્ય એકેય પીંડ અદ્યાપી જોવા મળ્યો નથી. તો ચાલો, હવે માનવજાતનું એક માત્ર ધ્યેય એ જ રાખીએ કે આ પૃથ્વીમૈયાનાં સૌન્દર્ય, સમૃદ્ધી તથા સજીવતા જાળવી રાખીએ.

**[203]** પુર્વગ્રહ એટલે પુર્વ વત્તા ગ્રહ, અર્થાત્ આગળથી પકડી લીધેલો કોઈ ખ્યાલ કે બાંધી લીધેલો અભીપ્રાય. એને માટેનો અંગ્રેજી શબ્દ છે : પ્રેજ્યુડીસ; જેની વ્યુત્પત્તી પણ બરાબર એ જ થાય છે : 'પ્રે' એટલે વાસ્તવમાં 'પ્રી', જે પહેલાંનું કે અગાઉનું એવું દર્શાવતો ઉપસર્ગ–પુર્વગ છે; જ્યારે 'જ્યુડીસ' એટલે અભીપ્રાય બાંધવો, મત કે નીર્ણય (ચુકાદો) જાહેર કરવો. આ પણ સંસ્કૃત કે ગુજરાતી શબ્દનો જ યથાર્થ પર્યાય છે. શબ્દકોશો આ પદાર્થ કે લાગણીની વ્યાખ્યા નીચે મુજબ કરે છે : આગળથી બાંધેલો ખોટો મત (ભગવદ્ગોમંડળ) સાથે સાથે ગુજરાતીના બન્ને માન્ય શબ્દકોશો (ભગવદ્ગોમંડળ અને જોડણીકોશ) બીજી વ્યાખ્યા એવી પણ આપે છે કે, પહેલેથી જ બાંધેલો અભીપ્રાય : અત્રે 'ખોટો' શબ્દ રદ કરવામાં આવ્યો છે એ યોગ્ય જ છે; કારણ કે કવચીત્ પુર્વગ્રહ એટલે કે આગળથી જ બંધાયેલો હોવા છતાં; અમુક મત સાચો પણ ઠરે... પણ એ કેવળ અકસ્માત જ કહેવાય, કારણ કે કોઈ પણ પદાર્થ, વ્યક્તી કે સમુહ માટે આગળથી અભીપ્રાય બાંધી લેવો એ રીત કે મનોદશા જ અસ્વીકાર્ય ગણાય. મતલબ કે પુરતી ચકાસણી કે સર્વેક્ષણ વીના મત ધારણ કે ગ્રહણ કરવો જોઈએ જ નહીં. અત્રે યાદ રાખવું ઘટે કે, સર્વેક્ષણ બે પ્રકારનાં હોય છે : સૅમ્પલ સર્વે એટલે કે પસન્દ કરેલા નમુનાને આધારે સમ્પુર્ણ વૈજ્ઞાનીક સર્વેક્ષણ અને રૅન્ડમ સર્વે, અર્થાત્ છુટક નમુનાઓની લાંબા ગાળાની ચકાસણી, એવો અભ્યાસ તથા એવાં નીરીક્ષણ દ્વારા તારવેલો અભીપ્રાય. જ્યાં સૅમ્પલ સર્વે શક્ય જ ના હોય, ત્યાં વીદ્વાનો તથા વીચારકો રૅન્ડમ સર્વેથી નીર્ણયો તારવતા હોય છે. એમાં એક વાત કે પરીણામ સામાન્યતઃ શક્ય છે કે રૅન્ડમ સર્વેનાં તારણોમાં અપવાદોની ભરપુર શક્યતાઓ રહેલી હોય છે. પરન્તુ લાંબા પરીચય, અભ્યાસ તથા નીરીક્ષણ દ્વારા તારવેલા મતને પુર્વગ્રહ કદાપી કહી શકાય જ નહીં.

**[204]** ત્યારે હું કેમ મહાત્મા ગાંધીજીનો પ્રસંશક અનુયાયી પોતાની જાતને ગણાવું છું ? એ પ્રશ્નનો ઉત્તર પણ હવે સંક્ષેપમાં જ પ્રસ્તુત કરી લઉં : સર્વપ્રથમ તો માનવકરુણા, પ્રાણીમાત્ર પ્રત્યેની બૌદ્ધકરુણા જે મારી અન્તરતમ લાગણી બની ગઈ એ ગાંધીજીનો જ પ્રભાવ હોઈ શકે. એ જ પ્રભાવને પરીણામે, જન્મે રુઢીચુસ્ત બ્રાહ્મણસમાજનું સન્તાન હોવા છતાંય; છેક નાનપણથી જ અસ્પૃશ્યતા ક્યારેય મને સ્પર્શી શકી નહીં. સત્ય તથા પ્રામાણીકતાનો અવીચળ આગ્રહ, એ મારું લક્ષણ પણ ગાંધીજીની જ દેન. જો કે રૅશનાલીઝમ સ્વીકાર્યા બાદ, અન્યના હીતાર્થે અને જ્યારે ત્રીજા કોઈનેય લેશ માત્ર હાની થતી હોય ત્યારે અસત્ય વદવું એ જ સાચો ધર્મ લેખાય તેવા સીદ્ધાન્તનોય હું પ્રચારક ખરો ! જ્યારે પ્રામાણીકતા તો જીવનભર નખશીખ જાળવી અને એથી જ આજેય હું અકીંચન છું. જો કે એક રૅશનાલીસ્ટ તરીકે બરાબર સમજુ કે સદ્ગુણોથી સુખ પ્રાપ્ત ન થાય, દુઃખ જ ત્રાટકે ! શ્રમનો મહીમા પણ હું ગાંધીજી પાસેથી શીખ્યો : જાતે કોઈ પણ કામ કરી લેવામાં મને શરમસંકોચ નહીં, તે જ પ્રમાણે, ઉંચનીચના ભેદ મનમાં ક્યારેય ન વસ્યા : શ્રમજીવીને પણ હું મારી બાજુમાં જ ખુરસી ઉપર બેસાડું.

**[205]** આજનો મુળ મુદ્દો તો ઝનુનનો અને ઝનુનત્યાગની આજની અનીવાર્યતાનો છે. ઝનુન અજ્ઞાનનું સન્તાન છે, એથી એના પ્રેરક બળ તરીકે બીજો મોટો કાતીલ ભાગ પુર્વગ્રહ ભજવે છે. કરુણતા યા વીધીવક્રતા તો જુઓ કે, આપણા ભદ્રતાદર્શી પ્રાચીન ઋષીમુનીઓએ જે મુલ્યવાન, મંગલ સદુપદેશ આપ્યો, તે આજે અમારે રૅશનાલીસ્ટોએ દોહરાવવો પડે છે ! ધર્મ કે સંસ્કૃતીઓ વચ્ચે સંઘર્ષ ના હોય; સમન્વય જ હોય, જે આપણે માટે તો આજની જીવન–મરણની અનીવાર્યતા છે. માનવજાતના ખુદ–અસ્તીત્વ સામે જ્યારે વીવીધ દીશાએથી જાતજાતના નીકન્દનકારી જોખમો ઘુરકી રહ્યાં છે, ત્યારે સંઘર્ષ તો બળતામાં ઘી જ નહીં; પેટ્રોલ છાંટી રહ્યો છે. વીજ્ઞાને સમગ્ર દુનીયાને એક મોટા શહેર જેટલી કે બલકે એથીય નાની ખોબા જેવડી પરસ્પરાવલમ્બી બનાવી મુકી છે, એથી કહેવાતા શત્રુઓનું નીકન્દન એ ચોખ્ખો આત્મઘાત જ બની રહેવાનો. પરાયું, પારકું યા પોતીકું એવાતેવા ખ્યાલો સદન્તર છોડી, સારું અને ખોટું, હીતકારી અને અહીતકર એટલો જ વીચાર હવે કરીએ ! આપણા ધર્મ–સંસ્કૃતી પણ એ જ પ્રબોધે છે : આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વીશ્વતઃ ।

**[206]** ભારતીય સંસ્કૃતીની આ પ્રકારે સેવા કરનારાને ખરેખર તો ખબર જ નથી કે, પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ મદ્યપાન કરતી, દારુ પીતી અને સમાગમ જેવા આનન્દના પ્રસંગો માટે તો સમાજના અગ્રણી પંડીતોએ એવી સલાહ પણ નીઃશંક આપી છે. દા.ત.,

આયુર્વેદના માન્ય ગ્રન્થ ‘અષ્ટાંગ હૃદય’માં વસંતની ઋતુચર્યાના સન્દર્ભે, સ્ત્રી–પુરુષની કામક્રીડામાં, મદ્ય–મદીરાના સેવનની આનન્દદાયક આવશ્યકતા બાબતે નીચે મુજબની સલાહ સમાવીષ્ટ છે... ‘પોતાની પ્રીયતમાએ થોડો પીને આપેલા, તેણીના મુખસ્પર્શે સુગન્ધીત બનેલા, પ્રીયાના નેત્રકમળના પ્રતીબીમ્બથી સુન્દર લાગતા, મનને પ્રસન્ન કરે તેવા, હૃદયરોગનો નાશ કરનારા આસવ (શરાબ), અરીષ્ટ, શેરડીનો સરકો, દ્રાક્ષનો દારુ, મધુ આદીનું મીત્રો સાથે સેવન કરવું – પછી જ્યાં ઠંડક હોય, ચારે બાજુ પાણી વહેતું હોય, સુર્ય આછો આછો દેખાતો હોય, કોયલો ટહુકતી હોય, રંગબેરંગી ફુલોથી લચેલાં વૃક્ષો હોય, ચોમેરથી સુગંધ પ્રસરતી હોય, જ્યાં કામવીલાસને પોષે એવું વાતાવરણ હોય, ત્યાં મધ્યાહ્ન આનન્દમાં ગાળવો !’ મહર્ષી વાત્સ્યાયને પણ પોતાના જગવીખ્યાત ગ્રન્થ ‘કામસુત્ર’માં સ્ત્રીપુરુષની કામલીલા પ્રસંગે મદીરાપાનનું મહત્ત્વ એવું જ દર્શાવ્યું છે, અનુરોધ્યું છે. બરાબર યાદ રાખો કે, ભારતીય સંસ્કૃતી ક્યારેય જીવનના આનન્દની વીરોધી, એવી નીયન્ત્રણવાદી (restrictive) નહોતી, આનન્દમાર્ગી જ હતી. આ તો એક હજાર વર્ષની ગુલામીના પ્રતાપે જ, આપણે આવા ચોખલીયા, સંયમવાદી બની ગયા છીએ. બાકી જીવનનો સ્વાભાવીક આનન્દ એ અનીતી કેવી રીતે હોઈ શકે ? હકીકતે તો, ધાકધમકી, જબરજસ્તી અને મારફાડ એ જ અનીતી લેખાય. યથાર્થ સમજી લો કે, ‘જીવન માત્રનું પ્રધાન ધ્યેય જ આનન્દ’–એમ પ્રકૃતીએ જ ફરમાવ્યું છે.

♦

અનુક્રમણીકા

D

## અન્તીમ ભ્રમણ: કાળની વીકરાળ લીલા

વીદાય ! આજથી આ 'રમણભ્રમણ' આખરી વીદાય લે છે. તબીયત બેહદ કથળી ગઈ છે : હલનચલન બીલકુલ બંધ ! એક પડખું બદલતાંય મરણતોલ શ્વાસ ચઢી જાય છે. જીવવું, દુષ્કર છે, ત્યાં વળી લખવું ? (વય : 92) ખેર ! મારાં દુઃખ રડવાને બદલે ચાલો દોસ્તો, થોડાં સુખદ સંસ્મરણો વાગોળી લઈએ.

આજથી પુરાં આડત્રીસ વર્ષ અને ચારેક મહીના પુર્વે–1975ના ડીસેમ્બરમાં યા '76ના જાન્યુઆરીમાં એક લેખ લખી મોકલતાં જણાવ્યું કે, 'હું તો આવું કંઈક લખું, જો આપ ને માન્ય હોય તો !' 'ગુજરાતમીત્ર'ની મુળ માગ તો હાસ્યની કટારની હતી; કારણ કે ત્યારે હું મુમ્બઈના 'જન્મભુમી' દૈનીકમાં એવી હાસ્યની કોલમ 'કટાક્ષીકા' લખતો. પરન્તુ મારું મન તો રૅશનાલીઝમના ઉછાળા મારી રહ્યું હતું, મને ઢંઢોળતું કે, 'આ તો એક દુર્લભ તક મળી છે, રખે એ ચુકતો !' હકીકત એવી હતી કે, સમાજમાં ધર્મઘેલછાઓ, અન્ધશ્રદ્ધાઓ, વહેમો, રુઢીઓ તથા કર્મકાંડો, ભેદભાવ અને શોષણનાં ઘોડાપુર ઉછળતાં હતાં, ત્યારે મારીય કશીક કામગીરી બની રહેતી હતી. મને થતું કે, જો માણસ રૅશનાલીસ્ટ બની રહે તો, આ તમામ અનીષ્ટો, પીડાઓ, યાતનાઓ, શોષણખોરી ક્ષણ માત્રમાં દુર થઈ જાય અને જેવી મુક્તી અને શાન્તી મારા જેવા વીચારના બધા રૅશનાલીસ્ટો માણતા હતા, તેવી મુક્તી અને શાન્તીથી આખો સમાજ જીવી શકે. પરન્તુ મારા એ વીચારો પ્રચારવાનો કોઈ માર્ગ મને સુઝતો નહીં– મળતો નહીં.

ત્યાં 'ગુજરાતમીત્ર'ને જાણે ટેલીપથી થઈ ને એ વહારે ધાયું : એણે આમન્ત્રણ મોકલ્યું કે, 'અમારા દૈનીકપત્રમાં એક કટાર લખો !' ધન્ય ! ધન્ય !! એનો નામકરણ વીધી પ્રેમથી કરનારા મીત્રો ત્યારે હાજર હતા : સર્વશ્રી. ચન્દ્રકાન્ત પુરોહીત, ભગવતીકુમાર શર્મા, જયન્ત પાઠક અને તન્ત્રીશ્રી પ્રવીણકાન્ત રેશમવાળા તો ખરા જ : નામ પડ્યું 'રમણભ્રમણ'. પરન્તુ પાયાનો પ્રશ્ન તો હજી આડો ઉભો જ હતોઃ એ સુત્રધારો 'હાસ્ય' માંગતા હતા અને મારે તો 'રુદન' રજુ કરવું હતું ! વળી, એમ ચાર–છ માસ નીકળી ગયા. ત્યાં મેં એક લેખ લખ્યો ને પુરોહીતજીને પાઠવતાં જણાવ્યું કે, 'હું તો આવું કંઈક લખું, જો આપ ને માન્ય હોય તો !' અને એ 'મંજુર..!' એમ 1975ના ડીસેમ્બરમાં કે પછીના જાન્યુઆરીમાં આ 'રમણભ્રમણ'નો જન્મ થયો, જે પછી તો ચાલ્યું, માત્ર ચાલ્યું જ નહીં; ખીલ્યું, 'બેફામ' વીકસ્યું (વકર્યું) ! ધીમે ધીમે એક રૅશનાલીસ્ટ કટાર તરીકે એ પ્રતીષ્ઠીત બન્યું, લોકપ્રીય થયું, લોક–

અપ્રીય પણ એટલું જ થયું. અત્રેથી રજુ થતી વાતો લોકો માટે કંઈક નવી જ હતી, અસાધારણ હતી...

આમ તો ગુજરાતમાં સુધારાવાદ કાંઈ નવો ન હતો, છેક નર્મદના યુગથી (19મી સદીના ઉત્તરાર્ધથી), અરે ! ખરેખર તો એથીય થોડો વહેલો 'સુધારો' ગુજરાતમાં પ્રવેશી ચુક્યો હતો. પરન્તુ એ બધા સામાજીક સવાલો હતા. વીધવા–વીવાહ, બાળલગ્ન, સતી થવાનો રીવાજ અને એવા અન્ય અનેક કુરીવાજો. જ્યારે મેં તો મુળમાં જ ઘા ઝીંકવા માંડ્યા : મતલબ કે બધાં જ અનીષ્ટોનાં મુળમાં છે, ધર્મ અને ઈશ્વર, ધર્મ ઘણા પ્રાચીન કાળમાં સ્થપાયેલ હોઈ, એમાં અપરમ્પાર અનીષ્ટો ઘુસી ગયેલાં અને વળી એની પકડ તો એવી ભયંકર નાગચુડ હતી કે, પ્રજા બાપડી રીબાતી હતી, તરફડતી હતી. વીચાર તો કરો : દસ–બાર વર્ષની બાલીકાવધુ વીધવા બને અને એને પછી એનું માથું બોડી, બાપડી લાચાર બાળાને જબરજસ્તીથી જીવતી સળગાવી મારવામાં આવે ! ખ્રીસ્તી સમાજમાં એ જ રીતે, યુવતીઓને ડાકણ ઠરાવીને યા વીજ્ઞાન કે સુધારાની વાત કરનારને 'સેતાન' લેખાવીને જીવતાં જ જલાવી મારવામાં આવતાં ! મીત્રો, ધર્મ એટલે શું ? એનો જરાક તો વીચાર કરો ! કારણ કે આજેય પરીસ્થીતીમાં ઝાઝો સુધારો તો નથી જ દેખાતો અને 'ઈશ્વર' તો કદી પ્રગટ્યો જ નહીં !

પછી તો 'રમણભ્રમણ'નો મધ્યાહ્ન યુગ આવ્યો: ભારે હીમ્મતથી અને કવચીત્ જાનના જોખમેય મેં અતીબંડખોર, ક્રાન્તીકારી લેખો ફટકારવા માંડ્યા. એકવાર તો એક સાધુવેશધારી છતાં ક્રોધી, સ્વામીજી લાઠી લઈને મને મારવા દોડેલા ! ચોમેરથી ધાર્મીકો 'ગુજરાતમીત્ર'ને પડકારતાઃ 'રમણભ્રમણ'બંધ કરો !' પણ મબલખ ધન્યવાદ ઘટે છે 'ગુજરાતમીત્ર'ને કે તે અડગ જ રહ્યું ! અને હુંય બેફીકર ને બીનધાસ્ત. પછી તો જામ્યું ! જો કે એ સમાજને એની આબોહવા આજની અપેક્ષાએ ઘણી જ સાનુકુળ (પ્રગતીશીલ) હતી, મતલબ કે લોકોની સહીષ્ણુતા ઘણી વધારે હતી. આજે કટ્ટરતા વધી છે અને એથી 'રમણભ્રમણ' જરા ફીકું પડ્યું છે. એનુંય મને મનદુઃખ છે. એક દાખલો યાદગાર તથા નોંધપાત્ર છે. મેં એક લેખ લખ્યો. 'મન્દીર નહીં; સંડાસ બાંધો' જે પ્રગટ થતાં જ ધાર્મીકો ઉશ્કેરાયા.. પણ પછી તો એક અદ્ભુત ચમત્કાર બન્યો : પુ. મોરારીબાપુને લેખની આ વાત ખુબ ગમી ગઈ. તેઓએ મને બોલાવીને કહ્યું, 'તમારો અનુરોધ ખુબ મુલ્યવાન છે. હું આ માટે આખી એક કથા જ ગામડામાં સંડાસ બાંધવાના લાભાર્થે કરવા માંગું છું' અને ખરેખર જ એવી રામકથા તેઓશ્રીએ બારડોલીમાં જ કરી ! હવે આજે તો, સત્તાવાર ધોરણે અનુરોધ થાય છે કે, 'દેશને દેવસ્થાનોની નહીં; સંડાસ બાંધવાની વધુ અનીવાર્યતા છે.'

આવી તો ઘણી જ ઘણી વાતો, સુખ, દુઃખની વીશેષતઃ આનન્દનાં સંસ્મરણોરુપ યાદ આવે છે. પરન્તુ 'રમણભ્રમણ'ના આ લેખના કદની તથા મારી શારીરીક શક્તીની ભારે મર્યાદા છે, એટલે અટકું. આજના વીદાય પ્રસંગે સર્વપ્રથમ તો હું 'ગુજરાતમીત્ર'ના તન્ત્રીશ્રીઓનો અન્તરથી આભાર, ખુબ ખુબ આભાર માનું છું. આટલા પ્રલમ્બ સહપ્રવાસ દરમીયાન, તેઓએ કદીય, એક શબ્દમાંય એવું સુચન નથી કર્યું કે, 'આમ નહીં; આમ લખો. આવું તો ન જ લખો' એવા જ અડગ અભીગમ શ્રી. ચન્દ્રકાન્ત પુરોહીતનો રહ્યો. તેઓનો જેટલો આભાર માનું તેટલો ઓછો જ. ઘણીવાર આ કટાર બંધ કરવા મેં તો વીચાર્યું; પણ ભાઈ પુરોહીત બે જ શબ્દો કહે, 'કેમ જીજા ?' અને હું આજ્ઞાધીન બની રહું. એક મજાની વીચીત્ર વાત. અમે વાતવાતમાં જાણે વચનથી બંધાયા કે, 'આપણા બેમાંથી કોઈ એક હયાત હોય, ત્યાં સુધી 'રમણભ્રમણ' પણ હયાત રહેવું જોઈએ !'હવે કાળની વીકરાળ લીલા તો જુઓ ? આજે અમે બન્ને હયાત છીએ; છતાં 'રમણભ્રમણ' અવસાન પામે છે !...

ભાઈશ્રી. ભગવતીકુમાર શર્માનો પણ એટલો જ ઋણી છું. તેઓ વીચારથી અસમ્મત છતાં; 'રમણભ્રમણ' તો ચાલુ રહેવું જ જોઈએ, એવો તેઓનો આગ્રહ ! ખુબ ખુબ આભાર ! એ જ રીતે તન્ત્રી વીભાગના ભુતપુર્વ તથા વર્તમાન સર્વ મીત્રો–મુરબ્બીઓનો હું સર્વભાવે અનહદ આભારી છું. મને એક ઘટના યાદ આવે છેઃ મુ. બટુકભાઈ દીક્ષીત ખુબ કડક તન્ત્રી (તન્ત્રી વીભાગના મુખ્ય સમ્પાદક) ગણાતા. એક વાર તેઓએ મારા લેખમાં નજીવો સુધારો કર્યો, અલબત્ત તેય ફક્ત શીર્ષકમાં ! છતાં મેં વાંધો દર્શાવ્યો, તો તેઓએ મારા આગ્રહ સાથે સમ્મત થતાં, 'સોરી' કહ્યું. આવા ખેલદીલ હતા એ બધા મીત્રો ! આજેય તંત્રીવીભાગના મીત્રો મારા પ્રતી એટલા જ ઉદાર છે. એમાંય ખાસ અને ખુબ ખુબ આભાર માનું શ્રી. નરેન્દ્ર જોશીનો, જેઓ સંભવતઃ 'રમણભ્રમણ'ની સંભાળમાં છે. અનેકવાર હું લેખ મોકલ્યા પછી ફોનથી સુધારા કે ઉમેરા કરાવું; જે ખુબ 'આનન્દ'થી તેઓ અચુક કરી આપે. તેઓએ ક્યારેય કંટાળો બતાવ્યો નથી. આવા સ્નેહભર્યા સહકાર બદલ બીજું તો શું કહું – કરું ? સુરતના રેશનાલીસ્ટ બીરાદરોનો અને સ્વૈચ્છીક કુરીયર–સેવા આપતા ધનસુખભાઈ ઢીમ્મરનો તો આભારેય શું અને કેટલો માનું ? અને છેલ્લે, જેઓનો હું સૌથી વધુ ઋણી બનું છું, એ તો છે વાચકો, 'રમણભ્રમણ'નું વીશાળ અને કદરદાન વાચકવૃંદ : વધાવી લેનાર તથા વીરોધ કરનાર ઉભયનો હું સરખો જ હાર્દીક આભારી છું. કેટલાક મીત્રો તો સામે ચાલીને સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, 'તમારી કટાર વાંચીને જ અમે રેશનાલીસ્ટ બન્યા !' હું ધન્ય ધન્ય અને કૃતકૃત્ય... તો પુનઃપુનઃ સૌનો અંતઃકરણપુર્વક આભાર અને ભારોભાર ઉષ્માભરી વીદાય !

# ભરતવાક્ય

Old Order Changed

Yielding Place To New.

(એક અંગ્રેજી કહેવત)

(‘વીવેકવીજય’ પુસ્તકમાં આ લેખ નથી; છતાં ‘રમણભ્રમણ’ કૉલમ બન્ધ કરવાની જાહેરાત સાથેનો એમનો આ અન્તીમ લેખ સૌ વાચકોની જાણ માટે મુક્યો છે.. સમ્પાદક.. ..વીજય ભગત..)

●

સુરતના **‘ગુજરાતમીત્ર’** દૈનીકમાં વર્ષોથી **પ્રા. રમણ પાઠક**ની લોકપ્રીય કટાર **‘રમણભ્રમણ’** પ્રગટ થતી રહી. તેમાં શનીવાર, 26 એપ્રીલ, 2014ના અંકમાં પ્રકાશીત થયેલો એમનો આ છેલ્લો લેખ, **‘ગુજરાતમીત્ર’**ના સૌજન્યથી સાભાર…

♦

અનુક્રમણીકા

E

## રમણ પાઠક 'વાચસ્પતી'નું સર્જન–ચીન્તન

| | | |
|---|---|---|
| વાર્તાસંગ્રહ | : | સબસે ઉંચી પ્રેમસગાઈ, પ્રીત બંધાણી, અકસ્માતના આકાર, વાચસ્પતીની શ્રેષ્ઠ વાર્તાઓ. |
| નવલકથા | : | ઓથાર. |
| હાસ્યસંગ્રહો | : | વ્યંગવાઙ્મય, હાસ્યલોક, હાસ્યોપનીષદ્, હાસ્યરમણા, વાચસ્પતીની વ્યંગ્યવાચા, રમણપાઠકની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ. |
| વીવેચન | : | વાર્તાવીલોક, શબ્દનો સંગ, ડૉ. કેશુભાઈની નવ નવલકથાઓ. |
| ચીન્તનાત્મક નીબન્ધસંગ્રહો | : | આક્રોશ, રમણભ્રમણ, પ્રતીકાર, આંસુ અનરાધાર, પ્રકોપ, પડકાર, સત્યપ્રકાશ, સત્યપ્રમાણ, સત્યદર્શન, વીચારવીવેક, વીચારમાધુરી, વીચારદર્શન, ચીન્તનદર્શન, જીવનદર્શન, મનનદર્શન, ઉંડા અન્ધારેથી, સ્વપ્નસંકેત, મધુપર્ક (સંપાદક : રજનીકુમાર પંડ્યા), સંશયની સાધના, આનન્દની આરાધના, વીવેક–વલ્લભ, આચારી સબ જગ મીલા (સંકલન), ઉજાસનાં એંધાણ, રેશનાલીઝમની રાહે, નીબન્ધલોક (લલીત નીબન્ધો). |
| જીવનકથા | : | અતીતના આયનાની આરપાર. |
| સેક્સ | : | કામકલા–કામવીજ્ઞાન. |

સમ્પાદન : રજનીકુમાર પંડ્યાની શ્રેષ્ઠ વાર્તાઓ, નીજાનન્દે હમ્મેશાં રામ (લક્ષ્મીરામ પાઠકનો કાવ્ય સંગ્રહ), સરોજ પાઠકની શ્રેષ્ઠ વાર્તાઓ (દી. જાડેજા સાથે), સરોજ પાઠકની પ્રતીનીધી વાર્તાઓ (ભારતી રાણે સાથે), ગની દહીંવાલાનાં કાવ્યો (સરોજ પાઠક સાથે), રમણભાઈ નીલકંઠની શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ, ભગવતીકુમાર શર્માની શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ.

અનુવાદ : ટોકીયોથી ઈમ્ફાલ, ધીરે વહે છે દોન – ભાગ–2, ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ (ડૉ. જયન્ત પાઠક સાથે), હું કેમ નીરીશ્વરવાદી છું ? – ભગતસીંહ, મનમહાસાગરની તરંગલીલા (એરીક હોફરનાં સુવાક્યો).

ભાષાવીજ્ઞાન : ભાષાસીદ્ધાન્તસાર, ગુજરાતી લીપી અને જોડણી.

ઈતર : રમણલોક (ષષ્ટીપુર્તી પ્રકાશન), રમણીયમ્ – (અમૃતમહોત્સવ પ્રસંગે, સમ્પાદક : રજનીકુમાર પંડ્યા), સામા પુરનો તરવૈયો (જીવનઝલક લેખક –જમનાદાસ કોટેચા), સરોજ પાઠક (ગુજરાતી સાહીત્યેર ઉપેક્ષીતો).

***તા.ક. :***

‘હાસ્યલોક’ અને ‘વીવેકનો વૈભવ’ને અનુક્રમે ગુજરાત સાહીત્ય પરીષદનાં જ્યોતીન્દ્ર દવે અને વી. ર. ત્રીવેદી પારીતોષીક મળ્યાં છે. ઉપરાન્ત કેટલાંક પુસ્તકો સરકારી (અકાદમી) પારીતોષીક યોગ્ય ઠર્યાં છે.

♦

અનુક્રમણીકા

F

## અન્તીમ ટાઈટલ પેજ



..વલ્લભ ઈટાલીયા..

## સોનામુલો ગ્રન્થ : ‘રમણ સમગ્ર’

પ્રા. રમણભાઈ પાઠક કેવળ લુખાસુકા રૅશનાલીસ્ટ નથી, પોતાના જીવનમાં અને અન્ય સૌના જીવનમાં પણ તેઓને ભરપુર માનવીય રસ. માનવી કેમ વધારે સુખી થાય તે જ તેઓનો પ્રાણપ્રશ્ન અથવા તો પ્રથમ ચીન્તાનો વીષય. એથી જ તેઓ વીવેકબુદ્ધીવાદી હોવાની સાથે સાથે પ્રકાંડ સમાજસુધારક પણ છે. જીવનનાં તમામે તમામ ક્ષેત્રોમાં તેઓની સુધારકદષ્ટી ફરતી રહે છે અને જો તેઓને લાગે કે, ચોક્કસ કુરીવાજ કે કુરુઢીવશ માણસ અકારણ જ દુ:ખી થાય છે તો એની વીરુદ્ધ તેઓ બ્રહ્માસ્ત્ર ધારણ કરી તુટી જ પડવાના !

પ્રા. રમણભાઈએ સમાજમાં પ્રવર્તતી ઘોર અન્ધશ્રદ્ધાનું જીવનભર નીન્દામણ કર્યું છે. આ ‘રમણ સમગ્ર’ જેવા ગ્રન્થમાં રમણભાઈના વીચારજગતમાં રમતા તથા વીચારાતા કેટલાક અતી અગત્યના અને જાગ્રતજનોએ જાણવા જેવા વીષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. માનવજીવનને સ્પર્શતા અનેક માનવતાવાદી વીષયો પર રમણભાઈએ ભરપુર અને જોરદાર કલમ ચલાવી છે, જે વાચકો માટે રસપ્રદ, એક નવો રાહ ચીન્ધનારી અને જીવનદીશા આપનારી બની રહેશે.

આ પથદર્શક ચીન્તનગ્રન્થનું લોકાર્પણ નીખાલસ તથા ઉદારહૃદયના પુજ્ય મોરારીબાપુના હસ્તે થાય એ ઘટના રૅશનાલીઝમ અને આસ્તીકતાના સુમેળ અને સંવાદની દષ્ટીએ પણ આવકાર્ય બની રહેશે. મીત્ર ભાઈ વીજય ભગતે રમણભાઈનું આ બહુમુલ્ય પુસ્તક આપણાં હાથમાં મુકી લોકસેવા જ કરી છે. ઓગણીસમી સદીમાં સુરતને વીર નર્મદની જેટલી જરુર હતી, એટલી જ એકવીસમી સદીમાં ગુજરાતને રમણભાઈ પાઠકની જરુર છે.

30મી નવેમ્બર, 2010 –વલ્લભ ઈટાલીયા

સુરત. vallabhitaliya@gmail.com

●સમાપ્ત●

અનુક્રમણીકા